છેલ્લા ૩૪ વર્ષથી દર મહિનાની
૫ તારીખે નિયમિતપણે પોસ્ટ કરવામાં આવતું
"શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ"નું મુખપત્ર
**"મંગલ મંદિર"**

**મુખ્ય કાર્યાલય**
**શ્રી કચ્છી જૈન ભવન,**
૪૩-૪૪, શ્રી બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી,
પાલડી, એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૮૯૨, ૨૬૫૮૧૫૦૧
ફેક્સ : (૦૭૯) ૨૬૫૮૨૦૬૦
ઈ-મેઈલ : kutchi_jainamd@hotmail.com
વેબ-સાઈટ : www.kutchijainahd.org

**તંત્રીમંડળ**
અશોક મહેતા (૯૮૨૫૩ ૨૨૬૮૯) – મુખ્યતંત્રી
મનુભાઈ શાહ (૯૮૨૫૦ ૩૧૫૨૮)
સૂરજલાલ મહેતા (૦૭૯-૨૬૬૧૨૦૮૯)

**વિવિધ વિભાગો**
**વલોવતન**
પોપટલાલ નેણશી ધરોડ (૦૭૯-૨૭૪૮૫૮૧૨)

**બાલુડેં જ્યું ગાલિયું**
ગુલાબચંદ ધારશી રાંભિયા (૦૭૯-૨૫૪૬૮૧૬૦)

**શબ્દ રમત**
સૂરજલાલ મોતીલાલ મહેતા (૦૭૯-૨૬૬૧૨૦૮૯)

**મંગલમંદિર – પ્રશ્નો અને પ્રત્યુત્તર વિભાગ**
શ્રી દિનેશચંદ્ર મહેતા (૦૭૯-૨૬૮૫ ૪૬૪૪)

**ભારતમાં લવાજમ**

| | | |
|---|---|---|
| ૧ વર્ષના | : | રૂા. ૧૫૦/- |
| ૩ વર્ષના | : | રૂા. ૪૦૦/- |
| ૫ વર્ષના | : | રૂા. ૬૦૦/- |
| આજીવન (૧૫ વર્ષના) | : | રૂા. ૧,૫૦૦/- |

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના નામનો ચેક (**Payable at AHMEDABAD**) / ડ્રાફ્ટ મોકલવા વિનંતી.

**મુંબઈમાં લવાજમ/જાહેરાત સ્વીકારવાના સ્થળો**

**૧. રમણભાઈ એન. શેઠિયા**
વીરા શોપિંગ સેન્ટર, ત્રીજે માળે,
સ્ટેશનની સામે, ડોંબીવલી (ઇસ્ટ),
મહારાષ્ટ્ર-૪૨૧ ૨૦૧.
ફોન : ૦૨૫૧-૨૮૬૧૧૬૧

**૨. શેઠિયા ટુર્સ**
૨૫-ડી, ગ્રાઉન્ડ ફ્લોર,
કેશવજી નાયક રોડ, ફુવારાની સામે,
ભાતબજાર, મુંબઈ-૪૦૦ ૦૦૯.
ફોન : ૦૨૨-૨૩૭૭૩૬૬૩

**૩. રશ્મિન્ ખોના**
સી-૧૩, ઇન્દ્રદીપ સોસાયટી,
એલ.બી.એસ. રોડ,
ઘાટકોપર (વેસ્ટ),
મુંબઈ-૪૦૦ ૦૮૬.
ફોન : ૦૨૨-૨૫૧૧૭૯૩૦

# અનુક્રમણિકા

*લેખ* *લેખક પાના નં.*

- તંત્રી લેખ : શુકનવંતા સમાચાર – કચ્છ બ્રાંચ કેનાલના કામો ચાલુ થવા પર ..... અશોક મહેતા ........ ૫

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

- કચ્છ બહારની, ગુજરાત સ્થિત, કચ્છી જૈન સંસ્થાઓનું સંમેલન .................... ૭
- મંગલ મંદિરના પ્રશંસક વર્ગને અપીલ .................... પ્રતાપ નારાણજી દંડ ........ ૯
- મંગલ મંદિર આભાર માને છે .................... પ્રતાપ નારાણજી દંડ ...... ૧૧
- 'મંગલ મંદિર' – ૨૦૦૯નું સરવૈયું .................... મગનલાલ સંઘવી ...... ૧૩

*લેખ વિભાગ* :

## કચ્છ

- કચ્છમાં જૈન સંસ્કૃતિ – એક દૃષ્ટિપાત
  જૈન ધર્મના પ્રસારમાં અને પ્રજા કલ્યાણ ક્ષેત્રે શ્રેષ્ઠીઓનો ફાળો (પ્રકરણ-૭)...... ડૉ. નીતા ઠાકર ...... ૧૭
- વહાણવટાની વિરાસત અને કચ્છની દરિયાવટ .................... સંજય પી. ઠાકર ...... ૨૧
  શું મુંદ્રા ફરી બની શકશે કચ્છનું પેરિસ?
  કચ્છની બંદરીય પ્રગતિનું અનેરું સોપાન – મુંદ્રા અદાણી પોર્ટ ............ મુકુંદ કે. મહેતા 'અલ્પ' ...... ૨૩
- ભૂકંપના કૌભાંડો અને કૌભાંડોનો ભૂકંપ – (૩) .................... પ્રવીણચંદ્ર શાહ ...... ૨૭
- નારાયણ સરોવર – કચ્છનું પ્રાચીન તીર્થધામ .................... પ્રો. (ડૉ.) આર. ટી. સાવલિયા ...... ૩૩
- ઝારાનો ભીષણ સંગ્રામ : સુલેહ માટે વાટાઘાટ (પ્રકરણ-૧૦).......... ઠાકરશી પુરુષોત્તમ કંસારા ...... ૩૭

## માહિતી

- 'બજેટ'ની ખાસ પ્રકારની ભાષા :
  અર્થો, ભાવાર્થો અને જોગવાઈઓનાં સરળ રહસ્યો! .................... અશોક મહેતા ...... ૩૯
- એપ્રિલ માસ દરમ્યાન દેશ-વિદેશની વિશિષ્ટ વ્યક્તિઓની જન્મતારીખ.......... ગુલાબચંદ ધારશી રાંભિયા....... ૪૫

## ઇતિહાસ

- સ્વર્ણિમ ગુજરાત મહા મહોત્સવ
  પ્રસવથી પ્રૌઢતા ભણીની સંઘર્ષયાત્રા (લેખાંક-૧) .................... પંકજ પનવેલી ...... ૪૭

## વિચાર-વિમર્શ

- પીપલ્સ ઈન્ક્વાયરી કમિટીનો નર્મદા પ્રોજેક્ટ અંગેનો રિપોર્ટ .................... અશોક મહેતા ...... ૪૯
- સંશોધન લેખશ્રેણી : લેખાંક-૬
  પ્રજાને પીવાના પાણી આયોજન નામે ૭,૪૭૧ કરોડ ખર્ચી નખાયા :
  – પણ પ્રજાને પાણી – ૪થો ભાગ, ઉદ્યોગોને ૭૫% .................... પ્રવીણચંદ્ર શાહ ...... ૫૫
- વેકેશનના અવસરનો ઉપયોગ કુટુંબમાં સંવાદ માટે કરો .................... પૃથ્વી શાહ ...... ૫૭
- જિનિયસ બાળકનું સર્જન .................... શાંતિલાલ સંઘવી ...... ૫૮
- સામા પ્રવાહે તરવું છે – પશ્ચિમી સંસ્કૃતિની આલોચના .................... મૂરજી ગડા ...... ૬૦
- વનસ્પતિ સામ્રાજ્ય .................... બદ્રી નારાયણ ...... ૬૨

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના

**"પદાધિકારીશ્રીઓ"**

**મેનેજિંગ ટ્રસ્ટી**
શ્રી અશોકકુમાર સાકરચંદ મહેતા
ઘર : ૩૦૧૫ ૦૦૨૨, મો. ૯૮૨૫૩ ૨૨૬૮૯

**ઉપપ્રમુખ-૧**
શ્રી કાંતિલાલ વેલજી સાવલા
ઘર : ૨૬૫૬૩૩૩૩/૨૬૪૪૯૯૪૪
મો. ૯૮૨૫૦ ૩૬૬૫૧

**ઉપપ્રમુખ-૨**
શ્રી નવીનચંદ્ર વેરશી હરિયા
ઘર : ૨૬૭૫ ૧૪૧૫, ઓ. ૨૭૫૭ ૩૩૬૬
મો. ૯૮૨૫૦ ૦૭૨૫૪

**માનદ્ મંત્રી**
શ્રી પ્રતાપ નારાણજી દંડ
ઘર : ૨૬૪૦૫૦૪૭, ઓ. : ૨૬૪૦૧૭૩૫/૪૨
મો. ૯૪૨૬૭ ૨૫૬૧૯

**સહમંત્રી**
શ્રી હસમુખ બાબુભાઈ શાહ (ખાંડવાલા)
(ઘર) ૨૬૬૦૩૪૫૮, (ઓ) ૨૬૬૦૫૪૫૩
મો. ૯૮૨૫૦ ૪૦૬૬૬

**ખજાનચી**
શ્રી ચંદ્રકાંત દામજી શાહ (ઘર) ૨૬૬૦૫૨૨૫

**સહ ખજાનચી**
શ્રી રમણિકલાલ કુંવરજી ગોસર
ઘર : ૨૬૬૫૦૨૯૯, મો. ૯૪૨૮૩ ૫૧૩૭૦


**શ્રી કચ્છી વિશ્રામ ગૃહનું સરનામું :**
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત
શ્રી ખનિજ વિકાસ નિગમ લિ. પ્રાયોજિત
શ્રી કચ્છી વિશ્રામ ગૃહ
અરિહંતનગર દેરાસરની સામે,
ગાંધી વિદ્યાલયની ગલીમાં, રચના સ્કૂલની પાછળ,
રાજસ્થાન હોસ્પિટલ પાસે, શાહીબાગ,
અમદાવાદ-૩૮૦ ૦૦૪. ફોન : ૦૭૯-૨૨૮૮૪૫૪૭

**સેવા ભવનનું સરનામુ :**
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) સેવા ભવન, એસ. ટી સ્ટેન્ડ પાસે, સત્કાર ગેસ્ટ હાઉસની સામે, રૂગનાથપુરા, અમદાવાદ-૩૮૦ ૦૨૨.
ફોન : ૦૭૯-૨૫૪૬૧૨૭૦

*અંકમાં પ્રસિધ્ધ થયેલ લેખો તથા અન્ય વિભાગની માહિતીઓ સાથે તંત્રીમંડળ સહમત છે તેમ માની લેવું જરૂરી નથી. રજૂ થયેલ વિચારો જે તે વ્યક્તિના હોય છે, જેની નોંધ લેવા વિનંતી.*

## સમાજ દર્પણ - સાહિત્ય આચમન


- સેવાભાવી સંસ્થાઓ અને કરવેરા ...... કાકુલાલ છ. મહેતા ...... ૬૩
- 'થોડો ટેકો રહે ને!' ...... વ્રજેશ આર. વાળંદ ...... ૬૫
- હું હોસ્પિટલમાં સુખી છું.... (સત્ય ઘટના) ...... પ્રા. પૃથ્વી શાહ ...... ૬૯
- દશા ઓસવાળ અને વીસા ઓસવાળ જ્ઞાતિ નજીક આવવાની શુભ ઘડી આવી છે ...... ગુલાબ દેઢિયા ...... ૭૩
- ગુજરાતી ભાષાનું ભવિષ્ય ...... સલોની નવીનભાઈ લાલકા ...... ૭૫


## પ્રવાસ વર્ણન


- સફર – કેનેડાના રમણિય પ્રદેશોની (લેખાંક-૩) ...... કમલબહેન શાહ ...... ૭૭


## તંદુરસ્તી


- આંતરડાનો સોજો – ઇરિટેબલ બાવેલ સીન્ડ્રોમ...... ડૉ. (પ્રો.) મણિલાલ ગડા, ડૉ. દીપ્તિ એસ. શાહ (ગડા) ...... ૭૮
- અમ્લપિત્ત (એસિડિટી) ...... વૈદ્ય નવીનભાઈ ઓઝા ...... ૮૧


## હળવું વાંચન


- મજાના અંગ્રેજી શબ્દો અને શબ્દોની મજા (લેખાંક-૬) ...... શાંતિલાલ વ. શાહ ...... ૮૩
- બાળ વાર્તા : વિક્રમ અને વેતાળ (પ્રકરણ-૧૨) ...... સંકલન : ગુલાબચંદ ધારશી રાંભિયા ...... ૮૫


## હાસ્ય


- આપણા પાડોશી ...... ચિત્રસેન શાહ ...... ૮૬
- બાલુડેં જ્યું ગાલિયું ...... ગુલાબચંદ ધારશી રાંભિયા ...... ૮૯


## નિયમિત વિભાગો


- આંજો કાગર ...... ૯૩
- અન્ય સંસ્થાઓના સમાચાર ...... ૧૦૦
- કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલ - અમદાવાદનો માસિક અહેવાલ ...... ૧૦૨
- મંગલ મંદિર – પ્રશ્નો અને પ્રત્યુત્તર વિભાગ ...... સંકલન : દિનેશ મહેતા ... ૧૦૩
- 'મંગલ મંદિર' – પ્રાપ્ત થયેલાં લવાજમ ...... ૧૦૪
- 'મંગલ મંદિરના ફેબ્રુઆરી/માર્ચ-૨૦૧૦ દરમ્યાન પરત આવેલ અંકોના નામોની યાદી ...... ૧૦૫
- જાણવા જેવું ...... સંકલન : સૂરજલાલ મહેતા ... ૧૦૬
- શબ્દ રમત-૪૭ ...... સંકલન : સૂરજલાલ મહેતા ... ૧૦૭
- સુડોકુ – ૧૦૦૪ ...... હરખચંદ સાવલા ... ૧૦૯
- વલોવતન ...... સંકલન : પોપટલાલ નેણશી ધરોડ ... ૧૧૨
- સમાજ દર્પણ ...... ૧૧૭
- સંસ્થા સમાચાર ...... ૧૧૮
- શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના માસિક સમાચાર ...... ૧૩૩
- ઉડતી નજરે ...... ૧૩૬


*ન્યાયાધીશોને અને અદાલતી કર્મચારીઓને ભ્રષ્ટાચાર માટે મોકળું મેદાન મળી જાય છે, કારણ કે ન્યાય આપવાની આપણી પદ્ધતિ એટલી રેઢિયાળ છે કે સામાન્ય અને સીધા ખટલાઓ પણ વર્ષો સુધી ટીંગાતા રહે છે અને રીઢા ગુનેગારોને કદી સજા થતી નથી. આ વિલંબના કારણે આપણા રાજકારણમાં મવાલીઓનું જોર જામ્યું છે અને મવાલી આગેવાનો તથા ભ્રષ્ટાચારી ન્યાયાધીશો એકબીજાને છાવરતા રહે એવું વિષચક્ર આપણી લોકશાહી માટે જબરદસ્ત કલંક બની ગયું છે.*

Printed & Published by : **Mr. Ashok Mehta,** For **Shri Kutchhi Jain Seva Samaj - Ahmedabad**. Printed at **Ashish Offset**, 1 Ajay Industrial Estate, Dudheshwar, Ahmedabad. Published at **Shri Kutchhi Jain Seva Samaj – Ahmedabad,** 43/44, Brahman Mitra Mandal Soc., Opp. Navchetan High School, Paldi, Ellisbridge, Ahmedabad-380 006. Editor : **Mr. Ashok Mehta • Yearly Subscription : Rs.150/-**

# તંત્રી લેખ

## શુકનવંતા સમાચાર
## કચ્છ બ્રાંચ કેનાલના કામો ચાલુ થવા પર

*– અશોક મહેતા*

નર્મદાની કચ્છ બ્રાંચ કેનાલના કામો નજદીકના જ ભવિષ્યમાં ચાલુ થાય તેવા પૂરેપૂરાં એંધાણ આવી રહેલ છે. કચ્છ અને કચ્છીઓ માટે આ એક શુકનવંતા સમાચાર કહી શકાય.

વર્ષ ૨૦૦૫માં ૩૬૦ કિ.મી. લાંબી કચ્છ બ્રાંચ કેનાલના અલગ અલગ વિભાગના લગભગ ૭૫ કિ.મી.ની લંબાઇના કામો (૫૫ કિ.મી. બનાસકાંઠામાં અને ૨૦ કિ.મી. કચ્છમાં) તેની અંદાજિત રૂા. ૨૫૦ કરોડની કિંમતે વિવિધ ૬ કોન્ટ્રાક્ટરોને નર્મદા નિગમ દ્વારા સુપરત કરવામાં આવેલ હતા, કે જેમાં કોઇ કોન્ટ્રાક્ટરે કામ છોડી દીધેલ છે અથવા તો નર્મદા નિગમે કોઇ કોન્ટ્રાક્ટરને બ્લેક લિસ્ટ કરેલ છે અથવા કોઇ કોન્ટ્રાક્ટરના કામ પૂરાં થવા પર આવેલ હશે. મતલબ એટલો જ કે જે કામો બે વર્ષમાં પૂરાં થઇ શકે તે કામો આજે પાંચ વર્ષ પછી પણ અધૂરાં પડેલ છે.

છેલ્લા સતત ૫ વર્ષથી આ અંગે કચ્છના વર્તમાનપત્રો જાગ્રત રહીને પોતાની ફરિયાદો રજૂ કરતા હતા. કેટલાક ગ્રૂપો નર્મદા નિગમ અથવા તો સરકારશ્રીનું આ બાબતે રૂબરૂમાં અથવા તો પત્ર દ્વારા ધ્યાન દોરતા હતા. કેટલાક કટાર લેખકોએ આ માટે સતતપણે ઝૂંબેશ આદરેલ હતી. કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલ-અમદાવાદ આ ૫ વર્ષના સમય દરમ્યાન સતત પ્રયત્નશીલ રહી નર્મદા નિગમના નાના-મોટા અધિકારીશ્રીઓ સમક્ષ કચ્છનો કેસ રજૂ કરતું રહેલ હતું. જે કામો અધૂરાં રહેલ તેને પૂરાં કરાવવાં, નવા ટેન્ડરો બહાર પાડવા અને મુખ્યત્વે પમ્પિંગ સ્ટેશનોના કામ શરૂ કરાવવા કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલે સતતપણે નર્મદા નિગમના અધિકારીશ્રીઓ સાથે પોતાના પ્રયાસો જારી રાખેલ હતા.

છેવટે આ હકીકત સરકારશ્રીએ તેમજ સરદાર સરોવર નર્મદા નિગમ લિ.ના અધિકારીશ્રીઓએ ધ્યાન પર લીધેલ હોવાના એંધાણ આવી રહેલ છે.

ગત તા. ૭-૧૧-૦૯ના સરકારશ્રી દ્વારા એક પરિપત્ર બહાર પાડવામાં આવેલ કે જેના દ્વારા આઇ.એ.એસ. અધિકારીશ્રીઓની મોટા પાયે ટ્રાન્સફર કરવામાં આવેલ હતી. એ સમયે શ્રી આર.કે. ત્રિપાઠીની જગ્યાએ શ્રી એસ. જગદીશનની નર્મદા, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગના મેનેજિંગ ડાયરેક્ટર તરીકે; શ્રી જી. આર. અલોરિયાની નર્મદા નિગમ તથા પાણી પુરવઠાના જોઈન્ટ મેનેજિંગ ડાયરેક્ટર તરીકે અને શ્રી કે. શ્રીનિવાસની નર્મદા નિગમના અન્ય એક જોઇન્ટ મેનેજિંગ ડાયરેક્ટર તરીકે નિમણૂક કરવામાં આવેલ હતી. ત્યારબાદના લગભગ એકાદ મહિના પછીના સમયગાળામાં એન.વી. પટેલના સ્થળે શ્રી ડી. રાજગોપાલનની નર્મદા નિગમના ચેરમેન તરીકે નિમણૂક કરવામાં આવેલ હતી.

નવી ટીમે આવતાવેંત પ્રશ્નોના અભ્યાસ કરવામાં, પોતાના અધિકારીશ્રીઓ સાથે વાટાઘાટ કરી, સત્ય હકીકતો સમજવામાં અને યોગ્ય રીતે આગળ વધવા નિર્ણય કરેલ હતા.

ત્યારબાદ તા. ૧૨-૨-૨૦૧૦ના ટાઇમ્સ ઓફ ઇન્ડિયામાં એક સમાચાર પ્રસારિત થયેલ હતા કે જે મુજબ કેન્દ્ર સરકારે નર્મદા બ્રાંચ કેનાલના કામો ઝડપથી પૂરાં કરાવવા ગુજરાત સરકારને રૂા. ૧૧૦૦૦ કરોડ ફાળવેલ છે. આ ફાળવણીમાં ૯૦ ટકા ગ્રાન્ટના ધોરણે રૂા. ૧૪૨૨ કરોડ કચ્છ બ્રાંચ કેનાલ માટે અલગથી ફાળવવામાં આવેલ છે. કચ્છીઓ માટે શુકનવંતા સમાચારની શરૂઆત ત્યારથી થઇ તેવું કહી શકાય.

તા. ૨૬-૨-૨૦૧૦ના 'કચ્છ મિત્ર'માં સમાચાર પ્રસારિત થયેલ હતા કે ગુજરાત સરકારે તેના વર્ષ ૨૦૧૦-૨૦૧૧ના બજેટમાં કચ્છ બ્રાંચ કેનાલ માટે રૂા. ૯૪૦ કરોડની ફાળવણી કરેલ છે. જો કે આ રકમ ચાલુ નાણાકીય વર્ષ દરમ્યાન વપરાઇ જાય તેવી કોઇ શક્યતા નથી પરંતુ ચાલુ વર્ષે કચ્છ બ્રાંચ કેનાલ માટે જે કંઇ આયોજનો ઘડવામાં આવે તેમાં નાણાંકીય અભાવ રહેશે નહીં.

એક વિશ્વાસપાત્ર સમાચાર અનુસાર કચ્છ બ્રાંચ કેનાલના કાર્યો જરૂરી ટેક્નિકલ સ્ટાફના અભાવના કારણે શરૂ થઇ શકતા ન હતા તેના પણ ઇલાજો કરવામાં આવી રહેલ છે. આ કેનાલના વિવિધ વિભાગોમાં ૧૦ થી ૧૨ જેટલા એક્ઝિક્યુટિવ એન્જિનિયર, ડેપ્યુટી એન્જિનિયર વગેરેની ટ્રાન્સફર કરવામાં આવેલ છે અને અન્ય અધિકારીશ્રીઓની પણ નિમણૂક કરવામાં આવશે તેવા સમાચાર મળી રહેલ છે.

*ક્રોધને જીતવામાં મૌન જેવું બીજું કોઈ સહાયક નથી.*

કચ્છ બ્રાંચ કેનાલના ત્રણ વિભાગ [(૧) હમીરપરથી કચ્છમાં દાખલ થાય ત્યાં ફતેહગઢ સુધી, (૨) ફતેહગઢથી ભચાઉ સુધી અને (૩) ભચાઉથી માંડવી સુધી] – પાડી તેના પર અલગ-અલગ સુપ્રિન્ટેન્ડિંગ એન્જિનિયર કક્ષાના અધિકારીશ્રીની નિમણૂક કરી દેવામાં આવેલ છે. સમગ્ર કચ્છ બ્રાંચ કેનાલ પર એક ચીફ એન્જિનિયરની (શ્રી એન.કે. મિસ્ત્રીની) પણ નિમણૂક કરી દેવામાં આવેલ છે.

એ પણ જાણવા મળે છે કે ગુજરાતભરની નર્મદા કેનાલના કામો શરૂ કરાવવા નવા ટેન્ડરો બહાર પાડવાની તૈયારી આદરી દેવામાં આવેલ છે અને આવતા ચારેક મહિનાના ગાળામાં ૩૦ જેટલા ટેન્ડરો બહાર પડે તેવી શક્યતા દેખાઇ રહેલ છે. આ ટેન્ડરોમાં ૮ થી ૧૦ જેટલા ટેન્ડરો કચ્છ બ્રાંચ કેનાલને લગતા હોવાની શક્યતા રહેલ છે.

ઉપરોક્ત દરેક સમાચારને કચ્છ માટે શુકનવંતા સમાચાર ગણી શકાય અને આવતા ૮-૧૦ મહિના બાદ કચ્છ બ્રાંચ કેનાલના મોટા ભાગના વિભાગના કામો શરૂ થઇ શકેલ હોય તેવી શક્યતા દેખાઇ રહેલ છે.

કચ્છ બ્રાંચ કેનાલ પર આવતા ૩ પમ્પિંગ સ્ટેશનોના ટેન્ડર સ્ક્રૂટિનીમાં છે તેવું આપણને છેલ્લા બે વર્ષથી સતતપણે નર્મદા નિગમ તરફથી જણાવવામાં આવી રહેલ હતું. એક સમાચાર અનુસાર આ કાર્યો પણ હાથ પર લઇ લેવાની પૂરેપૂરી શક્યતા દેખાઇ રહેલ છે.

જો ઉપરોક્ત દરેક હકીકતનું નર્મદા નિગમ દ્વારા યોગ્ય રીતે પાલન કરવામાં આવે તો શક્ય છે કે વર્ષ ૨૦૧૪-૨૦૧૫ સુધીમાં કચ્છ બ્રાંચ કેનાલના કામો પૂરાં થઇ શકે. નર્મદા નદીના સિંચાઇના પાણી કચ્છના ખેતરોમાં વહેવડાવી શકાય.

૧૯૭૯ના ટ્રિબ્યૂનલના ચુકાદા સમયે કચ્છને સિંચાઇ માટે માત્ર ૦.૨ M.A.F. પાણી ફાળવવામાં આવેલ કે જેના કારણે માત્ર ૪૬૦૦૦ હેક્ટર જમીન પર સિંચાઇ થઇ શકે. ત્યારબાદ કચ્છીઓની અન્યાય માટે લડત શરૂ થઇ અને કચ્છના સિંચાઇના પાણીમાં વધારો કરી ૦.૫ M.A.F. પાણી કરવામાં આવ્યા કે જેના કારણે ૧,૧૨,૦૦૦ હેક્ટર જમીનમાં સિંચાઇ થઇ શકે. આ વધારાના ૦.૩ M.A.F. પાણી વર્ષ ૧૯૯૬ સુધી જે જમીનોને નર્મદાના પાણી ફાળવવામાં આવેલ અને એ જમીનો N.A. થઇ, તેના પર ઉદ્યોગો ઊભા કરવામાં આવ્યા તે પાણી, તથા મહી કમાન્ડના પાણી જે સરપ્લસ થયા, તેની ફાળવણી કચ્છ માટે કરવામાં આવી. હાલે કચ્છને જે ૦.૫ M.A.F. પાણી ફાળવવામાં આવેલ છે તે પાણી પણ કચ્છની જરૂરિયાત કરતાં ખૂબ જ ઓછા છે અને કચ્છીઓના મનમાંથી અન્યાયની લાગણી દૂર તો થઇ શકેલ જ નથી. એવું બની શકે કે વર્ષ ૧૯૯૬થી વર્ષ ૨૦૧૦ સુધીના ૧૪ વર્ષ દરમ્યાન અન્ય અનેક જમીનો પર ઉદ્યોગો આવી ગયેલ છે અને એ સરપ્લસ થયેલ પાણી પણ કચ્છને ફાળવવામાં આવે. આ રજૂઆત સરકારશ્રી સમક્ષ મુખ્યત્વે તો સત્તાધારી પક્ષના આગેવાનોએ રજૂ કરવી જોઇએ. વિરોધ પક્ષના આગેવાનોએ તથા N.G.O.ના કાર્યકરોએ પણ આ બાબતે કાર્યશીલ રહેવું જોઈએ.

તા. ૨૬-૨-૨૦૧૦ના 'કચ્છ મિત્ર'ના સમાચાર અનુસાર ચાલુ નાણાંકીય વર્ષ માટે ગુજરાત-સૌરાષ્ટ્ર-કચ્છ વોટર ગ્રીડ યોજના માટે રૂા. ૪૨૦૦ કરોડની ફાળવણી કરવામાં આવેલ છે. આ યોજના અનુસાર માળિયા બ્રાંચ કેનાલ જ્યાં ઢાંકીથી શરૂ થાય છે તે ઢાંકીથી અલગ અલગ ૪ પાઇપ લાઇન દ્વારા પીવાના પાણી વહાવવામાં આવે કે જેથી ખુલ્લી કેનાલમાંથી થતી પાણીની ચોરી સામે રક્ષણ મળી શકે. આ ચાર પાઇપ લાઇનમાં ઢાંકીથી માળિયા સુધીની ૧૩૫ કિ.મી. લંબાઇની પાઇપ લાઇનનો પણ સમાવેશ કરવામાં આવેલ છે. આ પાઇપ લાઇન દ્વારા ઢાંકીથી માળિયા સુધી અને ત્યારબાદ અત્યારની માળિયાથી કચ્છ સુધીની પાઇપ લાઇન દ્વારા કચ્છને પીવાના પાણી પહોંચાડવામાં આવે. જાહેરાત તો એવી કરવામાં આવેલ છે કે કચ્છની ૨૦૦ M.L.D. પાણીની જરૂરિયાત સામે ૨૦૦ M.L.D.ની પાણીની પાઇપ લાઇન કાર્યરત છે પરંતુ ભચાઉની આજુબાજુના ૨૦ કિ.મી.ના વિસ્તારમાં આ પાઇપ લાઇનની કેપેસિટી ૧૫૦ M.L.D.ની હોવાથી કચ્છમાં કોઇ પણ સમયે ૧૫૦ M.L.D.થી વધુ પાણી અત્યારના આયોજનો મુજબ આપી ન શકાય. હાલે કચ્છને અંદાજિત ૧૩૦ M.L.D. પાણી પૂરું પાડવામાં આવે છે કે જે ખૂબ જ અનિયમિત છે. આ ૧૩૦ M.L.D.માંથી ૯૦ M.L.D. પાણી ઉદ્યોગોને ફાળવવામાં આવે છે. જ્યારે કચ્છના ગામડાંઓને તથા શહેરોને તો માત્ર ૪૦ M.L.D. જ પાણી મળે છે. ઉપરોક્ત નવી પાઇપ લાઇન નંખાયા પછી કચ્છને ૧૫૦ M.L.D. પાણી નિયમિત સ્વરૂપે મળી શકશે. ૧૩૦ M.L.D.ના ૧૫૦ M.L.D. થતા કચ્છના ગામડાંઓને ૨૦ M.L.D. વધુ એટલે કે અંદાજિત ૬૦ M.L.D. પાણી પૂરું પાડી શકાય.

મૂળ આયોજન પ્રમાણે કચ્છના ૯૪૮ ગામ તથા ૧૦ શહેરને ૧૫૦ M.L.D. પીવાના પાણી પૂરું પાડવાની ગણના છે. તે સામે હાલે ૬૭૬ ગામો અને ૩૦૮ વાંઢને પાઇપ લાઇન દ્વારા સાંકળવામાં આવેલ છે ('કચ્છ મિત્ર', તા. ૭-૩-૨૦૧૦) પણ હાલમાં માત્ર ૧૯૦ ગામ અને ૧૬૯ વાંઢને આ પીવાના પાણી પૂરાં પાડવામાં આવી રહેલ છે. મૂળ આયોજન પ્રમાણે કચ્છના દરેક ગામને પીવાના પાણી પહોંચતા કરવા માટે શું પગલા વિચારવામાં આવી રહેલ છે તેના સમાચારો હજુ બહાર આવેલ નથી. કચ્છીઓએ આ માટે પણ યોગ્ય પ્રયાસો આદરવા રહ્યા.

*૨૦૩, સવિતા એન્ક્લેવ, સમર્પણ બંગલોઝની બાજુમાં, જજીસ બંગલો ચાર રસ્તા પાસે, બોડકદેવ, અમદાવાદ-૩૮૦ ૦૧૫.*
*ફોન : (ઘર) ૩૦૧૫૦૦૨૨, મો. ૯૮૨૫૩ ૨૨૬૮૯*

*ક્રોધને એક જાતની તાકાત માનનારાઓને એટલું જ કહેવું છે કે ક્રોધ એ તાકાત નથી પણ તાકાતનો દુરુપયોગ છે.*

# કચ્છ બહારની, ગુજરાત સ્થિત, કચ્છી જૈન સંસ્થાઓનું સંમેલન

ઉપરોક્ત સંમેલન યોજવા અંગેનો વિગતવાર અહેવાલ, મંગલ મંદિર માર્ચ-૨૦૧૦ના અંકમાં આપવામાં આવેલ છે.

આ સંમેલનનો હેતુ ગુજરાત સ્થિત કચ્છી જૈન સંસ્થાઓને એકબીજાથી નજદીક લાવવાનો અને દરેક સંસ્થાએ પોતાના શહેરમાં રહી આદર્શ સામાજિક કાર્યો કરવા પ્રેરણા આપવાનો રહેલ છે.

આ અંગે શક્ય ગુજરાત સ્થિત કચ્છી જૈન સંસ્થાઓને વિગતવાર પરિપત્રો મોકલી આપવામાં આવેલ છે. અનેક સંસ્થાઓ આ સંમેલનમાં ઉપસ્થિત રહેશે, તેવા પ્રતિભાવો પણ અમને સાંપડી ચૂકેલ છે. જે સંસ્થાઓએ તથા વ્યક્તિગત આમંત્રિત લોકોએ અમને ઉપસ્થિત રહેવા અંગેના પ્રતિભાવો હજુ સુધી મોકલી શકેલ નથી, તેઓને વિનંતી કે તેઓની ઉપસ્થિતિ અંગેના સમાચાર અમને શક્ય જલદી મોકલી આપે કે જેથી સંમેલનમાં યોગ્ય વ્યવસ્થા જાળવવાની સુગમતા રહે.

કાર્યક્રમની વિગતો નીચે મુજબ રાખવામાં આવેલ છે.

- **દિવસ : રવિવાર, તા. ૧૮-૪-૨૦૧૦**
- **સમય : સવારમાં ૧૧.૦૦થી સાંજના ૫.૦૦**
- **સ્થળ : શ્રી કચ્છી જૈન ભવન, પાલડી, અમદાવાદ.**

*નીચે મુજબના મહાનુભાવોએ ઉપસ્થિત રહેવા સહમતિ આપેલ છે.*

- ***સમારંભ પ્રમુખશ્રી*** : **શ્રી હરીશભાઈ મેઘજી ગાલા (વાપી - દેવપુર)**
  ઉપપ્રમુખશ્રી, શ્રી દક્ષિણ ગુજરાત કચ્છી વીસા ઓસવાળ જૈન સમાજ
- ***મુખ્ય મહેમાનશ્રીઓ*** :
  - **પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈ,** જૈન તત્ત્વજ્ઞ, અમદાવાદ.
  - **ડૉ. આર. ટી. સાવલિયા,**
    ડાયરેક્ટર ઈન્ચાર્જ, ભોલાભાઈ જેસીંગભાઈ અધ્યયન સંશોધન વિદ્યાભવન, અમદાવાદ.
- ***અતિથિ વિશેષશ્રીઓ*** :
  - **શ્રી વશનજીભાઈ સુંદરજી ગડા (વડોદરા - બાડા)**
    ભૂતપૂર્વ પ્રમુખશ્રી, શ્રી કચ્છી અચલગચ્છ જૈન સંઘ - વડોદરા
  - **શ્રી મહેન્દ્રભાઈ સુધાકર શિવજી (ભાવનગર - નલિયા)**
    પ્રમુખશ્રી, શ્રી ભાવનગર કચ્છ સમાજ - ભાવનગર.
  - **શ્રી કિરણભાઈ ધરમશી પારેખ (સુરત - અંજાર)**
    પ્રમુખશ્રી, શ્રી કચ્છી જૈન ગૂર્જર સમાજ - સુરત
  - **શ્રી સુરેન્દ્રભાઈ હંસરાજ છેડા (સુરત - સૂવઈ)**
    પ્રમુખશ્રી, શ્રી વાગડ વીસા ઓસવાળ કચ્છી જૈન સમાજ, સુરત
  - **શ્રી ગિરીશભાઈ કેવળદાસ ગાંધી (સુરત - ભીમાસર)**
    પ્રમુખશ્રી, શ્રી વાગડ સાત ચોવિસી કચ્છી જૈન સમાજ, સુરત
  - **શ્રી પ્રવીણભાઈ પ્રભુલાલ સંઘવી (સુરત - બેલા)**
    માનદ્ મંત્રીશ્રી, શ્રી વાગડ બે ચોવીસી કચ્છી જૈન સમાજ, સુરત
  - **શ્રી હરખચંદભાઈ ખીમજી ગડા (અંકલેશ્વર - વિંજાણ)**
    માનદ્ મંત્રી, અંકલેશ્વર અચલગચ્છ જૈન સંઘ - અંકલેશ્વર
  - **શ્રી જેસંગભાઈ ચાંપશી છેડા (વલસાડ - ગાગોદર)**
    પ્રમુખશ્રી, શ્રી વાગડ વીસા ઓસવાલ કચ્છી જૈન સમાજ - વલસાડ

*જીવન એક બાજી છે. જેમાં હાર-જીત આપણા હાથમાં નથી પણ બાજી રમવી આપણા હાથમાં છે.*

*વિગતવાર કાર્યક્રમ નીચે મુજબ યોજવામાં આવનાર છે :*

| | | |
|---|---|---|
| **સવારમાં ૧૧.૦૦થી ૧.૦૦** | : | ● આવકાર પ્રવચન, દીપ પ્રાગટ્ય, મહેમાનશ્રીઓનું બહુમાન<br>● વક્તવ્ય : સમાજસેવા એ જ ધર્મસેવા.......પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઇ<br>● વક્તવ્ય : સંસ્કૃતિના બદલાતા પ્રવાહો ...........ડૉ. આર. ટી. સાવલિયા<br>● વક્તવ્ય : શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની પ્રવૃત્તિઓ અને સંમેલનનો હેતુ ................શ્રી અશોક મહેતા |
| **બપોરના ૧.૦૦ થી ૩.૦૦** | : | લંચ વિરામ તથા ઉપસ્થિત સંસ્થાઓના પદાધિકારીશ્રીઓ સાથે વિચાર ગોષ્ઠી |
| **બપોરના ૩.૦૦ થી ૪.૩૦** | : | ઉપસ્થિત સંસ્થાઓની ચાલુ પ્રવૃત્તિઓના અહેવાલ અને ભવિષ્યમાં અમલમાં મૂકવામાં આવનાર પ્રવૃત્તિઓ વિશેની માહિતી |
| **સાંજના ૪.૩૦થી ૪.૫૦** | : | દિવસ દરમ્યાનની ચર્ચાઓનું વિશ્લેષણ .............................ડૉ. ચંદ્રકાંત દેઢિયા |
| **સાંજના ૪.૫૦ થી ૫.૦૦** | : | આભાર વિધિ |

ઉપરોક્ત સંમેલનમાં ઉપસ્થિત રહેવા અમદાવાદ સ્થિત કચ્છી જૈન મહાનુભાવો, ગુજરાત સ્થિત કચ્છી જૈન સંસ્થાઓના ટ્રસ્ટમંડળ / કારોબારી સમિતિના સભ્યો તથા ગુજરાત સ્થિત કચ્છી જૈન મહાનુભાવોને અમારું ભાવભર્યું નિમંત્રણ છે.

ઉપસ્થિત રહેવા અંગેની જાણ અગાઉથી કરવા વિનંતી.

રૂમ વગેરે અંગે જોઈતી વ્યવસ્થાની પણ અગાઉથી જાણ કરવા વિનંતી.

**પ્રતાપ નારાણજી દંડ**
**માનદ્ મંત્રી**
**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

## નિષ્ફળતાથી આત્મવિશ્વાસ ન ડગાવો

એક પ્રયોગમાં એક પછી એક એમ દસ કૂતરાંને પાંચ પાંચ સેકન્ડ ચાલે એવા ચોસઠ ઇલેક્ટ્રિક શૉક આપવામાં આવ્યા. બે શૉક વચ્ચેનો સમયગાળો નિશ્ચિત ન હોય, પાંચ સેકન્ડ પછી હોય, દસ મિનિટ બાદ હોય કે પાંચ મિનિટના અંતે... બીજે દિવસે એ જ કૂતરાંને બે ખાનાંવાળા ડબ્બામાં રાખ્યાં. એમાંનો બલ્બ ધીરે ધીરે ઝાંખો થાય એમ ડબ્બાના તળિયેથી શૉક આપવાનું શરૂ કરવામાં આવે. અહીં કૂતરો ધારે તો બલ્બનો પ્રકાશ ઝાંખો થાય કે તરત જ બીજા ખાનામાં કૂદી જઇને શૉકથી બચી જવાની વ્યવસ્થા હતી. કૂદકો ન મારે તો પૂરી પચાસ સેકન્ડ શૉક ચાલુ રહે.

જાણીને નવાઇ લાગશે કે શૉકથી બચવાની વ્યવસ્થા હોવા છતાં દસમાંથી એકેય કૂતરાએ કૂદકો મારવાની તસ્દી ન લીધી. એ પૂરી પચાસ સેકન્ડ શૉક ખાતા રહ્યા! આમ કેમ?

પ્રયોગના પહેલા ભાગમાં શૉકથી બચવા કોઇ રસ્તો નથી આથી કૂતરાંએ જે લાચારી અનુભવી એ બીજા પ્રયોગમાં પણ ચાલુ રાખી.

આ જ પ્રયોગ અન્ય કૂતરાં પર કરવામાં આવ્યો, પણ એમને પહેલા ભાગમાંથી બાકાત રાખવામાં આવ્યાં. એને સીધાં જ બે ખાનાંવાળા ડબ્બામાં મૂકવામાં આવ્યાં, પરંતુ એ જલદીથી સમજી ગયા કે બલ્બ ઝાંખો થાય એટલે શૉક લાગશે એટલે બચવું હોય તો બીજા ખાનામાં કૂદી પડો. આમ એ સ્વલાચારીનો શિકાર ન બન્યાં.

માણસ માટેય સ્વલાચારીનો ભોગ બનવું એટલું જ સાચું છે. પરીક્ષામાં પેપરો ખરાબ જાય, નોકરી માટેના પ્રયાસમાં કામિયાબી ન મળે, કામધંધામાં ધાર્યું પરિણામ ન આવે ત્યારે મળતી આવી નિષ્ફળતાનું ભાષાંતર સ્વલાચારીમાં થયું તો ખલાસ!

સ્વલાચારીથી બચવા જિંદગીને એક પડકાર સમજો. પોતાનાથી બનતા પ્રયાસ કરવા છતાં નિષ્ફળતા કે ધારેલી સફળતા ન મળે તો પોતાની જાતને બદનામ કરવાની જરૂર નથી. શક્ય છે કે આવડત, આત્મવિશ્વાસ કે પ્રયાસમાં ક્યાંક ખામી હશે. એ શોધીને એનું નિરાકરણ કરો તો સફળતા અચૂક મળશે.

***– રાજુ અંધારિયા***

*જ્ઞાન હૃદયમાં રહે છે, પુસ્તકોમાં નહિ.*

# મંગલ મંદિરના પ્રશંસક વર્ગને અપીલ

મંગલ મંદિરના કોઈ પણ અંકના 'આંજો કાગર' વિભાગ પર દૃષ્ટિપાત કરશું તો તેમાં મંગલ મંદિરમાં લેવામાં આવતા વિવિધ વિભાગોના લેખો, વિવિધ લેખકશ્રીઓના લેખો તથા તેમાં પીરસવામાં આવતી સામગ્રી વાંચી, તેની પ્રશંસા કરતા અનેક પત્રો આપણને જોવા મળશે. અને આ મોટાભાગના પ્રતિભાવો સમાજને સતત જાગૃત રાખવા કોશિશ કરતા સમાજ-પ્રહરીઓના હશે.

કચ્છ, અમદાવાદ, ગુજરાતના અન્ય શહેરો, મુંબઈ, મહારાષ્ટ્ર કે ભારતના અન્ય રાજ્યના વિવિધ શહેરોમાં વસવાટ કરતા મંગલ મંદિરના વાચક વર્ગ કે વિશિષ્ટ મહાનુભાવો સાથે ફોન પર વાત કરવાનો પ્રસંગ આવે ત્યારે મંગલ મંદિરની પ્રશંસા કરતા ઉદ્‌ગારો અવશ્ય સાંભળવા મળે છે.

એ પ્રકારના તો અન્ય અનેક વાચકો હશે કે જેઓ પત્ર દ્વારા અથવા ફોન દ્વારા અથવા રૂબરૂમાં, પોતાની વ્યસ્તતાના કારણે, પોતાની પ્રશંસા નહીં પાઠવી શકતા હોય, પરંતુ તેઓ પણ મંગલ મંદિરના પ્રશંસક તો હશે જ.

સ્વાભાવિક છે કે તંત્રીમંડળ આ પ્રકારના વાતોથી પોરસાય અને વધુને વધુ સારું પીરસવા કોશિશ કરતો રહે.

પરંતુ મંજિલ હજુ ખૂબ દૂર છે.

મુરાદો પાર પાડવી કઠિન છે.

રાહ વિકટ છે.

***અને તેમ છતાં હોંસલા મજબૂત છે.***

મંગલ મંદિરે ધૂણી ધખાવી છે.

સમાજમાં યોગ્ય વિચારસરણી પ્રસરાવવાની,

સમાજને ઉર્ધ્વગતિ તરફ લઈ જવા દિશાસૂચન કરવાની,

યોગ્ય ના હોય તેવી જૂની માન્યતાઓમાંથી સમાજને બહાર કાઢવાની,

સમાજનું યોગ્ય ઘડતર થાય તેવી રજૂઆતો કરવાની,

સમાજને ગૌરવ બક્ષે તેવી માહિતીઓ પીરસવાની,

આધુનિક જમાના સાથે સમાજના તાલ મેળવવાની,

સમાજને સચ્ચાઈના રસ્તે દોરીને લઈ જવાની,

સમાજના જાગૃત પ્રહરી બની રહેવાની.

અને આ માટે મંગલ મંદિરને જરૂરિયાત છે — આપશ્રીના સહયોગની.

આ સહયોગ બે અલગ અલગ પ્રકારે અદા કરી શકાય.

**(૧) મંગલ મંદિરના સાચા દિલના દરેક પ્રશંસકને અપીલ કે તે ઓછામાં ઓછા અન્ય ૧૦ ગ્રાહક બનાવવાનું બીડું ઝડપે.** આ નવીન ગ્રાહક કચ્છી જૈન ઉપરાંત અન્ય કોઈ પણ વર્ગ હશે તો તે વધુ આનંદ આપશે. લવાજમ એક વર્ષનું ના સ્વીકારતા ત્રણ, પાંચ કે પંદર વર્ષનું સ્વીકારવામાં આવે તો તે વ્યવસ્થાની રીતે વધુ સુગમ રહેશે.

| | | | |
|---|---|---|---|
| **લવાજમના દર :** | એક વર્ષના | — | રૂા. ૧૫૦/- |
| | ત્રણ વર્ષના | — | રૂા. ૪૦૦/- |
| | પાંચ વર્ષના | — | રૂા. ૬૦૦/- |
| | પંદર વર્ષના | — | રૂા. ૧૫૦૦/- |

મંગલ મંદિરના વિશાળ વાચક વર્ગમાંથી માત્ર ૧૦૦૦ વાચક આ નિર્ણય સ્વીકારશે તો આપણને ૧૦,૦૦૦ ગ્રાહકનો નવો સમુદાય મળી શકશે, કે જેઓ પણ આપણી ઝુંબેશના સહભાગી બનશે. કારવાં વધતો જશે.

મંગલ મંદિરનો "સક્ષમ વાચક વર્ગ" જાતે જ પોતાના સર્કલની ૧૦ યોગ્ય વ્યક્તિઓના લવાજમ મોકલી, મંગલ મંદિરને સહકાર આપી શકે છે.

***જેમ ખેતર વગર વાવેલું બી નકામું છે તેવી રીતે પુરુષાર્થ વગર પ્રારબ્ધ સિદ્ધિ મેળવતું નથી.***

**(૨)** મંગલ મંદિરના "સક્ષમ વાચક વર્ગ" પાસેથી એક અન્ય અપેક્ષા પણ રાખવામાં આવે છે.

એ અપેક્ષા છે મંગલ મંદિરના દર માસના અંક માટે "સૌજન્ય"ની.

આ પ્રકારના માત્ર ૧૨ નામ જોઈએ.

દર મહિને એક નામ.

બે નામનો તો સ્વીકાર કરી લેવામાં આવેલ છે.

હવે માત્ર ૧૦ સક્ષમોએ આગળ આવવાનું છે.

એક માસના "સૌજન્ય"નો નકરો રૂા. ૫૧,૦૦૦/- રાખવામાં આવેલ છે.

મુખપૃષ્ઠ પર જે-તે મહિનાના સૌજન્યદાતાનો ઉલ્લેખ કરવામાં આવશે.

વર્ષ ૨૦૧૦-૨૦૧૧ માટેના પ્રથમ સૌજન્યદાતાની શરૂઆત એપ્રિલ-૨૦૧૦ના અંકથી જ થઈ રહેલ છે.

એપ્રિલ-૨૦૧૦ના સૌજન્યદાતાએ મંગલ મંદિર પ્રત્યે ઉદાત્ત ભાવના દાખવી "આ અંકનું સૌજન્ય – એક સદ્‌ગૃહસ્થ તરફથી" પ્રસારિત કરવાની સૂચના આપેલ છે.

અન્ય સૌજન્યની ઑફર જૂન-૨૦૧૦ના અંક માટે સાંપડેલ છે.

બાકી રહેતા ૧૦ માસના ૧૦ સૌજન્ય માટે આ અપીલ કરવામાં આવી રહેલ છે.

પોતાના કુટુંબમાં બનેલ બનાવોના અનુસંધાને જે-તે માસનું "સૌજન્ય" આપી શકાય.

અમને આશા છે કે ઉપરોક્ત બંને પ્રકારે અમને મંગલ મંદિરના પ્રશંસકોનો સહકાર સાંપડી રહેશે.

***એક અન્ય હકીકત*** :

આપશ્રી આપના વ્યવસાયની જાહેરાત 'મંગલ મંદિર'માં પ્રસારિત કરી, મંગલ મંદિરને આ પ્રકારે પણ સહકાર આપી શકો છો.

'મંગલ મંદિર' એ જાહેરાતો માટેનું ઉત્તમ માધ્યમ છે.

'મંગલ મંદિર'માં પ્રસારિત કરવામાં જાહેરાત માટેના દરો નીચે મુજબ રાખવામાં આવેલ છે.

| | *ટાઈટલ* | *પ્રકાર* | *આખું પાનું* | *અડધું પાનું* | *પા પાનું* | *અન્ય* |
|---|---|---|---|---|---|---|
| ૧. | કવર પેઈજ નંબર-૪ | મલ્ટી કલર | રૂા. ૬,૦૦૦/- | રૂા. ૪,૦૦૦/- | રૂા. ૨,૫૦૦/- | — |
| ૨. | કવર પેઈજ નંબર-૨ તથા ૩ | મલ્ટી કલર | રૂા. ૫,૦૦૦/- | રૂા. ૩,૦૦૦/- | રૂા. ૨,૦૦૦/- | — |
| ૩. | કવર પેઈજ નં.-૨ તથા ૩ ની સામેનું પાનું | મલ્ટી કલર | રૂા. ૪,૫૦૦/- | રૂા. ૨,૭૫૦/- | રૂા. ૧,૭૫૦/- | — |
| ૪. | અંદરનું પાનું | મલ્ટી કલર | રૂા. ૪,૦૦૦/- | રૂા. ૨,૫૦૦/- | રૂા. ૧,૫૦૦/- | — |
| ૫. | અંદરનું સાદું પાનું | બ્લેક એન્ડ વ્હાઈટ | રૂા. ૧,૫૦૦/- | રૂા. ૧,૦૦૦/- | રૂા. ૬૦૦/- | — |
| ૬. | ટચુકડી જા.ખ. (૧ કોલમ બાય ૫ સે.મી.) | બ્લેક એન્ડ વ્હાઈટ | — | — | — | રૂા. ૩૦૦/- |
| ૭. | સાદા પાનાની નીચે ૧"ની પટ્ટી | બ્લેક એન્ડ વ્હાઈટ | — | — | — | રૂા. ૨૫૦/- |

*નોંધ : (૧) એક સાથે બાર મહિનાની જાહેરાત આપનારને* ***૧૦*** *ટકા ડિસ્કાઉન્ટ આપવામાં આવશે.*

*(૨) એક સાથે છ મહિનાની જાહેરાત આપનારને* ***૭.૫*** *ટકા ડિસ્કાઉન્ટ આપવામાં આવશે.*

*(૩) એક સાથે ત્રણ મહિનાની જાહેરાત આપનારને* ***૫*** *ટકા ડિસ્કાઉન્ટ આપવામાં આવશે.*

***આપશ્રીના સહકારની અપેક્ષા સહ,***

***આપના જ વિશ્વાસુઓ,***

**હીરજી પાસુ શાહ**
**કન્વીનર, વ્યવસ્થાપક સમિતિ - 'મંગલ મંદિર'**
**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

**પ્રતાપ નારાણજી દંડ**
**માનદ્ મંત્રી**
**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

***અસફળતાથી ગભરાયા વગર લગાતાર પ્રયત્ન કરવાવાળા લોકોના ખોળામાં સફળતા જાતે જ આવીને વસે છે.***

# મંગલ મંદિર આભાર માને છે....

*ઉત્તરોત્તર સત્ત્વશીલ વાંચન પૂરું પાડવાના મંગલ મંદિરના હંમેશાં પ્રયાસ રહેલ છે.*
*મંગલ મંદિરનું કલેવર પણ ઉત્તરોત્તર ઉત્તમ બનાવવાના પ્રયાસો જારી રાખેલ છે.*
*અને એ માટે અમને હંમેશાં સમાજના ઉદારદિલ ગૃહસ્થોનો સહકાર સાંપડતો રહે છે.*
*એ સહકાર "સૌજન્ય" સ્વરૂપે અથવા તો પોતાના વ્યવસાયની "જાહેરાત" સ્વરૂપે રહેવા પામેલ છે.*
*વીતેલા વર્ષ ૨૦૦૯-૨૦૧૦ દરમ્યાન જે મહાનુભાવોએ સહકાર આપેલ છે તેઓના અમે આભારી છીએ.*
*વર્ષ ૨૦૧૦-૨૦૧૧ દરમ્યાન જે મહાનુભાવોએ અમને સહકાર આપવાની ઑફર કરેલ છે તેઓના અમે ઋણી છીએ.*

***વર્ષ ૨૦૧૦-૨૦૧૧ દરમ્યાન સહકાર આપનાર હિતેચ્છુઓની નામાવલી નીચે મુજબ છે :***

- એક સદ્‌ગૃહસ્થ — અમદાવાદ
- શ્રી હરખચંદ કુંવરજી સાવલા — ગાંધીનગર
- ઈન્ડોસેમ (ઇન્ડિયા) પ્રા. લિ. — અમદાવાદ
- નવનીત પબ્લિકેશન્સ (ઈન્ડિયા) પ્રા. લિ. — અમદાવાદ/મુંબઈ
- રોમન વિઝન ગ્રૂપ — મુંબઈ
- દીપ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ — અમદાવાદ
- વી-ટ્રાન્સ, વી-એક્સપ્રેસ, વી-લૉજીસ — અમદાવાદ/મુંબઈ
- ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય — અમદાવાદ
- નવભારત સાહિત્ય મંદિર — અમદાવાદ
- એસ.બી. ડેવલોપર્સ (શ્રી દીપકભાઈ ભેદા) — મુંબઈ
- યંગ એન્ડ ગ્રો (શ્રી પરેશ વીરચંદ છેડા) — મુંબઈ
- એંકર હેલ્થ એન્ડ બ્યૂટી કેર પ્રા.લિ. — મુંબઈ
- એમ.આઈ.ટી.સી. રોલિંગ મિલ્સ પ્રા.લિ. — મુંબઈ
- ઈન વોગ — અમદાવાદ
- કુદરતી ઉપચાર કેન્દ્ર — મુંબઈ / મુંદ્રા
- યુનિક ટેગ પ્રા.લિ. — અમદાવાદ
- ટી.એમ.ટી. હોલીડેઝ (શ્રી ચેતન મોતા) — મુંબઈ
- ગીલ એન્ડ કંુ. — અમદાવાદ / મુંબઈ
- રાજુ એન્ટરપ્રાઈઝ — અમદાવાદ / મુંબઈ
- એ. ડી. મહેતા — ભુજ
- શણગાર ડેકોર પ્રા.લિ. — અમદાવાદ
- બ્લુ સ્ટાર ઈન્ડસ્ટ્રીઝ — અમદાવાદ / મુંબઈ
- સુજાકો (દિગંત ભાઈલાલ શાહ) — અમદાવાદ
- કાદંબરી વર્ક્સ — અમદાવાદ
- રત્નમણિ મેટલ્સ — અમદાવાદ
- મા ઑમ પરિવહન પ્રા. લિ. — મુંબઈ
- તન-મન ટૂર્સ એન્ડ ટ્રાવેલ્સ (શ્રી ચીમનભાઈ મોતા) — મુંબઈ
- એસ. એલ. ફેબ (શ્રી શિરીષભાઈ કોરડિયા) — અમદાવાદ
- શ્રી પારસ પદમશી મૈશેરી — મુંબઈ
- જે.આર.જે. ફુડ્સ પ્રા.લિ. (શ્રી જગદીશભાઈ ઠક્કર) — અમદાવાદ
- બી.એમ.સી.બી. બેંક (શ્રી મહેન્દ્રભાઈ મોરબિયા) — અમદાવાદ
- સથવારા કન્સ્ટ્રક્શન કંુ. (શ્રી અનિલભાઈ સથવારા) — અમદાવાદ
- હર્ષા એન્જિનિયર્સ (શ્રી હરીશભાઈ રંગવાલા) — અમદાવાદ
- સાવરિયા એગ્રો પ્રોડક્ટ્સ (શ્રી રાવજીભાઈ ભાનુશાળી) — અમદાવાદ
- પદ્મા એગ્રી ફીડ (શ્રી રાવજીભાઈ ભાનુશાળી) — અમદાવાદ
- યોગી માર્બલ આર્ટ (શ્રી યોગેશભાઈ પેઈન્ટર) — પાલિતાણા
- કિરીટ કન્સ્ટ્રક્શન કંુ. (શ્રી દક્ષેશ સંઘવી) — અમદાવાદ / ગાંધીધામ
- શ્રી નીતિન ધનજી ગાલા — અમદાવાદ
- સોહિની (શ્રી અશ્વિન હીરજી સાવલા) — અમદાવાદ
- પ્રીતેશ રોડલાઈન્સ — અમદાવાદ
- શ્રી ગિરીશભાઈ સંઘવી — અમદાવાદ
- એકતા ચિક્કી (શ્રી દામજી પ્રેમજી નીસર) — અમદાવાદ
- હરિભાઈ ભીખાભાઈ પેઈન્ટર — પાલિતાણા
- દીપ જ્યોત સ્ટેશનરી માર્ટ (શ્રી જયેશ પારેખ) — અંકલેશ્વર
- વિકેતા ઈલેક્ટ્રોનિક્સ (શ્રી દીપક દંડ) — અંકલેશ્વર
- અરિહંત ઈન્ડસ્ટ્રીઝ — અમદાવાદ
- ફેવરીટ સેફ્ટી પ્રોડક્ટ્સ — અંકલેશ્વર
- જે. કે. ફોટોગ્રાફી — અમદાવાદ
- કે. કે. મસાલાવાલા — મુંબઈ
- નેમિ મેડિસીન્સ — અમદાવાદ
- શ્રી ધનસુખલાલ વીરજી સંઘવી ચેરિટેબલ ટ્રસ્ટ — ઝરિયા (ધનબાદ)
- અંબા શિપિંગ એજન્સીઝ — મુંબઈ
- ટિકીટાર ઈન્ડસ્ટ્રીઝ — વડોદરા
- રાયચંદ કાનજી ધુલ્લા પરિવાર — મુંબઈ
- કમર્શિયલ પેકિંગ સર્વિસીસ — મુંબઈ
- નેશનલ એન્ટરપ્રાઈઝીસ — મુંબઈ
- શેઠ વર્ધમાન કલ્યાણજી ટ્રસ્ટ — ભદ્રેશ્વર
- જેઠાભાઈ ડુંગરશી ટ્રાન્સપોર્ટ — પૂના / મુંબઈ

***પરિશ્રમ કરવો તે પ્રાર્થના છે.***

# પુસ્તકો સાભાર સ્વીકાર

| પુસ્તકનું નામ | લેખક | ભેટ મોકલનાર |
|---|---|---|
| • ધી ગાઈડ ટુ સોશિયલ વર્ક ભાગ ૧ અને ૨ | સંકલન : કુલીનકાંત ચાંપશી લુઠિયા | માનવ જ્યોત પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટ - મુંબઈ |
| • બરાક ઓબામા | લેખક : સંજય આવટે<br>અનુવાદક : ગીતા ગૌડ | ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય - અમદાવાદ |
| • ઈલા આરબ મહેતાનો વાર્તા વૈભવ | સંકલન : ધીરુબહેન | ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય - અમદાવાદ |
| • ઘર એટલે | ઈલા આરબ મહેતા | ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય - અમદાવાદ |
| • તનકતારા | દિનેશ પંચાલ | ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય - અમદાવાદ |
| • ભીત્ત (કચ્છી નાટક સંગ્રહ) | ધનલક્ષ્મી મૂલજી ગડા | ધનલક્ષ્મી મૂલજી ગડા - મુંબઈ |
| • સરળ જળસ્રાવ વિકાસ પરિચય | સંપાદન : જાગૃતિ ચ્યવન | ભોગીલાલ પ્રેમચંદ કોરડિયા - બુકસેલ્ફ - અમદાવાદ |
| • માહિતી અધિકાર માર્ગદર્શિકા | સંપાદક : બિપીનચંદ્ર વૈષ્ણવ<br>આઈ.એ.એસ. (નિવૃત્ત) | ભોગીલાલ પ્રેમચંદ કોરડિયા - બુકસેલ્ફ - અમદાવાદ |
| • ગૃહિણીના ગૃહઉદ્યોગો | શ્રીમતી ચારૂલતા વી. બારાઈ<br>શ્રીમતી રૂપલ એમ. ધુપેલિયા<br>શ્રીમતી અનસુયા એલ. રાવલ | ભોગીલાલ પ્રેમચંદ કોરડિયા - બુકસેલ્ફ - અમદાવાદ |
| • બહેનો માટે સ્વરોજગારી | ચંદ્રકાંત પાઠક | ભોગીલાલ પ્રેમચંદ કોરડિયા - બુકસેલ્ફ - અમદાવાદ |
| • જયબોધ સ્તવનાવલી (ભાગ-૨) | સંકલન : પ્રબોધ હીરાચંદ મુનવર (કોઠારા) | પ્રબોધ હીરાચંદ મુનવર |
| • હમતુમ પાર્ટ-૪ | શ્રી મહારાષ્ટ્ર કચ્છ ઓસવાલ જૈન સમાજ (એકમ) | શ્રી મહારાષ્ટ્ર કચ્છી ઓસવાલ જૈન સમાજ (એકમ)<br>(મંત્રી : દામજી કાનજી છેડા - કોલ્હાપુર) |
| • મનોભ્રમ (ચિત્તભ્રમ) | ડૉ. મણિલાલ ગડા, ડૉ. દીપ્તિ શાહ (ગડા) | ડૉ. મણિલાલ ગડા |

## માણસ પતન કેમ પામે છે....?

'મહારાજ બધા મનુષ્યો સરખા છે તો પછી કેટલાક મનુષ્યો પતન કેમ પામે છે....?' એક જિજ્ઞાસુએ એક મહાત્માને પૂછ્યું. મહાત્માએ કહ્યું : 'કાલે સવારે મારી સાથે તળાવ પર આવજો.'

બીજા દિવસે જિજ્ઞાસુ તળાવને કિનારે ગયા. મહારાજે પોતાના હાથમાં બે ઘડા હતાં તે બતાવ્યા અને કહ્યું : 'આમાં એક ઘડો તળિયેથી કાણાવાળો છે અને બીજો કાણા વિનાનો, આખો જ છે.' 'પછી કાણા વિનાનો ઘડો તળાવના પાણી પર મૂક્યો. તે ઘડો તરતો હતો. પેલા જિજ્ઞાસુને તે ઘડો તરતો તરતો આગળ ન વધી જાય તે માટે પકડી રાખવા મહાત્માએ કહ્યું. પછી મહાત્માએ કાણાવાળો ઘડો તળાવના પાણી પર ગોઠવ્યો તેવો જ નીચેના છિદ્રમાંથી ઘડામાં પાણી ભરાવા લાગ્યું. થોડી વારે ઘડો ડૂબી તળિયે જઇ બેઠો. મહાત્માએ કહ્યું : એક ઘડો છિદ્ર વિનાનો હતો તે તરે છે, જ્યારે છિદ્રવાળો ડૂબી ગયો. મનુષ્યો આ ઘડાની જેમ સરખા જ ઘડાયા છે પણ જે મનુષ્યમાં ગમે તે રીતે ખરાબ પ્રવૃત્તિઓ તેમના વર્તન-વ્યવહારમાં ઘૂસવા લાગે છે તે ધીમે ધીમે આ ઘડાની જેમ ડૂબી જાય છે, પતન પામે છે. જે લોકો જીવનમાં કાંઇ છિદ્ર જ પડવા નથી દેતાં તે તરી જાય છે. લોકો બહારથી જ દેખાવે એક સરખા છે બાકી તેમના ચારિત્ર્યથી તો અલગ-અલગ જ હોય છે.'

*સાભાર : 'પરિત્રાણ'*
*પ્રેષક : ચંદ્રકાંત દામજી શાહ (કે.ડી. શાહ)*

*કુદરતી દુઃખ એ પરીક્ષા છે, ઊભું કરેલું દુઃખ એક શિક્ષા છે.*

# 'મંગલ મંદિર' – ૨૦૦૯નું સરવૈયું

• મગનલાલ સંઘવી •

છેલ્લા ૩-૪ વર્ષથી 'મંગલ મંદિર' એ માત્ર સમાજનું મુખપત્ર ન રહેતાં એક સ્વતંત્ર અને બહોળો વાચક વર્ગ ધરાવતું સામયિક બની ગયું છે. વાંચતા વાંચતા એક વખત વિચાર આવ્યો કે આ સામયિકમાં કેવા કેવા વૈવિધ્યવાળા લેખો આવે છે એ જાણવું જોઇએ.

આમ વર્ષ ૨૦૦૯ના જાન્યુ.થી ડિસેમ્બરના અંકો, વિશેષાંક સહિત ઉથલાવ્યા અને જે તારણ મળ્યું એ આ પ્રમાણે છે.

### મંગલ મંદિર ૨૦૦૯ના જાન્યુઆરીથી ડિસેમ્બર સુધીના આવેલ લેખોનું તારણ

| | |
|---|---|
| ૧. નર્મદા પ્રોજેક્ટ અંગેના | ૧૨ |
| ૨. કચ્છ અંગેના પ્રાચીન અર્વાચીન માહિતી વગેરે | ૪૯ |
| ૩. ધર્મ સંપ્રદાયને લગતા | ૧૭ |
| ૪. સંસ્થા પરિચય કચ્છ બહારની | ૯ |
| ૫. સંસ્થા પરિચય તથા વ્યક્તિ પરિચય કચ્છની | ૫૨ |
| ૬. ચિંતનાત્મક ધર્મ-સમાજ વગેરે | ૩૧ |
| ૭. હાસ્ય વ્યંગ | ૧૩ |
| ૮. ધારાવાહિક નવલ ૧૨ અંકમાં | ૧ |
| ૯. આરોગ્ય તથા તબીબી વિજ્ઞાન | ૩૧ |
| ૧૦. પ્રવાસ-યાત્રા કચ્છ, ભારત, વિદેશ | ૯ |
| ૧૧. વાર્તા-નવલિકા | ૯ |
| ૧૨. સામાજિક કૌટુંબિક પ્રશ્નોને લગતા | ૨૦ |
| ૧૩. તહેવારો-પરિચય તથા ઉજવણી | ૬ |
| ૧૪. વિજ્ઞાન-પર્યાવરણને લગતા | ૧૧ |
| ૧૫. આર્થિક તથા આર્થિક આયોજન | ૫ |
| ૧૬. ઉત્સવો કચ્છના તથા અન્ય | ૭ |
| ૧૭. ભાષાકીય કચ્છી તથા અન્ય | ૪ |
| ૧૮. સત્ય ઘટનાઓ | ૧૦ |
| ૧૯. રમતગમતને લગતા | ૨ |
| ૨૦. કલા ક્ષેત્રના (સંગીત, ચિત્રકળા સાહિત્ય) સિનેમા-નાટક વગેરે | ૪ |
| ૨૧. ભારત તથા ગુજરાત ઐતિહાસિક | ૫ |
| ૨૨. કાવ્યો (માત્ર બે જ અંકમાં) | ૨૩ |
| ૨૩. રાજકીય વિશ્લેષણ | ૪ |
| | ૩૩૪ |

પ્રથમ નજરે જોતાં વિષયોનું વૈવિધ્ય ઠીક ઠીક જળવાય છે, છતાં કેટલાક વિષયોના લેખો યા તો વધારે પડતા છે, અથવા કેટલાકના ઓછા છે. અલબત્ત, આ મારું અંગત મંતવ્ય છે, વિગતમાં જઇએ તો :-

### ૧. કચ્છ અંગેના લેખો

આમાં જૂની વાતો, રાજા મહારાજાઓના જીવન અને વંશાવલીઓ વગેરેનું આજે શું મહત્ત્વ છે? આજની પરિસ્થિતિ અને ભવિષ્ય અંગેના લેખો વધારે આવકાર્ય ગણાય. સિવાય તીર્થસ્થાનોના મતભેદો (એ પણ જૈનેતર)ને સ્થાન આપવાનું શું પ્રયોજન?

### ૨. આરોગ્ય અંગેના

આ લેખો સારા અને માહિતીપ્રદ હોય છે પણ મોટાભાગે એકજ લેખક, જે પ્રખ્યાત મનોવૈજ્ઞાનિક છે, તેનાજ આવે છે. સાથે આયુર્વેદ તથા યોગ ઉપરના લેખ હોય તો વધારે ઉપયોગી રહે. આપણા તબીબી કેન્દ્રના વૈદ્યશ્રીઓને લખવા પ્રેરી શકાય. યોગ અંગેના લેખ તે અંગેના પુસ્તકો કે અન્ય સામયિકોમાંથી લઇ શકાય.

### ૩. પ્રવાસ-યાત્રા

વિદેશ યાત્રાના વર્ણનો સારા આવે છે, ભારત યાત્રાના ઓછા. આપણા સમાજમાં પણ ઘણા પરિવારો ભારતમાં વિવિધ સ્થળે જતા હશે. તેઓ દ્વારા જે તે સ્થાનની વિવિધ માહિતી, જેવી કે કેવી રીતે પહોંચાય, કઇ ઋતુમાં જવાય, ખર્ચનું પ્રમાણ, રહેવા તથા ભોજનની સગવડ જોવાલાયક સ્થળો તથા વચ્ચેનું અંતર, વાહનની સગવડ વગેરેની માહિતી મળે તો ઉપયોગી થાય.

### ૪. રમત ગમત, લલિતકલાઓ, વિજ્ઞાન વગેરે

આપણે ક્રિકેટ સિવાય કોઇ રમતને ઓળખતા જ નથી એટલે બીજું કહેવાપણું ક્યાં રહ્યું?

અને લલિતકલાઓમાં પણ આપણે ઔરંગઝેબના વંશજો! એ અંગેના લેખ ક્યાંથી આવે? વિજ્ઞાનમાં પણ દીકરા દીકરી વિજ્ઞાનમાં સારા ટકા લાવે તો ડોક્ટર કે એન્જિનિયરથી આગળ વિચાર જ નહિ! આમ છતાં આપણા સમાજમાં ચીલાચાલુ ક્ષેત્ર કરતાં અન્ય ક્ષેત્રમાં જવાનું વલણ દેખાય છે. આપણા સમાજના જ ૨-૩ જણ ઇસરો તથા પીઆરએલ જેવી વિજ્ઞાન સંસ્થાઓમાં છે. (બે એક વર્ષ પહેલાં વિજ્ઞાન અંગેના લેખ પણ આવેલા એવું યાદ છે.)

### ૫. અર્થકારણ-વ્યાપાર-ઉદ્યોગ-બચત આયોજન વગેરે.

આપણે વેપારી પ્રજા હોવા છતાં આ અંગેના લેખ ઓછામાં ઓછા! આમ કેમ? સમાજના સી.એ., એમબીએ, કરવેરા કે આયોજનના જાણકારોમાંથી કોઇ અવાર-નવાર આ અંગેના લેખ આપી ન શકે? દર મહિને ૨-૩ પાના અર્થકારણ માટે ફાળવી શકાય તો બહુ સારું.

*અભિમાની માણસ પોતાનાં સારા કામો ગણાવ્યા કરે છે અને બીજાનાં ખરાબ કામો જ ગણાવ્યા કરે છે.*

**૬. કાવ્યો**

સાવ બંધ કરવા બિલકુલ યોગ્ય નથી. એકાદ પાનું ફાળવવું જ જોઈએ.

**૭. અન્ય સૂચનો :**

ખાસ કરીને યુવા વર્ગને લખતો કરવા, પોતાના વિચારો વ્યક્ત કરવા પ્રેરવા માટે કંઈક કરવું જોઈએ. તેઓને લગતા આજના કૌટુંબિક, સામાજિક, શૈક્ષણિક વગેરે વિષયો ઉપર ચર્ચા કે વિચાર-વિમર્શ શરૂ કરવા જોઈએ. એક પછી એક આવા વિષયો આપીને તે ઉપર લખાણ આવકારીને સારા લખાણોને ઇનામો આપી ઉત્તેજન અપાવું જોઈએ. નવી પેઢી ગુજરાતી ન લખી શકે તો અંગ્રેજી કે હિંદીમાં પણ લખાણ લઈ શકાય.

**૮. નિયમિત વિભાગો :-**

બધાં જ લગભગ ઉપયોગી છે. સમાજની વિવિધ પ્રવૃત્તિઓમાં વીમા યોજનાનો ઉલ્લેખ નથી થતો, ખાસ કરીને અકસ્માતના વીમા બાબત. બાળવાર્તા આજની ટીવી પેઢી વાંચતી હશે?

**૯. વાચકોના પત્રો (આંજો કાગર વિભાગ)**

આ વિભાગમાં આવતા પત્રોનું પણ વર્ષનું સરવૈયું કાઢતાં નીચે મુજબનું તારણ મળ્યું.

**'મંગલ મંદિર' આંજો કાગર વિભાગ**
**જાન્યુઆરીથી ડિસેમ્બર - ૨૦૦૯**

| | | | |
|---|---|---|---|
| ૧. | સંસ્થાની પ્રશંસા | | ૭ |
| ૨. | લેખની પ્રશંસા-પ્રતિભાવ | | ૧૭ |
| ૩. | લેખકની પ્રશંસા અનુમોદન | | ૧૨ |
| ૪. | લેખનો વિરોધ | | ૩ |
| ૫. | ભૂલ સુધાર | | ૩ |
| ૬. | લેખકનો વિરોધ | | ૩ |
| ૭. | માસિકની પ્રશંસા | (દ. ગુ. વિશેષાંક) | ૨૦ |
| ૮. | અન્ય લેખના પ્રતિભાવ | | ૧૫ |
| ૯. | અન્ય માહિતી | | ૧૦ |
| ૧૦. | કાર્યક્રમના સૂચનો-પ્રતિભાવ | | ૬ |
| ૧૧. | ફરિયાદ વિરોધ | (કવિતા માટે) | ૩ |
| ૧૨. | ધાર્મિક માહિતી પ્રતિભાવ | | ૪ |
| ૧૩. | સંસ્થાની પ્રવૃત્તિ-પ્રતિભાવ | | ૪ |
| ૧૪. | અન્ય સૂચનો | | ૧૨ |
| ૧૫. | નર્મદા અંગેના પ્રતિભાવો | | ૬ |
| ૧૬. | પત્રો (આંજો કાગર)ના પ્રતિભાવો (અનુમોદન તથા વિરોધ) | | ૭ |
| | | | ૧૪૫ |

કેટલાક વાચકોના મતે આ વિભાગ ઘણા પાના રોકે છે, પણ આ વિભાગ ખૂબજ ઉપયોગી છે. સામયિકો, વર્તમાનપત્રો વગેરે માટે વાચકોના પત્રો એ પાંચમી જાગીર છે. લેખો કેવા અને કેટલા વંચાય છે એ જાણવાનું આ સારામાં સારું સાધન છે.

એટલું થઈ શકે કે સંસ્થા કે માસિકની માત્ર પ્રશંસા કે અનુમોદનાના પત્રો લેખકનો આભાર માનીને ટૂંકાવી શકાય.

*મગનલાલ સંઘવી - અમદાવાદ*

*નોંધ :- મંગલ મંદિરમાં આવતા લેખો બાબત એક વાચક તરફથી ઉપરોક્ત પ્રકારનું જે વિશ્લેષણ કરવામાં આવ્યું તે ખરેખર અભિનંદનીય છે. વાચકશ્રીએ એક-એક અંકના, એક-એક લેખ વાંચેલ હોય ત્યારેજ તે વિશ્લેષણ કરી શકે. મંગલ મંદિરનું તંત્રી મંડળ આ માટે ગૌરવ અનુભવે છે અને વાચકશ્રીને ધન્યવાદ પાઠવે છે.*

*એક અન્ય વાત. વાચકશ્રીએ જે વિચારો રજૂ કરેલ છે, તે તેમના આગવા વિચારો છે. આપણે તે વિચારો સાથે સહમત થઈએ કે નહીં, તે અલગ વાત છે.*

*વાચકશ્રીના હિસાબે લેખોની વિવિધતામાં જે ત્રુટીઓ દેખાય છે, તેને અનુરૂપ લેખો કોઈપણ લેખકશ્રી તરફથી આવશે તો તેને આવકારવામાં આવશે.*

*– મુખ્ય તંત્રી*

**Dalal**
**S. Nitinkumar & Co.**
**CANVASING AGENT**
115/1-B, Sindhi Commercial Market,
Kalupur, Chokha Bazar, Ahmedabad-380 002.
**Ph. : (O) 22120051, 22124474, 22123210**
**(R) 22867064, 22865433**
**M. : 93761 14024 (Nitinbhai),**
**93772 09530 (Dhami)**
★
● Sister Concern ●
**SUCHIT TRADING CO.**
Gali L, No.-12, A.P.M.C. Market No.-2,
Phase-II, Sector-19, Vashi,
New Mumbai-400 703.
Ph. : (022) 27651033, 27651037, 32997068
M. : 93200 89056 (Suchitbhai)

*અહિંસાનો અર્થ છે, ઈશ્વર પર ભરોસો રાખવો.*

# આગામી કાર્યક્રમો

| | તારીખ – સમય | સ્થળ | કાર્યક્રમની વિગત |
|---|---|---|---|
| ● | રવિવાર, તા. ૪-૪-૨૦૧૦<br>સવારમાં ૯.૦૦ વાગે | શ્રી કચ્છી જૈન ભવન, પાલડી | કારોબારી સમિતિની મિટિંગ. |
| ● | શનિવાર, તા. ૧૦-૪-૨૦૧૦<br>સવારમાં ૧૦.૦૦ વાગે | સોનોગ્રાફી વિભાગ, મેડિકલ સેન્ટર,<br>શ્રી કચ્છી જૈન ભવન, પાલડી | સોનોગ્રાફી મશીન સાથે કલર ડોપ્લર મશીનનું ઉદ્‌ઘાટન |
| ● | શનિવાર, તા. ૧૭-૪-૨૦૧૦<br>સાંજના ૪.૩૦ વાગ્યાથી | શ્રી કચ્છી જૈન ભવન, પાલડી | વયસ્ક સમિતિ આયોજિત વક્તૃત્વ સ્પર્ધા, વગેરે. |
| ● | રવિવાર, તા. ૧૮-૪-૨૦૧૦<br>સવારમાં ૧૧.૦૦ વાગ્યાથી<br>સાંજના ૫.૦૦ વાગ્યા સુધી. | શ્રી કચ્છી જૈન ભવન, પાલડી | કચ્છ સિવાયની ગુજરાતભરની કચ્છી જૈન સંસ્થાઓનું સંમેલન. |
| ● | મંગળવાર, તા. ૨૦-૪-૨૦૧૦<br>બપોરના ૩.૦૦થી ૫.૦૦ | શ્રી કચ્છી જૈન ભવન, પાલડી | મહિલા ઉત્કર્ષ સમિતિ આયોજિત<br>(૧) શ્રી રામજી વેલજી સાવલા વાનગી હરીફાઈ (મિષ્ટાન્ન)<br>(૨) શ્રીમતી વિમળાબહેન શિરીષભાઈ કોરડિયા મહેંદી હરીફાઈ |
| ● | રવિવાર, તા. ૨૫-૪-૨૦૧૦<br>સવારમાં ૯.૦૦ વાગે | શ્રી કચ્છી જૈન ભવન, પાલડી | યુવા વિકાસ સમિતિ આયોજિત અમદાવાદ સ્થિત કચ્છી ઉદ્યોગ ગૃહોની મુલાકાત / અભ્યાસ ટૂર<br>(૧) યુનિક ટેગ પ્રા.લિ., (૨) નવનીત પબ્લિકેશન્સ (ઇંન્ડિયા) પ્રા.લિ. |
| ● | રવિવાર, તા. ૨૫-૪-૨૦૧૦<br>બપોરના ૩.૦૦ વાગ્યાથી | શ્રી કચ્છી જૈન ભવન, પાલડી | ગૃહ ઉદ્યોગની માહિતી આપતો કેમ્પ |
| ● | રવિવાર, તા. ૯-૫-૨૦૧૦થી<br>બુધવાર, તા. ૧૯-૫-૨૦૧૦ | શ્રી કચ્છી જૈન ભવન, પાલડી | યુવા વિકાસ સમિતિ આયોજિત<br>પબ્લિક સ્પિકિંગ તથા પર્સનાલીટી ડેવલપમેન્ટ વર્કશોપ - ૨૦૧૦ |
| ● | રવિવાર, તા. ૧૫-૮-૨૦૧૦<br>સવારમાં ૯.૩૦ વાગે | શ્રી કચ્છી જૈન ભવન, પાલડી | પુરસ્કાર સમિતિ આયોજિત સરસ્વતી સન્માન કાર્યક્રમ<br>(ધોરણ-૮થી ધોરણ-૧૨ અને કૉલેજ કક્ષાના વિદ્યાર્થીઓનું સરસ્વતી સન્માન) |
| ● | રવિવાર, તા. ૨૬-૯-૨૦૧૦<br>સવારમાં ૯.૩૦ વાગે | શ્રી કચ્છી જૈન ભવન, પાલડી | વિવિધ યોજનાઓના પુરસ્કારોનો વિતરણ સમારંભ<br>તથા સ્વામિવાત્સલ્ય જમણવાર |

## જૈન જ્ઞાતિના ભાગ હોવાનું મને ગૌરવ છે

જૈન જ્ઞાતિના ભાગ સ્વરૂપે મારું અસ્તિત્વ હોવાનું મને ગૌરવ છે, કેમ કે :

- ☞ ભારત દેશમાં ભરાતા ઇન્કમટેક્ષનો ૨૪ ટકા હિસ્સો જૈનોમાંથી આવે છે.
- ☞ ભારત દેશમાં જેટલી પણ ચેરિટી (દાન) થાય છે તેનો ૬૨ ટકા હિસ્સો આ વિભાગમાંથી આવે છે.
- ☞ ભારત દેશમાં ૧૬૦૦૦ ગૌશાળા હાલે કાર્યરત છે કે જેમાંથી ૧૨૦૦૦ ગૌશાળા જૈનો ચલાવે છે.
- ☞ ભારતભરમાં ૫૦,૦૦૦ જૈન મંદિરો છે. ભારતના તીર્થધામોમાં મોટા ભાગના તીર્થધામો જૈનોના છે.
- ☞ ભારતભરના શેર દલાલોમાં ૪૬ ટકા શેર દલાલો જૈનો છે.
- ☞ ભારતભરના મોટા ભાગના વિખ્યાત અને આગળ પડતા વર્તમાનપત્રોના માલિકો જૈનો છે.
- ☞ ભારતના જીડીપી ગ્રોથ રેશિયાનો ૨૫ ટકા હિસ્સો જૈન વિભાગમાંથી આવે છે.

ભારત દેશની સમગ્ર વસતિમાં જૈનો માત્ર ૧ ટકા જેટલા જ છે, તેમ છતાં તેઓએ ઉપરોક્ત સિદ્ધિઓ હાંસલ કરેલ છે અને તેથી જ જૈન જ્ઞાતિના ભાગ સ્વરૂપે હોવાનું મને ગૌરવ છે.

*હૃદયરોગના ઈલાજ વિજ્ઞાન પાસે છે પણ હૃદયમાં રહેલા ઈર્ષા, ક્રોધ, અભિમાન વગેરે દોષોનો ઈલાજ ધર્મ પાસે છે.*

शिवमस्तु सर्वजगतः परहितनिरता भवन्तु भूतगणाः ।
दोषाः प्रयान्तु नाशं, सर्वत्र सुखी भवतु लोकाः ॥

**WORK IS WORSHIP**

# MA OM PARIVAHAN (P) LTD.

**Chandresh Lodaya : 98502 37317 / 98671 70789**
**Somchand Lodaya : 98671 70794 / 93222 75440**

***SPECIALIST IN HANDLING OF***

- **20' / 40' / 45' EX-IM Containers**
- **ODC, Heavy Machinery Packages – Shifting - Storage.**
- **General / Project Cargo Handling – Transportation Loading - Unloading - Warehousing.**

---

**HEAD OFFICE :**
**A-104, "Sai Classic", Near Palm Acres, Mahatma Phule Road, Mulund (East), Mumbai-400 081.**
**Tel. : 2163 6403 / 05, 21636399 Telefax : 21636394**
**E-mail : maom@vsnl.net • somchand@maom.net**

**Open & Closed Warehousing Facilities at Dahisar - Mori (Near Sheel Phata)**

Dahisar - Mori Warehouse & Workshop
Ramchandra / Sunil Kadam • Cell : 9867170780 / 81 / 84

કચ્છમાં જૈન સંસ્કૃતિ – એક દૃષ્ટિપાત

(પ્રકરણ-૭)

# જૈન ધર્મના પ્રસારમાં અને પ્રજા કલ્યાણ ક્ષેત્રે શ્રેષ્ઠીઓનો ફાળો

• ડૉ. નીતા ઠાકર •

જૈન ધર્મના પ્રસાર માટે શ્રેષ્ઠીઓની લોકકલ્યાણની નીતિ પણ એટલી જ મહત્ત્વની છે જેટલી જૈન મુનિ અને જૈન યતિઓની. કચ્છમાં જૈન શ્રેષ્ઠીઓની નામના, પ્રતિષ્ઠા, દીન-દુખિયાની સેવા, કાર્યશક્તિ અને પ્રભાવશીલતા પ્રશંસનીય રહી છે. જેમાં જગડૂશાહનું નામ મોખરે આવે છે.

- **શ્રેષ્ઠી જગડૂશાહનું અદ્વિતીય સ્થાન :-**

શ્રીમાળી જ્ઞાતિમાં વિયદ્દુ નામે બહુ યશસ્વી શેઠ હતો. તેણે સંઘભક્તિ કરવા સાથે દહેરાસર, વાવ, દાનશાળા, પરબ વગેરે બંધાવ્યાં હતાં. તે કચ્છના કંથકોટમાં રહેતો હતો. તેને વરણાગ નામે પુત્ર હતો. જે ધર્માત્મા હોવાથી શત્રુંજય, ગિરનાર વગેરે તીર્થોના સંઘ કાઢ્યાં હતાં અને ગરીબોને ખૂબ મદદ કરી દાનવીર તરીકે પ્રસિદ્ધિ મેળવી હતી. તેના વંશમાં મોટો દાની અને સત્યવાદી વાસ (નામ) થયો. આ વાસને વિસલ વગેરે પાંચ પુત્રો હતા. આ વિસલને ચાર પુત્રો હતાં અનુક્રમે : (૧) લક્ષ - વિદ્વાન હતો, (૨) સુલક્ષણ - સદ્‌ગુણી હતો, (૩) સોલાક - યશસ્વી હતો અને (૪) સોહી - પોતાના ગુણોથી લોકપ્રિય, દાનવીર તેમજ વેપારીઓમાં વડો હતો. આજ વંશમાં થયેલ સોલ કંથકોટ છોડીને ભદ્રેશ્વર નગરમાં આવી વસ્યો હતો. ઈતિહાસ પ્રસિદ્ધ દાનેશ્વર જગડૂશાહ તેનો પુત્ર હતો. **આમ તેના પૂર્વજોની માહિતી પરથી સ્પષ્ટ જણાય છે કે તેને દાનધર્મના સંસ્કારો વારસામાં મળ્યાં હતાં.**

શ્રી સર્વાનંદસૂરિએ જગડૂશાહ પર સંસ્કૃત ભાષામાં 'જગડૂચરિત્' મહાકાવ્યની રચના કરી. તેની રચનાનો સમય ઇ.સ.ની ૧૪મી સદીના ૪૦ના દાયકાની આસપાસનો છે. 'જગડૂચરિત્'નો ગુજરાતીમાં અનુવાદ કરવાનું કાર્ય શ્રી મગનલાલ દલપતરામ ખખ્ખરે કર્યું. આ મહાકાવ્યના આધારે જગડૂશાહની માહિતી ઉપલબ્ધ થાય છે.

ગુણવંતરાય આચાર્ય પોતાની નવલકથા 'જગતશેઠ'ના કથા પ્રવેશમાં જગડૂશાહના જન્મના વિષયમાં સંવત ૧૨૪૦થી ૧૨૫૦ના મધ્યના દશકનું અનુમાન કરે છે. બર્ગેસ, વોટસન વગેરે દ્વારા પ્રસ્તુત સૂચનાઓની તુલનામાં આ સમયાવધિ વધારે ઔચિત્યપૂર્ણ લાગે છે. તેના પિતાનું નામ સાલ્હ (સોલક) અને માતાનું નામ હતું લખમી (લક્ષ્મી). તેઓ ત્રણ ભાઇઓ - જગડૂ, રાજ અને પદ્મ હતા. આ ત્રણેમાં જગડૂશાહ મોટા હતા. જ્યારે 'અચલગચ્છ દિગ્દર્શન' - પૃ. ૪૭૩ માં ચાર ભાઇ હતાં તેવી નોંધ છે. જગડૂ, વીરપાલ, વિજયપાલ અને ભારમલ.

જગડૂશાહનાં લગ્ન યશોમતી સાથે થયાં હતાં. તેને સાત પુત્રો અને એક પુત્રી હતી. જગડૂશાહ સ્વયં જૈનધર્મના ચુસ્ત અનુયાયી હતા. પરંતુ તેઓ સાંપ્રદાયિક ન હતા. તેમનામાં સંકીર્ણ મનોવૃત્તિનું તો નામોનિશાન ન હતું. **મુસ્લિમ અતિથિઓ માટે તેમણે ભદ્રેશ્વરમાં ખીમલી મસ્જીદ બંધાવી, ઓખામંડળમાં હરસિદ્ધિમાતાનું સ્થાનક સ્થાપિત કરાવ્યું, ભદ્રેશ્વરમાં તેમણે એકાવન જિનપ્રસાદ બનાવ્યા.** જો કે આજે તે બધાનું અસ્તિત્વ રહ્યું નથી. તેમાનાં કેટલાંકના ખંડેર માત્ર મોજૂદ છે. એક અન્ય પરંપરાનુસાર તેમણે ભદ્રાવતી નગરીમાં ૧૦૮ જૈનમંદિર બંધાવ્યાં હતાં. ધાર્મિક વૃત્તિના આ ધનાઢ્ય વેપારીએ જુદા જુદા ધર્માવલંબીઓની સુવિધા માટે અનેક ધાર્મિક સ્થાનોનું નિર્માણ કર્યું હતું. આચાર્ય પરમદેવસૂરિએ શુભમુહૂર્ત જોઇ જગડૂશાહને સંઘાધિપતિનું તિલક કર્યું. એ પછી તો જગડૂશાહ માટે માર્ગ ખૂલી ગયો. તેઓ ત્રણ ત્રણવાર શાનદાર સંઘ લઇને શત્રુંજયતીર્થની યાત્રાએ ગયા. રેવંતગિરી તીર્થની યાત્રાર્થે પણ સંઘ આયોજિત કર્યા. વિશેષમાં ભદ્રાવતીના રક્ષણ માટે ચારે બાજુ કોટ બંધાવ્યો. જગડૂશાહના સમયમાં કચ્છમાં જામઓઢાનું (ઇ.સ. ૧૨૧૫-૧૨૫૫) રાજ્ય હતું.

એ સમયે ભદ્રેશ્વર ગુજરાતના તાબામાં હતું અને ગુજરાતના ભીમદેવની સત્તા નબળી પડતા થરપારકરનો અભિમાની રાજા પીઠદેવ ભદ્રેશ્વર ધસી આવ્યો અને આ કિલ્લાને તોડી નાંખ્યો. પરિણામે ભદ્રેશ્વર પર પ્રત્યેક ક્ષણે ભય તોળાતો હતો. ત્યારે જગડૂશાહે કિલ્લો બાંધવાનો વિચાર કર્યો. અભિમાની પીઠદેવે ધમકી આપી પરંતુ તેની પરવા કર્યા વિના છ માસમાં કિલ્લો તૈયાર કરી દીધો.

વિ.સં. ૧૩૧૧ (ઇ.સ. ૧૨૫૫)માં જગડૂશાહ એક વખત પરમદેવસૂરિ આચાર્યનું વ્યાખ્યાન સાંભળવા ગયા ત્યારે 'દાન' વિશે વ્યાખ્યાન આપ્યા પછી ગુરુદેવે જગડૂશાને એકાંતમાં બોલાવીને કહ્યું : **'તમારી લક્ષ્મીના સદ્‌વ્યયનો ખરો પ્રસંગ આવી રહ્યો છે. હવે ત્રણ વર્ષ ઉપરાઉપરી દુષ્કાળ આવશે તેથી બને એટલું ધાન્ય ભરી રાખજો. એ ધાન્યથી દુષ્કાળમાં સહુને જિવાડજો. મનુષ્ય સેવાનો આવો મહાન મોકો ફરી મળવો મુશ્કેલ છે.'** અને બન્યું પણ એવું જ. વિક્રમ સંવત ૧૩૧૩, ૧૩૧૪ અને ૧૩૧૫માં નિરંતર દુષ્કાળ પડતો રહ્યો. જેનું અતિ ભયાનકરૂપ વિ.સં. ૧૩૧૫ (ઇ.સ. ૧૨૫૯) ના વર્ષમાં પ્રગટ થયું. દેશનો ઘણો મોટો ભાગ દુષ્કાળની ચુંગાલમાં ફસાઇ ગયો હતો. ત્યારે જગડૂશાહના તદ્દન નવાજ રૂપનાં દર્શન થયાં. આ શ્રેષ્ઠીએ આવા સંકટના સમયે જન-સાધારણ માટે પોતાના અન્નભંડારો ખોલી

*વાણીનો બિનજરૂરી વ્યય ન કરવો એ ઊંચું તપ છે.*

નાખ્યાં.

**આ સમયે જગડૂશાહની દુકાનો ઉત્તરમાં ગઝનીકંદહાર સુધી, પૂર્વમાં બંગાળ સુધી, દક્ષિણમાં રામેશ્વર સુધી અને દરિયાપારના દેશોમાં પણ હતી.** બધે અનાજની ખરીદી શરૂ થઇ. ધાન્યના કોઠારો પર જગડૂશાહે એક તામ્રપત્ર લખાવ્યું. તેમાં ફક્ત આટલાં જ શબ્દો લખ્યા :- ('આ કણ ગરીબો માટે છે.' - જગડૂશા)

કચ્છ અને સૌરાષ્ટ્રમાં અનેક સ્થળોએ લોકોને રોજી મળી રહે તે માટે નવાં નવાં કામો શરૂ કરાવ્યાં. તેમણે અનેક ધર્મશાળાઓ, કૂવા, તળાવો અને મંદિરો બંધાવ્યાં. એટલું જ નહિં, પણ દૂર દૂર સુધી તેનાં વહાણો અનાજ લઇ જતાં. જળ અને સ્થળમાર્ગથી જેટલું લઇ જઇ શકાય તેટલું અનાજ સર્વત્ર મોકલવામાં આવ્યું કે **લોકો કહેવા લાગ્યા કે 'જગડૂશાહે તો દુકાળનું માથું ભાંગી નાંખ્યું છે.'** એ ઘણા મોટાં આશ્ચર્યની વાત છે કે મધ્યયુગમાં જ્યારે સારા રસ્તાઓ સુલભ નહતાં, સંચાર માધ્યમોનો અભાવ હતો, યાતાયાતનાં સાધનો પણ પરંપરાગત - પુરાણાં હતાં ત્યારે હજારો મણ અનાજને દૂર દૂરના ગંતવ્ય સુધી પહોંચાડવું અને તે પણ યોગ્ય સમયે - એ કાર્યને ઘણી મોટી સિદ્ધિ કહી શકાય. **જગડૂશાહે સિંધ, ઉજ્જૈન, દિલ્હી, કાશી, કંધાર આદિના અનેક રાજવીઓને દુષ્કાળ સમયે મદદ કરી હતી.** આમ તેને પ્રાપ્ત થયેલ 'જગદાતાર'નું બિરુદ યથાર્થ છે.

કથાસૂત્ર અનુસાર જગડૂશાહે દુષ્કાળ વખતે ૧૧૫ જેટલી દાનશાળા ખોલી. જેમાં પ્રતિદિન પાંચ લાખ માણસોને ભોજન આપવામાં આવતું હતું. **આ દુષ્કાળમાં આઠ અબજ અને સાડા છ કરોડ મણ અનાજ ગરીબોને વિના મૂલ્યે વહેંચ્યું અને નગદ સાડા ચાર કરોડ રૂપિયા ખર્ચ્યા હતાં.** ભદ્રેશ્વરની દાનશાળામાં સ્વયં જગડૂશાહ દાન આપવામાં પ્રવૃત્ત રહેતાં. તેમની દાન આપવાની રીત પણ અનોખી હતી. પોતાની અને યાચકની વચ્ચે આડો પડદો થઇ જતો જેથી આવનાર યાચકને જરા પણ સંકોચ ન થાય. જ્યારે આ દાનવીર મૃત્યુ પામ્યાં ત્યારે દિલ્હીના શાહે ભરસભામાં મુગટ ઉતાર્યો હતો. સિંધપતિએ બે દિવસ અન્નપાણીનો ત્યાગ કર્યો હતો. અને રાજા અર્જુનદેવ ચોધાર આંસુએ રડ્યાં હતાં.

લોકોક્તિ મુજબ એક વખત સૌરાષ્ટ્રના દક્ષિણ કિનારે કોયલા પહાડીની નજીક જગડૂશાહનું જહાજ થંભી ગયું. એમ કહેવાતું કે મધ્યાહ્ન સમયે દેવીની દૃષ્ટિ વાહન પર પડે તે ભસ્મીભૂત થઇ જાય. આ લોકમાન્યતા સાંભળીને જગડૂશાહ દેવીનાં મંદિરમાં આવ્યાં. અને આસનસ્થ થઇને ત્રણ ઉપવાસ કર્યા. દેવી પ્રસન્ન થતાં આ સંહાર બંધ કરવાની જગડૂશાહે પ્રાર્થના કરી. કથા એમ કહે છે કે દેવીએ કહ્યું કે, મંદિરના ૧૦૮ પગથિયાં પર એક એક પાડાને બલિરૂપે રાખવામાં આવે. જગડૂશાહે ૧૦૫ પાડા મંગાવ્યાં. બીજે પગથિયે પોતાના દત્તક પુત્રને અને પહેલે પગથિયે પોતે ઊભા રહ્યાં. પશુઓનાં સંહારને બદલે પહેલાં પોતાનો બલિ ચડાવવાં માટે પોતાની ડોક પર તલવાર ચલાવવા ગયા, ત્યાં જ કોઇ અદશ્ય શક્તિએ એમનો હાથ પકડી લીધો. જગડૂશાહની જીવદયા અને સાહસની ભાવના જોઇ દેવી પ્રસન્ન થયાં અને કહ્યું, કે મારા દક્ષિણ દિશા તરફના મંદિરને ઉત્તર દિશા તરફનું બનાવી દે. જેથી કોઇ સંહાર ન થાય. આજે સૈકાઓ પછી પણ કોયલા પહાડીની યાત્રામાં દેવીનાં દર્શન કર્યા બાદ જગડૂશાહ અને એમના દત્તકપુત્રની આરતી ઉતારવામાં આવે છે.

જે લોકો જગડૂશાહને પોતાના અત્યધિક ધનને વહેંચનાર દાની અને ધનિક વ્યક્તિના રૂપમાં ઓળખે છે અથવા સફળ વેપારીના રૂપમાં જાણે છે તેઓ જગડૂશાહના ખરા સ્વરુપથી અલ્પપરિચિત છે. જે લોકો જગડૂશાહને સંઘપતિના રૂપમાં - એવા સંઘપતિ જે વારંવાર સંઘ લઇ યાત્રાએ જાય છે - નિહાળે છે, તે લોકો તેમને દૂરથી જ જાણે છે. જો આપણી પાસે જગડૂશાહનાં અગણિત દયાપૂર્ણ કાર્યો અને માનવતાવાદી પ્રવૃત્તિઓની અધિકૃત માહિતી પ્રાપ્ત હોત તો આપણે જાણી શકત કે તે માનવતાના કેટલા મહાન આદર્શ હતા - પૂજારી હતા, અને તો જ આપણે તેમનું સાચું મૂલ્યાંકન કરી શક્યા હોત!

**મુનિશ્રી વિદ્યાવિજયજીએ 'મારી કચ્છયાત્રા'માં નોંધ્યું છે કે ૨૦મી સદીના દાનવીરો શેઠ નરશી નાથા, શેઠ કેશવજી નાયક, શેઠ નરશી કેશવજી, શેઠ ખેતશી ખેમશી, શેઠ હીરજી ખેતશી, શેઠ વસનજી ત્રિકમજી, શેઠ ભીમશી રતનશી, શેઠ જીવરાજ રતનશી, શેઠ વેલજી માણેક, શેઠ શિવજી મોણસી અને શેઠ ભારમલ તેજસી વગેરે વિભૂતિઓ થઇ ગઇ.** જેમણે જૈનધર્મના વિકાસમાં લોકોપયોગી કાર્યો કરી પોતાનું અમૂલ્ય યોગદાન આપ્યું છે. આમેય જૈનધર્મની વિશિષ્ટતા છે કે દીનદુઃખિયાની સેવા, પશુ-પક્ષીઓની રક્ષા, કુદરત સર્જિત કે માનવસર્જિત સંકટ સમયે, કોઈપણ જાતના ભેદભાવ વગર સૌને સહાય અને આશ્રય આપવાં અને ધર્મભાવનાને પ્રજા જીવનમાં વહેતી રાખવા ધર્મના કાર્યો કરવા, એ છે મહાજનનું કર્તવ્ય. જે ધર્મ, અહિંસા, કરુણા અને દયાની ભાવના ઉપર આધારિત હોય એનો અનુયાયી આવી કર્તવ્યભાવનાને આવકારે એમાંજ એના ધર્મની ચરિતાર્થતા રહેલી છે.

### • કચ્છનાં શ્રાવક વિજયશેઠ અને વિજ્યા શેઠાણી :

કથાસૂત્ર અનુસાર કચ્છમાં વિજય નામનો શ્રાવક વસતો હતો. તેમના લગ્ન વિજ્યા નામે સુંદર કન્યા સાથે થયાં. **પ્રથમ રાત્રિએ વિજયશેઠે પોતાની પત્નીને જણાવ્યું કે તેમણે અંધારપક્ષમાં બ્રહ્મચારી રહેવાનો નિયમ લીધેલો છે. જ્યારે તેમની પત્નીએ શુક્લપક્ષમાં બ્રહ્મચારી રહેવાનું વ્રત લીધેલું. તેથી બંન્નેએ બ્રહ્મચારી વ્રતને આજીવન જાળવી રાખ્યું** અને એકજ પલંગમાં બન્ને સાથે સૂતાં હતાં પણ એકબીજાનું અંગ એકબીજાને ન અડે તે માટે બન્ને વચ્ચે એક તલવાર રાખતાં અને નક્કી કર્યું કે જ્યારે તેમનાં માતા-પિતાને જાણ થશે ત્યારે તેઓ દીક્ષા લઇ લેશે.

ચંપાનગરીના શ્રાવક જિનદાસે વિમળકેવળી પાસે તેમની વાત સાંભળી તેમને મળવા કચ્છ આવ્યાં. તેથી વિજયશેઠના માતાપિતાને જાણ થઇ અને બન્ને પતિ-પત્નીએ દીક્ષા ગ્રહણ કરી લીધી. અને અષ્ટકર્મ ખપાવી કેવળ જ્ઞાન પામ્યા. આજે પણ શ્રી સિદ્ધાચલ

*તનનાં પાપ ઓછાં હોય છે, મનનાં વધુ હોય છે.*

ગિરિરાજ ઉપર વિજયશેઠ અને વિજયા શેઠાણીની ઊભી મૂર્તિઓ છે.

- **ધાર્મિક અને સામાજિક ક્ષેત્રે શેઠ નરશી નાથાનું યોગદાન :-**

**કચ્છી દશા ઓસવાળ જૈન જ્ઞાતિનાં શિરોમણિ તરીકે લોકોનાં હૃદયમાં કાયમી સ્થાન પામેલા શેઠ નરશી નાથાનું જીવનવૃત્ત એટલે જ્ઞાતિ-તર્પણનો વિશિષ્ટ અધ્યાય.** તેમનો જન્મ વિ.સં. ૧૮૪૦ (ઇ.સ. ૧૭૮૪) માં કચ્છ નલિયા ગામમાં થયો હતો. એ વખતે કચ્છમાં મહારાવ રાયધણજીનું રાજ્યશાસન હતું. તેમના ઉત્કટ જ્ઞાતિપ્રેમની અભિવ્યક્તિ તેમણે યોજેલા જ્ઞાતિ મેળાઓમાં જોવા મળે છે. આવો પહેલવહેલો મેળો વિ.સ. ૧૮૯૭ (ઇ.સ. ૧૮૪૧) માં નલિયાના જિનાલયની પ્રતિષ્ઠા પ્રસંગે એકત્રિત થયો. ૫૨ (બાવન) ગામોમાં વસતા જ્ઞાતિબંધુઓ એ પ્રસંગે એકત્રિત થયાં હતાં. વિ.સ. ૧૮૯૭ (ઇ.સ. ૧૮૪૧) માં તેમણે શ્રી શત્રુંજયનો તીર્થસંઘ કાઢેલો. ત્યાંથી પાછા નલિયા આવીને એવો બીજો જ્ઞાતિમેળો પણ તેમણે યોજ્યો. જ્ઞાતિ મેળાના માધ્યમ દ્વારા શેઠે જ્ઞાતિની અસ્મિતા જગાડી. જ્ઞાતિના ઇતિહાસ માટે તે સુવર્ણયુગ હતો. મુંબઇમાં પણ તેમણે શિખરબંધ જિનાલયની સ્થાપના કરી. વિ.સ. ૧૮૮૯ (ઇ.સ. ૧૮૩૩)નાં શ્રાવણ સુદ નોમને દિવસે તેમણે સ્વહસ્તે મૂળનાયકની પ્રતિષ્ઠા કરાવી. (અનંતનાથ) નલિયામાં પણ શિખરબંધ જિનાલયનું નિર્માણ કરાવ્યું. વિ.સં. ૧૮૯૭ (ઇ.સ. ૧૮૪૧) ના માઘ સુદ પાંચમના બુધવારે અચલગચ્છાધિપતિ મુક્તિસાગરસૂરિના ઉપદેશથી જિનાલયનો પ્રતિષ્ઠા મહોત્સવ થયો ત્યારે શેઠે મૂળનાયક પદે શ્રી ચંદ્રપ્રભુની પ્રતિષ્ઠા કરાવી. **આમ અનુક્રમે તેમના પરિવારજનોએ ૮૦ જેટલા જિનાલયો બંધાવ્યાં.**

આ ઉપરાંત શેઠે નલિયા અને જખૌ વચ્ચે વિશ્રાંતિગૃહ તથા પરબવાળી વાવ બંધાવ્યાં. તેમજ ત્યાં ભોજનનો પણ પ્રબંધ કર્યો. માંડવીમાં વંડો બંધાવ્યો. અંજારમાં પ્રાચીન જિનાલયનો જીર્ણોદ્ધાર કરાવ્યો અને નલિયામાં ધર્મશાળા બંધાવી તથા અન્નક્ષેત્ર પણ ચાલુ કર્યું. વિશેષમાં પાલિતાણામાં પ્રાચીન જૈન ઉપાશ્રયનો પણ તેમણે ઉદ્ધાર કરાવ્યો તથા ત્યાં ધર્મશાળા અને શ્રી ચંદ્રપ્રભુ જિનાલય તેમજ ગિરિરાજ ઉપર શ્રી ચંદ્રપ્રભુનું જિનાલય બંધાવ્યા, સ્વહસ્તે ખાતમુહૂર્ત કર્યું. આ ઉપરાંત કૂતરાને રોટલો, પંખીઓને ચણ આદિ નાના મોટાં અનેક કાર્યોમાં દ્રવ્યવ્યય કરીને પ્રજા કલ્યાણની સેવા કરી.

શેઠ નરશી નાથાએ જીવનભર અનેક સામાજિક તેમજ ધાર્મિક કાર્યો કર્યા. એમનાં અવશિષ્ટ કાર્યોને પૂર્ણ કરવાનો યશ તેમના મંત્રી, ઉપરાંત દત્તકપુત્રો વીરજી શેઠ તથા હરભમશેઠ અને તેમનાં પુત્રવધૂ પૂરબાઇને ફાળે જાય છે. શ્રી નરશી નાથાનું અવસાન ૧૧-૧૨-૧૮૪૨ના રોજ થયું. **નોંધનીય છે કે, માંડવી (મુંબઇ)નાં ધમધમતા વિસ્તારને સને ૧૯૩૮માં શેઠ નરશી નાથા સ્ટ્રીટ નામ આપવામાં આવ્યું છે.**

એવું જ સ્થાન પ્રજા કલ્યાણક્ષેત્રે શ્રી ખીમજીભાઇનું છે. કચ્છમાં જ્યારે જ્યારે દુષ્કાળ અને આપત્તિના ઓળા ઉતરી આવેલા ત્યારે ગામડે ગામડે ફરીને શ્રી ખીમજીભાઇએ દીનહીન કિસાનોની સેવા કરી છે. મૂંગા પશુઓના તે સંરક્ષક હતા. સેવાભાવી શ્રી ખીમજીભાઇ છેડાનું ૫૮ વર્ષની વયે તા. ૧૨-૧૨-૧૯૭૭ના સમાધિકરણ થયું.

- **શ્રી કેશવજી નાયકના ધર્મ કાર્યો:-**

**કચ્છનાં અર્વાચીન કુબેર તરીકે પંકાયેલા શ્રી કેશવજી શેઠને જૈન સમાજ કદીયે ભૂલશે નહીં.** તેમણે ઉદાર સખાવતોથી જગડૂશાહની કીર્તિ પ્રાપ્ત કરી તથા લખલૂટ નાણું ધર્મક્ષેત્રે વહાવીને પાર્શ્વનાથ જિનાલય બંધાવ્યું, જે તેની ભવ્યતાથી સુથરીની પંચતીર્થીમાં સ્થાન પામ્યું છે. સં. ૧૯૮૦ (ઇ.સ. ૧૯૨૪) ના માઘ સુદી-૫ ના સોમવારે ત્યાં દંડ મહોત્સવ થયો. યતિ સૂરચંદ હરખચંદ તથા તેમના શિષ્યો મણિલાલ, મોહનલાલ અને ધનજીએ અહીંના ધર્મકાર્યમાં સારો ફાળો આપ્યો હતો.

સં. ૧૯૧૪ (ઇ.સ. ૧૮૫૮)માં પોતાના વતન કોઠારામાં તેમણે વેલજી માલુ અને શિવજી નેણશીના ભાગમાં વિશાળ જિનપ્રાસાદ બંધાવવાનો પ્રારંભ કર્યો. આ કાર્યમાં બે લાખ કોરીનો ખર્ચ કર્યો. સં. ૧૯૧૮ (ઇ.સ. ૧૮૬૨) ના માઘ સુદી-૧૩ના બુધવારે ગચ્છનાયક રત્નસાગરસૂરિના ઉપદેશથી જિનાલયની પ્રતિષ્ઠા થઇ. કેશવજી શેઠે મૂલનાયક શ્રી શાંતિનાથ પ્રભુનાં બિંબને બિરાજિત કરાવ્યાં. આ પ્રસંગે મોટો ઉત્સવ કરવામાં આવ્યો હતો. તેમણે ગિરિરાજ ઉપર બન્ને ટૂકોની તથા ગામમાં કોટ બહાર ધર્મશાળાનું ખાતમુહૂર્ત કર્યું અને સારા કારીગરો રોકીને બાંધકામ પણ શરૂ કરાવી દીધું.

વિ.સં. ૧૯૨૧ (ઇ.સ. ૧૮૬૫) માં શ્રી કેશવજી નાયકે મુંબઇથી શત્રુંજયનો સંઘ કાઢેલ તે સંદર્ભે દેશ-દેશાવરમાં નિમંત્રણ પત્રિકાઓ મોકલવામાં આવી હતી. પોષ વદી-૫ ના મંગળવારે સંઘે જલમાર્ગે પ્રયાણ કર્યું, ત્યારે સંઘને વળાવવા મોટો વરઘોડો નીકળ્યો હતો. જેમાં જૈનો-જૈનેતરો ઉપરાંત પારસીઓ અને અંગ્રેજો પણ ઘણી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતાં. સંઘપતિ ખીમચંદ મોતીચંદે કેશવજી શેઠને તિલક કરી તેમનું બહુમાન કર્યું. ભાવનગર પહોંચતા મહારાજ જશવંતસિંહે સંઘનું સામૈયું કર્યું હતું. દક્ષિણ, કચ્છ, ગુજરાત, મહારાષ્ટ્ર, મારવાડ, સિંધ, મેવાડ, હાલાર, પૂર્વસોરઠ, ગોહિલવાડ ઇત્યાદિ દેશમાં સંઘવીઓ એકત્રિત થયાં. સંઘમાં એકાદ લાખનો સમુદાય થયો. તેમાં ૭૦૦ સાધુ-સાધ્વીઓ હતાં. હાથી, ઘોડા, પાલખીઓની સંખ્યા પણ ઘણી હતી. સંઘ પાલિતાણા પહોંચતા મહારાજ સૂરસિંહ ગોહેલે સંઘનો સત્કાર કર્યો હતો. ત્યાં અંજનશલાકા માટે વિશાળ મંડપ રચી તેમાં ૭૦૦૦ જિનબિંબો પધરાવવામાં આવ્યાં. કુલ ૧૨ દિવસનો અપૂર્વ મહોત્સવ ઉજવાયો હતો. પાલિતાણાના રાજા તથા અગ્રગણ્ય શ્રેષ્ઠીઓ આ પ્રસંગે ઉપસ્થિત રહેલાં. **કેશવજી શેઠે અંજનશલાકામાં સર્વ મળી ૧૫ લાખ રૂપિયાનું ખર્ચ કર્યું. આ ઐતિહાસિક પ્રસંગને યાદગાર બનાવવા તેમણે આણંદજી કલ્યાણજીની પેઢીમાં એક લાખ રૂપિયા સાધારણ ખાતામાં ભરી સૌને દંગ કરી દીધાં.** શત્રુંજયગિરિ ઉપરની બન્ને ટૂકોના નિભાવાર્થે કેશવજી શેઠે પૂનામાં વિશાળ ધર્મશાળા પણ બંધાવી આપી હતી.

*નહિ થાકનારી લહેર ખડકનાય ચૂરા કરી નાખે છે.*

જૈન ધર્મમાં સંઘયાત્રાનું ઘણું મહત્ત્વ છે કારણકે આ યાત્રાસંઘમાં વ્યક્તિગત ધર્મની આરાધના સાથે જૈનધર્મનો પ્રચાર અને પ્રસાર પણ થાય છે.

આ ઉપરાંત ભુજની વિજયરાજજી લાઈબ્રેરી જે તે વખતે ભુજ લાઈબ્રેરી (દરબાર લાઈબ્રેરી)ના નામે ચાલતી હતી તેનો ખંડ ટૂંકો પડતાં શેઠ કેશવજી નાયકે પુસ્તકાલયના મકાન માટે ૧૦,૦૦૦ કોરીની સખાવત કરી હતી. જે તેમની વિદ્યા ઉત્તેજન તરફની પ્રીતિ દર્શાવે છે અને સ્પષ્ટ થાય છે કે જૈન શ્રેષ્ઠીઓને મન જૈન-જૈનેતરો વિશે ભેદ ન હતો.

શેઠ કેશવજી નાયકનું તે સમયે મુંબઈમાં પણ એક સન્માનનીય અને વિશિષ્ટ સ્થાન હતું. તેમની સામાજિક સેવાઓ અને વ્યાપારની સિદ્ધિઓને ધ્યાને લઈને **તે સમયના મુંબઇના ગવર્નર સાઇમર ફિટ ઝિરાલ્ડે તેમને જે.પી. (જસ્ટિસ ઓફ પીસ)ની પદવી આપી હતી. કચ્છીઓમાં સૌથી પહેલું માન એમને મળ્યું હતું.** આ પદવીને કારણે તેમને એક વિશિષ્ટ સન્માનનીય અધિકાર પણ પ્રાપ્ત થયો હતો કે તેઓ જ્યાંથી પસાર થાય ત્યાં કોઈને ફાંસી અપાતી હોય તો પણ અટકી જાય. આ અધિકારથી એક વિધવા સ્ત્રીના પુત્રને તેમણે બચાવ્યો હતો. ઉલ્લેખનીય છે જ્યારે વિધવા સ્ત્રીના પુત્રને ફાંસી અપાવાની હતી ત્યારે શેઠ કેશવજી નાયકને ત્યાંથી પસાર ન થવાની પૂર્વ સૂચના આપેલી. આ બનાવ સંદર્ભે જ્યારે ખુલાસો માંગ્યો ત્યારે શેઠ કેશવજી નાયકે જણાવ્યું કે મારા કપાસના ગોદામમાં આગ લાગી હોવાથી તાબડતોબ ત્યાં જવા નીકળ્યો હતો. તેમનો ખુલાસો સાચો હતો પરંતુ ત્યાંથી પસાર થવા માટે પોતાના માણસો દ્વારા જ ગોદામમાં આગ લગાડવામાં આવી હતી. આમ આર્થિક નુકસાન વેઠીને પણ તેમણે ફાંસી અટકાવી હતી.

આ ઉપરાંત મુંબઈમાં નરશી નાથા સ્ટ્રીટ અને ચીંચ બંદર રોડના ત્રિભેટા પર સારી એવી રકમ ખર્ચીને તેમણે ફુવારો બંધાવેલો. જે ભાતબજારના ફુવારા તરીકે પ્રખ્યાત છે. જેનું ઉદ્‌ઘાટન તા. ૧-૧-૧૮૭૬ના રોજ તે સમયના મુંબઈના ગવર્નર વુડ હાઉસે કર્યું હતું. ઈ.સ. ૧૮૮૫ની સાલમાં શેઠ કેશવજી નાયકનું અવસાન થયું. **તેમની સ્મૃતિમાં ફુવારા પાસેના રસ્તાને કેશવજી નાયક રોડ એવું નામ અપાયેલ.** આમ જૈન શ્રેષ્ઠીઓએ પોતાના વતનમાં અને જ્યાં સ્થાયી થયાં હોય ત્યાં પ્રજા કલ્યાણના કાર્યો કરી વિશિષ્ટ સ્થાન પ્રાપ્ત કર્યું છે.

*(ક્રમશઃ)*

## સ્ત્રીની લાગણીસભરતા

પ્રત્યેક મા દીકરાને કહે કે બેટા, એવું કોઈ કામ ન કરતો કે જેથી મારા કપાળે 'ચોરની મા' એવું કલંક લાગે!

પ્રત્યેક બહેન જો પોતાના ભાઈને કહે કે એવું કોઈ કામ ન કરતો કે તને 'રાખડી બાંધતા' મને શરમ આવે!

પ્રત્યેક પત્ની જો પોતાના પતિને કહે કે મને સોનાની બે બંગડી ઓછી હશે તો ચાલશે પણ તમારા હાથમાં લોખંડની બેડી આવે એવું કોઈ કામ ન કરતા!

વાત્સલ્યમયી મા, સ્નેહસભર બહેન કે પ્રેમાળ પત્નીની સાચી વાતને ઠુકરાવતાં પહેલાં માણસ હજાર વાર વિચાર કરશે.


*M/s. Jethabhai Doongarshi Transport Pvt. Ltd.*



*M/s. J. D. Roadlines*
*M/s. J. D. Logistics*
*M/s. J. D. Transport Co.*



**TRANSPORT CONTRACTORS & FLEET OWNERS**

**DAILY SERVICE FROM**

**RAJKOT, JAMNAGAR, AHMEDABAD, SURAT, VAPI**
**TARAPURE, MUMBAI TO PUNE & CHINCHWAD**

**Full Truck Load Service All Over Maharashtra & Gujarat**

| **PUNE** | **CHINCHWAD** | **MUMBAI** |
|---|---|---|
| 708/18, Bhavani Peth, Gurunanak Nagar, Pune-411 042 | 128/B, Mohan Nagar, Sangvi Compound, Chinchwad, Pune-411 019. | 34, Kolsa Street, Pydhunie, Mumbai - 400 003. |
| **Ph. : 26434611** | **Ph. : 27471378, 27475167** | **Ph. : 23426818, 23400597** |

- **VAPI** : (0250) 3244993, 2023291
- **SURAT** : (0261) 2367670, 2367287
- **BHIWANDI** : (02522) 270194, 271987
- **ANDHERI** : (022) 28509760, 93703 19692
- **VASHI** : (022) 27889527, 69517538
- **WAGOLI** : (020) 27052309
- **FURSUNGI** : (020) 26980361
- **VADGAON MAVAL** : (02114) 225629, 9372074359

**E-mail : jdtcompany@gmail.com**

# વહાણવટાની વિરાસત અને કચ્છની દરિયાવટ

• સંજય પી. ઠાકર •

## પમી એપ્રિલ : ૪૭મો રાષ્ટ્રીય વહાણવટા દિન

**કચ્છના ખડીર વિસ્તારનું ધોળાવીરા એક બંદર હોય અને કોરીનાળમાંથી ત્યાં સુધી જહાજી માર્ગ હોય તેમ પુરાતત્ત્વવિદો માને છે. સન ૧૫૦માં ગેલેઝી નામના ગ્રીક ગ્રંથકારે પોતાના પુસ્તકમાં કચ્છના સમુદ્ર વ્યાપારનો ઈશારો કર્યો છે. મશહૂર ચીની પ્રવાસી હ્યુ-એન-સાંગે ઈ.સ. ૬૪૨માં પોતાના પ્રવાસ વર્ણનમાં કચ્છના નાવિકો અને જળવ્યવહારનું આકર્ષક વર્ણન કર્યું છે. સો, બસો અને સાડા ત્રણસો વર્ષ જૂની માલમોએ લખેલી પોથીઓ કચ્છના સાગર છોરુઓની કુશળતા અને સામુદ્રિક સૂઝ-બુજની ગવાહી આપે છે, તો ગુજરાતની સાગરશ્રી ઉપર પ્રકાશ ફેંકે છે.**

કચ્છીયતનું એક અનુપમ પાસું એટલે તેનું પ્રાચીન વહાણવટું! વિશ્વના વહાણવટામાં કચ્છની દરિયાવટ, તેની સાહસિકતા અને ગરવાઇ માટે કંઇક વિશિષ્ટ સ્થાન ધરાવે છે. સાત સમંદર પાર પહોંચેલા વહાણવિદ્યાના પારંગત કચ્છી ખારવાઓ-ભડાલાઓ અને તેમની જરૂરત અનુસાર વહાણ બાંધવાનો કચ્છી વાઢાઓનો હુન્નર ગૌરવપ્રદ છે.

ભારતીય વહાણવટાના પ્રથમ પુરાવા આશરે પાંચ હજાર વર્ષ જૂના મોહન-જો-ડેરોના સિંધુ સંસ્કૃતિના અવશેષોમાંથી મળી આવે છે. તેમ કચ્છના ખડીર વિસ્તારનું ધોળાવીરા એક બંદર હોય અને કોરીનાળમાંથી ત્યાં સુધી જહાજી માર્ગ હોય તેમ પુરાતત્ત્વવિદો માને છે. ધોળાવીરા નૌકા વ્યવહારથી જોડાયેલું હતું તેમ પુરાવિદો માને છે. ધોળાવીરામાંથી પ્રાપ્ત થયેલા છીપની એક ગોળાકાર રીંગને વિદ્વાનો પંચાંગની બાર રાશિઓના પ્રતીક અથવા નેવિગેશન કંપાસ (હોકાયંત્ર) માને છે. રાયણ (માંડવી)નો ઉલ્લેખ જૈન પ્રબંધોમાં રિયાણપતન તરીકે મળે છે. માંડવીથી ચારેક કિલોમીટરના અંતરે આવેલાં આજના રાયણ પાસે તે સમયે દરિયો ઘૂઘવતો હોવાની શક્યતા છે.

### રાષ્ટ્રીય વહાણવટા દિન

*સમગ્ર ભારતમાં ૧૯૬૪થી ૫ એપ્રિલનો દિવસ 'રાષ્ટ્રીય વહાણવટા દિન' તરીકે ઉજવાય છે. તેને રાષ્ટ્રીય સામુદ્રિક દિવસ (National Maritime Day) તરીકે પણ ઓળખવામાં આવે છે. ચાલુ વર્ષે ૪૭મા વહાણવટા દિનની ઉજવણી થશે. આ વિશેષ દિને ભારતભરના નાના-મોટા બંદર ખાતે રાષ્ટ્રીય વહાણવટા દિન-રાષ્ટ્રીય દરિયાઈ દિવસની ઉજવણી કરવામાં આવે છે. એમ.એસ. એક્ટ ૧૯૫૮ અંતર્ગત કાનૂની રીતે રચવામાં આવેલી એક સંસ્થા 'નેશનલ વેલફેર બોર્ડ ઓફ સી-ફેરર્સે' કરેલી ભલામણોનો સ્વીકાર કરીને કેન્દ્ર સરકારે રાષ્ટ્રીય વહાણવટા દિનની ઉજવણી ૧૯૬૪ની પાંચમી એપ્રિલથી શરૂ કરી હતી. આ દિવસનું ખાસ મહત્ત્વ એટલા માટે છે કે, ૧૯૧૯ની પાંચમી એપ્રિલના રોજ આપણા દેશની સૌપ્રથમ સ્ટીમર મુંબઇ બંદરેથી વિદેશ (યુ.કે.) જવા માટે રવાના થઈ હતી. એસ.એસ. લોયલ્ટી (સ્ટીમશિપ લોયલ્ટી) નામની આ સ્ટીમર મે. સિંધિયા સ્ટીમ નેવિગેશન કંપની લિ.ની માલિકીની હતી અને સંપૂર્ણપણે ભારતીય બનાવટની હતી, જે આપણા દેશની પ્રજા માટે ગૌરવ સમાન બાબત હતી.*

*પમી એપ્રિલ, ૧૯૯૯ના રાષ્ટ્રીય સામુદ્રિક દિવસને અનુલક્ષીને ભારતીય ટપાલ વિભાગે બે સ્મારક ટિકિટોનો એક સેટ બહાર પાડ્યો છે. સામુદ્રિક ધરોહર અંતર્ગત જારી કરાયેલી આ બે બહુરંગી પોસ્ટલ સ્ટેમ્પ રૂા. ૩-૩નું મૂલ્ય ધરાવે છે.*

ઈસવીસન પહેલા સૈકામાં એક અનુભવી ગ્રીક નાવિકે રાતો સમુદ્ર, ઈરાનનો અખાત, કચ્છ, ગુજરાત તેમજ મલબાર, કોરોમંડલ વગેરેના કાંઠા ઉપરની દરિયાઇ સફરનું બયાન અને જુદા-જુદા બંદરોની, ત્યાંના વેપારની અને જુદા-જુદા બંદરોના અંતર્મુખ પ્રદેશોની માહિતી આપનારનું બયાન 'પેરીપ્લસ'માં કર્યું છે. 'પેરીપ્લસ'નો અર્થ નોંધવહી-લોગબુક થાય છે. આ લખાણમાં સિંધ, કચ્છ તેમજ ગુજરાતના અને દખ્ખણના બંદરોનો ઉલ્લેખ છે. કૌટિલ્યના 'અર્થશાસ્ત્ર'માં પશ્ચિમ કાંઠાની સાગરપટ્ટી પર વસનાર પ્રજાનો વહાણવટું મુખ્ય જીવન વ્યવસાય ગણાવ્યો છે.

સન ૧૫૦માં ગેલેઝી નામના ગ્રીક ગ્રંથકારે પોતાના પુસ્તકમાં કચ્છના સમુદ્ર વ્યાપારનો ઈશારો કર્યો છે. મશહૂર ચીની પ્રવાસી હ્યુ-એન-સાંગે ઈ.સ. ૬૪૨માં પોતાના પ્રવાસ વર્ણનમાં કચ્છના નાવિકો અને જળ

*ગુસ્સે થવાનો અર્થ એ છે કે બીજાની ભૂલોની સ્વયંને સજા કરવી.*

વ્યવહારનું આકર્ષક વર્ણન કર્યું છે. કચ્છ વિભાગ [illegible]કાના પ્રાચીન ગ્રંથ ટીબુ-ટીબમાં કચ્છના મજબૂત અને દૂર સુધી સફર ખેડી શકતા વહાણોની પ્રશંસા કરાઈ છે.

જ્યારે વાસ્કો-ડી-ગામા આફ્રિકા પાસે ભટકી પડ્યા ત્યારે માંડવીના નાવિક કાનજી માલમનો તેને ભેટો થયો હતો અને ગામાને કાલિકટ બંદરે પહોંચાડયા હતા. એ વર્ષ હતું ઈ.સ. ૧૪૯૮નું જેને વાસ્કો-ડી-ગામાની ભારતની મહત્ત્વપૂર્ણ ખોજના રૂપે જગતે નવાજી. વાસ્કો-ડી-ગામાએ એમની યાદગીરી ‘કૌનોઇસ-મોલોઇસ’ નામના પુસ્તકમાં વર્ણવેલી છે. તેમાં જણાવ્યું છે કે, કાનજી નામનો એક છોકરો વહાણવટામાં આટલી જાણકારી ધરાવે છે તે અદ્‌ભુત છે. તેણે નોંધ્યું છે કે, કાનજી માલમને પાછળથી પોર્ટુગીઝોને ભારતનો કિનારો બતાવવા બદલ ભારે પશ્ચાતાપ થયો અને જાતે જળસમાધિ લઇ લીધી. મહાન કચ્છી વેપારી અને દાનેશ્વરી જગડૂશાહે (આશરે ઇ.સ. ૧૨૧૦-૭૫) ઉચ્ચ કોટિના વ્યાપાર અને વહાણવટાના વણતૂટયા સંસ્કારો ઝીલ્યા હતા. તેઓ બંદરીય નગર ભદ્રેશ્વરના વિશ્વવિખ્યાત વેપારી હતા.

કચ્છના માલમોએ જુદા-જુદા સમયે ગુજરાતી ભાષામાં લખેલી થોડી પોથીઓમાં કચ્છના વહાણવટાની ને બીજી તવારીખી હકીકતો જાણવા મળે છે. સો, બસો અને સાડા ત્રણસો વર્ષ જૂની આ પોથીઓ કચ્છના સાગરછોરૂઓની કુશળતા અને સામુદ્રિક સુઝ-બુઝની ગવાહી આપે છે, તો ગુજરાતની સાગરશ્રી ઉપર પ્રકાશ ફેંકે છે. આ પોથીઓમાં પૂર્વ આફ્રિકાના બંદરોથી માંડી રાતા સમુદ્રના, અરબસ્તાનના, ઇરાની અખાતના, મકરાણ કાંઠાના સિંધના, ભારતના, લંકાના, બ્રહ્મદેશના અને ઠેઠ જાવા સુધીના બંદરોના અરજ-તુલ (અક્ષાંશ-રેખાંશ) ચોકસાઇપૂર્વક નોંધવામાં આવેલા છે. વિ.સં. ૧૭૨૦ (ઇ.સ. ૧૬૬૪)ની એક નોંધપોથીમાં ભારતના નૈઋત્ય કાંઠાનો, સિલોનનો નકશો દિશાચક્ર અને આકાશના એક ખંડનો નકશો પણ દોરવામાં આવ્યો છે.

કચ્છના નિષ્ણાત વાઢાઓ-મિસ્ત્રીઓ માંડવી અને મુન્દ્રા ખાતે ખાસ કચ્છી ડિઝાઇનના વહાણો, જેવા કે ‘કોટિયા’, ‘ધાવ’, ‘ગંજો’, ‘ધંગી’, ‘મછવા’, ‘બતેલા’, ‘બ્રીક’, ‘બાજ’, ‘તટ’ વગેરે સૈકાઓથી બનાવતા આવ્યા છે. મજબૂતી, ચોકસાઇ અને ઘડતરમાં અવ્વલ નંબરના ૨૫૦ થી ૭૫૦ ટનની ક્ષમતાવાળા વહાણો બાંધવા માટે માંડવી આજે પણ જાણીતું છે. ઇ.સ. ૧૯૩૦માં કચ્છમાં બનાવાયેલી ‘રંગમતિ’ લોન્ચ ઠેઠ મુંબઇ સુધી જતી હતી અને તે કચ્છના જળવ્યવહારની ઉત્તમ નિશાની છે. આ ‘રંગમતિ’ના સર્જક હતા ભુજના મોતીલાલ બુદ્ધભટ્ટી.

૫મી એપ્રિલ, વહાણવટા દિન પ્રસંગે કચ્છના વહાણવટાના ગૌરવશાળી ઇતિહાસને સ્મરી મહેશ સોલંકી ‘બેનામ’ની કાવ્ય પંક્તિ મમળાવીએ...

*દરિયા રે, દેવ, અમે તારા તે છોરુને*
*તારા તે ખોડલા ખુંદીએ*
*તારે ભરોસે આ જીવન આ હોડીને,*
*માલમને મધદરિયે મૂકીએ.*

*બી/૧, પ્લોટ નં. ૧૭૨, ઓધવવિલા,*
*આઇયાનગર, ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧.*
*ફોન : (૦૨૮૩૨) ૨૩૦૧૫૩ મો. ૯૪૨૮૮૧૯૪૫૩*

**Shree Savariya**
**Agro Product Ltd.**

**MANUFACTURE, TRADER & EXPORTER GUAR DALL FLOOR & ETC.**

34/2, Kabutar Khana, Kalupur, Ahmedabad-2.
Fax : 22124128, 22121467, 22125008 Mobile : 98250 06265

**Factory :** 302/1, G.I.D.C., Naroda, Ahmedabad. Gujarat (India)
Ph. : (079) 22821377

### શું મુંદ્રા ફરી બની શકશે કચ્છનું પેરિસ?

# કચ્છની બંદરીય પ્રગતિનું અનેરું સોપાન – મુંદ્રા અદાણી પોર્ટ

• મુકુંદ કે. મહેતા 'અલ્પ' •

પુરુષાર્થ, પરિશ્રમ અને પ્રગતિ – આ ત્રણે વસ્તુ એકબીજા સાથે સંકળાયેલ છે અને એકબીજાનાં પૂરક છે. અલબત્ત સૌથી અગત્યનું અને અનિવાર્ય ચોથું પરિબળ પૈસા છે.

કચ્છમાં તા. ૨૬-૧-૨૦૦૧ના વિનાશક ધરતીકંપ બાદ ઔદ્યોગિક વિકાસના અવનવા દ્વાર ખૂલી ગયા અને કચ્છ જે એક અત્યંત પછાત વિસ્તાર ગણાતો હતો તે આજની તારીખમાં એક અગ્રગણ્ય વિકાસશીલ ભૂમિ તરીકે માત્ર ગુજરાતના જ નહીં, પરંતુ સમગ્ર ભારતના નકશા પર ઉપસી રહેલ છે.

આઝાદી પહેલાં તો કચ્છની ઓળખ બહુ ઓછા દેશ બાંધવોને હતી, અને કચ્છ એટલે રણપ્રદેશ એવી સામાન્ય જનમાસનમાં છાપ હતી. હકીકતમાં કંઈક અંશે આ માન્યતા સાચી પણ હતી કારણકે કચ્છના રાજવીઓની કૂપમંડૂકતા અને વિકાસ અંગેની ઉદાસીનતા કચ્છના ઈતિહાસના પૂર્વપૃષ્ઠો જોતાં દૃષ્ટિગોચર થયા વિના રહેતી નથી.

ભારતની સ્વતંત્રતા બાદ શરૂમાં કચ્છને "સી" સ્ટેટમાં મૂકવામાં આવ્યો અને ચીફ કમિશનરના વહીવટ હેઠળ મૂકવામાં આવ્યો.

કચ્છ એ માત્ર અને માત્ર રણ જ છે એવી માન્યતાને પુષ્ટિ આપતી એક બીના આજપણ આ લખનારને યાદ છે કે, કચ્છમાં નિમાયેલ પ્રથમ ચીફ કમિશનર શ્રી છોટુભાઈ દેસાઈ પ્રથમ વખત જૂના કંડલા બંદરે ઉતર્યા ત્યારે કચ્છમાં ચોતરફ મોટા મોટા વૃક્ષો ઊભેલા જોઈ અત્યંત નવાઈ પામેલ અને બોલી ઊઠ્યા, "Tree in Kutch?" અર્થાત્ કચ્છમાં ઝાડો? તે સમયે તેમને રિસીવ કરવા જનાર ભવાનજી અરજણ ખીમજી, પ્રેમજીભાઈ ભવાનજી, કાંતિપ્રસાદ અંતાણી વગેરે આગેવાનોએ તેમને કહેલ કે, "Kutch has Desert, Kutch itself is not Desert." અરે ભાઈ, કચ્છને અડીને રણ આવેલું છે, સમગ્ર કચ્છ કંઈ રણ નથી.

તો આ હતી કચ્છ અંગેની સામાન્ય છાપ. હવે તો બધું બદલાઈ ગયું છે. આઝાદીના છ દાયકા પૂરા થઈ ગયા છે અને અત્યારે તો કચ્છની પ્રગતિ રોકેટ ગતિએ આગળ વધી રહેલ છે.

વીતી ચૂકેલ છ દાયકા દરમ્યાનની પ્રગતિનાં વિગતવાર ક્રમસર પગથિયાનું વિવરણ કરવા બેસું તો આ લેખ કદાચ એક લઘુનવલ જેટલો લંબાઈ જાય પરંતુ મારો ઈરાદો તો કચ્છની પ્રગતિનાં શિરમોર સોપાન સમાન, મુંદ્રા અદાણી બંદરની પ્રગતિની આછેરી ઝલક માત્ર આપવાનો હોઈ, તે અંગે જ શરૂઆત કરું એ જ ઉચિત છે.

**તો આવો, કચ્છની ઔદ્યોગિક પ્રગતિમાં અતિ મહત્ત્વની ભૂમિકાની છડી પોકારતા મુંદ્રા અદાણી પોર્ટની વાત કરીએ.**

મુંદ્રા બંદરનો ઈતિહાસ આમ તો મેરીટાઈમ ગ્લોરી પ્રમાણે ૪૦૦૦ (ચાર હજાર) વર્ષ પુરાણો છે. પરંતુ લગભગ મૃતપ્રાય અવસ્થામાં અને કહેવા પૂરતું અસ્તિત્વ ટકાવી રહેલ આ બંદરમાં નવા પ્રાણ પૂરી બંદરને ધમધમતું કરવામાં જેણે ભારતને એક બેનમૂન બંદરની ભેટ આપી છે એવા શ્રી ગૌતમ અદાણીની જેટલી સરાહના કરીએ એટલી ઓછી છે.

માત્ર એક દાયકાથી પણ ઓછા સમયમાં અદાણી પોર્ટે પ્રગતિનાં જે સોપાન સર કરેલ છે તે કલ્પનાતીત અને અત્યંત ઉત્સાહજનક છે.

અત્યંત ટૂંકા સમયગાળામાં અદાણી પોર્ટ અત્યંત મહત્ત્વના આધુનિક બંદરની હરોળમાં સ્થાન લઈ ચૂકેલ છે. એટલું જ નહીં, પરંતુ ખૂબ જ ઓછા સમયમાં અદાણી બંધુઓએ મુક્ત વ્યાપાર વિસ્તાર અને આયાત નિકાસની નવી ક્ષિતિજો સર કરવા તરફ ત્વરિત ગતિ કરી રહેલ છે. મુંદ્રા બંદર કચ્છની ખાડીના જળમાર્ગમાં કારગો જેટીથી ૮૯૫ મીટર લંબાઈ, ૧૮૦થી ૨૨૫ મીટર લંબાઈ અને ૩૧ મીટર પહોળાઈની ચાર વિશાળ જેટીઓ કાર્યરત છે. આ ચારે જેટીઓ લગભગ નવ મિલિયન ટન માલ હેન્ડલ કરવાની સામર્થ્યતા ધરાવે છે.

- **વર્તમાન અને નજીકના ભવિષ્યની યોજના :**

૧. ૧૬ મીટર ઊંડાઈનો ડ્રાફ્ટ, જ્યાં ૧૫૦૦૦ પંદર હજાર ટન જેટલું વજન ધરાવતું વહાણ લાંગરી શકે તેવી સુવિધા.

૨. આયાતી-નિકાસી માલને ચડાવવા-ઉતારવા માટે દર સેકન્ડે કાર્યરત રહે તેવા હોપર્સ અને કન્વેયર્સ યુક્ત બે હાર્બર મોબાઈલ ક્રેન્સની ઉપલબ્ધિ.

૩. નિકાસ કન્વેયર્સ બેલ્ટ, એક હજાર ટન જેટલો માલ માત્ર એક જ કલાકમાં લોડ કરી શકે તેવા બ્લેરિંગ લાઈન્સ અને શિપ લોડરની ઉપલબ્ધિ.

૪. અનાજ, ઘઉં, ચોખા, ખાંડ, ખાતર અને અન્ય નિકાસ માટે આવેલ માલસામાનની સુરક્ષિત જાળવણી થઈ શકે તે માટે ૧૭૦૦૦ ચોરસ મીટરની ક્ષમતાના વિશાળ ગોડાઉનો, બેન્ટોનાઈટ, બોક્સાઈડ, કોલસા, લોખંડ અને અન્ય કિંમતી માલ સાચવી શકાય તે માટે ૭ લાખ ચો.મીટરના એરિયા ધરાવતા ખુલ્લા ગોડાઉનોની ઉપલબ્ધિ.

૫. પોર્ટને અડીને એડિબલ ઓઈલ, કેમિકલ, પેટ્રોલિયમ પેદાશો વગેરે

*ચારિત્ર્યનું નિર્માણ કરવું અને તેને સુધારવું એ જ માનવનું પરમ લક્ષ્ય હોવું જોઈએ.*

પરબારે લિંકિંગ પાઈપ્સમાં પ્રવેશી શકે અને ૨,૭૧,૦૦૦ કિલો સ્ટોર થઈ શકે તેવા ૬૨ ટેન્ક્સ વગેરે સુવિધા આ બંદર પાસે ઉપલબ્ધ છે.

૬. સંપૂર્ણ કોમ્પ્યુટરાઈઝ્ડ ઈલેક્ટ્રોનિક સુવિધાયુક્ત માલની હેરાફેરી થઈ શકે તેવા વજનકાંટાની સુવિધાને કારણે માલ ચડાવવા, ઉતારવામાં સંપૂર્ણ ચોક્સાઈ અને ગતિ આવતી હોઈ ફાજલ સમયનો બચાવ થઈ શકે છે.

૭. મુંદ્રા બંદરથી ગાંધીધામ લગી અદાણી ગ્રૂપે - ખાનગી ભાગીદારીથી ૫૭ કિલોમીટર રેલવે બ્રોડગેજ ઉપલબ્ધ કરેલ છે. આ લાઈન પર દરરોજ સરેરાશ ૧૨થી ૧૫ રેક્સનું વહન થાય છે.

૮. અદ્યતન નાવિક સુવિધા, જે વહાણવટીય આવન-જાવન માટે મદદરૂપ થાય છે અને સાથોસાથ ઝડપી નિકાલ થઈ શકે (ક્લિયરન્સ) તે માટે પૂરતો કસ્ટમ સ્ટાફ પોર્ટ પર સતત ફરજ બજાવવા નિયુક્ત કરવામાં આવેલ છે.

૯. અન્ય પ્રકારની સુવિધાઓ, જેવી કે સર્વેયર્સ લેબોરેટરીઝ, પાવર રાઉન્ડ ઘડી અને અન્ય યોજનાબદ્ધ તમામ સાધનો આ બંદર પાસે ઉપલબ્ધ છે.

## • વિકાસની નવી કેડી :

શ્રી ગૌતમભાઈ અદાણીની દૂરંદેશી, વ્યાપારિક કુનેહ અને સાહસવૃત્તિના ફળ સ્વરુપ તેઓશ્રીએ અત્યંત ટૂંકા ગાળામાં, અદાણી પોર્ટને આંતરરાષ્ટ્રીય બંદરીય ફલક પર મૂકી દીધેલ છે. બંદર હસ્તગત કર્યા બાદ માત્ર એક જ દાયકાના ગાળા દરમ્યાન, આયાત-નિકાસને જે ઉર્ધ્વગતિ પર લઈ ગયેલ છે, તે ચોક્કસપણે સરાહના માંગી લે તે પ્રકારની છે.

નીચે લખેલી કેટલીક ગતિવિધિઓથી બંદરની ઝડપી પ્રગતિનો ખ્યાલ સહેજે આવી શકે છે.

(એ) ઠેઠ ઉત્તરથી દક્ષિણ લગી લગભગ ૪૨% વ્યાપ જેટલો સળંગ રેલવે વ્યવહાર હસ્તગત કરેલ છે.

(બી) વાર્ષિક લગભગ છ મિલિયન ટન જેટલો માલ વહન કરેલ છે. શ્રી એ. એફ. ફરગ્યુસનના તારણ મુજબ, અદાણી બંદર નજીકના ભવિષ્યમાં, અત્યારની વહન શક્તિ કરતાં અનેકગણી વહન શક્તિ ધરાવતું મહાબંદર થઈ શકવાની ક્ષમતા ધરાવે છે.

(સી) મિ. બંધરની માન્યતા મુજબ, ૩૦,૦૦૦ મીટર, લગભગ ૧૯૯ મિલિયન, સરેરાશ ૨૦ ગણો વિકાસ થશે. એક જ દિવસમાં લાખો ટન કોલસાનું વહન, એ ભારતીય બંદરના ઈતિહાસમાં નમૂનારૂપ બનાવ ગણી શકાય કે જે સિદ્ધિ આ બંદરે હાંસીલ કરેલ છે.

(ડી) માલસામાન ચડાવવા - ઉતારવાની ક્ષમતામાં ગતિ લાવવા માટે, વિવિધ યોજના આકાર લઈ રહેલ છે, જેને લઈ દરરોજ ૧૬,૦૦૦ મીટર સુધી લોડિંગ થઈ શકે અને દેશને શિપમેન્ટ્સ નિકાસથી મોટું હૂંડિયામણ પ્રાપ્ત થઈ શકે.

(ઇ) અદાણી બંદર એન.એચ.-૮ યોજનાગત, નેશનલ હાઈવેથી જોડાયેલું છે, જેને કારણે આયાત-નિકાસ થયેલ માલને રસ્તા માર્ગે વહન કરવાની સુગમતા રહે અને સમયનો બચાવ થઈ શકે.

(એફ) ટ્રક્સ અને કન્ટેઈનર્સના ભારે ધસારાને પહોંચી વળવા અદાણી પોર્ટે અલાયદું કન્ટેનર ફ્રેઈટ સ્ટેશન ઊભું કરેલ છે. લગભગ ૫૩૦૦ વૃક્ષોનું વાવેતર આ સ્ટેશનની જગ્યાની દીવાલ સમાંતરે કરવામાં આવેલ છે.

(જી) ઉપરોક્ત તમામ સુવિધાઓને નજર સમક્ષ લેતાં એવું ચોક્કસપણે કહી શકાય કે કચ્છનાં વિકાસની કેડીને જગતના નકશા પર દૃષ્ટિમાન કરવા માટે અને કંડલા બંદરના ભારણને હળવું કરવામાં અદાણી બંદર જરૂર મહત્ત્વનો ભાગ ભજવી શકશે.

## • મુક્ત વ્યાપાર વિસ્તાર :

અદાણી ગ્રૂપે આ વિસ્તારમાં મોટામાં મોટું મુક્ત વ્યાપાર વિસ્તાર સ્થાપવાનું નક્કી કરેલ છે અને જાણવા મળેલ માહિતી અનુસાર, ભારત સરકારે એ માટે સૈદ્ધાંતિક મંજૂરી આપેલ છે. આ એસ.ઈ.ઝેડ.ની સ્થાપનાથી મહા ઉદ્યોગોનું આગમન થશે, વિવિધ પ્રકારની વસ્તુઓ ઉત્પાદનના કારખાનાઓ સ્થપાશે, ધંધાના અવનવા પ્રકાર ઉપલબ્ધ થશે, રોજગારીની કમાણીની અનેક તકો ઉપલબ્ધ થશે અને બેરોજગારીનો હાઉ મહદ્ અંશે હલ થશે. અત્યારના એક અંદાજ મુજબ લગભગ ૩૫૦૦ એકર જમીનમાં રૂા. ૩,૦૦૦/- કરોડના રોકાણ સાથે નવા ઉદ્યોગો સ્થપાશે.

દિલ્હીથી મુંબઈનું જે અંતર છે, તેનાથી દિલ્હીથી મુંદ્રા બંદરનું અંતર લગભગ ૨૫૦ કિ.મી. ઓછું છે. એટલે દિલ્હીથી મુંબઈ કરતાં દિલ્હીથી મુંદ્રા વહનભાડામાં ઘણો ફરક પડી જાય. નૂર દરોમાં ઘણો ફાયદો થાય. વળી કન્વર્ઝન પરિવર્તનને કારણે, ગાંધીધામ - મુંદ્રાથી દિલ્હીનું અંતર એથી પણ વિશેષ ઓછું થઈ જવાથી, આ એસ.ઈ.ઝેડ. ભારતમાં કાર્યરત અન્ય એસ.ઈ.ઝેડ.થી જુદું તરી આવશે. અદાણી ગ્રૂપ તરફથી એવું નક્કી કરવામાં આવેલ છે કે ૨૦૨૫ની સાલના અંત લગી લગભગ ૪૦૦૦ મીટર બર્થિંગ લેન્ડ સાથે ૧૫૦ મીટર કોરીડોરનું નિર્માણ આકાર લઈ લેશે. જેને લઈને બંદરની સુવિધામાં વધારો થશે. રેલવે અને માર્ગ વ્યવહારને પાઈપ લાઈનથી સાંકળી લેવામાં આવશે. અન્ય મહા પ્રોજેક્ટમાં ૪૦૦૦ મેગા વૉટ વિદ્યુત ઉત્પાદનની ક્ષમતા ધરાવતા પાવર પ્રોજેક્ટ ગતિમાં છે. અદાણી ગ્રૂપની આગામી યોજના અનુસાર આંતરરાષ્ટ્રીય એર સેવા ઉપલબ્ધ કરાવવાની ખેવના છે.

ભુજમાં મેડિકલ કૉલેજનું સ્વપ્ન, ભૂતપૂર્વ વડાપ્રધાન શ્રી અટલબિહારી બાજપાઈજીએ ભલે પૂર્ણ કર્યું પરંતુ આ વિકટ - વિશાળ પ્રોજેક્ટને કાર્યરત કરવા શ્રી અદાણી ગ્રૂપે બીડું ઝડપેલ છે તે પણ સરાહના માંગી લે તેમ છે.

અદાણી બંદરનો વિકાસ એ કચ્છનો પણ વિકાસ છે, તે કોઈપણ કચ્છી નકારી શકે તેમ નથી. બાકી તો વિકાસના પથ પર પગ

*કામનાં બોજા કરતાં તેની ચિંતા તેને મારી નાખે છે.*

માંડવા, નાના કંટકોને પણ સહન કરવા જ પડે પરંતુ એકંદરે તો જે થઈ રહેલ છે તેમાં નુકસાન કરતાં લાભનું પાસું વિશેષ છે એમ આ લખનારનું માનવું છે.

અદાણી બંદરની સ્થાપનાથી કચ્છના વિકાસને ઊર્ધ્વ ગતિ મળેલ છે અને સરકારશ્રીના હકારાત્મક અભિગમથી એક સમયમાં ગરીબી, અંધશ્રદ્ધા અને રાજાશાહીની કૂપમંડૂકતામાં જીવતું કચ્છ, વસંતઋતુના આગમનની પેઠે ઉત્સાહ અને ઉમંગમાં હિલોળા લઈ રહ્યું છે.

***"શિયાળે સોરઠ ભલો,***
***ઉનાળે ગુજરાત,***
***ચોમાસે વાગડ ભલો,***
***મુંજો કચ્છડો બારે માસ."***

એક કચ્છી તરીકે આજનું કચ્છ વિકાસનાં હર કદમ પર આગળ વધી રહેલ છે તે જોઈ એવો કોણ કચ્છી હોય જે ગૌરવ અને આનંદની લાગણી ન અનુભવે?

***"અય વલોં અસાંજો વતન,***
***મુંજી માતૃભૂમિકે નમન."***

***(માહિતી આધાર : બિઝનેસ ઇન કચ્છ - અંગ્રેજી)***

**આદિપુર, કચ્છ.**
**મો. ૯૯૦૯૭ ૨૩૭૮૩**

***<u>નોંધ</u> :*** *આ લેખના લેખક શ્રી મુકુંદ કે. મહેતાએ વર્ણવેલ "અદાણી બંદર"ની સિદ્ધિ હોવા છતાં હાલે નીચે મુજબના કારણોસર અદાણી ગ્રૂપની "આદરતા"નો ગ્રાફ કચ્છમાં નીચે જવા પામેલ છે.*

*માત્ર વ્યાપારી કુનેહ દાખવી કોઈપણ ભોગે વિકાસ સાધવો એ બિલકુલ યોગ્ય નથી. વ્યાપારમાં નૈતિકતા હોવી ખૂબ જ જરૂરી છે. પ્રજામાં આદરભર્યું સ્થાન મેળવવું એ પણ એટલું જ જરૂરી છે.*

*અદાણી ગ્રૂપની ઈમેજ પ્રજામાં નીચે જવાના અનેક કારણોમાં, મુખ્યત્વે નીચે મુજબના કારણો હોઈ શકે :*

*૧. મુંદ્રામાં માછીમારોના પ્રશ્નો*
*૨. મુંદ્રા બંદરમાં જે ચેરિયાઓનો વિનાશ કરવામાં આવ્યો તેની સામે પર્યાવરણીય રીતે તેટલી જ યથાર્થતા ઊભી કરી આપી, તેની પ્રજામાં થવી જોઈતી પ્રતીતિ.*
*૩. ઝરપરાની ગોચર જમીનનો પ્રશ્ન.*
*૪. એસ.ઈ.ઝેડ.ના વિસ્તૃતીકરણની યોજના કેન્દ્રએ નકારી તે હકીકતો.*
*૫. ભુજની જી.કે. જનરલ હોસ્પિટલ હસ્તગત કરવાની નીતિ-રીતિ.*
*૬. કચ્છમાં મેડિકલ કૉલેજ હસ્તગત કરવાની નીતિ-રીતિ.*
*૭. મેડિકલ કાઉન્સિલના સભ્યોએ ભુજની જનરલ હોસ્પિટલ તથા મેડિકલ કૉલેજની મુલાકાત લીધી, તે સમયે અદાણી ગ્રૂપ દ્વારા આચરવામાં આવેલ કાર્યવાહી અને તેના પરિણામે હાલે એડમિશન આપવાની મનાઈનો કાઉન્સિલનો નિર્ણય.*
*૮. ગોવામાં કસ્ટમ ડ્યૂટીની ચોરીમાં રાજુભાઈ અદાણીનો પણ હાથ હોવાની પ્રજામાં ઊભી થયેલી માન્યતા.*
*૯. સસ્તા ભાવની વીજળી સપ્લાય કરવાના કોન્ટ્રાક્ટ રદ કરાવી, ઊંચા ભાવના અન્ય ટેન્ડરો ભરવા.*
*૧૦. તંદુરસ્ત હરીફાઈના બદલે સરકારની એજન્સીઓ સાથે રહી લુચ્ચાઈ, સાઠગાંઠ અને ચાલાકીભરી ગોઠવણોની ઊભી થયેલી પ્રજામાં માન્યતા.*

*શ્રી ગૌતમભાઈ અદાણી અને તેમના ગ્રૂપ પાસેથી કચ્છની પ્રજા પ્રથમ તંદુરસ્ત હરીફાઈ અને ઉચ્ચ નીતિ-રીતિની અપેક્ષા ઈચ્છે છે કે જેથી તેઓ ધંધાના વિકાસની સાથે સાથે એક મહાજન તરીકેનો આદર પણ પ્રજા પાસેથી - કોમન મેન પાસેથી મેળવી શકે.*

*નીતિમત્તા વગરના વિકાસની લાંબાગાળે કોઈ જ કિંમત નથી!*

*અદાણી ગ્રૂપે મુંદ્રા બંદર પર સાધેલો વિકાસનો ગ્રાફ નીતિમત્તાના ધોરણે વધુને વધુ ઊંચા આંક બતાવતો રહે તેવી અભ્યર્થના!*

***— મુખ્યતંત્રી***

***ધૂળ જેવી છે જિંદગી આપણી....***
***આંસુડા રેડી એમાં કિચ્ચડ ના કર!!***

# અમૃતવાણી

માનવીએ સુખની મહેફિલમાં સૌને સામેલ કરવા જોઇએ, પરંતુ આંસુનો થાળ પોતે એકલાએ જ પીવો જોઇએ.

અન્યની પ્રગતિ અને ઉદયને માટે પોતાને અસ્ત કરવાની ભાવના, મોટું સૌભાગ્ય જ માનો. મારો ઉદય કોઇને માટે અસ્ત ન નોતરે એટલું જ ઇશ્વરને પ્રાર્થુ છું.

આપણે કેવી કક્ષાનાં સંસ્કારી છીએ તેનું સાચું સ્વરૂપ તો આપણે જ્યારે કોઇની સાથે ઝઘડતા હોઇએ છીએ ત્યારે જ પાધરું થાય છે.

સમાજનું ઋણ ચૂકવ્યા વિના ખાવું એ અપ્રામાણિકતા છે, બીજાને ભોગે વધુ સંઘરવું એ પણ અપ્રામાણિકતા છે.

તમારા દિલને કોઇ દુભવે તો પણ દુભવનારનાં હૈયામાં સુગંધ કરી જાય એવું ફૂલ જેવું જીવન જીવો. મુશ્કેલીઓ માનવીને સમૃદ્ધ ભલે ન બનાવે પરંતુ વધુ સમજદાર જરૂર બનાવે છે. ફૂલ ખિલશે એટલે મધમાખી આપમેળે દોડી આવશે. ચારિત્રશીલ બનશો તો વિશ્વાસ સામેથી દોડી આવશે.

આનંદ તો જીવનની પ્રત્યેક પળમાં છૂપાઇને બેઠો છે, તેને પહેચાનવાની ને કેળવવાની આવડત કેળવો. માનવ જીવન સાપનાં મોંમા ભરખાતા દેડકા જેવું હોવા છતાં જીવન જીભ વાસનાની માખો ઝડપવા લપલપે છે.

ચારિત્રહીનની સંગત ન કરશો. સળગતો કોલસો દઝાડે છે અને ઠંડો કોલસો હાથ કાળા કરે છે.

બીજાને ઉપદેશ આપવો સહેલો છે પરંતુ બીજાએ આપેલ ઉપદેશ પોતાનાં આચરણમાં મુકવો અતિ કઠિન છે.

દુઃખની સાથે આવતો મનબોજ એ સુષુપ્ત આંતરિક શક્તિઓને જગાડવાની અપ્રગટ પ્રેરણા પૂરી પાડે છે.

***સંકલન : મુકુંદ કે. મહેતા 'અલ્પ' - આદિપુર (કચ્છ)***

***તમે હારી જાઓ તેની મને ચિંતા નથી, પણ હારીને બેસી જાઓ એની મને ચિંતા છે. — અબ્રાહમ લિંકન***

**માતાવૈષ્ણોદેવી – અમૃતસર સાથે / સિવાય કાશ્મીર ● લેહ લદાખ**

**● નૈનીતાલ – મસૂરી – કોર્બેટ ● કુલુ – મનાલી – ધર્મશાળા – ડેલહાઉસી / સીમલા ●**

**● ચારધામ ● કેરાલા ● દક્ષિણ ભારત ● કુર્ગ - મઢીકેરી ● દાર્જીલીંગ – લાછુંગ – યુમથાંગ**

॥ શ્રી ભોમિયાદાદાય નમઃ ॥

*યાત્રા પ્રવાસ ક્ષેત્રે આધુનિક પ્રણાલીકાઓના પ્રણેતા...*

**TAN MAN® TOURS & TRAVELS**

**મુલુંડ ● દાદર ● પાર્લા**

✆ : 25903514 • 5 • 6 • 24160708 • 32960708 • 65005758 • 26630408

: 09323360708, 09757290028

E-mail : tanmantravels@yahoo.co.in

**વિદેશમાં** નેપાલ, ભુતાન, કેન્યા, સાઉથ આફ્રિકા, મોરેશિયસ, ઈજીપ્ત, ફાર ઈસ્ટ, શ્રીલંકા, ક્રુઝીસ તથા

**ભારતમાં** સંપૂર્ણ ભારતવર્ષના ધાર્મિક - શૈક્ષણિક, ઐતિહાસિક, ગીરીમથકો, સમુદ્ર તટોના વિભિન્નતાસભર યોજાતા નિયમિત યાત્રા-પ્રવાસો.

સંઘ, મહાજન, મંડળ, ગ્રુપ અને સંસ્થાઓના પોતાના બજેટ, સમય અને ઈચ્છા અનુસાર વિશેષ દરે ખાસ આયોજન.

તદુપરાંત વ્યક્તિગત, ટેઈલર મેડ - કસ્ટમાઈડ ટુરો અને હોટલ - વાહન - વિમાન - ટિકીટોના કન્ફર્મ બુકીંગ પણ ઉપલબ્ધ.

**શિખરજીની એકમાત્ર અને સર્વપ્રથમ ★★★ જેવી સુવિધાયુક્ત, આપણી પોતાની અદ્યતન એ.સી. હોટલ**

**SHIKHARJI Continental™**
MADHUBAN - JHARKHAND

✆ : 06558-232429

**ઉવસગ્ગહરં - ચંપાપુરી - હસ્તિનાપુર - કલકત્તા - વારાણસી સાથે/સિવાય શિખરજી મહાયાત્રા**

જાન્યુઆરી-૨૦૦૧
જાન્યુઆરી-૨૦૧૦
વચ્ચેના ૯ વર્ષના કચ્છ પુનઃનિર્માણ અને વિકાસને ઝાંખા પાડનાર કૌભાંડોનું દસ્તાવેજી વિહંગાવલોકન કરે છે
પ્રવીણચંદ્ર શાહ
(૩)

# ★ ભૂકંપના કૌભાંડો અને કૌભાંડોનો ભૂકંપ ★

## કોઈપણ ઘડીએ ત્રાટકી શકનારા ભૂકંપની ચાર-ચાર વર્ષ આગોતરી ગંભીર ચેતવણીઓ મળ્યા છતાંય ગાંધીનગરના શાસક કુંભકર્ણો ઘોરતા રહ્યા!

**પ્રવીણચંદ્ર શાહ**

સીતા-હરણ કરનાર રાવણની જેમ, ભ્રષ્ટાચાર પણ દસ-માથાળો હોય છે અને કૌરવ-પુત્રોની જેમ, કૌભાંડો પણ સો પ્રકારના હોઇ શકે છે.

મૂળભૂત રીતે કૌભાંડો ભ્રષ્ટાચારની જ સંતતિ હોય છે. કૌભાંડો નાણાકીય હોય છે તે તો ખરું જ, પણ માત્ર નાણાકીય ન પણ હોય. રાજકીય પણ હોય, ઔદ્યોગિક પણ હોય, સામાજિક પણ હોય અને નૈતિક પણ હોય. ભ્રષ્ટાચાર અને કૌભાંડોની મૂળ નસલ સ્વચ્છંદતાની હોય છે, બિનધાસ્તપણાની હોય છે. તેને નીતિ-અનીતિના, લાજ-શરમના કોઇ સીમાડા નડતા નથી. લાલચ, અમર્યાદ માલિકીભાવ અને અહં તેની એકમાત્ર દિશા રહે છે. જેમ ક્રિકેટની રમતમાં આપણો દેશ હવે દુનિયાનો અગ્રણી બની ચૂક્યો છે તેમ ભ્રષ્ટાચારી કૌભાંડોમાં પણ ઓલિમ્પિયન ચેમ્પિયન બની ચૂક્યો છે. કચ્છ-ભૂકંપના કૌભાંડોમાં પણ વિવિધતા જળવાતી રહી છે. વિશેષ નોંધપાત્ર બાબત એ બની છે કે કચ્છ-ભૂકંપના, કૌભાંડ, ભૂકંપ થવા પ-છી-ના જ માત્ર રહ્યા નથી. ભૂકંપ થવાથી પ-હે-લાં-જ બનતા થઇ ગયા હતા! ભૂકંપનું નીમિત્ત ૨૦૦૧, જાન્યુઆરીમાં કચ્છમાં બન્યું, પણ આગોતરી ભૂકંપી ઘટનાઓ તો પાંચ વર્ષ પહેલાંથી જ કંડારાતી થઇ ચૂકી હતી, તે પણ ગાંધીનગરથી.

૨૦૦૧વાળા ભૂકંપ વખતે ગુજરાતના મુખ્યમંત્રી તરીકે આર.એસ.એસ.ની દીક્ષા પામેલા, બી.જે.પી.ના કસાયેલા નેતા કેશુભાઇ પટેલ એમની બીજી ઇનિંગ ખેલતા હતા. એમની પહેલી ઇનિંગ શુકનિયાળ નીવડેલી. કેશુભાઈ એટલે કોઠાસૂઝના રાજકારણી. ૧૯૯૫ની ચૂંટણીમાં કેશુભાઇના કુશળ નેતૃત્વ હેઠળ ભારતીય જનતા પાર્ટીએ ગુજરાતમાં ફતેહ મેળવી હતી. એ પછીના એમના છ-બાર માસના વહીવટને લક્ષમાં લેતાં આમ-આદમીથી માંડીને મોટા લોકો પણ એમની વહીવટી કુશળતાની વાતો કહેતાં થાકતા નહોતા. એ અરસા દરમ્યાન સરકારી અધિકારીઓ પરની કેશુભાઇની પકડ અને અંકુશના પણ લોકો વખાણ કરતા રહેતા હતા. સરકારી બાબુઓ પરના નિયંત્રણના મામલે ત્યારના કેશુભાઇ બહુ કાબેલ અસવાર મનાતા હતા. કેશુભાઇના નામ માત્રથી પણ અધિકારીઓને નાની-મોટી કંપારી છૂટતી હતી.

- **અપશુકનિયાળ બીજી ઇનિંગ :**

પરંતુ એમની બીજી ઇનિંગ ગુજરાતના લોકો માટે અપશુકનિયાળ નીવડેલી. કોઇ એક સમયે આખી બી.જે.પી.નો ગુજરાતનો ભાર

૧૦ ૩૦-૦૪-૦૧

### એ કચ્છીમાડુએ ચાર દાયકા પહેલાં ચેતવ્યા હતા!

**પ્રભુલાલ દવેની દૂરંદેશીથી કંડલા બંદર ભૂકંપથી બચ્યું, કાશ આખા કચ્છે તેમની વાત માની હોત!**

**દીપક માંકડ દ્વારા**

ભુજ, તા. ૨૯ : ૧૯૫૬માં અંજારને અને ચાલુ વર્ષે ઘણાખરા કચ્છને ખતમ કરી નાખનાર વિનાશક ધરતીકંપમાંથી મહાબંદર કંડલા મહદ્અંશે ઉગરી ગયું તેનું કારણ જાણો છો ? આ જિલ્લાના આર્થિક વિકાસમાં ચાવીરૂપ ભૂમિકા ભજવનાર મહાબંદર બચી ગયું તેમાં એક કચ્છી નિષ્ણાતની દૂરંદેશી કામ કરી ગઇ છે એની કદાચ બહુ ઓછાને જાણ હશે.


પ્રભુલાલ કે. દવે જાણીતા ભૂસ્તરશાસ્ત્રી હતા. તેઓ કે.પી.ટી.ના પોર્ટ કમિશનર અને જામનગર લાઇટ



હાઉસના નિયામક રહી ચૂક્યા છે. ૧૯૪૮માં મહાબંદર કંડલાના સ્વરૂપમાં કચ્છની ઉન્નતિનો પાયો પડી રહ્યો હતો ત્યારે શ્રી દવેએ ભારત સરકારના અધિકારીઓ અને વિદેશી નિષ્ણાતો સામે દ્રઢતાપૂર્વક જીદ પકડીને કંડલાની ડિઝાઇન ભૂકંપ પ્રતિરોધક બનાવી હતી.

કચ્છ સિસ્મીક ઝોન પાંચમાં આવતું હોવાથી ભૂકંપની શકયતાનો વિચાર કરીને મકાનોનું નિર્માણ થવું જોઇએ એવી નિષ્ણાતોની ચેતવણીની તંત્ર દ્વારા કરાયેલી અવગણનાનું પરિણામ કચ્છે ૨૬-૧-૨૦૦૧ના દિવસે ભોગવ્યું. આ ગોઝારી હોનારત કચ્છના ઇતિહાસમાં કાળા અક્ષરે લખાશે તેથી વિરુદ્ધ શ્રી દવેના પ્રયાસ અને તેમની ચેતવણીઓની હકારાત્મક નોંધ લેવા જેવી છે.

*આત્મવિશ્વાસનો અર્થ છે પોતાના કામમાં અતૂટ શ્રદ્ધા.*



Lane of death: A headless idol in Anjar marks the spot where a whole R-Day convoy of schoolchildren went under

વહન કરનાર કેશુભાઇ ખૂદ પોતે જ પોતાના પક્ષ માટે બોજારૂપ બનતા ગયા હતા. બીજી વખત મુખ્યમંત્રી બન્યા એના થોડા જ સમયમાં - જૂન ૧૯૯૮માં પ્રચંડ વાવાઝોડાએ કચ્છના કંડલા-ગાંધીધામ વિસ્તારને ખેદાનમેદાન કરી નાખેલો. એ પછીનું ૨૦૦૦નું વર્ષ દુષ્કાળનું રહેલું. એક બાજુ અડધું ગુજરાત દુષ્કાળથી પીડાતું હતું, બીજી તરફ ભારે વરસાદે અમદાવાદને ખાસ્સું નુકસાન પહોંચાડેલું. આ આપદાઓ અધૂરી હોય તેમ, ૨૦૦૧વાળા ભૂકંપે કચ્છમાં પારાવાર અને તળ ગુજરાત/સૌરાષ્ટ્રમાં વધતે ઓછે અંશે વિનાશ વેર્યો.

ભૂકંપ અગાઉના ત્રણેક વર્ષોમાં ગુજરાતની રાજકીય સ્થિતિ ઝડપભેર પલટાતી ગઇ. પોતાની નેતાગીરી પર મુસ્તાક ભાજપની જ રાજકીય-શાસકીય નેતાગીરી સામે જ કોયડાઓની ભૂતાવળ નાચવા લાગી. હાઇકમાન્ડની નજરમાં કેશુભાઇની છબી ધૂંધળી બનતી ગઇ. કચ્છ-ગુજરાતવાળો ૨૦૦૧નો ભૂકંપ થયો. બે-અઢી દિવસ સુધી કેશુભાઇ એવી રીતે વર્ત્યા, જાણે કચ્છમાં કાંઇ ખાસ નુકસાન જ થયું ન હોય. કેન્દ્રના ગૃહમંત્રી લાલકૃષ્ણ અડવાણીએ કચ્છના ભૂકંપગ્રસ્ત વિસ્તારોનો એરિયલ સર્વે કર્યો. જ્યોર્જ ફર્નાન્ડીસ અને વડાપ્રધાન વાજપાઇ પણ ઊડીને કચ્છ આવ્યા અને ઊડીને પાછા ગયા. ફર્નાન્ડીસે અખબારો/ટીવીને કહ્યું કે કચ્છમાં એકાદ લાખના મોત તો થયાં લાગે છે. વાજપાઇએ કહ્યું કે એ અનુમાન જ્યોર્જનું અંગત અનુમાન છે, સરકારી તપાસ જારી છે. પણ કેશુભાઇએ તો ટીવી અને અખબારો સમક્ષ કચ્છને કાંઇ મહત્ત્વ જ ન આપ્યું. કેન્દ્રના ટોચના ભાજપી નેતાઓ કેશુભાઇથી સખત નારાજ થયા હોવાની કડવી વાસ્તવિકતા ખુદ ભાજપના સિનિયર નેતાઓએ પણ સ્વીકારવી પડી. એ પછી અડવાણી અને કેન્દ્રના બીજા સિનિયર મંત્રીઓ અને પક્ષીય નેતાઓ વળી ફરીથી કચ્છનો બીજો પ્રવાસ, અલબત્ત વિમાની પ્રવાસ- પણ ખેડી ગયા.

- અને નવાઇની પણ નવાઇ એ રહી



કે ગુજરાતના મુખ્યમંત્રી આ બધી હવાઇ આવ-જા દરમ્યાન અંધારામાં જ રખાયા હોવાનું ખુદ ભાજપના લોકો માનતા થયા. કેશુભાઇ પટેલે ભૂકંપના બે-અઢી દિવસના ૫૦-૬૦ કલાકો સુધી કચ્છ સંબંધે હોઠ બીડી જ રાખેલા. અખબારી અને ટીવી મીડિયાવાળાઓએ એમને પ્રશ્નો પણ પૂછ્યા. 'હું અમદાવાદને રાહત પહોંચાડવામાં ગળા-ડૂબ વ્યસ્ત છું.' ગુજરાતના મુખ્યમંત્રી પ્રાથમિક રઘવાટમાં કદાચ વિસરી ગયેલા કે કચ્છ પણ ગુજરાત રાજ્યનો જ ભાગ છે! તે પછી એમણે માત્ર એક જ દિવસનો કચ્છનો કેમ્પ કર્યો. કચ્છમાં ભૂકંપગ્રસ્ત લોકોની બૂરી હાલત આટલી પારાવાર ખરાબ હોય ત્યારે 'ગુજરાતના નાથ' લોકોની સાથે રહેવામાં ગંભીર થાપ ખાઇ ગયા છે એવી પ્રજાની લાગણી બહાર આવતી થઇ. ઉકળાટવાળો આક્રોશ વાયુવેગે ફેલાતો ગયો. કેશુભાઇ પટેલ બીજેપીના હાઇકમાન્ડની આંખોમાંથી પણ નીચે પડતા ગયા અને ગુજરાતના લોકોની પણ રહી-સહી સહાનુભૂતિ ખોઇ બેઠા.

- **ગીલ્લીદંડાનો દડો : કચ્છ**

દરમ્યાનમાં કચ્છ-ભૂકંપને દિલ્હી અને ગાંધીનગરની રાજરમતના ગીલ્લીદંડાનો દડો બનાવાયો.

નરેન્દ્ર મોદી, અડવાણી સહિતના કેન્દ્રીય નેતાઓ સાથે ધ્વસ્ત કચ્છ પર ઊડેલા. પછી રાજકીય ચતુરાઇ અને સમય-સૂચકતા અને દીર્ઘદૃષ્ટિને કામે લગાડીને એમણે કચ્છ-ભુજમાં જ રાહત-અડ્ડો જમાવ્યો! તેના કારણે કેશુભાઇ અને મોદી વચ્ચેની માનસિક-રાજકીય હોંસાતોસીની ખાઇ વધુ ઊંડી અને પહોળી થઇ. મોદીએ તો કચ્છ-રાહતની તમામ કામગીરીનો હવાલો માત્ર પોતાના જ હસ્તક રહેવા દેવાની બેટિંગ કેન્દ્ર સમક્ષ કરી હોવાનું મીડિયાવાળા કહેતા રહેલા. આવી કટોકટીના સમયે ગુજરાતના બે અગ્રણી મહત્વાકાંક્ષીઓ બાખડી પડશે એ ભીતિથી અડવાણીએ મધ્યસ્થી કરીને બીચકતા મામલાને થાળે પાડ્યો.

આ બધાનો સારાંશ? એ જ કે ભૂકંપ જેવી આફતનો પણ રાજકારણના ખેલાડીઓએ

*સફળતા પ્રાપ્ત કરવા માટે અન્ય કોઈ પણ સાધનસામગ્રી કરતાં તમારો આત્મવિશ્વાસ વધુ ઉપયોગી છે.*

# કે ઓ સોદાગરો લાચારીના, સોનેરી તક આવી
# ઘણી મજબૂર છે દુનિયા, સહારા વેચવા માંડો

પોતાનાં નીજી અંગત હિત-વર્ચસ્વ વધારવા માટે કરવામાં કાંઇ અજુગતું ન અનુભવ્યું. શેખાદમ આબુવાલાની તણખા વેરતી આક્રોશ પંક્તિઓ વધુ વાસ્તવિક પૂરવાર થતી રહી :

*'કે ઓ સોદાગરો લાચારીના, સોનેરી તક આવી,*
*ઘણી મજબૂર છે દુનિયા; સહારા વેચવા માંડો!'*

થોડાં જ અઠવાડિયાંઓ દરમ્યાન ગુજરાતનું રાજકીય-શાસકીય ચિત્ર જેમ જેમ વધુ સ્પષ્ટ બનતું ગયું તેમ તેમ વરવી હોંસાતોંસી ઉપરનો પરદો ચીરાતો ગયો. કચ્છના વગદાર દૈનિક 'કચ્છમિત્ર'ના તંત્રી કીર્તિ ખત્રીને પોતાની સહીવાળા ખાસ તંત્રીલેખમાં (૨૩ માર્ચ ૨૦૦૧) હતાશા વ્યક્ત કરતાં નોંધવું પડ્યું કે — 'ભૂકંપ પણ રાજકારણીઓને એક કરી ન શક્યો' : અફસોસ કે સૌને એક કરનાર ભૂકંપ પણ આપણા રાજકારણીઓને એક કરી શક્યો નથી. સત્તા, અંગત સ્વાર્થ અને મતલબી રાજકારણના ખેલંદાઓના આત્માને ભૂકંપ ધ્રુજાવી શક્યા નથી. નહિતર, ગુજરાત વિધાનસભામાં... જે ભવાઇ ભજવાઇ રહી છે, તે જોવાનો આપણને વારો ન આવ્યો હોત... બચાવ રાહત કામગીરી શરૂ થઇ અને શાસક તેમજ વિપક્ષના નેતાઓની કચ્છયાત્રાઓ થઇ ત્યારથી જ માનવીને ફરી નાત, જાત, ધર્મ, વર્ગ, પક્ષ અને પક્ષીય જૂથના વાડાઓમાં પુરવાના પ્રયાસો શરૂ થઇ ગયા હતા અને આજે તો આપણે એનાં વરવાં રૂપ પણ જોઇ રહ્યા છીએ...

કચ્છ ભૂકંપના રાજકીય, નૈતિક, વહિવટી અને નાણાકીય-કૌભાંડોની શ્રેણીનો પ્રારંભ તો સાડા ચાર વર્ષો પહેલાં થઇ ચૂક્યો હતો. ભૂકંપથી સાડા ચાર વર્ષો પહેલાં ૮મી જુલાઇ, ૧૯૯૬ સોમવારના અંકમાં 'કચ્છ મિત્ર'એ પહેલા જ પાના પર તોપના ધડાકા જેવી ચેતવણી ઉચ્ચારી હતી :

'સાવધાન! કચ્છમાં ગમે ત્યારે મોટો ધરતીકંપ' - વાળા ચોક્ખાચટ્ટ શીર્ષક હેઠળ વહિવટીતંત્રને અને કચ્છની પ્રજાને આલબેલ બજાવી દેતો વિગતવાર અહેવાલ પ્રગટ કરાયો હતો. જેમાં કચ્છમાં


૪ ફેબ્રુઆરી ૨૦૦૧

આજના ભૂકંપ માટે નવેમ્બરમાં ગંભીર ચેતવણી મળી હતીઃ

ગુજરાતમાં માનવ-સર્જિત મહાયાતના

''મુખ્ય ભૂકંપ પછી ... રીક્ટર સ્કેલ ઉપર ૭.૦થી ૭.૯ સુધીની ... તીવ્રતાવાળા ૧૦૦૦ જેટલા સામાન્ય ભૂકંપ વિશ્વભરમાં ... વાયુશાસ્ત્ર વિભાગના મહાનિદેશક શ્રી આર. આર. કેલકર

ભૂમિ-વિજ્ઞાન કેન્દ્રની ચેતવણીની અવગણના કેમ કરી?

ભૂતકાળના અનુભવમાંથી શું શીખ્યા?


KUTCHMITRA BHUJ: 8-7-1996

સાવધાન ! કચ્છમાં ગમેત્યારે મોટો ધરતીકંપ

કચ્છમાં ભૂસ્તરના ત્રણ દાયકાના અભ્યાસને આધારે તજજ્ઞે કરેલી ચોંકાવનારી આગાહી

ભૂસ્તરના ત્રણ દાયકાના અભ્યાસને આધારે તજજ્ઞે કરેલી ચોંકાવનારી આગાહીઓની ભરપૂર વિગતો અપાઇ હતી. સાવધાનીની આ આલબેલો પોકારીને 'કચ્છ મિત્ર'એ તેનો પવિત્ર અખબારી ધર્મ બિલકુલ સમયસર બજાવ્યો હતો, જેના માટે કચ્છ તેનું ઋણી રહેશે.

- પણ શું ગુજરાત સરકારે તેની કોઇ દરકાર કરી હતી? ના, જી ના! આ ગુનાહિત દુર્લક્ષ હતું. આનાં જે ખોફનાક પરિણામો આવ્યાં તેના સવિસ્તર વિવરણ અને વર્ણનનો હૃદયદ્રાવક ચિતાર ભૂકંપ પછીના પહેલા જ સપ્તાહમાં, ૫ ફેબ્રુઆરી ૨૦૦૧ના અંકના ખાસ તંત્રીલેખમાં તંત્રીશ્રી કીર્તિ ખત્રીએ પોતાની સહીવાળા અગ્રલેખમાં આપ્યો હતો, તે અક્ષરશઃ હવે પછી અહીં મૂકાયો છે.

હવે વાંચો ૦૫ ફેબ્રુઆરી, ૨૦૦૧નો કચ્છ મિત્રના તંત્રીશ્રી કીર્તિભાઇ ખત્રીનો તંત્રીલેખ, જે કચ્છના પત્રકારત્વના ઇતિહાસમાં સોનેરી અક્ષરે સ્થાન પામશે.

*જેને પોતાની જાત પર વિશ્વાસ ન હોય તે નાસ્તિક છે.*

*ભૂકાપની શક્યસં ધરંવસં કચ્છમાં ગમે ત્યંરે મેંટી હેંનંરસ થ્શે એવી છેલ્લં એકથી તેંઢ તંયકં તરમ્યંન કચ્છમિત્રે નગંરાં પીટીને જુતં જુતં અહેવંલેં, અગ્રલેખ, નિષ્ણંસેંનં લેખમાં લંલબતી ધરી છે. વંરાવંર પંને પંનાં ભરીને ખંદ અહેવંલેં પ્રદિદ્ધ કરીને સાત્રંને અને લેંકેંને ચેસવ્યં છે કે નીસિ નિયમને નેવે મૂકીને વિકદેલુા એપંર્ટમેન્ટ કલ્ચર ક્યંરેક જીવલેણ પુરવંર થ્શે. અંજે કચ્છ ભયાકર હેંનંરસનેં ભેંગ બની ગયુા છે ત્યંરે અં કટિંગેં એ વંસની ગવંહી પૂરે છે. ઉપરેંક્સ કટિંગ છે સેમાં 'દંવધંન' વંળુા કટિંગ સં. ૮-૭-૯૬નં આકનુા છે. સેનં નીચે 'ધરસીકાપ દંમે દંવધંની' એ જ ઘટનંનં અનુદાધંને લખંયેલં અગ્રલેખનુા કટિંગ છે. જમણી બંજુ નીચે ગયં મહિને વંરંણદીમાં કચ્છની ભૂસ્સરીય સ્થિંસિ વિશે યેંજાયેલં પરિદાવંતનુા કટિંગ છે. અં પરિદાવંત પૂર્ણ થ્યંનં બીજા તિવદે ૨૪મી ડિદેમ્બરે અલ્લંહબાધ વિસ્સંરમાં ભૂકાપ થ્યેં અને કચ્છમિત્રંનં પ્રથ્મ પંને મેઇન અંઇટમમાં દમંચંર છંપ્યં સે દૈંથી ઉપર વાંચી શકંય છે. સેની નીચે ભૂકાપનેં દર્વે કરવં મંટે ગાંધીધંમ સ્થિંસ અભ્યંદુએ મંગણી કરી એને લગસં દમંચંરનુા કટિંગ છે. પણ અફદેંદ કે અંવી બધી ચેસવણી નજર આતંજ કરવંમાં અંવી.*

# કાશ, ભૂસ્તરશાસ્ત્રીઓની ચેતવણી સરકારે સાંભળી હોત

વડોદરાની એમ.એસ. યુનિવર્સિટીના ભૂસ્તર વિભાગના એક પ્રોફેસર સુકુમાર મેઢે કચ્છના ભૂવિસ્ફોટ પછી તરત જ એક અખબારી યાદી પ્રસિદ્ધ કરી છે તે ખાસ તો ગુજરાત સરકારે ધ્યાનમાં લેવા જેવી છે. તેમણે કહ્યું છે કે આ યુનિવર્સિટીના ભૂસ્તર વિભાગે ૧૯૭૨ થી કચ્છ અને હિમાલયના ભૂસ્તરીય પરિસ્થિતિનો અભ્યાસ કરીને કેટલાક તારણો પેશ કરતો અહેવાલ સરકારને સુપરત કર્યો હતો. ગયા વર્ષે એટલે કે ૨૦૦૦ના એપ્રિલ મહિનામાં સરકારને આ અહેવાલ અપાયો હતો અને તેમાં કેટલાંક સૂચનો પણ કરાયાં હતાં. વડોદરા યુનિવર્સિટીના વિદ્યાર્થીઓએ ખૂણે ખૂણે ફરીને અહેવાલ તૈયાર કર્યો હતો. એ જ રીતે તેલવાયુ પંચના નિવૃત્ત ડિરેક્ટર ડૉ. વિશ્વાસે કચ્છનો ખૂણે ખૂણો ખૂંદીને જે સંશોધન કર્યું છે એ પણ કલ્પનાતીત કપરા કાળમાંથી કચ્છ પસાર થઇ રહેલ છે ત્યારે તેને બેઠું કરવા સંદર્ભે ગુજરાત અને કેન્દ્ર સરકારે ધ્યાનમાં લેવા જેવું છે.

વિગતે વાત માંડીએ એ પહેલાં કચ્છ મિત્રમાં લગભગ દોઢ દાયકાથી આ સરહદી જિલ્લાની ભૂસ્તરીય સ્થિતિ અને ભૂકંપની દૃષ્ટિએ સંવેદનશીલ ચેતવણીઓ સતત અપાતી રહી છે તેનો ઉલ્લેખ જરૂરી છે. એટલું સાચું કે ધરતીકંપની ચોક્કસ આગાહી શક્ય નથી તેમ એને રોકી પણ શકાય નહીં. છતાં એ પણ એક હકીકત છે કે જો આપણે જાગૃત રહીએ તો કમ સે કમ જાનમાલની હાનિ ઘટાડી તો શકાય જ છે. ભૂસ્તરીય સ્થિતિ અને ભૂતકાળના અનુભવના આધારે કચ્છ જેવા વિસ્તારમાં બહુમાળી મકાનો ન બંધાયા હોત તો આજે માનવહાનિ આટલી મોટી ન હોત! કચ્છનો ભૂકંપનો ઇતિહાસ જાણીતો છે. છેલ્લા ૩૩૦ વર્ષમાં ૯૨ જેટલા ધરતીકંપ નોંધાયા છે. આ પૈકી અતિ ભયાનક ૧૮૧૯ અને ૧૯૫૬માં થયા હતા. ભયાનક કહી શકાય એવા અન્ય સાત ધરતીકંપ ૧૮૪૯થી ૧૯૪૦ દરમ્યાન થયેલા છે. એ સિવાય પણ સતત કચ્છની ધરતી ધણધણતી રહી છે. જ્યારે પણ નાના મોટા ધરતીકંપ સર્જાયા છે ત્યારે કચ્છ મિત્રમાં એ વિશે અહેવાલની સાથે અગ્રલેખો અને લેખ અપાયા છે. અને તેમાં ભૂકંપમાં નુકસાન ન થાય અગર તો ઓછું નુકસાન થાય એ પ્રકારની ડિઝાઇનવાળા મકાનો બાંધવાની હિમાયત નિષ્ણાતોને ટાંકીને કરવામાં આવી છે અને બહુમાળી મકાનો સામે તો લાલબત્તી જ ધરાઇ છે.

આજના અંકમાં ૧૯૯૬ અને એ પછીના વર્ષના ધરતીકંપને લગતાં અહેવાલોના શીર્ષક અમે પ્રસિદ્ધ કર્યા છે. પણ એથીયે અગાઉ ૧૯૮૮માં જિલ્લામથક ઉપરાંત અન્ય શહેરોમાં ઓટલા હટાવ ઝુંબેશના નામે પ્રખ્યાત બનેલી દબાણ હટાવ પ્રવૃત્તિએ ભારે ચકચાર જગાવી હતી. એ સમયે ભુજની પ્રથમ ગગનચૂંબી ઇમારત બંધાઇ રહી હતી તેની સામે આંગળી ચીંધાઇ હતી. અત્યારે કચ્છના કલેક્ટર તરીકે જેમણે હવાલો સંભાળ્યો છે એ અનિલ મુકિમ એ સમયે આસિસ્ટન્ટ કલેક્ટર હતા. નિષ્ણાતોએ અભિપ્રાય આપ્યો હતો કે કચ્છ એ ભારતનો સૌથી વધુ ભૂકંપની શક્યતાવાળો વિસ્તાર હોવાથી ત્યાં બહુમાળી મકાનો ઇચ્છનીય નથી. તે પછી એ પ્રકરણ કોર્ટમાં ગયું. કાનૂની જંગ થયો અને ઇમારતો બંધાવા માંડી. અહીં પ્રશ્ન કાનૂન કરતાં પણ માનવીય છે. જો સેંકડો, હજારો માણસના જાન જતા હોય અને કાનૂન એને અટકાવી ન શકે તો એ કાયદાને આગ ચાંપી નવો કાયદો ઘડવાની સરકારની ફરજ છે. અહીં મુદ્દો લોકોનાં જાન સાથે ચેડાં કરવાનો છે. કાયદો હોય કે ન હોય પણ બે ગગનચૂંબી ઇમારતો માત્ર દસ-વીસ ફૂટના અંતરે બાંધવાની મંજૂરી અપાઇ છે એનો કોઇ

કાળે બચાવ થઇ શકે તેમ નથી. બિલ્ડરો, સુધરાઇ સભ્યો અને અધિકારીઓની ભ્રષ્ટ ટોળકીઓએ ફાવે તેમ, મકાનો બાંધ્યા છે. કહેવાનો સાર એટલો જ કે ૧૯૯૮માં ચેતી જવાની તક હતી પણ તંત્ર ચેત્યું નહીં અને પછી તો કોઇ પૂછનાર જ ન રહ્યું.

૧૯૯૯ની ૭મી જુલાઇએ એમ.એસ. યુનિવર્સિટીના ભૂસ્તરશાસ્ત્રી ડૉ. શ્રીંગારપુરેએ વડોદરામાં ખાસ એક પત્રકાર પરિષદ યોજીને ચેતવણી આપી હતી કે ૧૮૧૯ અને ૧૯૫૬ના ભૂકંપોના અભ્યાસ પરથી સ્પષ્ટ જણાયું છે કે ભૂકંપ સર્જનારા પ્રચંડ દબાણો હજુયે સક્રિય હોવાથી ભવિષ્યમાં ગમે ત્યારે મોટો ધરતીકંપ થવાની શક્યતા છે. આ આગાહી કર્યા પછી ડૉ. શ્રીંગારપુરે ૨૨મી જુલાઇએ ભુજ આવ્યા હતા અને જિલ્લા કલેક્ટરની હાજરીમાં એક બેઠક યોજાઇ હતી જેનો અહેવાલ ૨૩મીના અંકમાં પેશ થયો હતો. એ સમયે કલેક્ટર શ્રી ગુપ્તાએ ભૂકંપગ્રસ્ત વિસ્તારો માટે માન્ય ડિઝાઇન જ મકાન માટે બંધનકર્તા બને એ માટે કાયદાનું રૂપ આપવાની સરકારને દરખાસ્ત કરવાની જાહેરાત થઇ હતી. એ દરખાસ્ત પછી થઇ કે કેમ અગર તો સરકારને મોકલાવાઇ છે કે કેમ એ ખબર નથી. પણ સરકારે કોઇ કાયદો ઘડયો નથી. બીજા અર્થમાં કહીએ તો કચ્છમાં ભૂકંપ શક્યતા સંદર્ભે જે કોઇ ચેતવણીઓ અપાઇ છે તેની ધોરી ધરાર અવગણના સરકાર તેમજ સ્થાનિક તંત્રોએ કરી છે.

અવગણનાનો આ ઇતિહાસ ધરતીકંપ થયો ત્યાં સુધી ચાલુ રહ્યો છે. ૨૬મી જાન્યુઆરીએ ધરતીકંપ થયો એનાથી એક મહિના પહેલાં એટલે કે ૨૪મી ડિસેમ્બરે (ગયા મહિને) થયો હતો. આ ધરતીકંપની ધ્રુજારી ભુજ, અંજાર, ખાવડા, બન્ની અને પચ્છમ સહિતના વિસ્તારોએ અનુભવી હતી. રિક્ટર સ્કેલ પર ૪.૦ની તીવ્રતા નોંધાઇ હતી. એનું મધ્યબિંદુ અલ્લાહબંધ વિસ્તારમાં હતું. આ એ જ વિસ્તાર હતો જ્યાં ૧૮૧૯માં સમગ્ર કચ્છમાં આજની જેમ જ આતંક મચાવનાર મહા ભયંકર ભૂકંપ થયો હતો. ગયા મહિને કચ્છ મિત્રના પ્રથમ પાને નકશા સાથે તેના સમાચાર પ્રસિદ્ધ થયા હતા. સદ્ભાગ્યે એમાં કોઇ જાનહાનિ થઇ નહોતી. પણ ભૂસ્તર વિજ્ઞાનના જાણકાર એવા વર્તુળોએ આ ઘટનાને આવનારા દિવસોના એંધાણ સમાન વર્ણવી હતી એટલું જ નહીં ભૂકંપના મધ્યબિંદુ સ્થળે (અલ્લાહબંધ) ભૂસ્તર વિજ્ઞાનીઓની ટુકડી મોકલી તેનો અભ્યાસ સર્વે કરવાની માંગ સુદ્ધાં કરી હતી. ગાંધીધામના પી.એન. નાયર નામના ભૂકંપ અભ્યાસુએ આપેલું એ નિવેદન અમે ચાલુ મહિનાની ૮મી તારીખે પ્રસિદ્ધ કર્યું અને ૧૮ દિવસ પછી મહાવિનાશક બનાવ બન્યો.

કચ્છને નર્મદાના પૂરતાં પાણીની ફાળવણી કરવાની સમસ્યા હોય કે બંધારણી કચ્છ વિકાસ બોર્ડનો પ્રશ્ન હોય પણ તેની જેમ ધોરીધરાર અવગણના કરવામાં આવી છે તેમ ભૂકંપ સંશોધન ક્ષેત્રેય કચ્છ પ્રત્યે ધ્યાન નથી અપાયું. આજે આટલી મોટી જાનહાનિ થઇ છે. અને દેશ-વિદેશના ભૂસ્તર વિજ્ઞાનીઓ ધરતીકંપના કેન્દ્ર સમા લોડાઇ નજીકના વિસ્તારમાં ઊમટી રહ્યા છે તેને જોઇને કચ્છવાસીને એમ લાગે છે કે આ સરહદી મુલ્ક અંગે સંશોધન કરનાર સૌને જો થોડા વહેલા સરકારે ભેગા કર્યા હોત તો સારું હોત. ખેર, હજુયે સરકાર 'પાપનું પ્રાયશ્ચિત' કરી શકે છે. ગયા મહિને જ બનારસ હિન્દુ યુનિવર્સિટીએ કચ્છના ભૂસ્તર અંગેના નિષ્ણાતોનો એક પરિસંવાદ યોજયો હતો તેમાં કેટલાક ઠરાવ પસાર થયા હતા અને સૂચનોએ થયા હતા તેનો સરકાર હજુયે અમલ કરી શકે તેમ છે.

*(ક્રમશઃ)*

*(ભૂકંપના કૌભાંડો અને કૌભાંડોનો ભૂકંપની આ લેખ શ્રેણી માટે તેના લેખક અને મંગલ મંદિરના તંત્રીમંડળને અનેકાનેક વાચકોની ઉત્સાહભરી દાદ મળી રહી છે, અભિનંદન અને ધન્યવાદ મળી રહ્યા છે, તે માટે સર્વ વાચકોના આભારી છીએ.*

*હવે પછીના લેખોમાં સિલસિલાબંધ વધુ વિગતો સંગીન સમર્થનો સાથે રજૂ થશે.)*

**લેખકનું સરનામું : પ્રવીણચંદ્ર શાહ,**

**નવરંગ જનરલ સ્ટોર્સ, ઓએનજીસી કોલોની, પનવેલ-૪૧૦૨૨૧ ફોન : ૦૨૨-૨૧૪૩૨૨૦૦૮૦ મો. : ૦૯૯૩૦૬૬૦૨૪૨**

## રજનીશજીની વિચાર કણિકાઓ

જયારે મન જાણે છે ત્યારે એને જ્ઞાન કહેવાય છે. જયારે હૃદય જાણે ત્યારે એને પ્રેમ કહેવાય. પણ જયારે સમગ્ર અસ્તિત્વ જાણે છે ત્યારે એને ધ્યાન કહેવાય છે. હું કોણ છું? એનાથી બીજો કોઇ મોટો પ્રશ્ન હોતો નથી. અને હું કોણ છું? એ જાણવા માટે માણસે મૌન રહેવું જોઇએ. જાગ્રત રહેવું જોઇએ. ભીતરથી ઝંકૃત રહેવું જોઇએ. વિચારોને સાક્ષીભાવે જોવા જોઇએ અને એમને અદશ્ય કરી દેવા જોઇએ.

એક જ દરવાજો તમને ક્યાંક પહોંચાડી શકે એમ છે અને એ દરવાજો તમારી ભીતર જ હોય છે.

તમારી પાસે જે કંઇ છે એ બધું જ લઇ લેવું અને તમને કશુંય ન આપવું એ મારું કર્મ છે. હું તમારામાં જુદી માન્યતાનું નિરૂપણ કરવા નથી માંગતો. હું તો તમારી જૂની ઘસાઇ ગયેલી, ચવાઇ ગયેલી, ચૂંથાઇ ગયેલી માન્યતાનો નાશ કરવા આવ્યો છું. જે કંઇ તમારા મગજમાં ઠોકી બેસાડ્યું છે એનો નાશ કરીશ અને તમારી શોધ તમારે પોતેજ કરવાની છે.

***જો તમે તમારા પર વિશ્વાસ રાખશો તો બીજા લોકો પણ આપોઆપ તમારા પર વિશ્વાસ રાખશે.***

# નારાયણ સરોવર – કચ્છનું પ્રાચીન તીર્થધામ

• પ્રો. (ડૉ.) આર. ટી. સાવલિયા •

કચ્છના વાયવ્ય ભાગમાં આવેલી કોરી નાળનાં પૂર્વકાંઠા પાસે, લખપત તાલુકામાં નારાયણ સરોવર નામે ગામ આવેલું છે. આ ગામ પાસે નારાયણ સરોવર તળાવ છે, જેના પરથી આ ગામનું નામ પડેલું છે. કચ્છમાં નારાયણ સરોવર અને કોટેશ્વર એ બે મોટાં તીર્થ સ્થાન છે. આ બંન્ને સ્થળ પ્રાચીન કે ભારત વિખ્યાત નથી, પરંતુ એ તદ્દન આધુનિક પણ નથી.

નારાયણ સરોવર વિશે જૂનામાં જૂનો ઉલ્લેખ ભાગવત પુરાણમાં મળે છે. એ પછીના બ્રહ્મવૈવર્ત પુરાણમાં એ કથા છે. **એ જોતાં નારાયણ સરોવર એ પહેલાંના સૈકાઓમાં તીર્થ તરીકે પ્રસિદ્ધ થયું હોવું જોઇએ.** ભાગવત પુરાણમાં આ પ્રમાણે કથા છે : 'દક્ષ પ્રજાપતિએ હર્યશ્વ નામના દસ હજાર પુત્રો ઉત્પન્ન કર્યા અને તેઓને પ્રજા ઉત્પન્ન કરવા માટે કહ્યું. પણ આ હર્યશ્વો પશ્ચિમ દિશામાં ચાલ્યા ગયા, અને પશ્ચિમમાં નારાયણ સરોવર નામનું તીર્થ છે, જ્યાં સિંધુ અને સમુદ્રનો મુનિઓ અને સિદ્ધોએ સેવેલો સંગમ થાય છે, ત્યાં તપ કરવા લાગ્યા.'

तत्र नारायणसरस्तीर्थं सिन्धु समुद्रयोः ।

संगमो यत्र सुमहान्मुनिसिद्धनिषेवितः ।

ઉપરોક્ત વર્ણન હાલના નારાયણ સરોવરનું જ છે. જો કે અત્યારે નારાયણ સરોવર આગળ સિંધુ અને સમુદ્રનો સંગમ થતો નથી, પણ સિન્ધુનાં મુખ ઘણાં છે. અને એ જૂના કાળમાં ફરતાં રહ્યાં છે. વળી જે કોરી નાળના મુખ આગળ નારાયણસર છે તે કોરી સિન્ધુનો એક જૂનો ફાંટો જ છે, **એ જોતાં ભાગવતકારે સિન્ધુ અને સમુદ્રના સંગમ આગળ નારાયણસર છે એમ કહ્યું એ વાજબી લાગે છે. અગાઉ સિન્ધુનાં પાણી અહીં થઇ વહેતાં.**

ઇ.સ. ૧૮૧૯ના ધરતીકંપને કારણે નારાયણ સરોવર સમુદ્રતળે આવતાં ખારાપાટમાં ફેરવાયો. આજે પણ ઉત્તરમાં ભોરઢ્વા નામે ઓળખાતા સ્થળથી કોટેશ્વર સુધી ત્રણ કિ.મી.ના વિસ્તારમાં થઇને દક્ષિણે ગુવર ગામ સુધી ફેલાયેલો આ ખારોપાટ સમુદ્રની મોટી ભરતી વખતે ખારા સરોવરમાં પલટાઇ જાય છે.

નારાયણ સરોવરની પશ્ચિમે કિલ્લાના નૈૠત્ય દિશાના બુરજની સામે ભગવાન આદિનારાયણનું મંદિર છે. આ આદિનારાયણની સ્થાપના જે પાળ ઉપર થઇ તે પાળની પશ્ચિમે એક સ્થળને પ્રાચીન નારાયણ સરોવરના નિશાન તરીકે બતાવવામાં આવે છે. નારાયણ સરોવરથી ચપલેશ્વર જતી વખતે તીર્થગોરો યાત્રિકોને સરોવરની પશ્ચિમે આવેલા એક મોટા પથ્થરના દર્શન કરાવી મૂળ નારાયણ સરોવરની યાદ આપતા તેમજ દાનપુણ્ય કરાવતાં.

આ સ્થળે વિ.સં. ૧૩૫૫ (ઇ.સ. ૧૨૯૮-૯૯)માં કોટેશ્વરજીના આદિપીર શ્રી નારાયણગિરિએ એક વખત બાંધેલ તળાવને સમરાવી પોતાના નામ પરથી 'નારાયણસર' નામ રાખ્યું.

નારાયણ સરોવર નામ એમના કરતાં પણ પ્રાચીનકાળમાં હોવાનો ઉલ્લેખ મળે છે. એટલે નારાયણગિરિજીએ જીર્ણ થઇ ગયેલા નારાયણ સરોવરની પાળ સુધરાવી હશે એમ માની શકાય. આ તળાવોનો સમય ઇ.સ. ૧૫૫૦-૫૧ માનવામાં આવે છે.

શ્રી વલ્લભાચાર્ય મહાપ્રભુજી પોતે વિ.સં. ૧૫૬૫ (ઇ.સ. ૧૫૦૮-૯) માં અહીં પધારેલા. એમણે માર્કણ્ડ ૠષિના આશ્રમમાં ભાગવત સપ્તાહ કરી ત્યાં બેઠકની સ્થાપના કરી. **વૈષ્ણવોની ૮૪ બેઠકોમાં આ બેઠકનું સ્થાન ૬૩મું છે.**

ઇ.સ. ૧૭૨૯માં રાવશ્રી દેશળજીનાં મહારાણી મહાકુંવરબાએ અહીં મંદિરો ચણાવ્યાં, અને ફરતો ગઢ કરાવ્યો. નારાયણ સરોવરના ગઢમાં આવેલાં દેવમંદિરોમાં ત્રિકમરાયજીનું મુખ્ય મંદિર ઇશાન કોણમાં પશ્ચિમાભિમુખ છે, જ્યારે બીજા મંદિર એ મંદિરની સામે પૂર્વાભિમુખ સળંગ હરોળમાં છે.

ત્રિકમરાયજીનું મંદિર મહારાણીજીએ વિ.સ. ૧૭૯૦ (ઇ.સ. ૧૭૩૪) માં બંધાવ્યું હતું. આ રાણીએ નારાયણસરની પાળ ઊંચી અને પૂરી કરાવી એના તટે ત્રિકમરાયજીની સાથે લક્ષ્મીનારાયણ, ગોવર્ધનનાથ, આદિનારાયણ, દ્વારકાધીશ, રણછોડજી અને લક્ષ્મીજીનાં મંદિર ચણાવ્યાં હતાં.

ત્રિકમરાયજીના મંદિરમાં શ્યામ પાષાણની સમયાદમાં ઊભેલ ભગવાન ત્રિકમરાયજીની મૂર્તિના ચાર હાથમાં અનુક્રમે ગદા, ચક્ર, પદ્મ અને શંખ છે. ગુજરાતમાં ત્રિવિક્રમનું સ્વરૂપ ઘણું લોકપ્રિય છે. આ સ્વરૂપનું મૂર્તિ વિધાન દ્વારકાધીશ, આદિનારાયણ વગેરે નામે ઓળખાય છે.

ત્રિકમરાયજીનું મંદિર ઊંચી વ્યાસપીઠ પર આવેલું છે. એમાં ગર્ભગૃહ, ગૂઢ મંડપ અને ત્રણેય બાજુએ એક એક શૃંગારચોકીમાં આગળના પ્રવેશભાગ સિવાયના સ્તંભ અંતરાલમાં દીવાલો ચણેલી છે. ગર્ભગૃહ ઉપર નવાંડી શિખરની રચના છે. મંડપ અને શૃંગારચોકીઓ ઘુમ્મટો વડે ઢાંકેલ છે અને એ સમગ્ર ભાગના પ્રસરના ઉપરના મથાળે કાંગરા છે. ઘુમ્મટની ઉપર અને નીચે રાસમંડળ છે. અંદર તથા બહારનાં દ્વારો ઉપર દ્વારપાળો ઊભેલા છે. મંદિરના ઉત્તર તરફના દ્વારે બંન્ને તરફ ગણપતિજીની ઊભી મૂર્તિઓ છે.

ત્રિકમરાયજીના મંદિરની દક્ષિણે વિજય હનુમાન તરીકે ઓળખાતી હનુમાનજીની એક માનવ કદની અને બીજી નાની એમ બે મૂર્તિઓ પ્રતિષ્ઠિત કરેલી છે. મુખ્ય મંદિરનાં પગથિયાં ઊતરતાં વિશાળ ચોકની દક્ષિણે 'સ્વર્ગની બારી' તરીકે ઓળખાતી બારીમાંથી

*પ્રકાશ ભણી પગલાં માંડો, પડછાયો પાછળ રહેશે.*

બહાર નીકળતાં નારાયણ સરોવરમાં ઊતરવાનાં પગથિયાં છે. બારીની સામેનું ઉત્તર દ્વાર અન્ય મંદિર-સમૂહમાં પ્રવેશવા માટેનું દ્વાર છે. **આમ ચોકની પશ્ચિમે પૂર્વાભિમુખે આવેલાં મંદિરોની શ્રેણી છે. તેમાં લક્ષ્મીનારાયણ, ગોવર્ધનનાથજી, દ્વારકાધીશ, રણછોડજીના મંદિરોના લેખોમાં વિ.સં. ૧૭૫૭ (ઇ.સ. ૧૭૪૧) ની મિતિ આપેલ છે.**

સાક્ષી ગોપાલ મંદિર સં. ૧૮૮૯ લગભગ બંધાયું અને આસો સુદ ૬ ના રોજ એમાં પ્રતિમાની સ્થાપના કરેલ છે. ગઢમાં થઇ મુખ્ય મંદિર તરફ જતાં ભવેશ્વર મહાદેવનું મંદિર આવે છે. કુંવર કલ્યાણરાયજીનું મંદિર લક્ષ્મીજીના મંદિરની ઉત્તરમાં આવેલું છે. આદિનારાયણ મંદિરમાં પ્રવેશ કરતાં જ સામે ઓટાની મધ્યમાં પીપલેશ્વર મહાદેવનું શિવલિંગ છે અને દેરીમાં પાર્વતીજીની પ્રતિમા આવેલી છે. અહીં સામે વિઠ્ઠલેશ્વરજીની બેઠક છે.

આદિનારાયણના ગઢ બહાર આવેલા મંદિરની દક્ષિણે રુગનાથજી મંદિરની જગ્યા આવેલી છે. અહીં ગર્ભગૃહમાં ગોવર્ધનધારી શ્રીકૃષ્ણની સુંદર પ્રતિમા છે. આ મંદિરની સામે રામ મંદિર (ચાર સંપ્રદાય) તરીકે ઓળખાતું મંદિર છે. **વલ્લભાચાર્ય, મધ્વાચાર્ય વગેરે ચાર સંપ્રદાયોના સંયુક્ત નામને 'ચાર સંપ્રદાય' કહે છે.**

નારાયણ સરોવરના પશ્ચિમ કિનારે સૂર્યકુંડના ઓવારા પાસે સોમેશ્વર મહાદેવમાં શિવલિંગ, ગણપતિ અને હનુમાનજીની મૂર્તિઓ જોવા મળે છે. સરોવરના એક ખૂણે ગઢને અડીને જ 'ખાખચોક' નામનું સ્થાન આવેલું છે. આ જગ્યા વૈષ્ણવ સંપ્રદાયની છે. એમાં રામ મંદિર છે. રામ, સીતા, લક્ષ્મણ અને હનુમાન ઉપરાંત શાલિગ્રામની મૂર્તિઓ છે. આ મંદિરને અડીને 'સીતાવાવ' આવેલી છે. આ વાવમાં ઊતરવા માટે ઉત્તર-દક્ષિણ તેમજ પૂર્વ એમ ત્રણ બાજુ પગથિયાં છે. દક્ષિણ તરફનાં પગથિયાં વાવ બહાર નીકળી બીજી તરફ નારાયણ સરોવરમાં પણ ઊતરે છે. નારાયણ સરોવરનો આરો વાવની સાથે મળી જાય છે. **વિ.સં. ૧૭૯૦ પહેલાં આ વાવ બંધાયેલી હોવાનું જણાય છે.**

નારાયણ સરોવરની દક્ષિણે સનકાદિ મંદિર આવેલું છે. આ મંદિરમાં સનક, સમનંદન, સનાતન, કુમાર એમ સનકાદિ ચારેય ભાઇઓની મૂર્તિ લાલ પથ્થરની છે. જ્યારે નારદની મૂર્તિ સફેદ પથ્થરની છે. નારાયણસર-કોટેશ્વર માર્ગની પશ્ચિમે શીતલામાતા અને હનુમાનજીની દેરીઓ છે.

શંકર ગુફા, રામ ગુફા, સીતા ગુફા, લક્ષ્મણ ગુફા, શેષ ગુફા વગેરે નામની અહીં આવેલી ગુફાઓ બૌદ્ધ સમયમાં સાધુઓ માટે કોતરી હોય એવો સંભવ વિશેષ જણાય છે. પાછળથી બૌદ્ધ ધર્મ લુપ્ત થતાં એનો ઉપયોગ કરનાર રામાનંદી સાધુઓએ એમાં નિવાસ કરી એને પોતાના ઇષ્ટદેવ, રામ-લક્ષ્મણ આદિનાં નામ આપ્યાં હોય એમ માનવું વધુ યોગ્ય જણાય છે.

નારાયણ સરોવરના કિનારાથી થોડે દૂર શેષ ગુફાની નજીક રામેશ્વર મહાદેવનું મંદિર આવેલું છે. રામગુફા અને લક્ષ્મણ ગુફાની મધ્યમાં ટેકરી પર હનુમાનજીની દેરી છે, જે હનુમાન ટેકરી તરીકે ઓળખાય છે.

અહીં દેવસેવા ઉપરાંત, તહેવારો, મેળાઓ અને ઉત્સવોથી બારે માસ આ તીર્થ સ્થાન ધબકતું રહે છે.

**નારાયણ સરોવરથી આશરે દોઢેક કિ.મી. દૂર કોટેશ્વર તીર્થ આવેલું છે. સામાન્યતઃ નારાયણસર-કોટેશ્વર સાથે જ બોલાય છે.**

**કોટેશ્વર તીર્થ ઘણું પ્રાચીન છે. ઇસુની સાતમી સદીમાં ચીની મુસાફર હ્યુ એન શ્વાંગે કોટેશ્વરની મુલાકાત લીધી હતી. એ વખતે ત્યાં શૈવ અને પાશુપત સાધુઓ હતા. ૯૦ જેટલા બૌદ્ધ વિહારોમાં ૫૦૦૦ જેટલા હીનયાન સંપ્રદાયના ભિક્ષુઓ હતા.** આ સ્થાન 'સિંધુ સાગર તીર્થ' તરીકે પણ આલેખાતું. નારાયણ સરોવર ગામ તથા તીર્થની જમીન કોટેશ્વરના પીર પાસેથી મેળવવામાં આવેલી, જેના ઉપરથી એની જાહોજલાલીનો ખ્યાલ આવે છે.

કોટેશ્વર તીર્થમાં કોટેશ્વર, કલ્યાણેશ્વર, શરણેશ્વર, રામેશ્વર, ચપલેશ્વર, કમલાપાટ અને નારદલોટિકા તથા ગયાકુંડ પણ આવેલ છે. ■

## ઉદ્યોગક્ષેત્રે-વિશ્વધર્મ-સમભાવના પ્રેરક : શ્રી કાંતિસેન શ્રોફ

ચાર પાંચ વર્ષ પહેલાં જ્યારે આતંકવાદ પંજાબમાં હજી પૂરા જોરથી ફેલાયેલો હતો ત્યારની વાત છે. એક્સલ ઇન્ડસ્ટ્રીઝ કરીને મુંબઇની એક મોટી કંપની છે. તેનો એક પ્લાન્ટ પંજાબમાં આતંકવાદને લીધે બંધ પડી ગયેલો. કંપનીને તેનાથી મોટું નુકસાન થયું. શ્રોફ કુટુંબની બેઠક મળી... શું કરવું? શ્રી કાંતિસેન શ્રોફે ઉકેલ લાવવાનું બીડું ઝડપ્યું. સિત્તેર વર્ષના કાંતિભાઇ ફેક્ટરીએ પહોંચ્યા. ત્યારે ખબર પડી કે કેટલાક કર્મચારીઓ આતંકવાદીઓ સાથે સંપર્ક રાખતા. કાંતિભાઇએ તેમને તથા બીજાઓને બીજા દિવસે મળવા પોતાને ત્યાં નિમંત્ર્યા. સવારે બધા આવીને જુએ તો કાંતિસેન ગુરુ નાનકની છબી પાસે બેસીને ગુરુવાણી સાંભળી રહ્યા છે!

આખો 'મૂડ' બદલાઇ ગયો. ઘણી બધી આધ્યાત્મિક વાતો થઇ. છેલ્લે મહેમાનોએ કહ્યું, 'અમારા ઘરવાળાને તમને મળવા લઇ આવીશું.' એટલે કાંતિભાઇએ કહ્યું, 'ના, હું તેમને મળવા તમારા ઘેર આવીશ.'

બીજા દિવસે કાંતિભાઇ બધાને ઘેર જઇ આવ્યા. આખું વાતાવરણ બદલાઇ ગયું. મૃતઃપ્રાય ફેક્ટરીને જીવતદાન મળ્યું અને થોડા જ સમયમાં ફેક્ટરી નફો કરતી થઇ ગઇ.

*'સાધના' તા. ૨૭-૨-૧૦ના અંકમાંથી સાભાર*

## આજે તો તમે ખાવાનું આપશો પણ પછી કાલે શું?

નર્મદા પરિક્રમાવાળા શ્રી અમૃતલાલ વેગડના નામથી આપણે સૌ સુપરિચિત છીએ. તેમણે પોતાનો એક અનુભવ લખ્યો છે.

'હું એક આદિવાસીના ઝૂંપડામાં ગયો. એનું એક બાળક ખૂબ રડતું હતું એને ભૂખ લાગી હતી. મેં એ બાળકને ખાવાનું આપવાનો પ્રયત્ન કર્યો. પરંતુ તે બાળકની માતાએ ના પાડી. માતાએ કહ્યું કે આજે તો તમે ખાવાનું આપશો પણ પછી કાલે શું? એટલે હું એને ભૂખ્યા રહેવાની ટેવ પાડું છું.'

આવા માતા-બાળકની સંખ્યા આપણા દેશમાં થોડી નથી પણ કરોડોની સંખ્યામાં છે.

***No. No. all is not well***

*શાંતિલાલ સંઘવી*

*સદ્‌વિચાર સદાચારમાં ન પરિણમે તો મિથ્યાચાર બને.*

ઝારાનો ભીષણ સંગ્રામ

(પ્રકરણ-૧૦)

# સુલેહ માટે વાટાઘાટ

• ઠાકરશી પુરુષોત્તમ કંસારા •

પૂંજો શેઠ દેવચંદ શેઠને સાથે લઇને મોથાળાથી રવાના થઇ છાની રીતે સાંધાણ ગામમાં આવ્યો. ત્યાંનાં જાગીરદારને મળીને ગુલામશાહ ફોજ લઇને સાંધાણ પર તરતમાં ચડી આવવાનો છે એવા સમાચાર આપ્યા. કલોરાને કોઇ પણ ઉપાય યોજીને કચ્છમાંથી બહાર કાઢવા માટે ત્યાં મસલત થઇ. આજુબાજુનાં ગામડાંઓમાંથી સેંકડો લોકોને સાંધાણ ગામમાં તાબડતોબ ભેગા કરવામાં આવ્યા અને સેંકડો યુવકો સાંજ પહેલાં સાંધાણ ગામમાં આવેલ ઊંચા તથા મજબૂત ગઢમાં પેઠા. એઓને માટે લાલ તથા આસમાની ગણવેશ તાબડતોબ તૈયાર કરાયા અને ગુલામશાહ એના સેનાનાયક સાથે હુમલો કરવા માટેનો વ્યૂહ ગોઠવવા માટે સાંધાણ ગામના કિલ્લા પાસે આવે ત્યારે ગઢની અંદર દેખાવો યોજવાની વ્યવસ્થા કરી.

ત્યારબાદ બીજે દિવસે પૂંજો શેઠ એકલો કોઠારા ગામ નજીક શાહના સૈન્યનો પડાવ હતો ત્યાં ગયો. **ઝારાના મેદાનમાંથી બહાર નીકળીને કોઠારા આવતાં સુધીમાં રસ્તામાં અનેક જાગીરદારો, વેપારીઓ, ખેડૂતો વગેરે પાસેથી નાણાં તથા અનાજ પડાવીને ફોજ અહીં સુધી આવી પહોંચી હતી અને સાંધાણ પર ચડાઇ કરવાની તૈયારીઓ થતી હતી.** દીવાન ગિદુમલને મળતાં પૂંજા શેઠે જાણ્યું કે સિંધમાં ગુલામ શાહનો ભાઇ ગુલામનબીખાન કંઇક વિરુદ્ધ પ્રવૃત્તિ કરતો હતો અને તેથી ગુલામશાહ સાંધાણ પર તરત જ હુમલો કરી દંડ વસૂલ કર્યા બાદ એકદમ ભુજ જીતીને તાબડતોબ સિંધ તરફ ઊપડવા માગતો હતો. ગુલામશાહને કચ્છમાંથી એની ધારણા પ્રમાણેની જાગીરદારો વગેરે પાસેથી દંડ વગેરેની રકમ મળી નહિ તથા એની ફોજના સૈનિકોની મહેચ્છા પ્રમાણેની માલ-મિલકત લૂંટમાં મળી નહિ તેથી એઓ સહેજ હતાશ પણ બન્યા હતા. કચ્છમાં સિંધ જેવી વિપુલ સંપત્તિ એઓએ જોઇ નહિ, ઊલટું ક્યાંક ખૂબ દરિદ્રતા દીઠી. તેથી ભુજ સિવાય બીજે ક્યાંય જવા એઓ હવે ઉદાસીન બન્યા હતા. પૂંજો શેઠ સાંધાણ પર આક્રમણ થયા પહેલાં સાંધાણનો ગઢ જોઇ લેવા ગુલામશાહ તથા એના સેનાપતિને ત્યાં નજીકના સ્થળ પર લઇ ગયો. એઓએ ત્યાંથી સાંધાણના ગઢની અંદર અસંખ્ય જુવાનોને ગણવેશમાં એકઠા થયેલ જોયા. એક જગાએ સૈનિકોની કવાયત ચાલતી હોવાનું પણ દૂરથી જોયું. આવડું બધું મોટું સૈન્ય ત્યાં એકઠું થયેલ નજરે જોઇને ગુલામશાહને નવાઇ ઊપજી અને થોડો ભય પણ લાગ્યો. પૂંજા શેઠે એને એવો પણ ખ્યાલ આપ્યો કે ભુજ પહોંચ્યા પહેલાં એવા બીજા વધારે મજબૂત કિલ્લાઓમાં રહેલ વિશાળ સૈન્યોનો સામનો કરવો પડશે તથા ભુજમાં પણ રાયધણપુરની કેળવાયેલ ફોજ તથા જામનગરની સેનાનો પણ જમાવ થયેલ છે તેની સામે લડવું પડશે. ગુલામશાહને આ વાત સાંભળીને પોતાના સૈન્યને આગળ લઇ જવું જોખમ ભરેલ લાગ્યું. કંઇ પણ માનભર્યું સમાધાન થાય તો એ સ્વીકારીને પોતે હવે તરત સિંધ પાછો જવા માગે છે એમ એણે પોતાના દીવાન તથા સેનાપતિ સાથે મંત્રણા કરીને એમની સલાહ બાદ પૂંજા શેઠને જણાવ્યું. એ માટે બને તે પ્રયાસો સામેથી કરવા માટે એણે તથા દીવાન ગિદુમલે પૂંજા શેઠને આગ્રહ કર્યો.

પૂંજો શેઠ એ જ ચાહતો હતો. દેવચંદ શેઠ પ્રથમથી જ મોથાળામાં રાહ જોતા હતા તેમને ત્યાંથી બોલાવાયા. એમણે મહારાવશ્રીના પ્રતિનિધિ તરીકે પોતે ભુજથી આવેલ છે અને ત્યાંથી વાટાઘાટ માટે કોઠારા આવેલ છે એવો દેખાવ કર્યો : મહારાવશ્રી પૂંજા શેઠને દીવાનપદ આપવા ખુશી છે તથા ગુલામશાહને સેનાનું ખર્ચ તથા એને થયેલ નુકસાની બદલ યોગ્ય રકમ આપવા તૈયાર છે તેમજ શાહને રાજકુટુંબમાંથી કુંવરી પરણાવવાનું વિચારે એમ છે, પણ ગુલામશાહે સેનાનાં ખર્ચ તથા નુકસાનની રકમ પેટે કચ્છ રાજ્ય તરફથી એક વખતે તૈયાર થઇ શકે તેટલું સ્વીકારીને કચ્છની ભૂમિ તુરત છોડી જવાની છે અને બાકીની શરતોનું પાલન ત્યારપછી તરત થઇ જશે એવી બાંયધરી કચ્છ રાજ્ય સંધિના કરારથી આપવા તૈયાર છે. ગુલામશાહને સિંધ પાછા વળી જવાની ઉતાવળ હતી. એણે પૂંજા શેઠ, દીવાન ગિદુમલ તથા પોતાની સેનાના નાયકો સાથે ચર્ચા વચારણા કરી અને કચ્છ રાજ્યે કરેલ દરખાસ્ત સ્વીકારવાનો નિર્ણય કર્યો. પણ સામે એવી શરત રજૂ કરી કે **'કચ્છ રાજ્ય શરતોનું સંપૂર્ણપણે પાલન સમયસર કરે અને એનો અમલ પોતે કરાવી શકે એ હેતુથી સિંધુપતિ પોતાનું થોડું લશ્કર લખપતમાં રાખી જશે તથા પૂંજા શેઠના પુત્રને જામીન તરીકે પોતાની સાથે સિંધ લઇ જશે.'** પૂંજા શેઠને પોતાના પુત્રને જામીન તરીકે સિંધ મોકલવાની શરત બહુ ખટકી, પણ હવે લાચાર હતો અને થાક્યો પણ હતો. પરિસ્થિતિએ એને કફોડી સ્થિતિમાં મૂક્યો હતો. એને એટલું સાંત્વન હતું કે પોતાને કચ્છનું દીવાનપદ મળવાનું છે અને તેથી પોતે શરતોનું પાલન કરાવી શકે એમ છે, તેથી બધી શરતોનું પાલન તરત કરાવી શકાશે એવી ધારણાથી એણે પણ શાહે જણાવેલ શરતોનો સ્વીકાર કર્યો.

બીજા દિવસે જ પૂંજો શેઠ તથા દેવચંદ શેઠ સુલેહની શરત પ્રમાણે રકમ લેવા માટે ભુજ તરફ રવાના થયા. ગુલામશાહે લશ્કરનો પડાવ હવે ત્યાંથી ઊઠાવી લઇને આગળ કૂચ કરવાનો તથા લખપત પહોંચવાનો સેનાપતિને હુકમ કર્યો. લખપતમાં પૂંજો શેઠ તથા દેવચંદ શેઠ એને ઠરાવેલ રકમ સાથે મળવાના હતા

*અન્ય પ્રત્યે મૃદુ બનીએ, જાત પ્રત્યે વજ્ર થઈએ.*

તથા પૂંજા શેઠના પુત્રને પણ ત્યાં લાવવાનો હતો.

લશ્કરે લખપત તરફની કૂચ ચાલુ કરી તથા ગુલામશાહ અને દીવાન ગિદુમલ તથા થોડાક અંગરક્ષક સૈનિકો પાછળ રોકાયા. નજીકના જ સુથરી ગામમાં બહુ સુંદર મસ્જિદ આવેલ હતી તે જોવાની તથા ત્યાં નમાજ પઢવાની શાહે ઇચ્છા રાખી હતી તે પ્રમાણે સાંજનું નમાજ-ટાણું થવાથી બે'ક ઘડી પહેલાં શાહ દીવાન તથા અંગરક્ષકો સાથે ત્યાં પહોંચ્યો. અહીં એનું ઉમળકાભેર સ્વાગત કરવામાં આવ્યું. મસ્જિદની રોનક જોઇ શાહ ખુશ થયો. એ અહીં નમાજ પઢ્યો અને થોડી વાર વિશ્રામ કરવા માટે રોકાયો.

શાહ એક વિશ્રામ-આસન પર આરામ કરતો હતો તે વખતે દૂરથી આવતા ખુદાની ભાવમય બંદગીના વેધક સૂર સંભળાયા :

*'જાં જાં પગ્ગે પાણ કે તાં તાં નાંય નમાજ,*
*સભ વિઞાંએ સાજ તેહાં પોય તકબીર ઓ.'*
*'સર નાયો સિજ કરિએં, તત તવાજા તાં ન,*
*હૂએ મણકો મનમેં સહજો ફિરિએં સો ન;*
*કૂડા! થીંધે કોન ફૂંકે ધૂણી ફાયધો ?*
*'સો હી સો હૂ, સો અજલ, સો અલ્લાહ,*
*સો પિરીં, સો પસાહ, સો વેરી, સો વાહરો.'*

(ભાવાર્થ : 'જ્યાં સુધી તું તને પોતાને જુએ છે, અર્થાત્ અહંભાવ રાખે છે ત્યાં સુધી નમાજની સફળતા નથી. એ બધું ગુમાવી દઇને પછી જ સ્તુતિ કરજે.'

'તું મસ્તક નમાવી વંદન કરે છે, પણ તું પોતે નમતો નથી. માળાનો મણકો ફેરવવાને બદલે સહજ મતનો મણકો ફેરવતો નથી. મનમાં જૂઠાણું રાખી, યોગી બની ધૂણીઓ ફૂંકવાથી શો ફાયદો?'

'આ પણ એ જ છે, એ પણ એ જ છે, મૃત્યુ પણ એ જ છે, અલ્લાહ પણ એ જ છે, પ્રિયતમ પણ એ જ છે. જીવન પણ એ જ છે. વેરી પણ એ જ છે, વહાર કરનાર પણ એ જ છે.' ('રસાલો શાહ લતીફજો'-કારાણી)

ગુલામશાહ આ સૂરો સાંભળીને સ્તબ્ધ બન્યો. એના ચિત્તમાં ઓચિંતો ઝબકારો થયો. સૂરો અત્યંત ભાવવાહી ભક્તિરસપૂર્ણ તથા વેધક હતા. એને એમ પણ લાગ્યું કે પોતે વર્ષો પૂર્વે આવા સૂર ક્યાંક સાંભળ્યા હતા. હા... યાદ આવ્યું ! એની જનેતા મા કોઇક વાર આવા સૂર ગાતી ખુદાની બંદગીમાં લીન બની ખુદામય બની જતી. એવા સૂર એણે આજે ફરી વાર સાંભળ્યા અને એનું દિલ ડોલી ઊઠ્યું. ખુદાને ધામ પહોંચેલી મા યાદ આવી. આ સૂરો કોણ ગાતું હતું એ જાણવા માટે એણે તપાસ કરવા તથા ગાનાર દેખાય તો એને પોતાની પાસે આવવાની વિનંતી કરવા અંગરક્ષકને સૂચના કરી.

થોડી વારે એક લાંબી સફેદ દાઢીવાળો અને ઘૂંટણ સુધી ઝભ્ભો ધારણ કરેલ, પણ ખુલ્લા પગો-વાળો તથા હાથમાં મોટી લાકડીનો ટેકો લઇને ચાલતો જૈફ આદમી એની સમક્ષ ખડો થયો. શાહ એની પાસે જઇને થોડીવાર સુધી એની સામે જોઇ ઊભો રહ્યો, પછી એને નમન કર્યું અને એ પોતે કોણ છે, ક્યાંથી આવે છે વગેરે એ વૃદ્ધને પૂછ્યું.

**'હું સર્વ દુનિયાના શહેનશાહ ખુદાનો બંદો છું, શાહ! મારે કોઇ નાત જાત કે ધર્મ નથી. મારે હવે કોઇ સગાં-સંબંધી નથી. ખુદાની સમગ્ર આલમ મારું વતન છે અને ખુદાની બંદગીથી એના મહિમાનું ગાન એ મારો ધર્મ તેમ ધંધો છે,** ખુદા ખવડાવે તે ખાઉં છું અને પીવાનું આપે તે પીઉં છું.' વૃદ્ધે જણાવ્યું.

'પણ, સાંઇ બાવા! આપ હમણાં જે સૂરો ગાતા હતા તે સાંભળી હું બહુ પ્રભાવિત થયો છું. મને યાદ આવે છે કે આવાં પદ કોઇ વાર મારી બેહેસ્તનશીન અમ્મા ગાતી અને ત્યારે દુનિયાને ભૂલી જતી. આ બંદગીના સૂર આપે બનાવ્યા છે કે કોઇ શાયરના છે? આપ ક્યારથી એ નિત્ય ગાયા કરો છો એ જણાવશો તો બહુ આભાર થશે.'

'બહુ લાંબી વાત છે, શાહ! હું તો ભટકતો ફકીર છું. પહેલાં નરા ગામ પાસે ગાયો ચારતો હતો, અલીમામદ નામ હતું. હાજરાં બીબી નામની જત ઓરત સાથે શાદી કરી હતી. એની પહેલાં સિંધમાં હતો. પહેલાં શાયરોના બાદશાહ સંત ઓલિયા શાહ અબ્દુલલતીફ ભિરાઇ હૈદ્રાબાદથી થોડે છેટે આવેલ એક ગામમાં રહેતા હતા ત્યાં એમનો ડાયરો જામતો-સંગીતની મહેફિલો થતી ત્યાં હું પણ જતો. મુશાયરામાં હું પણ ભાગ લેતો તથા થોડું ગાતો. **મહેફિલોમાં ગુલાં નામે એક ખુદાના નૂર જેવી પાક ઓરત આવતી. બહુ ઉંમર ન હતી, માંડ વીસેક વરસની હશે. એનો કંઠ સૂરીલો મધુર હતો. ભાવપૂર્ણ અને હૃદયભેદક કાફી-ગઝલો એ ગાતી અને પોતે ભાવવિભોર બની જતી.** એ શાહ લતીફનાં પદ ગાતી તે સાંભળી અમે સૌ મસ્ત બનતા અને એને નમી પડતા. હું તો પછી કચ્છમાં આવ્યો, શાદી કરી. એક દીકરો તથા એક દીકરી જન્મ્યાં. દીકરી નરાના ઠાકોરને ગમી ગઇ અને દીકરીને ઠાકોર સાથે મહોબત લાગી તેથી એની પાસે રહેવા ગઇ. સુખી હતી. બે દીકરા પણ હતા. મારો દીકરો ગાયો ચારતો. એણે શાદી કરી અને એને એક દીકરો થયો. થોડા દિવસ બાદ મારી ઓરત, પછી દીકરો તથા એની ઓરત, એ બધાં એક પછી એક મરણ પામ્યાં. પોત્ર ગાયો ચારતો હતો. હું તો ફકીર જેવો હતો, શાહ લતીફનાં પદ ગાતો ફરતો. દુનિયાની પરવા ન હતી. નાનો પોત્ર રોટલા લઇ આવતો તે એક ઝૂંપડામાં બેસીને અમે બે સાથે મળી ખાતા. થોડા દિવસ ઉપર અહીંથી ઘણે દૂર આવેલા ઝારાના ડુંગરના મેદાનમાં મોટો જંગ થયો. મારી દીકરી અને એના બે દીકરા ત્યાં ગયાં હતાં અને શહીદ થયાં એમ સાંભળ્યું છે. પોત્ર પણ 'વતન માટે કુરબાન થવા જઉં છું' એમ કહીને ત્યાં જંગમાં ગયો હતો, પાછો આવ્યો નથી. ખુદાની મરજી. **હું તો ખુદાનું નામ લેતો ભટકતો ફરું છું. ખુદાએ આ દુનિયા સર્જી છે. ખુદાની ઇચ્છા હશે ત્યાં સુધી અહીં રહીશ, પછી તો સૌને જવાનું છે ત્યાં ખુદાના દરબારમાં જઇશ. ખુદા તમારું ભલું કરે. સૌને મારી એ જ દુઆ છે. દુનિયામાં થાય તે ભલાઇ કરી લો. અહીં ખુદાનું નામ લઉં છું અને મંદિરમાં પણ લઉં છું. ખુદા તો એક જ છે. આપણે ખટપટ**

**(અનુસંધાન : જુઓ પાના નં.-૪૮ ઉપર)**

*મૃત્યુ એ પૂર્ણવિરામ નથી, આત્માનો અલ્પ વિરામ છે.*

# ‘બજેટ’ની ખાસ પ્રકારની ભાષા : અર્થો, ભાવાર્થો અને જોગવાઈઓનાં સરળ રહસ્યો!

અશોક મહેતા

*વૈશ્વિક સક્રિયતાના (એક્ટિવિટીના) અનેકાનેક ક્ષેત્રોને પોતપોતાની આગવી ભાષા-લઢણ રહેતી આવી છે. ઘર-સંસારને, વ્યાપાર ક્ષેત્રને, વૈજ્ઞાનિકોને, શિક્ષણ કે લલિત કળા ક્ષેત્રોને પોતપોતાની ખાસિયતો અને વિશિષ્ટતાવાળી ભાષા-શૈલી રહેતી આવી છે. રાજકારણીઓને, સમાજશાસ્ત્રીઓને, ફિલ્મી સંવાદોને કે સરકારોના વહીવટી તંત્રોને પણ પોતાની ખાસિયતોવાળી ભાષા-શૈલી છે. પોલીસ અધિકારીઓ અને એમના સ્ટાફ દ્વારા શકમંદો સાથે પોલીસ - થાણાઓમાં વપરાતી ભાષા શૈલી અને સાહિત્ય-પરિષદના અધિવેશનોમાંની ભાષા-શૈલીઓ વચ્ચેના લગભગ જમીન-આસમાન જેટલા ફરકના આપણે બધા લગભગ પ્રત્યક્ષ સાક્ષીઓ છીએ.*

● ***‘બજેટ’ના વિશિષ્ટ ભાષા-પ્રયોગો :***

*એવું જ બજેટ અંગે પણ છે. સંસદમાં કે રાજ્યોની વિધાનસભાઓમાં નાણાંમંત્રી(ઓ) જ્યારે એમના બજેટની પેશગી વખતે જે બયાન કે છણાવટ કરે છે ત્યારે તેમાં પણ અંદાજપત્રીય ખાસિયતોવાળા શબ્દો અને વાક્યોનો સમાવેશી ઉપયોગ હોય છે.*

*અર્થશાસ્ત્રીઓ, બેંકોના વરિષ્ઠ ઉચ્ચ પદાધિકારીઓ, કોસ્ટ એકાઉન્ટન્ટો, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટો, અનુભવી ઈન્કમટેક્સ પ્રેક્ટિશનરો કે ઈન્ડસ્ટ્રિયલ - ફાઈનાન્સિયલ કન્સલ્ટન્ટો વગેરેને જેટલી સરળ રીતે, શેર બજારના ખેરખાંઓને, ફાઈનાન્સ મિનિસ્ટરની બજેટ - સ્પીચ પ્રપોઝલો જેટલી સરળતાથી સમજાય છે તેટલી સરળતાથી, સરેરાશ આમજનતામાંના કરદાતાઓ, ટેક્સ-પેયર્સને, સમજાતી નથી. આવાં જ કારણસર બજેટ - સમીક્ષાની સ્વ. નાની પાલખીવાલા જેવા ધૂરંધર અર્થશાસ્ત્રીઓની વાર્ષિક જાહેર મિટિંગો હજારોની હાજરીથી મુંબઈના બ્રેબોર્ન સ્ટેડિયમો કે ઓવલ મેદાનોમાં ઉભરાતી રહેતી.*

*ટૂંકમાં, બજેટની ભાષા, ખાસ કરીને યુનિયન બજેટ, કેન્દ્રના બજેટના હેતુ, આશયો, સ્કીમો કે કોન્સેપ્ટ સમજવામાં સરેરાશ કરદાતાઓને (કર-ચોરી કરનારાઓને કે કરપાત્ર ન હોય તેવાઓને પણ) સમય લાગી જાય છે અને સહી અર્થ સમજવા પોતાના સી.એ. કે ઈન્કમટેક્સ પ્રેક્ટીશનરનું માર્ગદર્શન લેવું પડતું હોય છે. કેટલીક વખત તો બજેટની ભાષામાં આર્થિક ચતુરાઈઓનું આટાપાટાપણું પણ હોય છે.*

● ***અર્થો, ભાવાર્થોની સરળતા :***

*‘મંગલ મંદિર’ના સરેરાશ વાચકોને બજેટમાં કરાતા ભાષા-પ્રયોગો, તેના શબ્દાર્થ અને ભાવાર્થ, જોગવાઈઓ અને તેવી ખાસિયતો સમજવામાં થોડી વધુ સરળતા થાય, પરિચિતતા વધે, મગજની કસરત હળવી બને તેવી સમજણ મેળવવા મંગલ મંદિરે એક હાથવગો ઉપાય વિચાર્યો.*

*આર્થિક - ઔદ્યોગિક (ફાઈનાન્સિયલ - ઈન્ડસ્ટ્રિયલ) ક્ષેત્રના કન્સલ્ટન્ટ તરીકેનો સાડા ત્રણેક દાયકા જેટલી દીર્ઘ કારકિર્દીના અનુભવીનો સંપર્ક સાધ્યો, જેમણે પંદરેક વર્ષો સુધી યુનાઈટેડ નેશન્સ ઈન્ડસ્ટ્રિયલ ડેવલપમેન્ટ ઓર્ગેનાઈઝેશન (જે અંગ્રેજીના ટૂંકાક્ષરે **UNIDO** તરીકે ઓળખાય છે અને **UNO**ની સહભાગી સંસ્થા હોવાના નાતે દુનિયાની સૌથી વધુ ધનાઢ્ય ‘વર્લ્ડ બેંક’ સાથે હાથમાં હાથ મિલાવી વિકસતા દેશોનાં મહાકાય આયોજનોને દિશા, દૃષ્ટિ અને અબજો ડોલરની નાણાંકીય જોગવાઈઓ ગોઠવાવી આપે છે) તેમને પોતાનો વિચાર જણાવ્યો. ચીન, હોંગકોંગ, સીંગાપોર, મલેશિયા, ઈન્ડોનેશિયા, ફિલીપાઈન્સ, થાઈલેન્ડ, તાઈવાન, કોરિયા વગેરે દક્ષિણ-પૂર્વ એશિયાના દેશોનાં વિરાટ આયોજનોના પ્રત્યક્ષ સાક્ષી અને ૧૯૭૦થી ૧૯૯૦ વચ્ચેના વર્ષોમાં સક્રિય પ્રદાન કરનાર, મંગલ મંદિરના શુભેચ્છકે સંમતિ આપી; એક નાનકડી શરત સાથે : એમણે વિવિધ કારણોસર પોતાનું નામ કે ઓળખ જાહેર કરવાની અનિચ્છા બતાવી છે, જે ‘મંગલ મંદિર’ વતીથી અમે સાદર સ્વીકારી છે.*

*‘મંગલ મંદિરે’ પ્રશ્નો પૂછવા પહેલાં એ સ્પષ્ટતા કરેલી કે આ પ્રશ્નોત્તરીનો સારાંશ, અનુભવી નિષ્ણાતોને કેન્દ્રમાં રાખીને નહીં પણ સરેરાશ વાચકોની માહિતી - તૃષા સંતોષવાનો, જાણકારીની વૃત્તિને પ્રોત્સાહિત કરવાનો અને આર્થિક ક્ષેત્રની બજેટ જેવી મહત્વની પણ પ્રમાણમાં ઓછી પરિચિત બાબતથી વધુ પરિચિત કરાવવા પ્રસિદ્ધ કરાશે. માટે શક્ય તેટલી વધુ સરળ*

*ચિંતા આપણી આવતીકાલનો વિષાદ ઘટાડવાની નથી પણ એ આપણી આજની શક્તિમાં ઘટાડો કરે છે.*

*ભાષા વપરાવી મદદકર્તા થશે.*

*આ ઈન્ટરવ્યૂ પ્રકારના સંવાદો દરમ્યાનની માહિતીની આપ-લે (અંગ્રેજી ક્વેશ્ચન)ના '**Q**' અને ઉત્તર માટેના (અંગ્રેજી એનસર્સ)ના '**A**'ની સંજ્ઞાથી આ નીચે નોંધાયા છે.*

***અશોક મહેતા, મુખ્યતંત્રી 'મંગલ મંદિર'***

## સરળ શબ્દોમાં 'બજેટ'

**Q :** *અંગ્રેજી શબ્દ 'બજેટ'નું સાદું સરળ ગુજરાતી રૂપાંતર શું ગણાય?*

**A :** મૂળ 'બજેટ' શબ્દ અંગ્રેજી ભાષાનો પોતાનો નથી, પણ લેટિન ભાષાના શબ્દ 'બજેટા'-માંથી અંગ્રેજીમાં 'બજેટ' તરીકે સ્થાપિત થયો છે. લેટિનમાં તેનો અર્થ હવે પછીના ખર્ચની કાચી નોંધ જેવો થતો હતો. અંગ્રેજી ભાષામાં સમાઈ જવા બાદ ત્યાંની રાજસત્તાઓએ પહેલાં આગામી ખર્ચની આગોતરી નોંધ તરીકે કરવા માંડ્યો. કાળક્રમે વાર્ષિક લેવડ-દેવડ માટેની વ્યવસ્થિત નોંધ તરીકે રાજ-પરિવારો અને સત્તાઓએ તે ગ્રહણ કર્યો. બ્રિટિશરો દ્વારા આપણા દેશમાં પ્રચલિત બનતો ગયો જે હવે વાર્ષિક અંદાજપત્રના સ્વરૂપે કેન્દ્રની સરકાર, રાજ્યની સરકારો અને કોર્પોરેટ ક્ષેત્રની કંપનીઓ, બેંકો, મોટી ફેક્ટરીઓ, ઉદ્યોગ ગૃહો, આયાત-નિકાસ ગૃહો, શિપિંગ કંપનીઓથી માંડી, છેક ગૃહિણીઓ સુધી છૂટથી વપરાતો થઈ ચૂક્યો છે. હવે આપણે ત્યાં આગામી વર્ષ દરમ્યાન કેન્દ્ર સરકાર (યા રાજ્યોની સરકારો) દ્વારા કરાનારી / થનારી આર્થિક આવક-જાવકની વિસ્તૃત નોંધ તરીકે તે ઉપયોગમાં રૂઢ થયેલો છે.

**Q :** *રોજિંદા જીવન સાથે બજેટની સરખામણી કોની સાથે થાય?*

**A :** કોઈપણ વ્યવસ્થિત, શિસ્તબદ્ધ, જવાબદાર ઘર ગૃહસ્થી પરિવારના આવક-જાવકનાં સરવૈયા સાથે થાય.

**Q :** *સરકારી બજેટમાં બે અંગ્રેજી શબ્દો અવારનવાર વપરાય છે **FISCAL DEFICIT** (ફિસ્કલ ડેફિસિટ) - તેનો સરળ અર્થ શું?*

**A :** આવક કરતાં જાવક વધવાથી જે ખાધ પેદા થાય, તે ફિસ્કલ ડેફિસિટ ગણાય.

**Q :** *તે ખાધને સરકાર કઈ રીતે પૂરી કરતી હોય છે?*

**A :** બહારથી ઉધારી કરીને.

### વાક્ય-પ્રયોગોના સંદર્ભ

**Q :** *બજેટ પેશગીના ભાષણોમાં બીજા પણ ચારેક અંગ્રેજી શબ્દો વારંવાર વપરાય છે – **Tax Revenue** (ટેક્સ રેવન્યુ) અને **Non Tax Revenue** (નોન ટેક્સ રેવન્યુ). સરળ ભાષામાં તેના અર્થ શું છે?*



Cost of petrol, gas, power, transport, etc, have been hiked. Do I still get 50 paise only, sir?

**A :** યુનિયન ટેરીટરીઝ (UT) સહિતના દેશનાં બધાં રાજ્યોમાંથી કેન્દ્ર સરકાર માટેની જે વસૂલી ટેક્સ કલેક્શન થાય છે - જેમકે કસ્ટમ્સ, એક્સાઈઝ વગેરે, તે Tax Revenue (ટેક્સ રેવન્યુ) છે, કરની આવક છે. બંધારણીય જોગવાઈઓ મુજબ કેન્દ્રે પોતાની ટેક્સ - આવકનો અમુક હિસ્સો રાજ્યોને આપવાનું ફરજિયાત (સ્ટેટ્યુટરી પ્રોવિઝન) છે. તેની રકમ બાદ કર્યા બાદ જે બચે તેને ગ્રોસ ટેક્સ રેવન્યુ (Gross Tax Revenue) કહેવાય છે.

આના ઉપરાંત એક બીજું હિસાબ-કિતાબી ખાતું પણ છે, જેને બજેટની પારંપારિક ભાષામાં Capital Receipts કેપિટલ રિસિપ્ટ્સ કહેવામાં આવે છે. કેન્દ્ર સરકારે રાજ્ય સરકારોને જે ઉધારી - લોનો આપેલી હોય તેવી લોનની મૂળ મુદ્દલ રકમમાંથી જેટજેટલી રકમ રાજ્યો દ્વારા કેન્દ્રને પાછી ભરપાઈ કરાતી જાય તે; ઉપરાંત કેન્દ્ર દ્વારા કરાયેલા બીજા મૂડી રોકાણોની રોકડી કરાય (જેના માટે અંગ્રેજી શબ્દ 'ડિસઈન્વેસ્ટમેન્ટ' વપરાય છે તેવી જે રકમો છૂટી થઈ કેન્દ્રના હાથમાં આવતી જાય તે; અને જાવક-ખાધ પૂરી કરવા કેન્દ્ર જે રકમોની ઉધારી મેળવે, તેનો સમાવેશ આ Capital Receipts કેપિટલ રીસિપ્ટ્સમાં થાય છે. ઉધારી કરીને કે તેવો બીજો બોજો વધારીને ઊભા કરાયેલા નાણાં, જેને બજેટમાં Borrowings and other liabilities (બોરોઈંગ્ઝ એન્ડ અધર લાયેબિલીટીઝ) તરીકે સંબોધાય છે તેનો મોટો હિસ્સો સાધારણ રીતે બેંકો પાસેથી લેવાયેલી ઉધારીનો હોય છે. આ ઉપરાંત આમાં વિદેશી લોનો, ગવર્નમેન્ટ સીક્યોરિટીઝની સામે ઊભી કરાયેલી રકમો (જેવી કે સ્મોલ સેવિંગ્સ સ્કીમો, પ્રોવિડંટ ફંડની રકમો વગેરે)નો પણ સમાવેશ હોય છે.

આમ, આપણે ત્રણ પ્રકારની રિસિપ્ટો જોઈ : ટેક્સ રેવન્યુ, નોન ટેક્સ રેવન્યુ અને કેપિટલ રિસિપ્ટ્સ.

*જો ચિંતા જ કરવી હોય તો ચારિત્ર્યની કે ઉન્નતિની કરો.*

## વિવિધ પાસાં

**Q :** *આવકના પાસાંની આ બાબતો થઈ. જાવકના પાસાં બજેટમાં કઈ રીતે ગોઠવાય છે?*

**A :** જે રીતે આવકના પાસાંઓના પેટા વિભાગો છે તેવી જ રીતે જાવકનાં પણ પેટા વિભાગો રહે છે.

**Q :** *દૃષ્ટાંતો તરીકે?*

**A :** રેવન્યુ એક્સ્પેન્ડિચર — રેવન્યુ ખર્ચ અને કેપિટલ એક્સ્પેન્ડિચર — કેપિટલ ખર્ચ એવા બે ભાગ મુખ્ય હોય છે.

મૂળભૂત ગણતરીમાં બે પ્રકારની જાવકોને જુદી જુદી પાડવામાં આવે છે. આમાંનો એક પ્રકાર 'Non-asset creating' (નોન એસેટ ક્રિએટીંગ) છે. જેમાંથી (દેશની) કોઈ અસ્ક્યામત, સ્થાવર - જંગમ મિલકત વધતી નથી, તે છે. અને બીજો પ્રકાર 'Asset creating expenditure' જેનાથી કોઈ પણ પ્રકારની અસ્ક્યામતનો વધારો થાય છે, તે છે.

સાદા ઘરગથ્થુ દૃષ્ટાંત તરીકે જો સરખામણી કરીએ તો તે આ પ્રમાણે કરી શકાય : પરિવારનું માસિક વીજળી વપરાશનું જે બિલ ભરાય તેનાથી પરિવારની કોઈ માલમત્તા કે અસ્ક્યામત વધતી નથી. એટલે તે ખર્ચ ખરું, પણ 'નોન એસેટ ક્રિએટીંગ ખર્ચ' બને છે. પણ જો પરિવારના ઉપયોગ માટે બેંક લોનથી નવી કાર (કે નવું ઘર કે નવો પ્લોટ કે દરદાગીના) ખરીદવામાં આવે તો તેનું ડાઉન પેમેન્ટ કે પછી દર મહિને ભરાતા હપ્તાઓને અસ્ક્યામત માલમત્તા પેદા કરનાર ખર્ચ ગણવામાં આવે છે. વીજળી વપરાશના જેવા પેમેન્ટને બજેટમાં 'રેવન્યુ એક્સ્પેન્ડિચર'ના મથાળા હેઠળ મૂકાય છે અને કાર કે ઘરની લોનના ભરણાને કેપિટલ એક્સ્પેન્ડિચરના મથાળા હેઠળ મૂકાય છે.

પણ વાસ્તવિક હકીકતમાં એ બંને વચ્ચેની ભેદરેખા ઘણીય વખત ચુસ્તતાથી જળવાતી નથી. પરસ્પર અથડાઈ, ઝાંખી પડી જાય છે.

સરળ દૃષ્ટાંત તરીકે પરિવારના પુત્ર-પુત્રી માટે જે સ્કૂલ / કૉલેજ / કે હાયર એજ્યુકેશન માટે જે ફી ભરાય કે ડોનેશન આપવા પડે કે વિદેશ - અભ્યાસના ખર્ચ ભોગવવા પડે તેને અસ્ક્યામત પેદા કરનારી જાવક ગણવી કે ના ગણવી? - એટલે આ પ્રકારના જાવક - ખર્ચને રેવન્યુ એક્સ્પેન્ડિચરને 'નોન પ્રોડક્ટિવ' ખર્ચ તરીકે ગણવાનું ઉચિત ધારવામાં આવતું નથી. પણ આ બંને પ્રકારના ખર્ચની / જાવકની વિગતો પરથી ધારણા બાંધવાનું શક્ય બને છે કે વહીવટ ચલાવવાના રોજ-બરોજના ખર્ચને જ પહોંચી વળવા માટે સરકાર રેવન્યુ એક્સ્પેન્ડિચર કરે છે કે ભવિષ્ય માટેની માલમત્તા બનાવવા, અસ્ક્યામત ખડી કરવા માટે પણ ખર્ચ કરે છે, યા નહીં.

**Q :** *નાણાં પ્રધાનની બજેટ સ્પીચમાં 'પ્લાન એક્સ્પેન્ડિચર' (Plan expenditure) અને 'નોન પ્લાન એક્સ્પેન્ડિચર' (Non Plan expenditure) જેવા વાક્ય પ્રયોગો પણ વખતોવખત કરાતા રહે છે. તેના સરળ અર્થ શું ગણાય?*

**A :** આ શબ્દો કે વાક્ય પ્રયોગોને સીધો સંબંધ કેન્દ્ર સરકારના કે રાજ્ય સરકારોના વાર્ષિક આયોજનના પ્લાનના, ખર્ચ સાથે સંબંધ છે.

રાજ્ય સરકારો અને જાહેર સાહસોની કંપનીઓ (જેમ કે સ્ટેઈટ ટ્રેડિંગ કોર્પોરેશન, લાઈફ ઈન્સ્યોરન્સ કોર્પોરેશન - વગેરે) સાથે મળીને લાંબાગાળાના વિકાસ માટેનાં, ડેવલપમેન્ટ માટેનાં જે કામો માટે ખર્ચ કરે છે તે પ્લાન-એક્સ્પેન્ડિચર, આયોજન - સંકલિત ખર્ચ છે. આવા આયોજનો / પ્લાનોના અમલીકરણમાં કેન્દ્ર સરકાર પણ મૂડી રોકાણો કરતી રહે છે.

કેન્દ્ર સરકાર પોતાનાં બજેટ દ્વારા આવા આયોજનો / પ્લાનોમાં જે રોકાણો કરે તે પ્લાન એક્સ્પેન્ડિચર છે. કેન્દ્રની રકમો સિવાયનું કરાતું ખર્ચ રાજ્યોની સરકારો અને જાહેર ક્ષેત્રની કંપનીઓએ કરવાનો રહે છે. (સરકારની માલીકીની પણ) સ્વતંત્ર રીતે (ઓટોનોમસ) પોતાના ઉદ્યોગ / ધંધા ચલાવનારી કંપનીઓ દ્વારા જે મૂડીરોકાણો કરાય છે તેને Internal & Extra budgatery Resources (અંગ્રેજીમાં ટૂંકમાં IEBR) તરીકેનાં મથાળાં હેઠળ મૂકાય છે. આ IEBRની અમુક રકમ એ કંપનીઓએ કરેલા નફાનો કેટલોક ભાગ હોય છે. બાકીની રકમ ઉધાર-સુધાર કરીને મેળવાયેલી હોય છે.

વ્યાજની ચૂકવણીઓ, સશસ્ત્ર દળો (આર્મિ, નેવી, ઍરફોર્સના જંગી ખર્ચ, સરકારી સબસિડી વગેરે)ને પણ પ્લાન - નોન પ્લાન એક્સ્પેન્ડિચર સાથે અમુક તબક્કે, એક તાંતણે જોડાવાય છે.




*મૃત્યુ નહિ પણ તેની પાછળનો હેતુ માણસને શહીદ બનાવે છે.*

## 'ડેફિસિટો'ના ભાવાર્થ

**Q :** *'ફિસ્કલ ડેફિસિટ' સિવાયની, તે ઉપરાંતની બીજી પણ કોઈ 'ડેફિસિટ'નો બજેટમાં સમાવેશ હોય છે ખરો?*


**A :** હા, હોય છે. બે હોય છે. એમાંની એક 'રેવન્યુ ડેફિસિટ' તરીકે ઓળખાય છે. આ એ ખાધ છે જે રેવન્યુ એક્સ્પેન્ડિચર અને રેવન્યુ રિસિપ્ટ વચ્ચેનો જે ખાડો હોય — આવક અને જાવકના બે સામસામા છેડા વચ્ચેનું અંતર હોય - તેને રેવન્યુ ડેફિસિટ તરીકે ગણવામાં આવે છે. આનો મુખ્ય ભાવાર્થ એ થાય છે કે સરકારે તેના બધા જ ખર્ચને પહોંચી વળવા માટે જે ઉધારી - સુધારી કરવી પડે તે 'ફિસ્કલ ડેફિસિટ' બને. પણ રોજ-બ-રોજનો વહીવટ ચલાવવાના ખર્ચ અને આવક-જાવકમાં જે ખાડો પડે તે 'રેવન્યુ ડેફિસિટ' ગણાય. રેવન્યુ ડેફિસિટ જેટલી વધારે, તે ખાધ, ઉધારી કરીને પૂરવામાં આવી હોય. જ્યારે નીચી કે ઓછી 'રેવન્યુ ડેફિસિટ'નો અર્થ એમ થાય કે ઉધારી કરીને મેળવાયેલી રકમ, કુટુંબમાં દૂધવાળાનું બિલ ચૂકતે કરવામાં કે લાઈટનું બિલ ભરવામાં નથી વપરાઈ જતી પણ, સ્થાવર-જંગમ મિલકત - સંપત્તિ પેદા કરવામાં ખર્ચાય છે. (જેમકે નવા રસ્તાઓ બનાવવા, બંદરોની સુવિધાઓ વધારવા, એક્સપોર્ટર્સને પ્રોત્સાહન આપવા, નવી શાળા કૉલેજો સ્થાપવામાં, શોધખોળની લેબોરેટરીઓ વગેરે સ્થાપવામાં ખર્ચાય છે, જે ભવિષ્યની મોંઘેરી અમાનત બની શકશે.) રસકસ - કે કરિયાણાવાળાનું બિલ ચૂકતે કરવામાં નહીં, પણ પોતાના ઘરમાં એક વધુ રૂમ ઉમેરવામાં જે ખર્ચાય તે 'રેવન્યુ ડેફિસિટ'માં આવે તેને વધુ ઈચ્છનીય ગણાય છે.

બીજી ડેફિસિટ 'પ્રાઈમરી ડેફિસિટ'ના નામથી ઓળખાય છે. ફિસ્કલ ડેફિસિટમાંથી વ્યાજના બોજાની રકમ બાદ કરીને જે રકમ ઉતરે તે પ્રાઈમરી ડેફિસિટ છે. આનો સરળ અર્થ એ છે કે આગલાં ચડેલાં વ્યાજની ભરપાઈ કરવા માટે કેટલી નવી ઉધારી કરવી અનિવાર્ય છે. સરળ અને શેરી-ગલીની ભાષાનો તળપદો શબ્દપ્રયોગ કરીને જો બોલાય તો, આગલી એક ટોપી ફેરવવા માટે નવી બે ટોપી ફેરવવાની તાકીદ છે. નીચી 'પ્રાઈમરી ડેફિસિટ'નો અર્થ એમ થાય કે આગલાં જૂના દેવાંનો ભાર ઓછો કરવામાં જ નવી લોનો વપરાઈ જશે.

## 'માર્કેટ-કેપ' એટલે?

**Q :** *બજેટની અસરની ચર્ચાઓમાં, ખાસ કરીને શેરબજાર સાથે સંકળાયેલાઓ 'માર્કેટ કેપ' જેવા શબ્દ પ્રયોગો કરતા હોય છે. જેમને શેરબજાર સાથે સંબંધ નથી હોતો તેમના માટે એના ભાવાર્થ સમજવાનું મુશ્કેલ હોય છે. તેની થોડી સ્પષ્ટતા કરશો?*

**A :** હા જી. બહુ જ ટૂંકમાં આનો અર્થ એમ થાય કે સરકારી બજેટની પ્રોત્સાહક જોગવાઈઓને કારણે શેરોના ભાવોમાં જે વધારો થાય, ઉછાળો આવે, તેને કારણે કંપનીઓના શેર-હોલ્ડર્સના શેરની કિંમત વધી - જેનો આખો શબ્દ 'કેપિટલાઈઝેશન' છે - તે ટૂંકમાં 'માર્કેટ કેપ' તરીકે બોલાય છે.



**Q :** *એકાદ-બે દૃષ્ટાંત?*

**A :** નાણાં પ્રધાન પ્રણવ મુખરજીએ સંતુલિત અને વિકાસ કેન્દ્રિત બજેટ (૨૦૧૦-૧૧નું) જાહેર કર્યું. તેને કારણે શેર બજારમાં ભારે તેજી આવી. બજારની આ તેજીમાં મજબૂત ફન્ડામેન્ટલ (પાયાની સંગીનતા) ધરાવતી કંપનીઓના શેર્સમાંના રોકાણકારો, ઉર્ફે શેર-હોલ્ડરોને બખ્ખા થઈ ગયા. બજેટના દિવસે બી.એસ.ઈ. (બોમ્બે સ્ટોક એક્સચેન્જ) ખાતે નીકળેલી તેજીમાં ગુજરાતની ૧૮ કંપનીઓના શેરોની કિંમતમાં આવેલા ઉછાળાને પરિણામે આ કંપનીઓની માર્કેટ વેલ્થ (એટલે કે શેરોની સામૂહિક કિંમત) રૂા. ૧૬૮૦.૪૧ કરોડ વધી ગઈ. બજેટની જોગવાઈઓનાં આકર્ષણને કારણે ગુજરાત સ્થિત કેટલીક કંપનીઓ (ખાસ કરીને ફાર્માસ્યુટિકલ ક્ષેત્રની અગ્રણી કંપનીઓમાં) રોકાણકારો અને વિદેશી ફંડોનું આકર્ષણ લેણ નીકળતાં આ કંપનીઓની શેર કિંમતમાં રૂા. ૧ થી માંડીને

ઉછાળો બજેટને શેરબજારે વધાવી લેતાં નીકળેલી તેજીમાં ગુજરાતની કેટલીક કંપનીઓનું ધમાકેદાર પ્રદર્શન

# અગ્રણી કંપનીઓની માર્કેટકેપ રૂ. ૧,૭૦૦ કરોડ વધી

*જિંદગીની બીજી આવૃત્તિ પ્રગટ થઈ શકતી હોત તો હું પહેલી આવૃત્તિમાં રહી ગયેલી પ્રૂફરીડિંગની ભૂલો સુધારી લેત. — જોન ફ્લોર*

રૂા. ૨૦ સુધીનો વધારો નોંધાયો.

બજેટમાં સરકારે રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ (R & D) માટે ૨૦૦ ટકાનું ડિડક્શન જાહેર કર્યું જેને કારણે ફાર્મા કંપનીઓ ઈનહાઉસ (પોતાનાં જ) આર. એન્ડ ડી.માં વધુ સક્રિય બનશે અને વધુ ઊંચી ગુણવત્તાવાળા ઉત્પાદનો બનાવી શકશે તેવી ધારણા હેઠળ ફાર્મા-શેર્સમાં રોકાણકારોનો રસ વધ્યો હતો. ગુજરાતની જે અગ્રણી પાંચ ફાર્માસ્યુટિકલ કંપનીઓની માર્કેટ વેલ્થમાં રૂા. ૬૮૩.૯૧ કરોડનો જંગી વધારો નોંધાયો હતો. એ કંપનીઓના નામો આ પ્રમાણે હતા : કેડિલા હેલ્થકેર, ઝાયડસ વેલનેસ, ટોરેન્ટ ફાર્મા, દિશમાન, સન ફાર્મા. જે બીજા ક્ષેત્રોની કંપનીઓની માર્કેટ કેપમાં નોંધપાત્ર વધારા નોંધાયા હતા તે કંપનીઓના નામોમાં ટ્રાન્સરેકિટ, સદ્‌ભાવ એન્જિનિયરિંગ, નિરમા, કીરી ડાઈઝ, વોલ્ટેમ્પ ટ્રાન્સ., ગુજ ફલોરો, સુઝલોન, મુંદ્રા પોર્ટ, ગુજ રિક્લેઈમ, ગણેશ હાઉસિંગ, એશિયન ગ્રેનીટો, અપાર ઈન્ડ., ટોરેન્ટ કેબલનો સમાવેશ હતો. તુલસી તાંતીની આગેવાની હેઠળની વિન્ડ પાવર મેજર સુઝલોન એનર્જીનો શેર રૂા. ૩.૨૫ ઊંચકાતા બી.એસ.ઈ. ખાતે કંપનીની માર્કેટ કેપમાં રૂા. ૫૦૬ કરોડનો વધારો નોંધાયો હતો.

*મંગલ મંદિર : આભાર!*

*કન્સલ્ટન્ટ :* આભાર. યુ આર વેલકમ!


**KIRIT**
**CONSTRUCTION CO.**
**PARSHWA**
**PROJECTS**
**GOVT. APPR. CONTRACTOR**
ISO Certified 9001 : 2000 Specialisation
Construction of Railway Tracks,
Supply of Railway Materials & Stone Ballast,
All type of Bridges, Civil & Fabrication Work
Major Earthwork & Transportation Work
■ CORPORATE OFFICE ■
A-301, Safal Pegasus, Nr. Prahladnagar Garden,
100 Ft. Road, Nr. Kiran Motors, Satellite, Ahmedabad-15.
Ph. : 079-2909 6382 • Fax : 4006 7170
■ HEAD OFFICE ■
Plot No. 221, Ward No. 12/B, Shabkunj,
Shop No.-1, Gandhidham, Kutch-370 201.
Ph. : 02836-222620 Fax : 226358



**યોગેશભાઈ પેઈન્ટર**
મો. ૦૯૭૨૬૮ ૯૭૮૯૮, ૦૯૪૨૬૯ ૪૦૮૯૮
ફોન : (૦૨૮૪૮) ૨૫૨૯૧૮
**યોગી માર્બલ આર્ટ**
માર્બલ ઉપર જૈન ધર્મના તીર્થ પટ્ટ,
તીર્થની રચના, મૂર્તિ, પરિકર વગેરે
માર્બલ તથા અન્ય પથ્થર ઉપર સુંદર કોતરકામ કરી આપનાર
• સ્થળ •
રાજવાડી સોસાયટી,
આરીસા ભવનની પાછળ, આદિશ્વર ફ્લેટ પાછળ,
પ્લોટ નં.-૧૧, પાલિતાણા-૩૬૪ ૨૭૦.
**યોગેશ ચિત્રકલા મંદિર**
કેન્વાસ ઉપર જૈન ધર્મના તીર્થપટ્ટ બનાવનાર.



**ઘર ઘરની મીઠાઈ..**

REGD.T.M.
**હાથી છાપ ગોળ**
**શાહ હાથીભાઈ અજરામલદાસ**
જુના માધુપુરા, અમદાવાદ. ફોન : ૨૨૧૨૩૬૫૪

## આવો નિહાળીએ અવનવી પુસ્તકોની દુનિયા....

# નવભારત સાહિત્ય મંદિર

૨૦૨, પેલીકન હાઉસ, નટરાજ સિનેમા પાસે, આશ્રમ રોડ, અમદાવાદ-૩૮૦ ૦૦૯.
ફોન : ૨૬૫૮૩૭૮૭, ૨૬૫૮૦૩૬૫ • ફેક્સ : ૨૬૫૮૯૬૭૧

મહાવીર જૈન દેરાસર પાસે, પતાસાપોળ સામે, ગાંધી રોડ, અમદાવાદ-૩૮૦ ૦૦૧.
ફોન : ૨૨૧૩૨૯૨૧, ૨૨૧૯૯૨૫૩ ફેક્સ : ૨૨૧૬૪૬૭૬

| ક્રમ | પુસ્તકનું નામ | લેખક | કિંમત |
|---|---|---|---|
| ૧. | મારાં સપનાનું ભારત | અબ્દુલ કલામ | ૩૦૦.૦૦ |
| ૨. | ચાલો ગોવા જોવા | તારક મહેતા | ૧૧૫.૦૦ |
| ૩. | બાવાનો બગીચો | તારક મહેતા | ૧૨૫.૦૦ |
| ૪. | ચંદ્રકાન્ત બક્ષીની શ્રેષ્ઠ વાર્તાઓ | ચંદ્રકાન્ત બક્ષી | ૧૧૫.૦૦ |
| ૫. | પેરેલિસિસ | ચંદ્રકાન્ત બક્ષી | ૭૫.૦૦ |
| ૬. | ચિંતનની વિસ્તરતી ક્ષિતિજે | હર્ષદ પ્ર. શાહ | ૧૫૦.૦૦ |
| ૭. | કૃષ્ણાયન | કાજલ ઓઝા-વૈદ્ય | ૨૫૦.૦૦ |
| ૮. | વાત, આપણાં સહુની | વર્ષા પાઠક | ૧૫૦.૦૦ |
| ૯. | વાચા | જ્યોતિ ઉનડકટ | ૨૨૫.૦૦ |
| ૧૦. | સફળતાનો મંત્ર | કિશોર મકવાણા | ૧૬૦.૦૦ |
| ૧૧. | ચિંતનની પળે | કૃષ્ણકાન્ત ઉનડકટ | ૧૫૦.૦૦ |
| ૧૨. | દીકરી વહાલનો દરિયો | સં. વિનોદ પંડ્યા/કાન્તિ પટેલ | ૨૪૦.૦૦ |
| ૧૩. | ગીતાંજલિ : રવીન્દ્રનાથ ટાગોર | અનુ. શૈલેષ પારેખ | ૨૦૦.૦૦ |
| ૧૪. | ધ મન : સરશ્રી | અનુ. અનિલ ચાવડા | ૧૫૦.૦૦ |
| ૧૫. | અલગારી રખડપટ્ટી | રસિક ઝવેરી | ૭૫.૦૦ |
| ૧૬. | તારક મહેતાના ઊંધા ચશ્માં | તારક મહેતા | ૧૧૦.૦૦ |
| ૧૭. | શૂન્યતાનો અનુભવ : સરશ્રી | અનુ. અનિલ ચાવડા | ૧૦૦.૦૦ |
| ૧૮. | સાગરપંખી | અનુ. મીરાં ભટ્ટ | ૩૫.૦૦ |
| ૧૯. | જસ્ટ એક મિનિટ | રાજુ અંધારિયા | ૧૨૫.૦૦ |
| ૨૦. | શ્રીમદ્-ભગવદ્ ગીતા પરમસુખની પ્રાપ્તિ | ડૉ. દીપક કાશીપુરિયા | ૩૦૦.૦૦ |
| ૨૧. | વ્હાલી આસ્થા | કાજલ ઓઝા-વૈદ્ય | ૨૨૫.૦૦ |
| ૨૨. | પ્રિત કિયે સુખ હોય | જય વસાવડા | ૨૫૦.૦૦ |
| ૨૩. | ધ બિલિયન ડોલર બુક | યોગેશ ચોલેરા | ૨૯૫.૦૦ |
| ૨૪. | પ્રિય જિંદગી | સૌરભ શાહ | ૧૫૦.૦૦ |
| ૨૫. | આપ મુઆ પીછે ડૂબ ગઈ દુનિયા | આદિત્ય વાસુ | ૧૨૫.૦૦ |
| ૨૬. | મોરારિબાપુની શિક્ષણસંહિતા | સં. રામેશ્વરદાસ હરિયાણી | ૨૦૦.૦૦ |
| ૨૭. | દીકરી નામે અવસર | તુષાર શુક્લ | ૨૦૦.૦૦ |
| ૨૮. | સુખી હોવું એટલે... | રાજુ અંધારિયા | ૭૦.૦૦ |
| ૨૯. | તમે... સફળતાના શિલ્પી | રાજુ અંધારિયા | ૧૨૫.૦૦ |
| ૩૦. | માનવ-મન અને ધ્યાન | દેવજીભાઈ રા. રાઠોડ | ૨૦૦.૦૦ |
| ૩૧. | મારું સત્ય | સં. અંકિત ત્રિવેદી/હર્ષ બ્રહ્મભટ્ટ | ૨૨૫.૦૦ |
| ૩૨. | પરમસમીપે | કુન્દનિકા કાપડિયા | ૧૦૦.૦૦ |
| ૩૩. | ઝરૂખે દીવા | કુન્દનિકા કાપડિયા | ૮૫.૦૦ |
| ૩૪. | પૂછીને થાય નહીં પ્રેમ | તુષાર શુક્લ | ૧૨૫.૦૦ |
| ૩૫. | અંત વેળાએ | કુન્દનિકા કાપડિયા | ૮૫.૦૦ |
| ૩૬. | લવ અને મૃત્યુ | ચંદ્રકાન્ત બક્ષી | ૧૦૦.૦૦ |
| ૩૭. | નવદંપતી | ઈશ્વર પેટલીકર | ૨૦૦.૦૦ |
| ૩૮. | પ્રિય તમને.... | જયવતી કાજી | ૧૫૦.૦૦ |
| ૩૯. | બિલિપત્ર | સુરેશ ભટ્ટ | ૩૫૦.૦૦ |
| ૪૦. | પુરભુને પત્ર | અંકિત ત્રિવેદી | ૧૨૫.૦૦ |

E-mail : info@navbharatonline.com Visit us at : www.navbharatonline.com

## એપ્રિલ માસ દરમ્યાન દેશ-વિદેશની વિશિષ્ટ વ્યક્તિઓની જન્મ તારીખ

| *તારીખ* | *વર્ષ* | *વિશિષ્ટ વ્યક્તિનું નામ* |
|---|---|---|
| ૨ | ૧૮૦૫ | હાન્સ એન્ડરસન (ડેન્માર્ક) |
| ૨ | ૧૮૯૬ | હરીન્દ્રનાથ ચટ્ટોપાધ્યાય |
| ૨ | ૧૯૧૪ | એલેક ગિન્નીસ (બ્રિટન) |
| ૩ | ૧૮૫૬ | બૂકર ટી વોશિંગ્ટન (યુ.સ્ટે.) |
| ૩ | ૧૮૭૦ | અમૃતલાલ પઢિયાર |
| ૩ | ૧૮૯૨ | કપિલ પ. ઠક્કર |
| ૩ | ૧૯૦૩ | કમલાદેવી ચટ્ટોપાધ્યાય |
| ૫ | ૧૯૦૧ | ચંદ્રવદન ચી. મહેતા |
| ૬ | ૧૭૭૦ | વિલિયમ વર્ડ્ઝવર્થ (બ્રિટન) |
| ૭ | ૧૮૮૭ | રામનારાયણ વી. પાઠક (દ્વિરેફ) |
| ૭ | ૧૮૯૭ | વિજયરામ કે. વૈદ્ય |
| ૭ | ૧૯૨૦ | રવિશંકર (સિતારવાદક) |
| ૮ | ૧૮૦૨ | એલિયાસ લોન્નરોટ (ફિનલેન્ડ) |
| ૮ | ૧૯૧૫ | યશવંત પ્ર. શુક્લ |
| ૯ | ૧૮૮૪ | સ્વામી રામદાસ |
| ૯ | ૧૯૨૯ | શરણ રાણી |
| ૧૦ | ૧૯૦૪ | કુંદનલાલ (કે.એલ.) સાઈગલ |
| ૧૦ | ૧૯૪૦ | વર્ષા અડાલજા |
| ૧૧ | ૧૭૪૩ | ટોમસ જેફરસન (યુ.સ્ટે.) |
| ૧૩ | ૧૮૮૯ | આર્નલ્ડ ટોયન્બી (બ્રિટન) |
| ૧૩ | ૧૯૧૪ | રતુભાઈ મૂ. અદાણી |
| ૧૩ | ૧૯૧૭ | ભોગીલાલ જ. સાંડેસરા |
| ૧૪ | ૧૮૯૧ | ભીમરાવ આંબેડકર |
| ૧૪ | ૧૯૨૨ | અલી અકબરખાન |
| ૧૪ | ૧૯૨૨ | જ્યુથિકા રે |
| ૧૫ | ૧૪૫૨ | લિયોનાર્ડો દા વિન્ચી (ઈટલી) |
| ૧૫ | ૧૪૬૯ | ગુરુ નાનક |
| ૧૫ | ૧૮૬૨ | પ્રભાશંકર પટ્ટણી |
| ૧૫ | ૧૯૦૦ | ગગનવિહારી લ. મહેતા |
| ૧૬ | ૧૮૮૯ | ચાર્લી ચેપ્લિન (યુ.સ્ટે.) |
| ૧૬ | ૧૯૦૩ | ઝીણાભાઈ દેસાઈ 'સ્નેહરશ્મિ' |
| ૧૭ | ૧૯૧૪ | અદી મર્ઝબાન |
| ૧૮ | ૧૮૫૮ | ઘોંડો કેશવ કર્વે |
| ૧૯ | ૧૮૯૨ | તારાબહેન મોડક |
| ૨૦ | ૧૮૮૭ | યામિની રાય |
| ૨૧ | ૧૭૮૨ | ફ્રેડરિક ફ્રોબેલ (જર્મની) |
| ૨૧ | ૧૮૩૫ | નંદશંકર તુ. મહેતા |
| ૨૨ | ૧૭૨૪ | ઈમેન્યુઅલ કેન્ટ (જર્મની) |
| ૨૨ | ૧૮૭૦ | વ્લાદીમીર લેનિન (રશિયા) |
| ૨૨ | ૧૯૧૬ | યહૂદી મેનુહિન (બ્રિટન) |
| ૨૨ | ૧૯૩૨ | સ્વામી સચ્ચિદાનંદ |
| ૨૩ | ૧૮૫૮ | પંડિતા રમાબાઈ |
| ૨૪ | ૧૮૯૨ | ચાંપશી વી. ઉદ્દેશી |
| ૨૬ | ૧૬૬૦ | ડેનિયલ ડીફો (બ્રિટન) |
| ૨૬ | ૧૯૨૧ | હસિત હ. બુચ |
| ૨૮ | ૧૯૦૫ | ગોપાલદાસ જી. પટેલ |
| ૨૮ | ૧૯૧૩ | મેલવિલ ડીમેલો |
| ૨૯ | ૧૮૪૮ | રવિ વર્મા |
| ૨૯ | ૧૯૩૬ | ઝુબીન મહેતા |
| ૩૦ | ૧૮૭૦ | દાદાસાહેબ ફાળકે |
| ૩૦ | ૧૮૯૬ | આનંદમયી મા |
| ૩૦ | ૧૯૪૪ | સોનલ માનસિંહ |

***સંકલન : ગુલાબચંદ ધારશી રાંભિયા***

## ભૂલ સુધાર

મંગલ મંદિર, માર્ચ-૨૦૧૦ના અંકમાં પાના નં.-૩૨ પર "કચ્છના લોકપ્રિય નેતા : પ્રેમજી ભવાનજી ઠક્કર" વિશે એક લેખ લેવામાં આવેલ છે.

આ લેખ તેમની જન્મ શતાબ્દી અવસર (૧૯૧૦-૨૦૧૦) નિમિત્તે લેવામાં આવેલ છે.

ઉપરોક્ત લેખમાં તેમની જન્મતારીખ ૨૩મી માર્ચ, ૧૯૧૦ જણાવવામાં આવેલ છે.

શ્રી પ્રેમજીભાઈ ઠક્કરના અમદાવાદ સ્થિત સુપુત્ર શ્રી ઘનશ્યામભાઈ ઠક્કરે આ બાબતે ધ્યાન દોરેલ છે કે શ્રી પ્રેમજીભાઈની જન્મતારીખ ૨૩ માર્ચ, ૧૯૧૦ નહીં પરંતુ ૨૩ ઓગસ્ટ, ૧૯૧૦ છે.

મંગલ મંદિર આ ક્ષતિનો સ્વીકાર કરે છે અને થયેલ ક્ષતિ બદલ દિલગીરી વ્યક્ત કરે છે.

***– મુખ્ય તંત્રી***

*જ્ઞાન હૃદયમાં રહે છે, પુસ્તકોમાં નહિ.*


things go better with building
SL FABS
well-experienced
and innovative
technical department
design
experienced and
responsible
project manager
for site management.
execution
ACP Cladding
Dry Cladding
Canopy
Dome & Skylight
Sun-Breakers
SCP Fins
ACP Louvers
Glass Facade System
Stick Glazing
Spider Glazing
Semi Unit
Windows and Doors
Sliding & Folding Door System
Automatic Doors
SS Railings
Shower Cubical
uPVC Windows & Doors
our products
5-B, Girnar Society,
Behind P T College,
Opp River Front, Paldi,
Ahmedabad - 380001
(Gujarat - India)
M +91-98240 25659
+91-98255 22229
E info@slfabs.com
w www.salfabs.com

સ્વર્ણિમ ગુજરાત
મહા-મહોત્સવ

લેખાંક-૧

★ પ્રસવથી પ્રૌઢતા ભણીની સંઘર્ષયાત્રા ★

# 'મહાગુજરાત' રાજ્યના સંકલ્પ-બીજ અને પિંડ-વિકાસની મેઘધનુષી ભરતી-ઓટ

પંકજ પનવેલી

દેશને સ્વતંત્રતા ૧૯૪૭માં પ્રાપ્ત થયેલી. એ અરસામાં અમદાવાદમાંથી પ્રકાશિત થતાં અગ્રણી દૈનિકો, પૂરાં કદના, રાષ્ટ્ર ભાવનાથી રંગાયેલાં દૈનિકોમાંનું એક સ્વ. કકલભાઇ કોઠારીની માલિકી અને પ્રભાવશાળી સંચાલન હેઠળનું દૈનિક 'પ્રભાત' પણ હતું. કકલભાઇ કોઠારી અગાઉના રાણપર (સૌરાષ્ટ્ર)માંથી વર્ષો સુધી પ્રકાશિત થયેલાં સૌરાષ્ટ્ર અને ફુલછાબ સાપ્તાહિકો સાથે સંકળાયલા પત્રકારોનાં જૂથમાંના એક હતા. આ જૂથ અમૃતલાલ શેઠ, ઝવેરચંદ મેઘાણી અને એ સમયના ખૂંખાર પત્રકારોવાળું જૂથ હતું. પછીથી આ જૂથ 'ફુલછાબ' સ્કૂલ ઓફ જર્નાલિસ્ટ્સ તરીકે ગુજરાતી-ભાષી વાચકોમાં નીડર, સાહસિક, શક્તિશાળી પત્રકારો તરીકે ઘણું સુપ્રસિદ્ધ થઇ ચૂકેલું જૂથ હતું.

'પ્રભાત'નું અમદાવાદનું કાર્યાલય એ જમાનામાં અન્ય વર્તમાનપત્રોનાં કાર્યાલયોથી નિરાળું હતું. હજીયે સાવ ધંધાદારી વર્તમાનપત્ર બની ગયું નહતું. સૌરાષ્ટ્રની જૂની પરંપરા એ જાળવી રહ્યું હતું. દુઃખિયાનો એ વિસામો હતું. અન્યાય સામે ધા નાખવાનું એ સ્થાન હતું. એટલે સવિશેષ સૌરાષ્ટ્રના અને સામાન્યતઃ સમગ્ર ગુજરાતના કાર્યકરો ત્યાં પોતાનું સમજીને આવતા-જતા. કોઇ પણ અન્યાયની કે આપસીની વાત આવે તો માત્ર વર્તમાનપત્ર લખે નહીં, પણ અન્યાય-પ્રતિકારના સંગ્રામના શસ્ત્ર લેખે 'પ્રભાત' સાથે સંકળાયેલા પત્રકારો, કટાર લેખકો વગેરે તે ઉપાડી લેતા. પ્રભાતના તે વખતના સક્રિય, કકલભાઇ કોઠારીના પત્રકાર સાથીદારોમાં, મૂળ સૌરાષ્ટ્રના પણ પછી વાયા મુંબઇ, અમદાવાદમાં સ્થાયી થયેલા શ્રી ધનવંત ઓઝા પણ હતા. ઓઝા એક બહુશ્રુત, વિશાળ વાંચન, ચિંતન, મનનવાળા, વૈજ્ઞાનિક સમાજવાદમાં અખૂટ શ્રદ્ધાવાન, બહુ અનુભવી લેખક, પત્રકાર અને શિક્ષણક્ષેત્ર, રાજકીય ક્ષેત્ર, આર્થિક ક્ષેત્ર અને પ્રજાકીય આંદોલનાત્મક પ્રવૃત્તિઓના અનુભવોથી ઘડાયેલા ખંતીલા પત્રકાર પણ હતા. અહીં વર્ણન થનારા ઘણાં પ્રસંગો, ઘટનાઓ અને વિશ્લેષણોમાં એમનું નામ અને કામ વારંવાર ઝબકશે.

### • ડાંગની ભાષાનો વિવાદ :

'પ્રભાત'ના પ્રથમ વર્ષમાં તો કોઇ મોટી આપત્તિ આવેલી નહીં. અને કોઇ મોટી સમસ્યા ઊભી થયેલી નહીં, પણ ૧૯૪૯ના વર્ષમાં એક મોટી સંખ્યામાં 'પ્રભાત' સાથે સંકલિત પત્રકાર-જૂથ સામે આવેલી.

એ અરસામાં રાજ્યના મુખ્યમંત્રી, જેઓ હવે મુખ્ય પ્રધાન તરીકે સંબોધાતા, મુંબઇ રાજ્યના પંત પ્રધાન શ્રી બાલાસાહેબ ખેર અને એમના તે વખતના ગૃહમંત્રી શ્રી મોરારજીભાઇ દેસાઇ ડાંગ-વિસ્તારના ઉડતા પ્રવાસે ગયેલા. ડાંગના વહીવટની અને શિક્ષણની ભાષા વિશે તેઓ નિર્ણય કરવા માગતા હતા. પ્રવાસથી મુંબઇ પાછા ફરીને એમણે જાહેર કર્યું કે ડાંગની ભાષા મરાઠી છે. ભાષા અંગેનો નિર્ણય રાજકારણી પુરુષો કરે તે અજુગતું અને નિરર્થક હતું. એ નિર્ણય નિષ્ણાતોએ કરવો જોઇએ. ડાંગ જેવા આદિવાસી પ્રદેશમાં વિકસિત 'ભાષા' હોતી નથી. એ 'બોલી' હોય છે. કઇ ભાષા સાથે એ એ સંબંધ ધરાવે છે એ ભાષાશાસ્ત્રી કહી શકે. બીજા નિષ્ણાતોના અભિપ્રાયો પણ લેવા જોઇએ. લોકમતની અવગણના ન થવી જોઇએ.

આમ છતાં, તે વખતની મુંબઇ સરકારે નિર્ણય જાહેર કરી દીધો. માત્ર ચારેક લીટીની એક અખબારી યાદી વર્તમાનપત્રોના ટેલિપ્રિન્ટરો પર ઉતરી. એ વાંચતાં અનેક પત્રકારોને આંચકા લાગ્યા. ધનવંત ઓઝા પણ આવા પત્રકારોમાંના એક હતા. ડાંગ વિશે એ બધું તો જાણતા નહોતા પણ અભ્યાસુ પ્રકૃતિને કારણે એમની પાસે જે માહિતી હતી તેનું એટલું તારણ તો અવશ્ય નીકળતું હતું કે ડાંગની ભાષા મહદ્અંશે ગુજરાતીને મળતી છે. એ ભાષા અંગે પદ્ધતિસરનું સંશોધન ત્યારે કે ત્યાર પછી પણ કદાચ થયું નથી. ડાંગના પ્રદેશનો ભૌગોલિક, ઐતિહાસિક અને સાંસ્કારિક સંબંધ, ગુજરાત જોડે છે એટલે, મુંબઇ સરકારને બિનલોકશાહી પદ્ધતિનો અને અવૈજ્ઞાનિક રીતે આવો નિર્ણય કરવાનો અધિકાર નહોતો.

### • ડાંગ-ભાષા તપાસ સમિતિ :

કકલભાઇ કોઠારી સાથે ઓઝાની અને એમના જેવા બીજા સચેત પત્રકારોની ચર્ચા થઇ. અભ્યાસના કોઇ પ્રશ્નની વાત આવે તો કકલભાઇ અને એમનું નિકટનું પત્રકાર વર્તુળ

*જેનામાં આત્મવિશ્વાસ છે, તેની હારમાં પણ જીત છે.*

ઓઝાના અભ્યાસયુક્ત નિર્ણયને આવકારતા અને માન્ય રાખતા. એવું નક્કી થયું કે આ પ્રશ્ન વિષે ઓઝાએ 'પ્રભાત'નો તંત્રીલેખ લખવો જોઇએ. ઓઝાએ એક ટૂંકો પણ સરકારની અવળી નીતિની કડક સમાલોચના કરતો અગ્રલેખ લખ્યો.

બીજા જ દિવસના પ્રકાશનથી એ લેખ અમદાવાદમાં વંચાયો. 'ગુજરાતી સાહિત્ય સભા' સાથે સંકળાયેલા કાર્યકરોએ, પત્રકારોએ, કેળવણી ક્ષેત્ર સાથે સંકળાયલા કૉલેજ-પ્રોફેસરો, લેક્ચરર્સ, રાજકીય, સામાજિક ક્ષેત્રના સક્રિયોમાં ય વંચાયો અને ચર્ચાયો. સૌ વિચાર કરતાં થઇ ગયા, જે લેખનો આશય જ હતો : વાંચનારાઓને વિચારતા કરવાનો. આશય સારા પ્રમાણમાં બર આવ્યો.

ગુજરાત સાહિત્ય સભાએ તરત જ એક સભા બોલાવી. એમણે ડાંગની ભાષાના અગ્રણી તરીકે નહિંતર પણ જેઓ ગુજરાતભરમાં અને ગુજરાત બહાર પણ લોકપ્રિય અને પ્રસિદ્ધ હતા તેવા શ્રી ઇન્દુલાલ યાજ્ઞિકે પણ એ લેખ વાંચ્યો. વાંચતાં જ તેઓ 'પ્રભાત' કાર્યાલયે દોડી ગયા હતા. કોઠારી, ઓઝા અને બીજા પત્રકારો સાથે ચર્ચા કર્યા પછી એમણે જાતે ડાંગની મુલાકાત લેવાનું ઠરાવ્યું. તેઓ ડાંગ પણ પહોંચ્યા. ડાંગમાં વેપારીઓને, આદિવાસી કાર્યકરોને અને બીજા સંખ્યાબંધ લોકોને તેઓ મળ્યા. ગુજરાત સાહિત્ય સભાએ નીમેલી સમિતિ જે ડાંગની મુલાકાત લેવાની હતી, એ વિષે પણ એમણે ત્યાં વાત કરી. ત્યાંના લોકોએ સમિતિને બધી સગવડતા આપવાની તત્પરતા બતાવી.

- **સામ્યવાદી વિચારશીલોનું પ્રદાન :**

ઈંદુભાઈ પાછા આવ્યા પછી સમિતિને ડાંગ મોકલવાનું સરળ બન્યું. થોડા દિવસમાં સમિતિ ઉપડી. આ તપાસ - ચકાસણી - પ્રવાસ દરમ્યાન સમિતિના મંત્રી તરીકે ઓઝાએ સેવા આપી. પાછા આવીને સમિતિએ જે અહેવાલ ઘડ્યો એ પણ મહદ્ અંશે 'પ્રભાત'ની ઓફિસમાં ઘડાયો હતો. એ છપાયો પણ 'પ્રભાત'ના મુદ્રણાલયમાં હતો. તેના અહેવાલમાં સમિતિના સભ્યોની એક તસવીર પણ મૂકાઈ હતી. જેમાં બીજાઓની સાથે ઓઝા હોવા છતાંય, જ્યારે એ અહેવાલ પ્રસિદ્ધ થયો ત્યારે, જાણે ધનવંત ઓઝાને સમિતિ સાથે કે તેની તપાસ સાથે કંઈ જ સંબંધ ન હોય એ રીતનું લખાણ એમાં મૂકાયું હતું! જાહેર જીવનના 'પૂર્વગ્રહો કેવા પરિણામ લાવે છે તેનો એ નમૂનો હતો. ગુજરાતના તે વખતના જાહેર જીવનની અલ્પતાનો પણ નમૂનો હતો.

એ પછી તો ડાંગના આંદોલને તીવ્ર વેગ પકડ્યો. સ્થળે સ્થળે સભાઓ થવા માંડી. ઉગ્ર વિરોધ નોંધાવાતો થયો. દિલ્હી ખાતેના 'સર્વોચ્ચ' ગુજરાતી સરદાર વલ્લભભાઈ પટેલ પાસે પણ આ બધી વાત અને વિગતો મૂકવામાં આવી હતી. 'સર્વોચ્ચ' નંબર-૨, મોરારજી દેસાઈ જે ગૃહમંત્રી હતા અને વાતે વાતે ગુજરાત અને ગુજરાતના નામની દુહાઈઓ દેવાના આદિ હતા, તેમણે પણ રહસ્યમય રીતે આ બાબતે જાહેરમાં મૌન સેવ્યું હતું. અંતે ડાંગની ભાષા મરાઠી છે તેવો નિર્ણય તો સરકારે ફેરવ્યો નહોતો, પણ તેનો અમલેય થઈ શક્યો નહોતો. ગુજરાતના ગુજરાતીઓનાં અવમાનનો આ ઘૂંટડો પણ હોઠ સીવીને ગુજરાતીઓ ગળી ગયા હતા, પણ ગુજરાતીઓના પો-તા-ના ગુજરાત રાજ્યની તમન્ના વધુ ઉગ્ર બનતી થઈ હતી.

હવે અર્ધી સદી પછીના વિહંગાવલોકન કે સિંહાવલોકનના વિશ્લેષણમાં વિસ્મય પમાડે એવું રાજ્ય સ્થાપવાના બૌદ્ધિક સંકલ્પ - બીજારોપણમાં અને તેના પિંડ-વિકાસમાં, કોંગ્રેસીઓએ નહીં, તે વખતના હિંદુ મહાસભાવાદીઓ, જેમનો બદલાયેલો રાજકીય લિબાસ હવે બી.જે.પી. તરીકે ઓળખાય છે, તેઓ નહીં, આર.એસ.એસ. વાળાઓ નહીં, પણ ગુજરાતના સામ્યવાદી વિચારશીલોએ અત્યંત મહત્ત્વનું પ્રદાન કર્યું. તેની, અને બીજી વિગતો હવે પછીના લેખમાં વાંચી શકાશે.

*(ક્રમશઃ)*

**મો. ૦૯૯૩૦૬ ૬૦૨૪૨**

*કાયદાનું શિક્ષણ મેં એટલી સારી રીતે હાંસલ કર્યું કે કાયદાનો અભ્યાસ પૂરો થયા પછી મેં મારી કોલેજ પર દાવો માંડ્યો અને મારી સઘળી ટ્યૂશન ફી પાછી મેળવી....*

## ઝારાનો ભીષણ સંગ્રામ

**(અનુસંધાન : પાના નં.-૩૮ ઉપરથી ચાલુ)**

**કરી ભેદ કર્યા છે. ખુદાના દરબારમાં નથી કોઇ હિંદુ, નથી કોઇ મુસલમાન, સૌ ઇન્સાન છે.** બે મૂઠી અનાજ અથવા બે રોટલા બસ થાય, પણ માણસો સંઘરો કરી એકલા ભોગવવા માટે લડે છે. આ કાયા તો કાલે નહિ હોય તો પણ માણસો એના મોહમાં-સુંદરીના મોહમાં આપસ આપસમાં લડીને એકબીજાને કાપે છે. હું તો આજે પણ એ ખુદાના નૂરને કોઇ વાર યાદ કરું છું ત્યારે ખુદાની આલમમાં આવા કોમળ હૃદયના તથા મધુર સૂરોથી ખુદાને આરાધતા આત્માઓના સર્જન માટે ખુદાને ધન્યવાદ આપું છું.'

શાહ મંત્રમુગ્ધ બની સાંભળી રહ્યો હતો. જ્યારે સાંઇનો અવાજ બંધ પડ્યો ત્યારે એ મૂર્છામાંથી એકદમ જાગ્રત થયો અને 'આમીન!' એમ બોલી ઊઠ્યો. એની આંખમાંથી આંસુનું એક ટીપું ખરી પડ્યું.

*(ક્રમશઃ)*

## મારો દીકરો તો મારો શ્રવણ છે

'અમેરિકાના હ્યુસ્ટન શહેરમાં મારા જાહેર પ્રવચન પછી એક માતા-પિતા-પુત્ર-પુત્રવધૂ મને મળવા આવ્યા. નજીક આવ્યા ત્યારે મેં પિતાને કહ્યું કે 'આજનું છાપું વાંચ્યું? તમને મિલિયન ડોલરની લોટરી લાગી એવા સમાચાર હતા.'

પિતાને નવાઈ લાગી એટલે મેં તેમને કહ્યું કે 'અમેરિકામાં કે ભારતમાં આવી ઘટના વારંવાર બનતી નથી જેમાં માતા-પિતા-પુત્ર-પુત્રવધૂ એકસાથે પ્રવચન સાંભળવા સાથે જાય. તમે ભારે નસીબદાર છો.'

વાત સાંભળી પિતાએ આંખમાં આંસુ સાથે મને કહ્યું 'મારો દીકરો તો મારો શ્રવણ છે આ પ્રસંગ હું કદી ભૂલી શકું તેમ નથી.'

*ગુણવંત શાહ*

*('જનકલ્યાણ' ફેબ્રુઆરી ૧૦ના અંકમાંથી)*

*પ્રેષક : શાંતિલાલ સંઘવી*

*કેટલાક લોકોનું દિલ દરિયા જેવું વિશાળ હોય છે. જેમાં એક ચકલુંય પોતાની તરસ ના છીપાવી શકે!!!*

*અપીલ કરે તે શિષ્ય નહિ, દલીલ કરે તે દાસ નહિ, ભાંજગડ કરે તે ભક્ત નહિ.*

# પીપલ્સ ઈન્કવાયરી કમિટીનો નર્મદા પ્રોજેક્ટ અંગેનો રિપોર્ટ

● અશોક મહેતા ●

ગુજરાતના મોટા વિસ્તારમાં અનિયમિત ચોમાસુ અને પાણીની તંગીના કારણે નર્મદા નદીની આડે બંધ બાંધીને તેના પાણી ગુજરાતના નિયમિત વિસ્તારો ઉપરાંત સૂકા વિસ્તારોમાં પણ પહોંચાડવાનું એક સ્વપ્નું સેવવામાં આવ્યું. અને તેના કારણે ૧ મે, ૧૯૬૦ના ગુજરાત રાજ્યની સ્થાપના પછી તરતમાં જ એટલે કે ૫ એપ્રિલ, ૧૯૬૧ના તે વખતના ભારતના પ્રધાનમંત્રી શ્રી જવાહરલાલ નહેરુના વરદ્ હસ્તે આ પ્રોજેક્ટની શિલારોપણ વિધિ કરવામાં આવી. એ સમયે ગુજરાતના મુખ્ય પ્રધાન ડૉ. જીવરાજ મહેતા હતા.

મધ્ય પ્રદેશના છેક પૂર્વ વિસ્તારમાંથી એટલે કે જ્યાં ઉત્તર પ્રદેશની બોર્ડર મળે છે તે અમરકંટક પર્વતમાળામાંથી નર્મદા નદીનું અવતરણ થઇ, મધ્ય પ્રદેશ અને મહારાષ્ટ્ર રાજ્યમાંથી પાસ થઇ ૧૩૧૨ કિ.મી. લાંબી નર્મદા નદી ગુજરાતમાં ખંભાતના આખાતને મળે છે.

નર્મદા નદીના આડે ભરૂચથી આગળ એક બંધ બાંધી તેના પાણીથી ગુજરાતના ૧૬ જિલ્લાના ૩૩૦૦ ગામની ૧૮ લાખ હેક્ટર જમીનને સિંચાઇના પાણી પહોંચાડવાના અને એ ૧૬ જિલ્લાના ૧૩૫ શહેર તથા ૮૨૧૫ ગામડાની અંદાજિત ૨૦ લાખની વસતિને પીવાના પાણી પહોંચાડવાના અંદાજિત રૂા. ૬૦૦૦ કરોડની પ્રોજેક્ટ કિંમતથી જરૂરી આયોજનો નક્કી કરવામાં આવેલ હતા.

કેટલાક ચડાવ-ઉતાર પછી આ યોજનાનું ખરેખર કામ ૧૯૮૭માં શરૂ થઇ શક્યું અને વર્ષ ૧૯૮૮માં ગુજરાત સરકાર દ્વારા 'સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેડ'ની સ્થાપના કરી તેને આ પ્રોજેક્ટનો સંપૂર્ણ કારોબાર સોંપવામાં આવ્યો.

વિશાળ રાષ્ટ્રીય હિત જેમાં રહેલ છે તે રાષ્ટ્રીય હિત વાળી રૂા. ૬૦૦૦/- કરોડના શરૂઆતના અંદાજની યોજના કે જે દસેક વર્ષમાં પૂરી થઇ જવી જોઇતી હતી તે આજે ૨૨ વર્ષ બાદ રૂા. ૨૭૦૦૦ કરોડના ખર્ચ બાદ પણ ૧૮ લાખ હેક્ટરમાં સિંચાઇના પાણી પહોંચાડવાના બદલે માત્ર અંદાજિત એક લાખ હેક્ટરમાં સિંચાઇના પાણી પહોંચાડી શકેલ છે અને તેની અનેક અક્ષમતાઓ બહાર આવતા જાહેર જનતામાં સારો એવો ઉહાપોહ શરૂ થયેલ. એ વાત પણ બહાર આવી કે ટોટલ ૮૫,૮૯૮ કિલોમીટરની લંબાઇના કેનાલના નેટવર્કમાંથી અત્યાર સુધી માત્ર ૧૯,૮૩૬ કિલોમીટરની લંબાઇના કેનાલના કામો થયેલ છે અને હજુ પણ આજની કિંમતે બીજા રૂા. ૨૨૦૦૦/- કરોડના ખર્ચે બાકી યોજના પૂરી થઇ શકે તેમ છે.

જાહેર જનતામાં ઉહાપોહ વધતા અનેક લોકોને આ પ્રોજેક્ટના ઊંડાણમાં જવાની જરૂરિયાત લાગી. 'ટાટા ઈન્સ્ટિટ્યૂટ ઓફ સોશિયલ સાયન્સ' - ટીઆઇએસએસ (TISS) આ પ્રોજેક્ટના ઊંડાણમાં ગઇ અને તેનો સમગ્રતયા અભ્યાસ કરી, ૨૦૦ પાનાનો એક રિપોર્ટ તૈયાર કર્યો. આ રિપોર્ટના કારણે આ પ્રોજેક્ટમાં આચરવામાં આવેલ અનેક ગેરરીતિઓ બહાર આવી. આ ગેરરીતિઓનું વિવરણ આજ સામયિકમાં 'સંશોધન લેખશ્રેણી'ના નેજા હેઠળ છેલ્લા છ હપ્તાથી શ્રી પ્રવીણચંદ્ર શાહ દ્વારા આલેખવામાં આવે છે. ટી.આઇ.એસ.એસ.ના સમગ્રતયા અભ્યાસ બાદ પ્રસારિત કરવામાં આવેલ રિપોર્ટના આધારે મંગલ મંદિરમાં જે વિગતો છપાઇ રહેલ છે તેનાથી જાહેર જનતાને આચરાયેલી ગેરરીતિઓની માહિતી મળતી રહેલ છે.

એજ રીતે ગુજરાતની જાહેર હિત સાથે સંકળાયેલ (૧) **પીપલ્સ યુનિયન ઓફ સિવિલ લિબર્ટીઝ,** (૨) **ગુજરાત સર્વોદય મંડળ,** (૩) **ઓલ ઇન્ડિયા સીક્યુલર ફોરમ-ગુજરાત,** (૪) **જનપથ,** (૫) **મોઝાદા પરિવાર,** (૬) **પીપલ્સ મુવમેન્ટ ઓફ ઇન્ડિયા** અને (૭) **સૌરાષ્ટ્ર-કચ્છ લોકહિત સંઘર્ષ સમિતિ** નામની સાત સંસ્થાઓએ એકત્રિત થઇ આ પ્રોજેક્ટમાં આચરવામાં આવેલ ગેરરીતિઓના ઊંડાણમાં જવા અને વિશાળ રાષ્ટ્રીય હિત ધરાવતી આ મહાયોજના આટલા વર્ષો પછી પણ પૂરી ન થઇ શકવાના કારણો તપાસવા ૯ સભ્યની એક 'પીપલ્સ ઈન્કવાયરી કમિટી' નીમી કે જેમાં નીચે મુજબના વિવિધ ક્ષેત્રના તજજ્ઞોનો સમાવેશ કરવામાં આવેલ.

(૧) રિટાયર્ડ જસ્ટીસ શ્રી ડી.જી. કારિયા (ચેરમેન), (૨) શ્રી અશ્વિન ઝીંઝુવાડિયા (જર્નાલિસ્ટ-મુંદ્રા), (૩) શ્રી અમી માંકડ (પર્વાહ), (૪) શ્રી બાલેન્દ્ર વાઘેલા (સામાજિક કાર્યકર-રાજકોટ), (૫) શ્રી દિગંત ઓઝા (મેમ્બર સેક્રેટરી), (૬) શ્રી ગૌતમ ઠાકર (પીપલ્સ યુનિયન), (૭) શ્રી હરીનેસ પંડ્યા (જનપથ), (૮) શ્રી રજની દવે (ગુજરાત સર્વોદય મંડળ) અને (૯) શ્રીમતી સ્વાતિ (મોઝાદા પરિવાર).

**આ સમિતિની આઠ મહિના ચાલેલી પ્રક્રિયામાં ૮ જેટલી જનસુનવાઇઓ કરેલ હતી કે જેમાં અંદાજિત ૩૦૦૦ જેટલા ખેડૂતો તથા પાણી વાપરનારાઓએ પોતાની વિગતો રજૂ કરેલ હતી.** તેઓએ માહિતી અધિકાર હેઠળ કેટલીક વિગતો મેળવેલ હતી. પાણી વાપરનારા અને ખેડૂતો પાસેથી સોગંદનામા મેળવેલ હતા. અને ત્યારબાદ તૈયાર કરેલ ૧૩૬ પાનાનો રિપોર્ટ કેન્દ્ર સરકારના જલસંશાધન મંત્રી શ્રી પવનકુમાર બંસલ સમક્ષ રજૂ કરવામાં આવેલ હતો અને કેન્દ્ર સરકારના પ્રધાનમંડળના ૫ ગુજરાતી પ્રધાનોને પણ આ અહેવાલ સુપરત કરવામાં આવેલ હતો.

*ગુસ્સાનો આરંભ મૂર્ખાઈથી થાય છે અને અંત પશ્ચાતાપથી આવે છે.*

આ રિપોર્ટ પર નજર ફેરવતા તેના પાને પાને આ પ્રોજેક્ટમાં આચરવામાં આવેલ ગેરરીતિઓ અને ક્ષતિઓના વર્ણન કરવામાં આવેલ છે. વિશાળ જનહિતના પ્રોજેક્ટની થયેલ દુર્દશાના ચિતાર આપવામાં આવેલ છે.

**સમિતિના રિપોર્ટ પ્રમાણે આ પ્રોજેક્ટ પૂર્ણ કરવા નર્મદા નિગમના અધિકારીશ્રીઓ તરફથી ગંભીર બેદરકારી દાખવવામાં આવેલ છે અને આ એકમાત્ર કારણના કારણે આ પ્રોજેક્ટનો સમયગાળો લંબાઈ રહેલ છે.** કોઈપણ મજબૂત કારણ વગર વારંવાર એક્સ્ટેન્શન માટે માંગણી કરવામાં આવેલ છે. આયોજન પંચ સમક્ષ ગુજરાત સરકારે છેવટે ૨૦૦૭માં પ્રોજેક્ટ પૂરો કરવાની મુદત માંગેલ પરંતુ તે સમયગાળા દરમ્યાન પણ તેને પરિપૂર્ણ કરવામાં આવેલ નથી. હાલે વર્ષ ૨૦૧૪-૨૦૧૫માં પૂરો કરવામાં આવશે તેવી જાહેરાત કરવામાં આવેલ છે. રૂા. ૬,૦૦૦ કરોડના મૂળ અંદાજની સામે અત્યાર સુધી રૂા. ૨૯,૦૦૦ કરોડ ખર્ચાઈ ચૂકેલ છે. રૂા. ૨૨,૦૦૦ કરોડના કામ બાકી છે. ૮૫,૮૯૮ કિ.મી. લાંબી કેનાલો બાંધવાની સામે માત્ર ૧૯,૮૩૬ કિ.મી.ની જ કેનાલો બંધાઈ છે. ૧૮ લાખ હેક્ટરમાં સિંચાઈના પાણી પહોંચવાના બદલે માત્ર ૧ લાખ હેક્ટરમાં સિંચાઈના પાણી પહોંચેલ છે. ૧૯૯૦ના દાયકામાં જયાં ૧૧૦૦૦ એન્જિનિયર્સ કામ કરતા હતા ત્યાં ૨૦૦૯માં માત્ર ૩૦૦૦ એન્જિનિયરો કામ કરે છે. કેગના રિપોર્ટ પ્રમાણે કોન્ટ્રાક્ટર્સ જયપ્રકાશ એસોસિએટ્સ તથા હરીશ્ચંદ્ર લિમિટેડની અકારણ તરફેણ કરી મોટા એમાઉન્ટની રકમ ચૂકવવામાં આવેલ છે. **માઈનોર, સબ માઈનોર તથા ડિસ્ટ્રિબ્યૂટરી કેનાલો મોટાભાગે બાંધવામાં જ આવેલ નથી.** તેથી ખેતરો સુધી પાણી પહોંચાડવાનો પ્રશ્ન જ ઊભો થતો નથી. ૧૧૯૨ "પાણી મંડળી" રચવામાં આવેલ છે પરંતુ એક પણ મંડળીએ ફિલ્ડ કેનાલો બાંધેલ જ નથી. આ બધી મંડળીઓ સુષુપ્ત અવસ્થામાં છે. પરિણામ એ આવેલ છે કે મેઈન કેનાલ તથા બ્રાંચ કેનાલો પર ૭૫,૦૦૦ જેટલા ડીઝલ પંપો મૂકી, ખેડૂતો ગેરકાયદેસર રીતે પોતાના ખેતરોમાં સિંચાઈના આ પાણી લઈ જવા મજબૂર થયેલ છે. **વર્ષ ૨૦૦૧ પછી કોઈપણ પ્રકારના અવરોધ ન હોવા છતાં કેનાલોના કામોની ઝડપ માત્ર ૩ ટકા જેટલી જ રહેવા પામેલ છે.**

કેનાલોના બાંધકામ એટલા હલકા પ્રકારના કરવામાં આવેલ છે કે છેલ્લા ૮ વર્ષમાં આ કેનાલોમાં ૩૦૮ વખત ભંગાણ પડેલ છે. વર્ષ ૨૦૦૮માં મહેસાણા જિલ્લાના કડી તાલુકાના સુજાણપુર ગામ પાસે ૨૧ મીટર લાંબું ભંગાણ પડ્યું કે જેના કારણે આજુબાજુના ૧૬ ગામડાંઓને ગંભીર અસર થયેલ હતી. વર્ષ ૨૦૦૯માં માળિયા બ્રાંચમાં ૩૫ મીટર લાંબું ભંગાણ પડેલ કે જેના કારણે કેટલાયે દિવસો સુધી રાજકોટ, જામનગર તથા કચ્છને પીવાના પાણીનો સપ્લાય પહોંચાડી શકાયેલ ન હતો.

મૂળ પ્લાનિંગ પ્રમાણે માત્ર સૌરાષ્ટ્ર બ્રાંચ કેનાલ તથા કચ્છ બ્રાંચ કેનાલમાં પમ્પિંગ દ્વારા પાણી પહોંચાડવાના આયોજનો હતા. બાકી કેનાલો ગ્રેવિટીના ધોરણે કામ કરવાની હતી. આ પ્લાનિંગમાં ફેરફાર કરી ઈલેક્ટ્રિસિટીના ધોરણે અને પાઈપ લાઈનના ધોરણે પાણી પહોંચાડવાના આયોજનો કરવામાં આવી રહેલ છે. પીવાના પાણીની, ઔદ્યોગિક વપરાશના પાણીની તથા સિંચાઈના પાણીની જે વોટર ડિસ્ટ્રિબ્યૂશન પદ્ધતિ નક્કી કરવામાં આવેલ તેમાં મૂળભૂત રીતે ફેરફાર કરી નાંખવામાં આવેલ છે. અલગ અલગ પ્રકારના ઉદ્યોગોને અલગ અલગ ભાવથી પાણી આપવામાં આવે છે જે ન્યાયી ડિસ્ટ્રિબ્યૂશન પદ્ધતિ રહેવા પામેલ નથી.

મૂળ પ્રક્રિયામાં ૧.૦૬ M.A.F. પાણી ડોમેસ્ટિક વપરાશ માટે ફાળવવામાં આવેલ કે જેમાં ૦.૮૬ M.A.F. પાણી શહેર તથા ગામડાંમાં પીવાના પાણી તરીકે અને ૦.૨ M.A.F. પાણી ઉદ્યોગોના વપરાશ માટે ફાળવવામાં આવેલ. **હવે ઉદ્યોગોના પાણીનો ક્વોટા પાંચ ગણો વધારીને ૧.૦ M.A.F. કરવામાં આવેલ છે.** તેનો મતલબ એ થાય છે કે કાં તો પીવાના પાણીમાં અને નહિં તો સિંચાઈના પાણીમાં કાપ આવશે.

નાણાકીય શિસ્તની ગેરહાજરીની પણ નોંધ લેવામાં આવેલ છે. તેના અનુસંધાને સુજલામ્ સુફલામ્ જેવા અનેક દાખલા ટાંકવામાં આવેલ છે. ફેબ્રુઆરી-૨૦૦૪માં મુખ્ય મંત્રીશ્રીએ રૂા. ૬૦૮૮ કરોડના બજેટવાળી સુજલામ્ સુફલામ્ યોજના જાહેર કરી (જે ઓરીજિનલ પ્લાનિંગમાં ન હતી.) આ યોજના પ્રમાણે ૨૮૦ કિ.મી. લાંબી કેનાલ બાંધી, તેમાં ૭૦૦ મિલિયન ક્યુબિક મીટર ફ્લડ વોટર વહેવડાવી તેને બનાસ નદીના બેઝીનમાં ઠાલવવામાં આવે કે જેના કારણે ૨૧ સૂકી નદીઓને રિચાર્જ કરવામાં આવે તથા હજારો તળાવમાં પાણી ઠાલવવામાં આવે. આ પ્રોજેક્ટમાં મોટા પાયે ગેરરીતિઓ આચરાયાની ચારેબાજુથી બૂમ ઊઠી. પરિણામે ૧૫ ધારાસભ્યોની એક પબ્લિક એકાઉન્ટ કમિટી નીમવામાં આવી કે જેમાં શાસક બી.જે.પી. પક્ષના ૧૦ ધારાસભ્યો અને વિરોધપક્ષના ૫ ધારાસભ્યોનો સમાવેશ કરવામાં આવેલ. **આ કમિટીએ જે રિપોર્ટ રજૂ કરેલ તેને આજ દિવસ સુધી ગૃહના ટેબલ પર મૂકવામાં જ આવેલ નથી.**

કચ્છ બાબત આ સમિતિએ જણાવેલ છે કે કચ્છની પ્રજાની માન્યતા છે કે આ ડેમની ઊંચાઈ એટલે વધારવામાં આવેલ કે જેના કારણે કચ્છ જેવા સૂકા પ્રદેશને પૂરતા પ્રમાણમાં પાણી પહોંચાડી શકાય. અન્ય તરફ કચ્છ માટે માત્ર ૧,૧૨,૭૭૮ હેક્ટરમાં જ ૦.૫ M.A.F. પાણી પહોંચાડવાના આયોજનો વિચારાયેલ છે. બીજી તરફ કચ્છમાં ૨,૮૭,૯૪૮ હેક્ટર ફોરેસ્ટ લેન્ડ, ૭૦,૦૫૮ હેક્ટર ઘાસિયા જમીન, ૬,૪૪,૯૬૬ હેક્ટર ફાર્મિંગ લેન્ડ અને ૩,૪૮,૧૭૯ હેક્ટર ફર્ટાઈલ પણ બૅરન લેન્ડ છે. ફર્ટાઈલ બૅરન લેન્ડ સમગ્ર ગુજરાતના ૮૦ ટકા માત્ર કચ્છમાં જ છે. આટલા પ્રકારની જમીન સામે જે પાણી ફાળવવામાં આવેલ છે, તે ખૂબ જ ઓછા છે. કચ્છીઓએ પ્રથમ વાટાઘાટ દ્વારા અને ત્યારબાદ કોર્ટ કેસ દ્વારા આ પ્રશ્નને સુલઝાવવા પ્રયાસ કરેલ છે. સરકારે સહાનુભૂતિપૂર્વક વર્તન કરી કચ્છીઓની માંગને અનુકૂળ થવા પ્રયાસ કરવો જોઈએ.

**ગુજરાત રાજ્યમાં નર્મદાના પાણી ફાળવાયેલ ૧૬ જિલ્લામાંથી ૧૫ જિલ્લામાં કેનાલોના કામ વધતા-ઓછા અંશે કરવામાં આવેલ છે. એકમાત્ર કચ્છ જિલ્લો એવો**

*પ્રધાન આચાર્યોના હાથમાં જેટલી શક્તિ હોય છે તેટલી શક્તિ પ્રધાનમંત્રીના હાથમાં પણ હોતી નથી.*

**છે કે જ્યાં ૫૧૩૦ કિ.મી.ની કેનાલના આયોજનો સામે એક પણ કિ.મી.ની કેનાલના કામો પૂરા કરવામાં આવેલ નથી.**

અહીંની પ્રજાની માંગ છે કે જો અન્ય છેડેથી કામ શરૂ કરવામાં આવે તો જ કચ્છને પાણી પૂરું પાડવાના સરકારશ્રીના આયોજનોમાં વિશ્વાસ બેસી શકે.

અત્યાર સુધી કચ્છ બ્રાંચ કેનાલના કાર્યો પૂરા કરવાની ચારેક અવધિ નર્મદા નિગમ તરફથી અપાઈ ગયેલ છે. કામ પૂરું કરવાના તો બાજુ પર રહ્યા પરંતુ નર્મદા નિગમ યોગ્ય રીતે કચ્છમાં કેનાલના કામોની શરૂઆત જ કરાવી શકેલ નથી. છેલ્લા વચન પ્રમાણે આ અવધિ ૨૦૧૪-૨૦૧૫ની આપવામાં આવેલ છે. પરંતુ હજુ સુધી કોઈપણ પ્રકારના ટેન્ડરો બહાર પાડવામાં આવેલ નથી. **પમ્પિંગ સ્ટેશનોના માત્ર આવેલ બે ટેન્ડરોની સ્ક્રુટિની છેલ્લા ૩-૪ વર્ષથી ચાલુ છે. આ સ્ક્રુટિની ક્યારે પૂરી થશે તે તો નર્મદા નિગમના અધિકારીઓ જ કહી શકે.**

કચ્છના ૯૪૮ ગામ તથા ૧૦ શહેરોને ૧૫૦ MLD પાણી તથા ઉદ્યોગોને ૫૦ MLD એમ ટોટલ ૨૦૦ MLD પાણી ફાળવવામાં આવેલ છે. **આ પાણી હાલે માળિયા બ્રાંચ કેનાલમાંથી આપવામાં આવે છે. પરંતુ કોઈપણ સમયે ૧૩૦ MLDથી વધુ પાણી કચ્છને પહોંચાડવામાં આવેલ નથી. ઉપરોક્ત પાણીમાંથી ૯૦ MLD પાણી ઉદ્યોગોને આપવામાં આવે છે. બાકી ૪૦ MLD જેટલા પાણી કચ્છના શહેરો અને ગામડાંમાં આપવામાં આવે છે કે જે ખૂબ જ અપૂરતા પ્રમાણમાં છે.** આ પાણી પણ ખૂબજ અનિયમિત છે. કચ્છની ૨૦૦ MLDની પાઈપ લાઈનમાં વચ્ચે ભચાઉ પાસે અંદાજિત ૨૦ કિ.મી.માં ૧૫૦ MLDની પાઈપ લાઈન છે. તેથી કચ્છને કોઈપણ સંજોગોમાં ૧૫૦ MLDથી વધુ પાણી પહોંચાડી શકાય તેમ જ નથી. કચ્છના ગામડાની પ્રજા પીવાના પાણી વિના વલખા મારે છે. અન્ય તરફ કચ્છના ઉદ્યોગોને ૩૫૦ MLD પાણી જોઈએ છે. તે સામે ૯૦ MLD પાણી નર્મદા પાઈપ લાઈનમાંથી ફાળવવામાં આવે છે. બાકી પાણી કચ્છના ભૂગર્ભનું વપરાય છે કે જે કાયદાની વિરુદ્ધ છે. કાયદાના ભંગ સામે કોઈ પગલા લેવામાં આવેલ નથી.

કચ્છને ફાળવવામાં આવેલ વધારાના ૧.૦ M.A.F. પાણીમાંથી ખરીફ સીઝનમાં ૩,૩૦,૯૮૦ હેક્ટર જમીનમાં સિંચાઈ કરવાના અને રવી સીઝનમાં ૪૬,૯૪૦ હેક્ટર જમીનમાં સિંચાઈ કરવાના આયોજનો વિચારાયેલ છે **પરંતુ જ્યારે જળસિંચાઈ વિભાગમાં પૂછવામાં આવે છે ત્યારે છેલ્લા બે વર્ષથી એક જ પ્રકારનો જવાબ મળે છે કે કેનાલોના કામોના સર્વે તથા ડિઝાઈન કરવાના ટેન્ડરોના ખર્ચના અંદાજ મંજૂરી અર્થે મૂકવામાં આવેલ છે. એ મંજૂરી હજુ મળવાની બાકી છે.** સરકારશ્રી આ ખર્ચ મંજૂર કરે. ત્યારબાદ સર્વે તથા ડિઝાઈન અંગેના ટેન્ડરો મંગાવવામાં આવે, ટેન્ડર ભરાઈ ગયે કોઈ એક એજન્સીને કામ સોંપવામાં આવે. એ એજન્સી સરકારને પોતાનો રિપોર્ટ આપે. ત્યારબાદ કામોના આયોજનો વિચારવામાં આવે. ત્યારબાદ કેનાલ બાંધકામના ટેન્ડરો બહાર પાડવામાં આવે. કોન્ટ્રાક્ટરોને કામ સોંપવામાં આવે. બધા જ કામ પૂરા થયે, એ કેનાલોમાં વધારાના પાણી કચ્છ માટે વહાવવામાં આવે. આનો અર્થ એ થાય કે આ લેખ વાંચનાર પેઢી, આ પાણી કચ્છમાં વહેતા જોઈ ના શકે. અન્ય પેઢીને તે કામ આવે – એ સમયે જો નર્મદા નદીમાં વધારાના પાણી હોય તો.

ઉપરોક્ત રિપોર્ટ તૈયાર કરવામાં પીપલ્સ ઈન્ક્વાયરી કમિટીએ ખૂબ જહેમત ઉઠાવેલ છે. તેઓએ માત્ર ગેરરીતિ સામે આંગળી ચીંધેલ નથી પરંતુ તેની સામે શું પગલાં લેવાં તેનું પણ સૂચન કરેલ છે.

*મુખ્ય સૂચનો નીચે મુજબ છે :*

૧. સરકારે કામ પૂરા કરવાની અવધિની ફાઈનલ તારીખ જાહેર કરવી જોઈએ અને કોઈ પણ સંજોગોમાં તેનો અમલ કરાવવો જોઈએ.

૨. નાગરિકોની એક મોનીટરિંગ કમિટીની નિમણૂક કરવી જોઈએ કે જેમાં ચૂંટાયેલા પદાધિકારીઓ, નર્મદા નિગમના ભૂતપૂર્વ અધિકારીઓ તથા સામાજિક સંસ્થાના અધિકારીઓનો સમાવેશ કરવામાં આવે અને તેઓ સમયાંતરે કામનું નિરીક્ષણ કરી, જરૂરી પગલાં સૂચવે કે જે સરકારશ્રીને બંધનકર્તા હોય.

૩. CAGના રિપોર્ટનો નર્મદા કન્ટ્રોલ ઓથોરિટી ચુસ્તપણે અમલ કરાવડાવે.

૪. છેલ્લા આઠ વર્ષમાં કેનાલોમાં જે ૩૦૮ વખત ગાબડા પડેલ છે તે ખૂબ જ ગંભીર પ્રકાર છે. કામની ક્વોલિટી જાળવવી ખૂબ જ જરૂરી છે. તેના માટે યોગ્ય પગલાં ભરવામાં આવે.

૫. સરકારશ્રીએ નાણાકીય શિસ્ત સંપૂર્ણપણે જાળવવી જોઈએ.

૬. ચાલુ કેનાલોના મેઈન્ટેનન્સ સમયે - સમયે થવા જોઈએ. લાઈનિંગ વર્ક સંપૂર્ણપણે પૂરું કર્યા બાદ જ તે કેનાલોનો ઉપયોગ કરવામાં આવે. ડ્રેઈનેજની સગવડ પણ પૂરતા પ્રમાણમાં કરવામાં આવે.

૭. ઉંદરોના કારણે કેનાલોમાં ભંગાણ પડે છે તેવા મનઘડંત કારણો બતાવવાથી નર્મદા નિગમે દૂર રહેવું જોઈએ અને વધુ ભંગાણ ના પડે તે પ્રકારના કામની ગુણવત્તા જળવાવી જોઈએ.

૮. નર્મદા, સાબરમતી અને સરસ્વતીના પાણીના સંગમ કરવા જેવી લાગણીવેડાની વાતથી સરકારે દૂર રહેવું જોઈએ. તેનાથી કોઈના ખોટા હક્કો ઉત્પન્ન થઈ શકે છે કે જે કોઈપણ સંજોગોમાં ઈચ્છવા યોગ્ય નથી.

૯. પાણી સમિતિઓને કાર્યરત કરવાની તાતી જરૂરિયાત છે.

આ પ્રકારનાં અન્ય અનેક સૂચનો સમિતિએ પોતાના રિપોર્ટમાં કરેલ છે.

સમિતિની મહેનત દાદ માંગી લે તેવા પ્રકારની છે. સમિતિએ અનેક ગેરરીતિઓને બહાર કાઢેલ છે. આપણે ઈચ્છીએ કે સરકારશ્રી આ સમિતિના રિપોર્ટ પર કોઈપણ જાતના ભેદભાવ દાખવ્યા વગર પગલા ભરે કે જે ગુજરાતની જનતાના અને સરકારના પોતાના પણ હિતમાં હશે. ■

*માણસની મોટામાં મોટી જરૂરિયાત શિક્ષણ નહીં પણ ચારિત્ર્ય છે અને તે જ તેનો રક્ષક છે.*

# મુંદ્રા પોર્ટ અને આપણે

હવે મુંદ્રા એક ભારત વર્ષનો ખાનગી ટ્રેડ પોર્ટ છે. જ્યાં આસપાસના ૧૨-૧૫ કિ.મી. એરીયામાં માનવ વસ્તી ઉમટે તે પહેલાં એક સુવર્ણ તક રહેઠાણ ક્ષેત્રે દસ લાખથી વધુ માનવ વસ્તીનું વસવાટ બે ત્રણ વર્ષમાં રોજગારી/આજીવિકા હિસાબે સંભવ બનેલ છે. જેમાં વાંકી તીર્થ વધુ યોગ્ય પ્રદૂષણ મુક્ત છે. જ્યાં સન ડેવલોપર્સની સનસીટીમાં ફક્ત ૨૦૦૦ (બે હજાર) ૧૦૦ ચોરસ વારના પ્લોટો ફક્ત માસિક રૂા. ૯૦૦ના હિસાબે, ૬૦ માસ સુધી ભરી પ્લોટના માલીક બનો. એક સાથે રકમ ભરનારને ફાયદાની વ્યવસ્થા છે. માસિક બક્ષીસો ડ્રો પધ્ધતિથી કરેલ છે.

## મુંદ્રા પોર્ટ આસપાસ વસવાટના ફાયદા

★ એશિયાના મોટામાં મોટા ખાનગી પોર્ટ સાથે એસ.ઈ.ઝેડ. (S.E.Z.) ૧૩,૦૦૦થી વધુ મેગાવોટની ક્ષમતાવાળા પાવર પ્રોજેક્ટ.
★ કાર પ્રોડક્શન માટે નિયત થતી જગ્યાઓ, એલ.એન.જી. કું.ના મહાકાય ગેસ પ્લાન્ટની થતી તૈયારીઓ.
★ ૩૦થી વધારે ૫-૪ સ્ટાર સાથે ધમધમતો હોટલ ઉદ્યોગ. આયાતી લાકડાનું પરીવહન.
★ મહાકાય સ્ટીલ પ્લાન્ટો, ૬ લાઈન નેશનલ હાઈવેથી જોડાતા બંદરો, ડબલ ટ્રેક રેલ્વે લાઈન.
★ દિવસ રાત લોડિંગ - અનલોડિંગ ટ્રાન્સપોર્ટ ઉદ્યોગ - કન્ટેનર યાર્ડથી ધમધમતો એકમાત્ર બંદર.
★ ૧૨૦ એકરથી વધારે વિસ્તારમાં. ભારત ફોર્જ અને અલ્ટ્રોમના પાવર પ્રોજેક્ટના ઉપકરણો બનાવતું યુનીટ.
૧ લાખથી વધારે રોજી મેળવતા કામદારો, જે ટુંક સમયમાં ૧૦ લાખની ઉપર થવાની શક્યતા.

**WELCOME TO MUNDRA at KUTCH.**

**જે રોજીરોટી માટે કરેલી હિજરતને અટકાવી આવનારી પેઢીને આવકારશે.**

*બ્રોચર / કી-પ્લાન અમારા નીચે મુજબ સ્થળેથી મળી શકશે.*

**શ્રી ભલારા દાદા એસ્ટેટ એજન્સી - ગાંધીધામ**

SUN ડેવલોપર્સના ઓથોરાઈઝ્ડ બુકિંગ એજન્ટ

ગાંધીધામ : L. B. Momaya - 098253 51001, H. N. Shah - 098252 63287
Swaraj Momaya - 097122 04390

મુંબઈ : Mrs. Vidhatta P. Motta - 098208 04767, Hemang A. Shah - 098675 45665,
Kulinbhai Shah - 098208 69708, Prafulbhai M. Shah - 092233 46423


| | | | |
|---|---|---|---|
| અમદાવાદ | : | નિખિલભાઈ ખોના | ૯૩૭૬૧ ૧૦૦૦૫ |
| અલીબાગ | : | મહેન્દ્રભાઈ એમ. દંડ | ૯૨૨૧૩ ૩૯૦૭૫ |
| રાજકોટ | : | મહેન્દ્રભાઈ મોમાયા | ૯૦૯૯૭ ૦૦૪૪૪ |
| વેરાવલ | : | ગીરીશભાઈ એન. શાહ | ૯૪૨૬૯ ૩૭૯૬૩ |
| જુનાગઢ | : | હસમુખભાઈ કારદાર | ૯૮૨૫૬ ૩૨૭૨૭ |
| અંકલેશ્વર | : | નવીનભાઈ લોડાયા | ૯૩૨૮૦ ૭૬૪૯૦ |
| અંકલેશ્વર | : | મધુકાંત મોમાયા | ૯૮૨૫૨ ૬૭૪૨૦, ૯૮૨૫૩ ૨૫૪૨૦ |
| વડોદરા | : | પલ્લવીબહેન નાગડા | ૯૩૭૭૭ ૮૮૯૩૧ |
| સુરત | : | શરદભાઈ વી. દંડ | ૯૬૩૮૩ ૨૧૬૯૦ |
| વાપી | : | મુકેશભાઈ કે. દંડ | ૯૪૨૬૮ ૦૧૪૩૩ |
| વલસાડ | : | પરેશભાઈ કે. ગડા | ૯૩૭૫૮ ૦૩૭૩૩ |
| ભુજ | : | પ્રબોધભાઈ મુનવર | ૯૯૨૫૧ ૬૯૮૭૬ |
| સુરેન્દ્રનગર | : | હીરેન આર. જોષી | ૯૮૯૮૬ ૬૫૪૨૫ |
| મુંદ્રા | : | નયન એમ. મોમાયા | ૯૮૨૫૪ ૬૨૪૨૦ |
| ગાંધીધામ | : | પ્રવીણભાઈ કે. છેડા | ૯૯૭૮૭ ૩૭૦૬૪ |

**મુંદ્રા / નજીક જૈનોના પ્રસિદ્ધ વાંકી તીર્થની તદ્દન નજીક ૧૦૦ ચોરસ વાર પ્લોટ બુક કરાવો અને સાથે મેળવો અસંખ્ય ગીફ્ટો - ઈનામો**

નર્મદા - સરદાર સરોવર
TISS REPORT
સંશોધન લેખ શ્રેણી
(૬)

# પ્રજાને પીવાના પાણી આયોજન નામે ૭૪૭૧ કરોડ ખર્ચી નખાયા : – પણ પ્રજાને પાણી - ૪થો ભાગ ઉદ્યોગોને – ૭૫%

પ્રવીણચંદ્ર શાહ




સરદાર સરોવર ડેમના સિંચાઇ સંબંધિત પાણીના વિતરણ ડિસ્ટ્રિબ્યૂશનની ભયાવહ વિકલાંગતાની વિગતો આ પહેલાંના રિપોર્ટોમાં, ખાસ કરીને ક્રમાંક-૫ માં આપણે તપાસી છે. આ છઠ્ઠા અહેવાલમાં, પીવાના પાણી સંબંધેના મૂળ આયોજન, અમલીકરણ અને અત્યંત કડવી વાસ્તવિકતાઓને તપાસીએ.

જ્યારે જ્યારે આ યોજનાના વિવિધ પાસાઓ સંબંધે ભારે ઉગ્ર જાહેર વાદવિવાદો ઉભર્યા છે ત્યારે ત્યારે આ યોજનાના અમલથી **પીવાના પાણીના કેટલા બધા લાભ અને ફાયદા સાંપડશે** તેની દલીલોની મજબૂત ઢાલ આડી ધરાતી રહી છે.

તાતા ઇન્સ્ટિટ્યૂટ ઓફ સોશિયલ સાયન્સીઝ - ટૂંકમાં TISSના તપાસ અહેવાલમાં પીવાના પાણીના થનારા લાભોના જે વચનો અપાતાં રહ્યાં છે, તેમાંના કેટલાકની નોંધ (પૃષ્ઠ-૮) પર મૂકવામાં આવી છે.

★ ગુજરાતને નર્મદાનું કુલ્લે ૯૦ લાખ એકર ફૂટ પાણી ફાળવાયેલું. આમાંથી મ્યુનિસિપાલિટીઓ અને ઔદ્યોગિક વપરાશ એ બન્નેના સંયુક્ત ઉપયોગ માટે ગુજરાતના સત્તાવાળાઓએ ૧૦ લાખ ૬૦ હજાર એકર ફૂટ પાણીનો જથ્થો અલગ તારવેલો. **૧૯૭૯માં કોઇ જ ગામ-ગામડાં માટે પાણીનો જથ્થો અલગ પાડવામાં આવ્યો નહોતો.**

★ જે ગામોને પીવાનું પાણી મળશે જ તેની જે ફાળવણી કરાયેલી તેમાં વધારો કરતા જવાનું જરૂરી બનતું ગયું કારણકે ગુજરાતના વિવિધ આંતરિક પ્રદેશોમાંથી પીવાના પાણી માટેની માંગ વધુને વધુ ઉગ્ર થતી રહેલી. પરિણામે, **૧૯૮૪ સુધીમાં ગુજરાતના ૪૭૨૦ ગામોના નામો નક્કી કરાયાં,** જેને પાણી પૂરું પાડવાનાં વચન અને આશ્વાસનો અપાયાં. ધીમે ધીમે આમાં વધારો થતો રહ્યો અને **૧૯૯૦માં પાણી પૂરું પાડવાની ખાતરીવાળાં ગામોની સંખ્યા ૭૨૩૫ ગામોએ પહોંચી.** આ સંખ્યામાંય


*હું આશાવાદી છું કારણકે નિરાશાવાદી થવાથી કોઈ લાભ નથી.*

ગુજરાત સરકાર વધારો કરતી ગઇ અને **૧૯૯૦-૨૦૦૦ વાળા દાયકા દરમ્યાન વચન અપાયેલાં ગામડાંઓની સંખ્યા ૮,૨૧૫ થઇ. શહેરોની સંખ્યા વધારીને ૧૩૫ની કરાઇ** અને ૯ મ્યુનિસિપલ કોર્પોરેશનોનો તેમાં સમાવેશ સરકારે કર્યો. **૨૦૦૫ આસપાસ ગુજરાત વૉટર સપ્લાય એન્ડ સીવરેજ બોર્ડ - ટૂંકમાં 'પાણી-બોર્ડ' જે રિવાઇઝ્ડ (ફેર સુધારણાઓ વાળો) પ્લાન તૈયાર કર્યો ત્યારે તેમાં ૯,૬૩૩ ગામડાંઓને અને ૧૩૯ શહેરોને પીવાનું પાણી પૂરું પાડવામાં આવશે, તેવું જાહેર કર્યું.** આના ઉપરાંત, રાજસ્થાનના જાલોર અને બારમેર જિલ્લાઓના ૧,૧૦૭ ગામડાંઓને અને (બે) શહેરોને પણ પીવાનું પાણી પૂરું પડાશે, તેવું જાહેર કર્યું.


સત્તાભૂખ્યા શાસકોના પાપે પ્રજાને પાણી માટે વલખાં

## ● હકીકતી પરિણામ શું છે?

આ પ્રશ્નનો જવાબ શોધવા માટેની સત્તાવાર તપાસ અને ચકાસણી 'કોમ્પ્ટ્રોલર એન્ડ ઓડિટર જનરલ' - ટૂંકમાં જેને CAG, 'કેગ'ના ટૂંકાક્ષરી નામે બોલાય છે - અને જે આવી સત્તાવાર તપાસ - ચકાસણી માટેની બંધારણીય જોગવાઇવાળી સત્તાધારી સંસ્થાઓ છે, તેણે કરી. 'કેગ'ની ચકાસણીના ૨૦૦૩, ૨૦૦૫ અને ૨૦૦૬ એમ ત્રણ હકીકતી પરિણામોના જે અહેવાલો તૈયાર કરાયા છે, તેમાંથી ઘણાં ભોપાળાં, પ્રકાશમાં આવ્યાં છે. **'કેગ'ના તપાસનીશોએ 'કેપેસિટી યુટિલાઇઝેશન' (ક્ષમતાનો ઉપયોગ) અને 'પરફોર્મન્સ' (કામગીરી રિઝલ્ટ) ની તપાસ જે જિલ્લાઓમાં કરી તો વાસ્તવિકતા - કડવી વાસ્તવિકતા- એવી પાધરી થઇ કે જ્યાં ૧૦૦ ટકા ક્ષમતા હતી, છતાંય પરિણામ માત્ર ૨૯થી ૩૩ ટકા જ, સરકાર - ઉર્ફે નર્મદા નિગમ - લાવી શક્યું છે.**


કચ્છ નર્મદા કેનાલ ઠેલાતી જ જાય છે

★ ગુજરાતમાં 'પ્રવાહ' નામની એક બિનસરકારી સેવા-સંસ્થા, NGO, આ ક્ષેત્રમાં સક્રિય કામ કરે છે. **આ સંસ્થાએ જૂન, ૨૦૦૪ અને મે, ૨૦૦૫ વચ્ચે સરદાર સરોવરની પીવાના પાણીની પાઇપલાઇન આધારિત ૭ જિલ્લાનાં ૧૦૭૪ (એક હજાર ચુમ્મોતેર) ગામડાંઓનો નાગરિકી-સર્વે કર્યો. તેના અહેવાલોમાંથી ૨૦૦૪ એપ્રિલ સુધીમાં તપાસાયેલાં ૧૧૨૨ ગામડાંઓમાં ૨૩ ટકા અને ૨૦૪૪ ગામડાંઓમાં ડિસેમ્બર, ૨૦૦૫ સુધીમાં ૪૨ ટકા ગામડાંઓ સુધી જ પાણી પહોંચી શક્યું હતું.**

★ સૌરાષ્ટ્રનાં ગામડાંઓ સુધી પીવાનું પાણી પહોંચાડવા 'મહી-કેનાલ સૌરાષ્ટ્ર પાઇપલાઇન પ્રોજેક્ટ' અમલી બનાવાયો છે પણ પૂરું પાડવા માટે ઠરાવાયેલા જળ-જથ્થાના માત્ર ૨૦% (વીસ ટકા) જ પાણી પીવાના હેતુએ છોડાયું છે, જ્યારે બાકીના ૮૦% એંસી ટકા પાણીનો જથ્થો ૨૦૦૩માં પાવર પ્રોજેક્ટો / પ્લાન્ટો, ઉદ્યોગો અને મોટાં નગરના મ્યુનિસિપલ કોર્પોરેશનોના ઉપયોગ માટે વાળી નંખાયો હતો. આમાંના કોઇ ઉપભોક્તાઓ પાસેથી એમને આપી દેવાયલાં પાણી માટેના રિકવરી ચાર્જ તરીકે એક પણ પૈસો વસૂલ કરાયો નહોતો. આનું પરિણામ? **આનું પરિણામ એ આવ્યું કે રૂા. ૪૮ કરોડનો બોજો 'ગુજરાત વૉટર સપ્લાય એન્ડ સીવરેજ બોર્ડે' ખમવો પડ્યો હતો.**

★ 'કેગ'ની જાંચ-પડતાલમાંથી કચ્છ સંબંધે પણ કેટલીક બાબતોના પર્દાફાશ થયા હતા. કચ્છમાંના ઉદ્યોગોને પ્રત્યેક દિવસે ૪૫ મિલિયન લીટર, એટલે કે સાડા ચાર કરોડ લીટર પાણી આપવાનું ઠરાવાયું હોવા છતાં, ૬૧.૯૧ મિલિયન લીટર, એટલે છ કરોડ ૯૧ લાખ લીટર પાણી, ૨૦૦૩માં પ્રત્યેક દિવસે આપી દેવાયું હતું.

★ આખાંય ગુજરાતના બધા જ ઉદ્યોગોને ૦.૨૦ MAFથી માંડી (એટલે કે ૨ લાખ એકર ફૂટ) પાણી આપવાનું મૂળ આયોજન બનાવાયું હતું, તે વધારીને, ૧૦ લાખ એકર ફૂટ ૧ મિલિયન MAF પાણી કરી નંખાયું હતું. આનું સીધું જ પરિણામ આમ જનતાના પાણી ઉપરની સીધી તરાપમાં આવ્યું હતું. ઘર-વપરાશ માટે આમ પ્રજાને ૮ લાખ ૬૦ હજાર એકર ફૂટ પાણી અપાવું જોઇતું હતું, તેને બદલે, માત્ર ૬૦ હજાર એકર ફૂટ પાણી જ અપાયું હતું. એટલે કે પ્રત્યેક દિવસે ૮ લાખ એકર ફૂટ પીવાનાં પાણીની પ્રજાના હિસ્સામાંથી બાદબાકી થઇ ગઇ હતી!

★ પીવાના પાણીના આયોજન માટે ૨૦૦૧ની કિંમત પ્રમાણે ૭,૪૭૦ (સાત હજાર ચારસો સિત્તેર) કરોડ રૂપિયાની લાગત- COST રોકાણનો અંદાજ મુકાયો હતો. રોજિંદા ઉપયોગ અને જાળવણી (ઓપરેશન એન્ડ મેઇન્ટેનન્સ)ના ખર્ચનો અંદાજ ૫૪૧ કરોડ વસૂલીમાં પણ મોટી ખાધ પડતી રહી છે.

TISS અહેવાલમાં બીજી પણ કેટલીક ગંભીર ક્ષતિઓ (પૃષ્ઠ ૯માં) ચીંધવામાં આવી છે. નર્મદાના પીવાના પાણીની કેનાલના ઇન્ફ્રાસ્ટ્રક્ચર ખડા કરવામાં, વિલંબને કારણે વધી જતાં ખર્ચની મહત્ત્વની બાબતની ગણતરી ડૅમની ઊંચાઇની સાથે સંયોજાવી જોઇતી હતી તે નથી થઇ. ઉદ્યોગો માટે જરૂરી પાણીનો જથ્થો અને નગરોનો મ્યુનિસિપલ કોર્પોરેશનો માટે જરૂરી પાણીનો જથ્થો તો ૨૦૦૨માં જ્યારે ડૅમની ઊંચાઇ (હાઇટ) ૧૦૦ મીટરે પહોંચવા ઉપર હતી ત્યારે જ પર્યાપ્ત થઇ શકે, પૂરું પડી શકે તેમ હતું. આમ છતાં, હવે કે જ્યારે ડૅમની ઊંચાઇ (હાઇટ) તેના લક્ષ પ્રમાણે પહોંચી ચૂકી છે, તે છતાં પીવાના પાણી માટેનું લક્ષ તો અદ્ધરતાલ લટકતું ને લટકતું જ રહ્યું છે.

સરકાર ઔદ્યોગિક વિકાસના નામે ખેડૂતોને પણ હડધૂત કરી રહી છે.

***(હવે પછીના લેખમાં : પાણીની આ નહેરો ખેડૂતો માટે નથી, કારખાનાવાળાઓ માટે છે. વાગરા તાલુકાના ખેડૂતોના પ્રત્યક્ષ અનુભવ અને પીપલ્સ ઇન્કવાયરી કમિટીના રિપોર્ટમાંની વિગતો)***

***(ક્રમશઃ)***

*નવરંગ જનરલ સ્ટોર્સ, ઓએનજીસી કોલોની, પનવેલ, પીન-૪૧૦૨૨૧*
*(મો.) ૦૯૯૩૦૬૬૦૨૪૨*

*મનુષ્ય રડતો જન્મે છે, અનેક ફરિયાદો કરતો જીવે છે અને નિરાશ થઈને મરે છે.*

# વેકેશનના અવસરનો ઉપયોગ કુટુંબમાં સંવાદ માટે કરો

● પૃથ્વી શાહ ●

દીકરો મોટો થાય એટલે મા બાપ નિશાળની કેળવણી અપાવે છે. ઘરમાં દીકરાને વાંચવાની સવલત આપે છે. તેની ઈચ્છા અનુસાર ટ્યૂશન રાખી આપે છે પણ, ઘણા બધા કારણોથી દીકરાને પૂરતો સમય આપી શકતા નથી. પરિણામે દિલથી જે સંવાદ સધાવો જોઈએ તેમાં ક્યાંક ઊણપ રહી જાય છે. હવે પરીક્ષાની મોસમ શરૂ થઈ છે. પરીક્ષા પછી નિશાળો બંધ થતાં છોકરાઓ નવરા પડશે. **વેકેશનનો ગાળો એવો છે જ્યારે પ્રેમભાવથી આરામની પળમાં દીકરા પાસે બેસી શકાય છે. ઉપદેશ આપવા નહિં પણ બાળકના મનને જાણવા તેની ઇચ્છાને પામવા એક તક મળે છે. સાચો સંવાદ કેળવી શકાય છે.** દીકરાને માત્ર જન્મ નથી આપ્યો પણ તેના સર્વાંગી વિકાસ પ્રત્યે લક્ષ આપવા કાળજી લીધી છે તેની બાળકને પ્રતીતિ કરાવી શકાય છે. બાળકને પ્રેમ આપી તેનામાં ઘરના સંસ્કારનું સિંચન થઈ શકે છે. પ્રેમ દર્શાવવાની આ તક ઝડપવાની જરૂર છે, દીકરા માટે તેની હાજરીમાં લાગણીભર્યા શબ્દ તેની હાજરીમાં નહિ બોલીએ, લાગણી નહિં દર્શાવી શકીએ તો દીકરાના દિલને જે સંતોષ-ચાહનાની અપેક્ષા છે તેનાથી તે વંચિત રહેશે, મા બાપ અમને સારી રીતે ક્યારેય સમજી ન શક્યા કદાચ એવા શબ્દો તેમના કાને અથડાશે.

ક્યારેક બાપને થાય છે કે દીકરા માટે નોકરી કરતો રહ્યો, ઉજાગરા કરતો રહ્યો. દીકરાની ઈચ્છા સંતોષવા વાહન લઈ આપ્યું. ટ્યૂશન રખાવી આપ્યું છતાં મોટો થયા બાદ દીકરો મારા કહ્યામાં નથી. મને યોગ્ય માન આપતો નથી. હું નિવૃત્ત થયો એટલે ઘરમાં હવે હું અગત્યનું પાત્ર રહ્યો નથી. મારું વસાવેલું ઘર જાણે મારું રહ્યું નથી. ઘરમાં હું નકામી ચીજ જેવો બની ગયો છું. પોતાના વસાવેલ કુટુંબ, બંગલા-ગાડી છતાં મનમાં એકાકીપણાનો ભાવ, દીકરા સાથે ક્લેશનું વાતાવરણ, મનમાં બિનઉપયોગીપણાનો ભાવ-અજાણ્યાપણાનો ભાવ! મનમાં ચીઢ અને વસવસો. **વાસ્તવમાં પિતા કેન્દ્રમાં હતા ત્યારે જે લાગણી વ્યક્ત કરવાની હતી અને ભવિષ્યમાં દીકરો મોટો થઇ કેન્દ્રમાં આવવાનો છે તેની તકેદારી ઉછેરમાં ન રખાઇ હોય તો વાતાવરણ બગડવાનું જ.**

ક્યાંય પણ માનવી સાથે કામ પાર પાડવાનું હોય ત્યારે આપણે યાદ રાખવાનું છે કે તર્કની મદદથી અને અહંકારથી અન્યને અપમાનિત કરવાનો નથી. અન્ય પ્રત્યે લાગણી દર્શાવી માર્ગદર્શન આપવાની જરૂર છે. **એ યાદ રાખવાની જરૂર છે કે દીકરાનું મન વડીલોના વર્તનની બધી વાત મનમાં સંઘરે છે.** વડીલો ઘણી વખત ફરિયાદના રૂપમાં કહેતા હોય છે કે દીકરાને શીખામણ આપીએ છીએ, માર્ગદર્શન આપીએ છીએ, ઘરમાં કોઈ વાતે કમી નથી, શું કરવું, કેમ વર્તવું તે જણાવીએ છીએ પણ દિવસે-દિવસે દીકરો બગડતો જાય છે. વાસ્તવમાં દીકરાને શું કહીએ છીએ એના કરતાં દીકરાની હાજરીમાં કેવા શબ્દોમાં વાત કરીએ છીએ એ વિચારવાની જરૂર છે. ઘરમાં વાત-વાતમાં દીકરાને સાચો હોવા છતાં ઉતારી પાડીએ, બાપ પોતાની પત્નીને અપમાનિત કરતો હોય, નશો કરતો હોય તો બાપના શબ્દો દીકરાના મન પર કદાચ વિપરીત અસર કરશે. દીકરો નકારાત્મક વલણ અપનાવતો બની શકે છે. તે ઉપદેશથી સુધરવાને બદલે બગડી પણ શકે છે. મને આ પ્રસંગે અમેરિકન ભાઈઓની યાદ આવે છે. એક માતાની કૂખે જન્મેલા બે ભાઈઓ સ્વભાવે સાવ ભિન્ન હતા. પહેલા ભાઈને પૂછવામાં આવ્યું કે તું નશાનો બંધાણી છે, પરિવાર સાથે મારઝૂડ કરે છે, આવું કરવા તને કોણ પ્રેરે છે? જવાબ હતો કે મારા પિતા નશાના બંધાણી હતા, દારૂના રવાડે હતા, અપશબ્દો બોલતા બોલતા પોતાની પત્નીને મારઝૂડ કરતા, એ જેવા હતા તેવો હું બન્યો છું. યાદ રાખવું જોઈએ કે દીકરાને કાન છે. પોતાના કાન અને આંખથી વડીલના વાસ્તવિક વર્તનને જુએ છે. દીકરાના મનથી બાપની છબી ઉતરી ન જાય, તેના દિલને ઘા ન લાગે, તેનું સ્વમાન સચવાય એની વડીલોએ તકેદારી રાખવી જોઈએ. દીકરા માટે કોઈની હાજરીમાં તિરસ્કારભર્યા શબ્દ પ્રયોગ કરવાની જરૂર નથી. દીકરા માટે લાગણી મનમાં હોય પણ જીભ પર ખોટા શબ્દો હોય તો બાપ દીકરા વચ્ચે કડવાશ વધતી જવાની. **દીકરો આપણો છે, કુળદીપક છે એ ભાવથી તેની માવજત કરવી જોઇએ. દીકરા માટે અપાર પ્રેમ છે, તેની હાવભાવથી, શબ્દોથી, પ્રતીતિ કરાવવી જોઇએ.** વડીલોએ પોતાના વર્તનમાં દોષમુક્ત રહેવું જોઈએ. માત્ર અહંકાર પોષી દીકરાને ઉપદેશાત્મક બોધ આપી કહેણી કરણીમાં તફાવત રાખવાથી કંઈ પ્રાપ્ત થતું નથી. આ પ્રસંગે અંગ્રેજ લેખક કાર્લાઈલના જીવનનો પ્રસંગ યાદ રાખવા જેવો છે. ઉગ્ર સ્વભાવના કાર્લાઈલને પત્ની પ્રત્યે અપાર પ્રેમ હતો પણ પત્ની સાથેના વર્તનમાં-વ્યવહારમાં કે વાણીમાં કદી પ્રેમ ન દેખાય. પત્ની સામે મિજાજ દેખાડવો, ઠપકો આપવો એ સ્વભાવ. કદી જીભ પર પત્ની સામે વહાલભર્યા શબ્દોનો ઉપયોગ નહિં. પત્ની ઓચિંતી ગુજરી ગઈ. પત્ની રોજનીશી લખતી એ ડાયરી કાર્લાઈલના હાથમાં આવી. તેમાં પતિ તરફથી મળતા દુઃખ, અપમાન અને પ્રેમ વગરના વ્યતીત થતા દિવસની વાત હતી. કાર્લાઈલના મન પર ઘેરી અસર થઈ. કાર્લાઈલ આંખમાં આંસુ સાથે બોલ્યા, 'પત્ની માટે મને સાચો પ્રેમ

(અનુસંધાન : જુઓ પાના નં.-૬૨ ઉપર)

*પ્રયત્નશીલ મનુષ્ય માટે સદાય આશા છે.*

# જિનિયસ બાળકનું સર્જન

• શાંતિલાલ સંઘવી •

અનેક લોકોના મુખે મેં પણ સાંભળેલ છે અને આપ સૌએ પણ વારંવાર સાંભળેલ હશે કે તેમના નાના બાળકો 'આમ નથી કરતા,' 'તેમ નથી કરતા,' 'માનતા નથી,' 'સમજતા નથી' વગેરે વગેરે વગેરે....

ખૂબ ઝીણી નજરથી તથા લાંબો વખત અવલોકન કર્યા પછી હું એવા તારણ પર પહોંચ્યો છું કે બાળકોનો બિલકુલ એટલે બિલકુલ દોષ હોતો નથી, તમામ દોષ તેમને ઉછેરનાર મા-બાપો નો જ હોય છે. કોઇકને અતિશયોક્તિ લાગશે પણ જરાય અતિશયોક્તિ નથી કે **૧૦૦માંથી ૯૫ મા બાપોને પોતાના બાળકોને કેમ ઉછેરવા તેની આવડત નથી, જ્ઞાન નથી, ભાન નથી.** આમાં હું પોતે પણ આવી જ ગયો છું. મેં પોતે મારા બાળકોને ઉછેરવામાં અગણિત ભૂલો કરી જ છે.

વકીલાતનું ભણ્યા વગર કોર્ટમાં વકીલ તરીકેની કામગીરી બજાવી શકાતી નથી. ડૉક્ટરીનું ભણ્યા વગર કોઇની સારવાર કરી શકાતી નથી. ઇજનેરીનું ભણ્યા વગર પૂલો બાંધી શકાતા નથી. સી.એ.નું ભણ્યા વગર હિસાબો ઓડિટ કરી શકાતા નથી **પરંતુ કશું જ ભણ્યા વગર-જાણકારી મેળવ્યા વગર-આવશ્યક જ્ઞાન મેળવ્યા વગર મા-બાપ બની શકાય છે. બેવકૂફમાં બેવકૂફ વ્યક્તિ પણ મા બાપ બની શકે છે.**

અને આજ કારણ છે કે આખે આખી પેઢી જ અવળા માર્ગે ગતિ કરી રહી છે. મા બાપના અજ્ઞાન સિવાય બીજું મહત્ત્વનું કારણ ફક્ત પેટ માટે શિક્ષક તરીકે નોકરી કરતા પરંતુ વેઠ ઉતારતા શિક્ષકો છે, આ શિક્ષકો લગભગ સાવેસાવ નકામા હોય છે અને ત્રીજું છતાં અતિ મહત્ત્વનું કારણ ટી.વી. છે જે બાળકોને અને તેમના મા બાપોને એક પણ સાચી વાત શીખવ્યા વગર તમામ ખોટી અને ખરાબ વાત ઝડપથી શીખવી દે છે.

અસાધારણ પ્રતિભાશાળી, સ્વતંત્ર વિચારશક્તિ ધરાવનાર, ક્રાંતિકારી નિર્ણય લઇ અને તે નિર્ણયોનો અમલ કરી શકનાર જ માત્ર આ નઠારી બાબતોથી બચી શકે છે. પરંતુ આટલી શક્તિ ભાગ્યે જ કોઇ એકાદ જણમાં હોય છે બાકીના ચીલે ચાલનારા હોય છે. મા બાપ બની ગયા પછી પણ મા બાપો કશો જ અભ્યાસ કરતા નથી. વહાલા મા બાપો અને આદરણીય દાદા-દાદીઓ, મહેરબાની કરીને તમારા પોતાના જ સંતાનો માટે કમ સે કમ આટલું તો કરો ને કરો :

બાળક ૩-૪ વર્ષનું થાય ત્યારથી દરરોજ-દરરોજ ભૂલ્યા વગર પ્રતિજ્ઞા લઇને, બાળકોને વિવિધ વાર્તાઓ અભિનય સાથે, હાવભાવ સાથે, એક્ટિંગ સાથે કહો. રામાયણ-મહાભારત-ભાગવત-પંચતંત્ર-ઇસપ વગેરેની તથા ખાસ કરીને ગિજુભાઇની લખેલ વાર્તાઓ - એકની એક વાર્તાઓ - અનેકવાર ઘૂંટી ઘૂંટીની કહો. આ વાર્તાઓનો આપણો ભવ્ય વારસો નાના બાળકના મનના અજ્ઞાત મનમાં કાયમ માટે સંગ્રહિત થઇ જશે અને ભવિષ્યમાં ગમે ત્યારે સારા-નરસા પ્રસંગે સ્મરણપટ પર ઉપસી આવશે અને તેને સાચો રસ્તો બતાવશે.

બાળક ૮-૯ વર્ષનું થશે પછી અંગ્રેજી મીડિયમ નામના ભયાનક રાક્ષસને કારણે તથા ટ્યૂશન અને હોમવર્કના પહાડ જેવા ભારણના કારણે વાર્તાઓ નહીં સાંભળે. તેને વાર્તા સાંભળવા જેટલો સમય જ નહીં મળે. અને જે ૧૦-૧૫ મિનિટ વચ્ચે વચ્ચે સમય મળશે તથા રજાના દિવસોએ તે બાળક માત્ર અને માત્ર ટીવી જોયા કરશે. શિક્ષણ તેના બાળપણને ભરડો લઇને તેને અધમૂવો કરી નાખશે.

તે ઓછું હોય તેમ હવે સાવ નાના બાળકો પણ મા બાપ સાથે હોટેલમાં ખાતા થઇ ગયા છે જે તેમના શરીરનો સત્યાનાશ કરી નાખે છે.

**હોટેલના કારણે શરીરનો સત્યાનાશ નીકળી જાય છે અને ટીવીના કારણે મન અને બુદ્ધિનો સત્યાનાશ નીકળી જાય છે. કોણ બચાવશે?**

**બાળકને જ્યારે પણ સમય મળે ત્યારે-જેટલીવાર સમય મળે તેટલીવાર - પુસ્તકો વાંચવાની ટેવ કોણ પાડશે? મા બાપ પાડશે? મા બાપ પોતે વાંચે છે ખરા? ઘરમાં સમ ખાવા જેટલાયે સારાં પુસ્તકો છે ખરા? સારાં પુસ્તકો વસાવીને વાંચવા જેટલી સમજ કેટલા મા બાપોમાં છે?**

ઘણા લોકો ફરિયાદ કરે છે કે પુસ્તકો ઘણા મોંઘા છે. જૂઠ, સરાસર જૂઠ. ઉત્તમ પુસ્તકો બિલકુલ મોંઘા નથી ફાલતુ પુસ્તકો જરૂર મોંઘા છે. ઉપરાંત જે લોકો હોટેલોમાં જાય છે, સિનેમામાં જાય છે, દિવાળી તથા ઉનાળુ વેકેશનમાં ફરવા જાય છે તેવા લોકો પુસ્તકો મોંઘા છે એવી ફરિયાદ કરે તો તે દાનત જ ખોટી હોવાનો પુરાવો છે. દરેક જગાએ એવા બે-પાંચ માણસો મળી જ રહે જે સારાં પુસ્તકો વિશે માર્ગદર્શન આપી શકે. બીજું કાંઇ સૂઝે નહીં તો મહાપુરુષોના જીવનચરિત્ર વાંચવા-વંચાવવાનો આગ્રહ તો સહેલાઇથી રાખી શકાય છે, એમાં શું અઘરું છે?

સાચી દાનત છે?

અને છેલ્લે એક મહાજૂઠ. 'ટાઇમ જ ક્યાં છે?' જે લોકો ટાઇમના અભાવની વાત કરે છે તે બિલકુલ જૂઠ છે. બધા પાસે - અવશ્ય બધા જ પાસે થોડો કે ઘણો સમય હોય જ છે. ખોટી દાનતનો આ બીજો સબળ પુરાવો છે.

અગાઉ સંયુક્ત કટુંબો હતા. એટલે સગર્ભાવસ્થા તથા બાળઉછેરની મુશ્કેલીના પ્રશ્નો વડીલોના અનુભવ અને માવજત થકી ઉકેલાઇ જતા હતા. હવે સંયુક્ત કુટુંબો ખાસ

*અનિષ્ટો સાથે સમાધાન કોઈ સંજોગોમાં સંભવે નહિ.*

રહ્યા નથી એટલે નવદંપતીને વડીલોના માર્ગદર્શનનો લાભ મળી શકતો નથી. **નવી સગર્ભા સ્ત્રીને એ વાતની ખબર જ નથી હોતી કે તેના મનના એકેએક વિચાર, તેની વાણી તથા તેની તમામ ક્રિયાઓની ગર્ભસ્થ બાળકના માનસિક અને બૌદ્ધિક બંધારણ ઉપર ઊંડી અસર પડે છે જે જિંદગીભર ટકી રહે છે.** સગર્ભા સ્ત્રીઓ ટીવી પર આવતી છળકપટ અને ખટપટ - હિંસા - છેતરપિંડીથી ભરેલી સિરિયલો જ્યારે જોતી હોય છે ત્યારે તેને બિલકુલ ખબર જ નથી હોતી કે તે અજાણપણે પોતાના આવનાર બાળકના માનસનું અહિત કરી રહી છે. આ સંસ્કાર બાળકના મન પર અચૂક પડે છે અને તે ક્યારેય નાશ પામતા નથી. **પણ ખેદ સાથે કહેવું પડે છે કે સ્ત્રીઓ આ બાબતમાં અતિ બેજવાબદાર રીતે વર્તતી હોય છે.** પોતાની ખાણી-પીણીની પણ આવનાર બાળકના શારીરિક બંધારણ પર શી અસર થશે તેની જરાય પરવા કરવામાં આવતી નથી.

સગર્ભા મહિલાઓને એક સલાહ આપવાની ધૃષ્ટતા કરું છું કે તેઓ પોતાના ઇષ્ટદેવના મંદિરે દરરોજ અચૂક જાય (જૈન જો સ્થાનકવાસી હોય તો પણ દેરાસરે જાય કારણકે આપણને મમ મમથી કામ છે ટપ ટપથી કામ નથી) અને પ્રતિમાને મનમાં આંખ બંધ કરીને ૫-૭ મિનિટ અવશ્ય ધારણ કરે. આ ક્રિયાની અદ્ભુત અસર થાય છે - અદ્ભુત પરિણામ આવે છે. આવનાર બાળક કાંઇક અસામાન્ય વારસો લઇને જન્મે છે. આપણને ખબર પણ નહીં પડે કે મારો દીકરો/દીકરી આટલા સારા અને ભલા કેમ પાક્યા અને આનાથી વિરુદ્ધ વિચાર-વાણી-વર્તન કરનારને ખબર પણ નહીં પડે કે મારા સંતાન આવા નાલાયક કેમ પાક્યા. વાંક સગર્ભા માતાનો છે કે તેણે પોતાના આવનાર બાળકના માનસ અને સંસ્કાર બાબત બિલકુલ કાળજી રાખવાની પરવા જ કરી નથી. સગર્ભા માતાએ કદી હોટેલનો (અશુદ્ધ) ખોરાક ખાવો જ ન જોઇએ, વાસી ખોરાક ખાવો ન જોઇએ. નિંદા-કુથલી કરવી પણ ન જોઇએ અને સાંભળવી પણ ન જોઇએ. કટુ વાણી ઉચ્ચારવી ન જોઇએ. **પછી જુઓ કે તમારું બાળક કેવું જિનિયસ પાકે છે.**

પ્રસૂતિ પછીના પ્રથમ દિવસથી જ જો આયુર્વેદના બે ઔષધ (૧) દશમૂળારિષ્ટ, (૨) દેવદારવ્યાદિ (દેવદારૂ આદિ) કવાથ સવારે-સાંજે રોજ ૪૫ દિવસ સુધી ચાર ચાર ચમચી પાણી સાથે જો લેવામાં આવે તો પ્રસૂતિ પછી જે તકલીફો ઘણાને થાય છે તે ન થાય. ફરી એકવાર કે જ્યાં સુધી બાળક ધાવણ પર હોય ત્યાં સુધી કદી હોટલનું ખાણું ખાવું નહીં. આઇસક્રીમ તથા ફ્રીજમાં રાખેલી ઠંડી ચીજોનો ઉપયોગ કરવો નહીં, બેકરીમાં બનેલી એકપણ ચીજ ખાવી નહીં - ભૂલથી પણ ન ખાવી.

પ્રિય મા બાપો, જો આટલું કરશો તો તમારો દીકરો ક્યારેય તમને ઘરડાઘરમાં નહીં મૂકી આવે. બાઇબલમાં તો કહ્યું છે કે 'કદી બીજાનો વાંક ન જુઓ - પોતાનો વાંક જુઓ.'

આજકાલ ટીવીમાં લગભગ ૨૦૦ જેટલી ચેનલો આવે છે. આ બધી ચેનલો હું ફેરવી ફેરવીને જોઇ ગયો છું. બધી જ ચેનલો સાવ રેઢિયાળ છે સિવાય કે માત્ર અને માત્ર એક ચેનલ : **ડીડી ભારતી**

આ એકજ ચેનલ એવી છે જેમાં ક્યારેય રેઢિયાળ કે નાલાયક-નપાવટ કાર્યક્રમો આવતા નથી. હંમેશાં સારા અને સમજવા જેવાજ કાર્યક્રમો આવે છે.

શક્ય હોય તો તમારા નાના બાળકોને 'સ્ટાર'ની તથા 'જી' ની તથા 'સોની'ની તમામ ચેનલોથી દૂર રાખો. જરાક મોટા થશે પછી તો તેઓ આ હલકા મનોરંજનના કાર્યક્રમો-મૂર્ખાઇ ભરેલા કાર્યક્રમો જોવાના જ છે - તમે તેમને રોકી નહીં શકો. પણ છેવટ ૫-૭ વર્ષના થાય ત્યાં સુધી તો આવી ચેનલોથી બાળકોને દૂર રાખવા જરૂરી છે. કારણ કે હવે બાળકોને મા બાપ મોટા કરતા નથી - ઉછેરતા નથી પણ ટીવી બાળકોને ઉછેરે છે.

અને છેલ્લે બાળકોને જંકફૂડ ખાવા ન જ આપો - ન જ આપો. અને પેલું - ટોઇલેટ ક્લીનર - એટલે કે પેપ્સી-કોકોકોલા-થમ્સઅપ વગેરે પણ ન જ આપો - ન જ આપો.

આ બધું શાળામાં કે કોલેજમાં કે આઇ.આઇ.એમ.માં કદી શીખવા નહીં મળે. સમજદાર મા બાપો જ શીખવી શકશે. વાંચો-વાંચો - ખૂબ વાંચો. માનવ વિદ્યા શાખાને લગતા પુસ્તકો ખૂબ વાંચો.

વિશ્વના લગભગ તમામ બાળઉછેર શાસ્ત્રીઓ એક બાબતમાં સહમત છે કે બાળકને વધુમાં વધુ સમય સુધી એટલે કે લગભગ ૧૫ મહિના - સવા વર્ષ સુધી તો માતાનું ધાવણ - ભલે ધીરે ધીરે ઘટતા પ્રમાણમાં - પણ મળવાનું ચાલુ રહેવું જોઇએ. આજ સમયગાળો છે જેમાં બાળકના મન અને મગજનો લગભગ ૯૦-૯૫ ટકા વિકાસ થઇ જાય છે - પાયો નંખાઇ જાય છે.

ગર્ભાધાનથી બાળક ધાવતું રહે ત્યાં સુધીના સમયગાળા દરમ્યાન જો માતા ચિંતા, ગુસ્સો, અદેખાઇ, કપટ, દંભ, જુઠ્ઠાણાં, ખટપટ, છેતરપિંડી, બનાવટ, ખોટા વિચાર, ખોટી ખાણીપીણી, વગેરે વગેરેથી દૂર રહે અને સચ્ચાઇ, સરળતા અને ભક્તિભાવ ઉપરાંત 'જેવું અન્ન તેવું મન' એ સૂત્ર યાદ રાખીને અશુદ્ધ અન્ન એટલે કે હોટલનું અને બેકરીની બનાવટની ચીજોથી દૂર રહે તો પછી અવશ્ય એને ત્યાં જિનિયસ બાળકના સર્જનની સંભવિતતા અનેકગણી વધી જાય.

અત્યારે તો જ્યાં જુઓ ત્યાં ટોળાં ને ટોળાં. માત્ર ઘેટાં અને ઘેટાં. **જ્યાં મા બાપો જ ઘેટાં હોય તો તેમને ત્યાં સિંહ બાળ - સ્વતંત્ર વિચારશક્તિ વાળા બાળક - ક્યાંથી જન્મે?** ક્યાંક સેવકજીઓ (નેતાજીઓ)નાં ચમચાઓનાં ટોળાં તો ક્યાંક બાપજીઓના ચેલકાઓના ટોળાં માત્ર ટોળાં - બુદ્ધિ વગરના.

શા માટે? કારણ કે ઉછેરમાં જ ખામી. આજકાલ રોજ વીઆઇપી ઓના નબીરાઓના કરતૂત આપણે વાંચીએ છીએ. બસ, આ જ કારણ. મા બાપના વિચાર ખોટા, વાણી ખોટી, વર્તન ખોટું. રહેણી-કરણી-ખાણી-પીણી બધું જ ખોટું. પછી તો આવા નાલાયકો જ જન્મે.

જો આપણે પણ આવા VIPઓનું અનુકરણ કરીશું તો આપણે પણ ઓછે-વત્તે અંશે એમના જેવા જ દુર્ગુણી બની જઇશું. પરિણામે આપણે ઘેર પણ ઉત્તમ સંતાન પેદા થવાના સંજોગો નહિ રહે. માટે કહેવાતા VIPઓથી દૂર રહેવામાં જ શાણપણ છે. સેલિબ્રિટીઓથી દૂર રહેવામાં જ શાણપણ છે. ટોળાંથી દૂર રહેવામાં જ શાણપણ છે. કોઇકના અને કોઇકના ચમચાઓથી દૂર રહેવામાં જ

**(અનુસંધાન : જુઓ પાના નં.-૬૧ ઉપર)**

*વ્યાધિ ટાળવા દેહને અને ઉપાધિ ટાળવા દિલને સાફ કરો.*

સામા પ્રવાહે તરવું છે.....

# પશ્ચિમી સંસ્કૃતિની આલોચના

• મૂરજી ગડા •

જ્યારે કોઇ અણછાજતી ઘટના બને છે, સંતાનો સાથે મા-બાપના સંબંધ બગડે છે ત્યારે કેટલાક વર્તમાનપત્રો અને સામયિકો એનો દોષ પશ્ચિમી સંસ્કૃતિ પર ઢોળે છે. આવું વાંચીને લોકો પણ એવું માનતા થાય છે. આમાં સત્ય સાથે અસત્યનો અંશ પણ ઘણો છે.

જ્યારે ત્યારે વગોવાતી આ પશ્ચિમી સંસ્કૃતિ સાચેજ શું છે અને આપણી સામાજિક સમસ્યાઓ માટે કેટલી જવાબદાર છે એ ઘણું વિશ્લેષણ માંગી લે છે.

બધી જ સંસ્કૃતિઓમાં સારા નરસાનું મિશ્રણ છે. બે-ત્રણ હજાર વરસ પહેલાં કોઇએ ઘડેલા આદર્શોને સંસ્કૃતિનો સાચો અને પૂર્ણ માપદંડ ન માની લેવાય. આજે આપણી નજર સામે જે દેખાય છે તે બધું આપણી સદીઓની સંસ્કૃતિનો નિચોડ છે. એજ આપણી આજની સંસ્કૃતિ છે. એ સ્થાનિક હોય કે બહારથી આવી હોય, આપણે અપનાવી એટલે આપણી થઇ ગઇ. ભારતીય સંસ્કૃતિમાં ગૌરવ લેવા જેવી ઘણી બાબતો છે. સાથે સાથે જાતિભેદ અસ્પૃશ્યતા, અંધશ્રદ્ધા, ભ્રષ્ટાચાર, દંભ, દહેજ, જાહેર જગ્યાઓની ગંદકી વગેરે ઘણી આપણી સંસ્કૃતિની કાળી બાજુ પણ છે. એક સંસ્કૃતિ કરતાં બીજી ચડિયાતી છે એમ બેધડક કહેવું વાજબી નથી. આનો અર્થ એમ પણ નથી કે પશ્ચિમી સંસ્કૃતિ દોષરહિત છે. એના ઘણા પાસા આપણને અનુકૂળ આવે એવા નથી.

આઝાદી પછીના થોડા વરસ આપણે આપણા બધા પ્રશ્નો માટે અંગ્રેજોને દોષ આપતા હતા. હવે શબ્દપ્રયોગ બદલાઇને પશ્ચિમી સંસ્કૃતિ વપરાય છે. જોકે એનો ખરો ઇસારો અમેરિકા (U.S.A.) તરફ હોય છે. પશ્ચિમના અન્ય દેશોની સંસ્કૃતિ વિશે ભારતના લોકોને ઝાઝો ખ્યાલ નથી.

આ અમેરિકન સંસ્કૃતિ સમજવા માટે એનો ઇતિહાસ જાણવો જરૂરી છે. અમેરિકાની ભૂમિ શોધાયાને ૫૦૦ વર્ષ અને એક સ્વતંત્ર રાષ્ટ્ર બનવાને હજી ૨૩૫ વર્ષ થયા છે. જ્યારે અંગ્રેજો ભારત પર પ્રભુત્વ જમાવવાની વેતરણમાં હતા ત્યારે અમેરિકા અંગ્રેજી શાસનથી મુક્ત થયું હતું.

અમેરિકા સંપૂર્ણપણે બીજા દેશોમાંથી આવેલા વસાહતીઓનો દેશ છે. ત્યાંના મૂળ વતનીઓ તો ગણતરીમાં ન લેવાય એટલા જૂજ છે. શરૂઆતમાં અંગ્રેજો ત્યાં ગયા એટલે ત્યાં અંગ્રેજી ભાષા અને સંસ્કૃતિનું પ્રભુત્વ રહ્યું છે. પાછળથી યુરોપના બીજા દેશોમાંથી પણ લોકો ત્યાં જવા લાગ્યા. બીજા વિશ્વયુદ્ધ પછી વળી નવો પ્રવાહ શરૂ થયો અને દુનિયાના બધા દેશોમાંથી મોટી સંખ્યામાં લોકો ત્યાં જવા લાગ્યા.

પાંચસો વરસ પહેલાં શરૂ થયેલું આ એકતરફી માનવીય સ્થળાંતર/ દેશાંતર જરાય ધીમું નથી પડ્યું. આજે પણ દુનિયાના ઘણા દેશોમાંથી માન્યામાં ન આવે એટલા લોકો ત્યાં જવા ઉત્સુક છે. વિઝાના નિયંત્રણ ન હોય તો પરિસ્થિતિ બેકાબૂ બની જાય. અત્યારે ત્યાં સવા કરોડ જેટલા ગેરકાયદે આવેલા વિદેશીઓ છે.

આ આકર્ષણ પાછળ સંપત્તિ ઉપરાંત અન્ય કારણો પણ છે. વ્યક્તિગત વિકાસની ત્યાં ઘણી તકો છે. ત્યાં દુનિયાની શ્રેષ્ઠ શિક્ષણ સંસ્થાઓ છે જેમાં હડતાળો પડતી નથી. જાતિ, રંગ વગેરે પર આધારિત ભેદભાવ હવે ઘણા ઓછા થઇ ગયા છે. શિસ્ત અને કાયદાપાલન ઊંચું છે. સામાન્ય માણસને ભ્રષ્ટાચાર નડતો નથી તેમજ ન્યાય મળવાની શક્યતા ઘણી વધુ છે. સ્વચ્છતા છે, મોકળાશ છે અને દરેક વસ્તુની વિપુલતા છે.

આ એક એવો દેશ છે જ્યાં વસતિ વધારો બે રીતે થાય છે. દેશમાં જન્મેલા તેમજ બહારથી આવેલાને લીધે. આજે અમેરિકાની ૧૫ ટકા વસતિ દેશાંતર કરીને આવેલી પ્રથમ પેઢીની છે. ત્રણ-ચાર પેઢી પાછળ જઇએ તો અડધી પ્રજાના પૂર્વજો અન્ય કોઇ દેશમાંથી આવેલા જણાશે.

આમ તો ભારતના ભૂતકાળમાં પણ બહારથી ઘણા આવ્યા છે. ફરક એટલો છે કે આર્યોથી માંડીને અંગ્રેજો સુધીના આગંતુકોમાંથી કેટલાક લૂંટીને જતા રહ્યા અને બાકીના રાજ કરવા રોકાયા. જે થોડાઘણા રહ્યા છે એ પણ મુખ્ય પ્રવાહમાં પૂર્ણપણે ભળી શક્યા નથી. પારસીઓ જેવા અલ્પ અપવાદ છે.

દેશાંતર કરનાર પ્રથમ પેઢી (First Generation Immigrants) બધા પોતાના બેગ બિસ્તરા સાથે પોતાની સંસ્કૃતિ પણ લાવે છે અને બને તેટલી જાળવી રાખવાની કોશિશ કરે છે. જ્યારે એમની બીજી પેઢી મુખ્ય પ્રવાહમાં ભળવા માગે છે. તેઓને ઘરના અને બહારના સાંસ્કૃતિક વાતાવરણના ફરક વચ્ચે પોતાનો માર્ગ શોધવાના આત્મમંથનમાંથી પસાર થવું પડે છે. ભારતીયોની આ પેઢી ABCD તરીકે ઓળખાય છે. એમની યાતના સમજવાને બદલે બહુધા એમને હાંસીપાત્ર બનાવાય છે. એમના પછીની પેઢી સંપૂર્ણપણે મુખ્ય પ્રવાહમાં ભળી જાય છે. આ બધો બદલાવ કોઇપણ બાહ્ય દબાણ વગર સ્વેચ્છાએ થાય છે. એટલેજ અમેરિકાને Melting Pot કહેવાય છે.

અમેરિકન સંસ્કૃતિ ત્યાં ગયેલા બધા દેશવાસીઓની સામુહિક સંસ્કૃતિનો નિચોડ છે. એ સદા ધબકતી અને સમય પ્રમાણે બદલાતી સંસ્કૃતિ છે. યુરોપિયનો લાંબા સમયથી રહેતા

*અડધોઅડધ દુનિયા અન્યના આનંદને સમજી શકતી નથી.*

હોવાથી સંસ્કૃતિ પર એમનું પ્રભુત્વ હતું. હવે સમીકરણ બદલાઇ રહ્યા છે. મધ્ય અને દક્ષિણ અમેરિકા તેમજ એશિયન સંસ્કૃતિની અસર વર્તાઇ રહી છે.

અમેરિકનોની એક ખાસિયત છે કે તેઓ જે પણ નવું હોય એને ખુલ્લા મને એક વખત અજમાવશે, અને ગમે તો અપનાવશે. એમને સંસ્કૃતિનો કે મોટાપણાનો મિથ્યા આડંબર નડતો નથી.

પશ્ચિમી સંસ્કૃતિ વિશેના આપણા ખ્યાલ મુખ્યત્વે એમના સિનેમા, ઇન્ટરનેટ, છૂટાછેડાના ઊંચા દર વગેરે પરથી આવેલ છે. આ વાજબી નથી. (આમ તો ૭૦ના દાયકા સુધી પશ્ચિમના દેશોમાં ભારતની છાપ ભૂખમરાના, મદારીઓના, રસ્તે રઝળતી ગાયોના અને ભીખારીઓના દેશ તરીકેની હતી. એ પણ વાજબી નહોતું.) ખાસ કરીને ત્યાંના યુવા વર્ગની જીવનપદ્ધતિ બધાની ટીકાપાત્ર બને છે. એને વિસ્તારમાં સમજીએ.

એક હજાર વરસ જેટલો લાંબો ઇતિહાસનો મધ્યયુગ, આખી દુનિયાનો અંધકારયુગ કહેવાય છે. તે સમય દરમિયાન સત્તાધીશો, ધર્મગુરુઓ અને સમાજના આગેવાનો સંસ્કૃતિ ઘડતા હતા અથવા તો એને સ્વીકૃતિ આપતા હતા. આ બધા સામાન્ય રીતે મોટી ઉંમરના પુરુષો હતા. પરંપરાના ઓઠા હેઠળ એમણે પ્રજાનું ખૂબ શોષણ કર્યું છે અને સ્ત્રીઓ પર અત્યાચાર કર્યા છે. ચારસો વરસ પહેલાં યુરોપ આ અંધારિયા યુગમાંથી બહાર આવવા લાગ્યું. બાકીની દુનિયા છેલ્લી અડધી સદીથી ધીરે ધીરે નવા યુગમાં પ્રવેશી રહી છે.

નવા યુગમાં સ્વતંત્ર રીતે વિચારવાની અને નવા અખતરા કરવાની શરૂઆત થઇ છે. એની આગેવાની યુવા પેઢીએ લીધી છે. એનો પાયો વિચારોની મુક્ત અભિવ્યક્તિ, વ્યક્તિ સ્વાતંત્ર્ય અને સ્વાવલંબન પર આધારિત છે. આ સ્વતંત્રતા અને સ્વાવલંબનની શરૂઆત, તેઓ પુખ્ત વયના થતાં મા-બાપથી અલગ રહેવાથી કરે છે. વિકસિત દેશોમાં આર્થિક રીતે આ શક્ય છે. આ પ્રથા ઘણાને જલદી જવાબદાર નાગરિક બનાવે છે, જ્યારે કેટલાકને આકરો સંઘર્ષ કરવો પડે છે.

સંસ્કૃતિ પરની યુવા પેઢીની અસર સંગીત, નૃત્ય, મનોરંજન, રમતગમત વગેરેમાં ચોખ્ખી દેખાય છે. એટલુંજ નહીં, સાહિત્ય અને ધંધામાં પણ એ પેઢીનો ઘણો ફાળો છે. અમેરિકાની અત્યારની ઘણી મોટી અને સફળ કંપનીઓ શરૂ કરનાર, ત્યારે કૉલેજમાં જતા યુવાનો હતા.

અમેરિકાની સંસ્કૃતિ, એ શિક્ષિત યુવા પેઢીની વિશ્વ સંસ્કૃતિ બની રહી છે. ત્યાંથી શરૂ થતું આ સાંસ્કૃતિક પરિવર્તન ઘણું જોરદાર છે. આપણને ગમે કે ના ગમે, પણ તે આજનો પ્રવાહ છે. આખી દુનિયાનો શિક્ષિત વર્ગ એમાં જોડાવા ઇચ્છે છે. એમની સ્વતંત્રતા આપોઆપ જાહેર થઇ જાય છે અને શક્ય હોય તો સ્વાવલંબી (વિભક્ત કુટુંબ) પણ થઇ જાય છે.

અગત્યની વાત એ છે કે આ પરિવર્તન સ્વીકારવું કે નહીં એ યુવાનોના પોતાના હાથમાં છે. બંધનવાળી જૂની સંસ્કૃતિમાં કોઇની પાસે આવો વિકલ્પ નહોતો. એના માઠા પરિણામ જોયા પછી નવી પેઢી આ સ્વતંત્રતાનો અખતરો કરવા અને એની કિંમત ચુકવવા તૈયાર છે.

નાની ઉંમરે મળતી આ સ્વતંત્રતા, વધુ પડતી મહત્વાકાંક્ષા અને સિદ્ધિ ઘણી વખત અનિચ્છનીય પરિણામો પણ લાવે છે. ક્યારેક મા-બાપ પણ એનો ભોગ બને છે જે એક કમનસીબી છે. આદર્શ સમાજ વ્યવસ્થા ક્યારે પણ જાળવી શકાતી નથી. લોલકની જેમ તે કોઇ એક બાજુ જતી રહે છે. જ્યારે અંતિમે પહોંચે છે ત્યારે એની દિશા પલટાવા લાગે છે. સંસ્કૃતિનો આ દિશાપલટો ઘણો લાંબો સમય ચાલતો હોય છે. અત્યારે તો દોર યુવાપેઢીના હાથમાં છે.

આપણે ત્યાં જે માધ્યમો દ્વારા પશ્ચિમી વિચારધારા આવે છે એમાંથી સૌથી પ્રભાવશાળી અને પ્રચલિત માધ્યમ છે સિનેમા, ટેલિવિઝન અને ઇન્ટરનેટ. એની સાથે સંકળાયેલા લોકોને કોઇ એક સંસ્કૃતિને બચાવવામાં કે ફેલાવવામાં રસ નથી. એમને ફક્ત પૈસા કમાવવામાં રસ છે. એમનો જે માલ વધુ વેચાય છે એજ તેઓ બનાવે છે. એટલે સંસ્કૃતિ કે માધ્યમને દોષ દેવા કરતાં સપ્લાય/ડિમાંડના માર્કેટ ફોર્મને સ્વીકારવું રહ્યું.

સિનેમા બે ત્રણ કલાકનું મનોરંજન પૂરું પાડે છે. એના અંતે ક્યારેક સારો સંદેશ પણ હોય છે. એની સરખામણીએ ટીવી પર આવતી કૌટુંબિક સિરિયલો વર્ષોના વર્ષો ચાલે છે. એમાં બતાવાતા અવાસ્તવિક કાવાદાવા ભોળા માનસને કલુષિત કરે છે. એનાથી આપણી સંસ્કૃતિને વધારે હાનિ પહોંચે છે. આવી સિરિયલો વિદેશી નહીં પણ દેશી ઊપજ છે. એમની સામે ઉહાપોહ નથી સંભળાતો. ઊલટાનું લોકો એમને મોટાપાયે માણે છે.

ભારત અને અમેરિકા જેવા વિશાળ અને બહુરંગી પ્રજા ધરાવતા દેશની સંસ્કૃતિ જટિલ હોઇ એને સરળતાથી સમજી કે વર્ણવી ન શકાય. બન્ને સંસ્કૃતિઓમાં ઘણા જમા પાસા છે તેમજ બન્નેમાં ઘણી અનિચ્છનીય બાબતો પણ છે. એના મુખ્ય મુદ્દા આવરવાનો અહીં પ્રયાસ કર્યો છે. આપણી સંસ્કૃતિમાં જે ગર્વ લેવા જેવું છે તે ઇરાદાપૂર્વક સામેલ નથી કર્યું કારણ કે તે બધે ઠેકાણે ખૂબ ચર્ચાય છે. સામાન્ય રીતે જે નથી કહેવાતું તે રજૂ કરવાનો મારા લેખોનો આશય છે. એટલેજ લેખનું શીર્ષક 'સામા પ્રવાહે તરવું છે' રાખ્યું છે.

*૧, શ્યામ વાટિકા સોસાયટી,*
*વાસણા રોડ,*
*વડોદરા-૩૯૦ ૦૦૭.*

## જિનિયસ બાળકનું સર્જન

**(અનુસંધાન : પાના નં.-૫૯ ઉપરથી ચાલુ)**

શાણપણ છે. એકપણ જાહેરાતને સાચી ન માનવામાં અને જાહેરાતથી ભોળવાઇ ન જવામાં જ શાણપણ છે. ભૂલે ચૂકેય કોઇ સેવકજી (નેતાજી-વીઆઇપી)ની વાત કદી સાચી ન માનવામાં જ શાણપણ છે.

ક્યારેક જોગાનુજોગ આપણી બાજુની જ સીટમાં ક્યારેક કોઇ મોટામાં મોટો VVIP અથવા મોટામાં મોટી સેલિબ્રિટીની સીટ આવી ગઇ હોય ત્યારે તેના તરફ નજર કરવાની પણ કોશિશ ન કરે, જાણવા-પૂછવાની પણ દરકાર ન કરે તે શાણો. યાદ રહેવું જોઇએ કે એના થકી આપણે નથી, પણ આપણા થકી એ છે. ગરજ એને હોવી જોઇએ, આપણને નહીં.

*આરએચ/ર, પુણ્યશ્રી એપાર્ટમેન્ટ,*
*કાશીરામ અગ્રવાલ હૉલ પાસે,*
*ગુજરાત યુનિવર્સિટી પાસે, અમદાવાદ-૧૫.*

*દુનિયામાં સુખેથી અને પ્રસન્નતાથી રહેવું હોય તો તમારી જરૂરિયાત ઓછી કરો.*

# વનસ્પતિ સામ્રાજ્ય

• બદ્રી નારાયણ •

એક વાર એક યુવાન વિદ્વાને એક ઋષિના આશ્રમમાં બાર વરસ રહીને પોતાનો અભ્યાસ તાજેતરમાં જ પૂરો કર્યો હતો. પછી તેણે એક શ્રીમંત સુંદર યુવતી સાથે લગ્ન કર્યા. ખરું જોતાં તે યુવાન શિખાઉ હતો પણ તે કોઇ મોટા તત્વજ્ઞાનીને છાજે તેવી શેખી માર્યા કરતો હતો. તે પોતાને જગતનો સર્વશ્રેષ્ઠ તર્કશાસ્ત્રી માનતો હતો.

તેણે સાંભળેલી કે જોયેલી દરેક બાબતમાં તેને કંઇ ને કંઇ ઊણપ દેખાતી. દાખલા તરીકે, આકરા ઉનાળાના એક દિવસે તે પોતાના સસરાના મોટા બાગમાં લટાર મારી રહ્યો હતો ત્યારે એક વિશાળ આમ્રવૃક્ષ તેની નજરે પડ્યું. તેણે આસપાસ આંટો મારતાં એક આંખ બંધ અને બીજી ખુલ્લી રાખી હતી. તેણે તે વૃક્ષનું ઝીણવટભર્યું નિરીક્ષણ કર્યું. પછી તેણે તિરસ્કારદર્શક નિસાસો નાખ્યો.

તે સ્વગત બોલ્યો, 'આ કઢંગાપણાનો નમૂનો જરા કાળજીપૂર્વક જુઓ. વૃક્ષ કેટલું વિશાળ છે અને છતાં તેનું ફળ કેટલું નાનું! **જેને સર્જનહાર કહે છે તે ભગવાને ક્યારેય તર્કશાસ્ત્રનો અને સૌંદર્યશાસ્ત્રનો અથવા યોગ્ય પ્રમાણબદ્ધતાનો અભ્યાસ જ કર્યો ન હોવો જોઇએ.** સરળ રીતે કહીએ તો 'આટલા' મોટા વૃક્ષને તેના મોટા કદના પ્રમાણમાં મોટું ફળ આવવું જોઇએ. વિદ્વાન પ્રાધ્યાપકો ભલે ગમે તે કહે, પણ આપણા વહાલા સર્જનહારે ખરેખર આ કામમાં વેઠ ઉતારી છે એ વાત ચોક્કસ.'

ત્યાર પછી તે થોડો આગળ વધ્યો ત્યારે કોળાનો એક વેલો તેની નજરે પડ્યો.

'હા હા!' તે બોલ્યો, 'પ્રમાણબદ્ધતાની મૂર્ખાઇનો આ એક બીજો નમૂનો જુઓ. આ વેલો કેટલો નાજુક છે! લગભગ જમીન પર ફેલાયેલ અને મારા નાના માથાથી ચાર ગણા મોટા કદના વિશાળ ફળના વજનથી તે ખૂબ નમી પડ્યો છે. **આવા અયોગ્ય પ્રમાણબદ્ધતાના કૃત્ય બદલ, હે સર્જનહાર! તને ધિક્કાર હજો! આવી બાબતોમાં તારે મારી પાસેથી સલાહ લેવી જોઇતી હતી!** હું તારી યોજનામાં સુધારો સૂચવવા માગું છું કે કોળું વિરાટ કદના વૃક્ષ પર થવું જોઇએ.'

એ રીતે, તે વિચારી રહ્યો હતો ત્યારે તે યુવાન (કહેવાતા) વિદ્વાને પોતાના કુળદેવ ભગવાન વિષ્ણુ પર પોતાના ખૂબ જ પ્રભાવશાળી હસ્તાક્ષરોમાં એક ચિઠ્ઠી લખવાનું નક્કી કર્યું.

આડેધડ વિસ્તરેલા એક વિશાળ આમ્રવૃક્ષ નીચે તેની છાયામાં તે નિરાંતે બેઠો. તેણે પોતાની મૃગચર્મની થેલીમાંથી લેખનસામગ્રી અને સાધનો બહાર કાઢ્યાં. પોતાના વિદ્વત્તાપૂર્ણ દરજ્જાના પ્રતીકરૂપે તે થેલી હંમેશાં પોતાની સાથે જ રાખતો.

એ અસંતોષી યુવક પોતાના ઐતિહાસિક ઉપદેશ પર પત્રનો પહેલો અક્ષર લખવાની તૈયારીમાં હતો ત્યાં જ એક નાની લીલી કેરી ઝાડની ટોચ પરથી તેના વિદ્વતાપૂર્ણ મસ્તક પર ખૂબ જ જોરથી તૂટી પડી. એ ફળના બે ટુકડા થઇ ગયા.

**'ઓ મા રે!' એ તર્કશાસ્ત્રી પીડાના માર્યા ચીસ પાડી ઊઠ્યો અને તે માથા પર ઉપસેલા સોજાને હળવેથી પંપાળતો રહ્યો.**

એ તર્કશાસ્ત્રી તત્વજ્ઞાની હોઇ, એક ક્ષણ પછી તેણે એવો વિચાર કર્યો, 'હું કેટલો ભાગ્યશાળી છું! **વૃક્ષ પરથી આ નાની કેરીને બદલે મારા નાના મસ્તકના કદ કરતાં ચારગણું મોટું અને વજનદાર કોળું એક ક્ષેપકાસ્ત્રરૂપે પડ્યું હોત તો બિચારા મારા માથાની શી દશા થઇ હોત?'**

તેણે પોતાની લેખનસામગ્રી ફરી થેલીમાં મૂકી અને વનસ્પતિ-સામ્રાજ્યમાં સુધારણા કરવાની પોતાની યોજના વિશેનો પત્ર વિષ્ણુ પર નહીં લખવાનો નિર્ણય કર્યો.

*પ્રેષક :- શાંતિલાલ રામજી ગાલા*

## વેકેશનના અવસરનો ઉપયોગ

(અનુસંધાન : પાના નં.-૫૭ ઉપરથી ચાલુ)

હતો પણ હું તેને સમજાવી ન શક્યો. જો માત્ર પાંચ મિનિટ માટે તે જીવિત થઇ પાછી આવે અને મને મળી શકે તો હું તેને કેટલું ચાહતો હતો એ ખરા દિલથી કહી શકું.' પણ પત્નીએ તો માત્ર કાર્લાઇલના ઉદ્ધત વર્તન અને ઠપકા જોયા હતા. હવે તે કોઇ સંજોગોમાં કાર્લાઇલના શબ્દો સાંભળવા, તેના લાગણીભર્યા હાવભાવ જોવા પરત આવી શકવાની નથી. **તક હાથમાં હોય ત્યારે લક્ષ ન આપીએ તો તક જતી રહે ત્યારે વડીલોએ માત્ર વિલાપ કરવાનો સમય પાસે રહેશે.** વાત્સલ્ય દાખવી દીકરાને સુખી બનાવવા તમે આતુર છો એ તેની પાસે બેસી તેને શાંતિથી સાંભળી દર્શાવવાની જરૂર છે.

પ્રેમ દર્શાવવાની તક મળે ત્યારે જો દર્શાવી નહિં શકાય તો જ્યારે કહી શકવાની સ્થિતિમાં નહિં હો ત્યારે પ્રેમ દર્શાવવા ફાંફા મારવા પડશે. મનને નિરાશા ઘેરી વળશે. વેકેશનમાં દીકરો ઘરમાં છે તો પ્રેમ વ્યક્ત થવા દો. સાચો સંવાદ સાધો. પોતાનું પ્રેમપાત્ર-દીકરો પાસે જ હોય ત્યારે તેનાથી અંતર રાખી મુંગા બની ઘરમાં રહેવાની જરૂર નથી. દીકરાની કદર છે, તેના પ્રત્યે સાચો આદર છે તે દર્શાવવાની તકનો યોગ્ય ઉપયોગ કરો. આ તકના ઉપયોગથી બે પેઢી વચ્ચે શ્રદ્ધાના સાચા બી વાવી શકાશે. કુટુંબ ભાવનાનો વિકાસ થશે. કુટુંબભાવના જળવાશે તો ઘર તીર્થસ્થાનના દરજ્જા સમાન બની જશે.

*પ્લોટ ૫૭૨/૧/બી,*
*સેક્ટર-૩૦, ગાંધીનગર-૩૮૨ ૦૩૦.*
*ફોન : ૦૭૯-૨૩૨૬૧૫૭૫*

*એટલું યાદ રાખો કે આળસ એ આરામ નથી, કંજૂસાઈ એ કરકસર નથી, ઉડાઉપણું એ ઉદારતા નથી.*

# સેવાભાવી સંસ્થાઓ અને કરવેરા

• કાકુલાલ છ. મહેતા •

જેને આપણે સામાન્યરૂપે 'નોન ગવર્નમેન્ટ ઓર્ગેનાઈઝેશન' તરીકે ઓળખીએ છીએ તેને હું સેવાભાવી સંસ્થા તરીકે સંબોધું છું. કોઈ પણ વ્યાપારી એકમને પણ નોન ગવર્નમેન્ટ ઓર્ગેનાઈઝેશન કહી શકાય એ અર્થમાં સેવાભાવી સંસ્થાનો સમાવેશ ન થઈ શકે એટલો ભેદ અહીં પ્રસ્તુત છે કેમકે **સેવાભાવી સંસ્થાઓનો ઇરાદો કમાવાનો નહિ પણ સમાજના કોઇ પણ પ્રકારના હિતાર્થે હોય છે.**

'ગરીબોના લાભાર્થે સાર્વજનિક કે સામાજિક વિતરણ વ્યવસ્થાની આવશ્યકતા છે. પરંતુ જો પૂરતું અનાજ સક્ષમ રીતે પ્રાપ્ત કરવામાં અને એના વિતરણમાં જે વંચિત વર્ગ માટે એ વ્યવસ્થા કરવામાં આવી છે તેને તે ન પહોંચે અને વચગાળીયા એમાંથી આર્થિક લાભ ઊઠાવે તો તે ગળામાં ઘંટીનું પડ બંધાયા જેવું બની જાય છે.... **જેના માટે સસ્તું અનાજ પહોંચાડવાની બજેટમાં જોગવાઇ કરવામાં આવી છે તેમાંથી અંદાજે ૫૮% લોકોને એ પહોંચતું જ નથી. એમાં ૩૬%થી વધારે અનાજ રસ્તામાં જ ગાયબ થઇ જાય છે.'** (નેશનલ ડેવલપમેન્ટ કાઉન્સિલની ૫૪મી કોન્ફરન્સમાં શ્રી પી. ચિદમ્બરમનું - એ સમયના ફાઈનાન્સ મિનિસ્ટરનું વક્તવ્ય, ઇન્ડિયન એક્સપ્રેસ ૨૧-૧૨-૦૭)

**'ગરીબો માટે સસ્તા અનાજના વિતરણ અર્થે સરકારે રૂપિયો એક પહોંચાડવા માટે રૂપિયા ૩.૬૫નો ખર્ચ કરેલ છે.** કરાયેલી આ તપાસ અંગે લાગતા-વળગતા ખાતા સાથે અને પાર્લામેન્ટમાં પણ ચર્ચા વિચારણા થઈ છે પણ એની પાછળ રહેલ કાર્યક્ષમતાના અભાવ અને ભ્રષ્ટાચારને દૂર કરવાનો કોઈ ઉપાય સૂઝ્યો નથી. કદાચ એ કારણોસર કે જે અનુચિત લાભ ઊઠાવે છે તેની અને વિતરણ વ્યવસ્થાની એજન્સીની દબાવ લાવી શકાય એવી રાજકીય લાગવગ. **આ વાત સરકારની બધીજ પ્રવૃત્તિઓને લાગુ પડે છે જેમાં ઉચ્ચતમ શિક્ષણ સંસ્થાઓથી લઇને પ્રાથમિક શાળાઓ સુધી, રાષ્ટ્રીય કક્ષાએ ખ્યાતિપ્રાપ્ત સંશોધન કરતી હોસ્પિટલથી લઇને ગામડાંની પ્રાથમિક સ્વાસ્થ્ય સેવાના એકમ સુધી અને શહેરો માટેના વીજળીના પ્રસારણથી લઇને ગામડાં કે જ્યાં વીજળી પહોંચી જ નથી એ બધાને લાગુ પડે છે.'** (રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાના માજી ગવર્નર શ્રી બિમલ જાલાનના પુસ્તક 'ઈન્ડિયાઝ પોલિટિક્સ'માં નો ઉતારો)

એમ લાગે છે કે બે શ્રી ચિદમ્બરમ અને બે શ્રી જાલાન છે. એક એ કે જે સરકારના સંચાલનના જાત અનુભવ અને હકીકતના આધારે અંતરના ઊંડાણમાંથી બોલે છે અને બીજા એ કે જે પક્ષ અને સત્તાના રાજકારણ આગળ પોતાને લાચાર અનુભવે છે. **રાજકીય સ્વતંત્રતાની હિલચાલ એ તો એક સાધન હતું, ધ્યેય તો હતું આર્થિક સ્વતંત્રતાનું, આર્થિક ઉત્થાનનું.** આ બન્ને મહાનુભાવોની આતુર અને સહૃદય ભાવના છતાં આજે છ દાયકા પછી પણ સરકાર ગરીબી દૂર કરવામાં નિષ્ફળ રહી છે એ નર્યું સત્ય છે. **એક સમયે ડો. મનમોહનસિંહે કહેલું કે દોષ સિસ્ટમનો છે. પ્રશ્ન એ છે કે સિસ્ટમનો દોષ દૂર કરવાની જવાબદારી કોની? સરકારની ખરી કે નહિં?**

જગજાહેર છે કે ગરીબો માટેની અનાજ વિતરણ વ્યવસ્થા કે પછી શિક્ષણ કે સ્વાસ્થ્ય સેવાના કે બીજા એવા ક્ષેત્રોમાં સંતોષ કે ગૌરવ લેવા જેવું કશુંય સરકાર કરી શકી નથી જ્યારે આર્થિક દુર્વ્યયનો કોઇ હિસાબ નથી. **પ્રજા કરવેરા એટલા માટે ભરે છે કે સરકાર પ્રજાના હિતના કાર્યો કરે અને દેશની આર્થિક અને રાજકીય સ્વતંત્રતાનું રક્ષણ કરે. સરકાર જ્યારે આ પ્રાથમિક જવાબદારીમાં નિષ્ફળ જતી હોય તો પ્રજા કરવેરા શા માટે ભરે?**

સરકાર શું કરી શકે? એક સુઝાવ આ છે. કોઈ દાતાને બે લાખ રૂપિયાનો કર ભરવાનો હોય અને રૂપિયા એક લાખ કોઈ પ્રસિદ્ધ અને પરોપકારી સેવાભાવી સંસ્થાને દાન આપે તો સરકાર કરની રકમ રૂપિયા બે લાખમાંથી એક લાખ બાદ આપે. અલબત્ત, સરકાર આવી કરમુક્તિ આપવા માટે સંસ્થાનું ઐતિહાસિક કાર્ય, વિશ્વસનીયતા અને લાયકાતના આધાર પર યોગ્ય નીતિ નિયમો ઘડી શકે. સેવાભાવી સંસ્થાઓની સાથે આ બાબત ચર્ચા કરવી આવશ્યક અને હિતાવહ ગણાય.

આમ કરવાથી શું લાભ? પ્રથમ દૃષ્ટિએ સરકાર રૂપિયા એક લાખની આવક જતી કરે છે પરંતુ સાથે સાથે જ ગરીબોના હિતાર્થે મુક્ત કરે છે. એટલે સરકારને નથી કોઈ લાભ થતો કે નથી કોઈ નુકસાન થતું. અને સરકારનું કામ સેવાભાવી સંસ્થા કરી આપે છે. **પરંતુ આમ કરવાથી સરકારને ગરીબો માટે રૂપિયો એક પહોંચાડવામાં જે રૂપિયા ૩.૬૫નો વ્યર્થ ખર્ચ થાય છે તે બચી જશે.** જે સરકારને માટે મોટો લાભ હશે અને બીજાં સારાં કાર્યો કરવામાં ઉપયોગી થશે. બીજો લાભ એ થશે કે જે વચગાળીયા અનુચિત લાભ ઊઠાવે છે તેની સામે કાર્યવાહી કરવાની આવશ્યકતા પણ નહિં રહે. ત્રીજો લાભ એ થશે કે સરકારની સ્વચ્છ કાર્યપ્રણાલીની છાપ ઉપસી આવશે. ચોથો લાભ એ થશે કે

**(અનુસંધાન : જુઓ પાના નં.-૬૭ ઉપર)**

*સુખડ અને કસ્તૂરી કાપો તોય સુગંધ ન તજે.*

# Shri T. L. Kapadia Public Charitable Trust

*Heartily welcomes you to stay at their*

# AMRAT ATITHI GRUH

Kapadia Market, Kandaswamy Lane, Near to Hanuman Vyayamshala, Sultan Bazar, Hyderabad - 500 195. (A.P.)

**Phone : 24754389, 24754972**



- ☞ *In the Heart of city*
- ☞ *And yet Calm and quite*
- ☞ *Advance booking Facility available*
- ☞ *Bombay Thali*
- ☞ *Homely atmosphere*
- ☞ *Latest New Building with Modern Facilities with reception, Passenger Lift, T.V. etc.*
- ☞ *A.C. Rooms available*
- ☞ *Hall available for small get together, marriages, conferences etc.*
- ☞ *And even then lowest Service Charges only...*

# 'થોડો ટેકો રહે ને!'

• વ્રજેશ આર. વાળંદ •

'પપ્પા, તમે હવે આછું પાતળું કામ શોધી લો તો તમારો સમય પસાર થાય ને કંટાળોય ન આવે!' 'પરાશર, સમય તો પાણીના રેલાની જેમ પસાર થઇ જાય છે. સવારે મોર્નિંગ વૉક, સેવા-પૂજા અને પાંજરાપોળના નોંધારા, અકર્મણ્ય પશુઓની સાર સંભાળ, સાંજે પુસ્તકાલય, સમવયસ્કો સાથે ઉદ્યાન ગોષ્ટિ, સરકારી હોસ્પિટલના દર્દીઓની મુલાકાત...' પણ પપ્પા, તમે થોડું અર્થોપાર્જન કરો તો અમને થોડો ટેકો રહે ને! તમને નિવૃત્ત થયે ચારેક વર્ષ થયાં. હજી તમારા પેન્શનનો પ્રશ્ન જેમનો તેમ છે. કોણ જાણે ક્યારેય ઉકલશે! તમે કેટકેટલી લખાપટ્ટી કરી, શિક્ષણ કચેરીના પગથિયાં ઘસ્યાં! પણ હજી કોઇ ઉકેલ નથી આવ્યો! 'પણ બેટા, પી.એફ.ના પાંચ લાખ રૂપિયા તો આવ્યા એવા જ તારા હાથમાં મૂકી દીધા હતા!' 'અરે, એ તો આ આલીશાન ડુપ્લેક્ષ ખરીદવામાં ક્યાંય ચટ થઇ ગયા!' 'જો પરાશર, તારી કારકિર્દી ઘડવામાં મારાથી બનતું બધું જ હું કરી છૂટ્યો છું. તેં અને વિશાખાએ કિશોરાવસ્થા પહેલાં જ માતાની છાયા ગુમાવી હતી. તમને સાવકી માનું સાલ ન નડે એટલે મેં સ્વૈચ્છિક રીતે જ પુનર્લગ્ન ન કર્યાં. તમને બંનેને ભણાવ્યાં ગણાવ્યાં, તમારાં ધામધૂમથી લગ્ન કર્યાં. સરસ મજાનું બે રૂમ રસોડાનું ટેનામેન્ટ લીધું. અત્યારે સારો કહી શકાય એવો પાંચ આંકડાનો તારો પગાર છે. ઝંખના પણ ખૂબ સારું કમાય છે...' 'એ બધું તો ઠીક છે, પપ્પા...' અત્યાર સુધી મૌન રહી પિતા-પુત્રનો સંવાદ સાંભળતી ઝંખનાએ વાતમાં ઝુકાવ્યું. '...પણ પરાશર કેટલું કામ કરે છે એ તો જુઓ! ભાડૂતી ટેક્ષીની જેમ એક ઓફિસથી બીજી ઓફિસની હડિયાપટ્ટી, ટેન્ડર પાસ કરાવવાની દોડધામ, ડીલ ફાઇનલ કરવી, સામી પાર્ટીને કન્વિન્સ કરવી...' 'બેટા ઝંખના, આસિસ્ટન્ટ એડમિનિસ્ટ્રેટરની જવાબદારીભરી હાઇ પોસ્ટના અધિકારીએ આવું બધું તો કરવું જ પડે ને!' 'વેલ પપ્પા, હજી તમે એકદમ સ્વસ્થ અને તંદુરસ્ત છો' પરાશરે સંવાદ આગળ ચલાવતાં કહ્યું. 'ચાર-પાંચ ટ્યૂશન્સ કરો તો શો વાંધો છે! તમે કહો તો મારા સર્કલમાં વાત મૂકી જોઉં! અરે, સસ્તા પગારવાળા શિક્ષકો ધરાવતી કેટલીય નોન-ગ્રાન્ટેડ સ્કૂલોમાં મારી ઓળખાણ છે, આપ કહો તો...!' 'બેટા પરાશર, **હું શિક્ષક હતો ત્યારેય ટ્યૂશન્સ કરતો ન હતો અને ઓછું વેતન આપી શિક્ષકોનું શોષણ કરતી સંસ્થામાં કામ કરવામાં હું મારું અપમાન સમજું છું. આ બધું મારા સિદ્ધાંતની વિરુદ્ધ છે!'** 'એક્સક્યુઝ મી પપ્પા!' પરાશરના સ્વરમાં સહેજ રુક્ષતા આવી, 'આવી કારમી મોંઘવારીમાં પૈસા હાથમાંથી ક્યાં સરી જાય છે એ જ ખબર નથી પડતી. આવકના પ્રમાણમાં ખર્ચાય કેવા ગંજાવર છે! પરિસ્થિતિને અનુકૂળ થવા સિદ્ધાંતમાં થોડી બાંધછોડ કરવામાં શો વાંધો છે!' 'સોરી, મારાથી એ હરગિજ નહિ બને! **તમને ભારે પડતો હોઉં તો કહી દેજો! હું મારો પ્રબંધ કરી લઇશ!'** મક્કમતાપૂર્વક પોતાનો નિર્ણય જણાવી મન્મથરાય મહેતા એટલે કે - એમના સમયના વિદ્યાર્થીઓમાં અતિ પ્રિય થઇ પડેલા - મહેતા સાહેબ ખુરશીમાંથી ઊભા થઇ ગયા અને યુવાનને શરમાવે એવા તરવરાટથી ગૌરવભરી ચાલે ઘરની બહાર સડસડાટ નીકળી ગયા. પરાશર અને ઝંખના ફાટી આંખે એમને જોઇ રહ્યાં.

અત્યંત સાદગીથી કાલયાપન કરતા આ નિવૃત્ત શિક્ષક પોતાના પુત્ર અને પુત્રવધૂને જરાય ભારે ન પડાય એ કાજે ખૂબ સતર્કતા દાખવતા. અર્થોપાર્જન કરવા તેઓ ખરે જ પ્રયત્નશીલ હતા પણ પોતાના સ્વતંત્ર સ્વભાવને કારણે સ્વમાનના ભોગે કામ કરતાં મન પાછું પડતું હતું. મની માઇન્ડેડ પુત્રને તેઓ ક્યાંય આડા આવતા ન હતા. છતાં ઘરમાં એમની ઉપસ્થિતિને કારણે પતિ-પત્નીને સતત લાગ્યા કરતું હતું કે એમની સ્વતંત્રતા પર તરાપ મરાઇ રહી છે. આમ તો ગમે તેવા બાદશાહી ઠાઠથી રહે તોય એમને વાંધો ન આવે એવી માતબર આવક હતી. દસ વર્ષના પુત્ર તપનને દાદાની વત્સલ વિદ્વતાનો લાભ અપાવવાને બદલે તેઓએ એને પંચગીનીની મોંઘીદાટ હોસ્ટેલ-સ્કૂલમાં મૂક્યો હતો. **પુત્રની અશ્રુભીની કાકલૂદી અને પિતાની વ્યવહારુ સમજાવટથી ઉપરવટ જઇ પતિ-પત્નીએ આ સહિયારો નિર્ણય માત્ર સ્ટેટસ-સિમ્બોલ ખાતર જ લીધો હતો.** દાદાજી અને તપન વચ્ચે અપ્રતીમ આત્મીયતા હતી. ખૂબ જતનથી મહેતા સાહેબ તપનને માર્ગદર્શન આપતા હતા અને એ કારણે તપનનો પ્રોગ્રેસ ગ્રાફ ઉત્તરોત્તર ઊંચે જઇ રહ્યો હતો. મહેતા સાહેબ આમ તો માત્ર ગણિત-વિજ્ઞાનના શિક્ષક હતા પરંતુ અંગ્રેજી અને સમાજશાસ્ત્ર જેવા વિષયો પર પણ આ જન્મજાત શિક્ષકનું ભારે પ્રભુત્વ હતું. શિક્ષક ક્યારેય વિદ્યાર્થી મટી જતો નથી એ એમનો જીવનમંત્ર હતો.

કારકિર્દીના પ્રારંભે પોતાના આદર્શો અને સિદ્ધાંતોને ખાતર મહેતા સાહેબને ત્રણ સ્કૂલ બદલવી પડી હતી. એમની પ્રામાણિકતા અને સંન્નિષ્ઠતા સામે કોઇ આંગળી ન ચીંધી શકતું. પણ જ્યાં અન્યાય, ભ્રષ્ટાચાર કે શોષણની ગંધ માત્ર આવે કે તરત રાજીનામું ધરી દેતા. વડોદરાના અત્યંત નામાર્જિત ન્યુએરા ટ્રસ્ટે એમનું હીર પારખ્યું અને પોતાની જ્ઞાનજ્યોત શાળામાં એમને નિયુક્ત કર્યા. અહીં એમને પોતાના આદર્શોને સાકાર કરવા મોકળું મેદાન મળ્યું. એમણે ભારે ચાહના મેળવી. હા, મેનેજમેન્ટની પુનરાવર્તિત

*જ્યાં અંતઃકરણનું રાજ્ય શરૂ થાય છે ત્યાં મારું રાજ્ય સમાપ્ત થાય છે.*

વિનવણીઓ છતાં પ્રિન્સિપાલ ન થયા તે ન જ થયા. ત્યારપછી છેક નિવૃત્ત થયા ત્યાં સુધી આ જ શાળામાં રહ્યા. નિવૃત્તિ વેળા એમના પ્રિન્સિપાલ અને મેનેજમેન્ટે એમને શાળામાં ચાલુ રહેવા ખૂબ સમજાવ્યા. 'મહેતા સાહેબ, શાળાને આપની ખૂબ જરૂર છે. પહેલાં જેટલું વેતન તો નહિ આપી શકાય પરંતુ આપનો માન-મરતબો પૂરેપૂરો જળવાશે.' પરંતુ 'નિવૃત્તિ પછી મને મળનારી રકમ મારા જીવનયાપન માટે પર્યાપ્ત છે' કહીને નમ્રતાપૂર્વક એમણે ના પાડી. પણ હજી સુધી નિવૃત્તિ પછી મળનારી રકમ મળી ન હતી. **શિક્ષણ ખાતાના લાંચ-રુશવતખોર અમલદારોના મતે પાછલી શાળાઓએ એમની સર્વિસ બૂકમાં પૂરતી વિગતો દર્શાવી ન હતી એટલે પેન્શનનો પ્રશ્ન ટલ્લે ચડ્યો હતો. મહેતા સાહેબ એમની મેલી મથરાવટી અને ખંધાઇ પામી ગયા હતા. એમણે તેઓ સામે જરાય ન ઝૂકવાનો નિશ્ચય કર્યો હતો. હા, પત્રાચાર અને ઓફિસોના ધરમ ધક્કા ચાલુ જ રાખ્યા. પોતાના સિદ્ધાંતોની પરિધિમાં રહીને જ આ પ્રશ્નનું નિરાકરણ તેઓ ઇચ્છતા હતા.**

પુત્ર-પુત્રવધૂ સાથે થયેલા સંવાદથી મહેતા સાહેબ વ્યથિત અને વિચલિત થઇ ગયા હતા. એ પછીના વીસેક દિવસ ઘરમાં ભારેલા અગ્નિ જેવી પરિસ્થિતિ હતી. પરાશર અને ઝંખના એમની સાથે ખપ પૂરતું જ બોલતાં. વાતાવરણ પર એક અદશ્ય ભારનું આધિપત્ય સ્થપાયું હતું. પણ એક દિવસ રાત્રિ ભોજન બાદ મહેતા સાહેબે અચાનક ધડાકો કર્યો. 'પરાશર, આવતી કાલથી હું પણ આપણા તપનની જેમ હોસ્ટેલ-સ્કૂલમાં રહેવા જાઉં છું!' 'હેં...એ...એ! શુંઉંઉં!' પરાશર અને ઝંખના વિસ્મિત થઇ એક સાથે બોલી ઊઠ્યાં. એમને કાન દગો દેતાં લાગ્યા. એમના આશ્ચર્યની અવધિ ન હતી. પરાશરે સંયમિત સ્વરે ફરી પૂછ્યું : 'પપ્પા, શું કહ્યું તમે?' 'એ જ જે તમે હમણાં સાંભળ્યું! મહેતા સાહેબ સ્વસ્થતાપૂર્વક બોલ્યા : મારા ભૂતપૂર્વ વિદ્યાર્થી મૃગેશ દેસાઇ સાથે આજે મોર્નિંગ વૉક દરમિયાન આકસ્મિક મુલાકાત થઇ ગઇ. મોટો ઉદ્યોગપતિ હોવા ઉપરાંત એ સમાજસેવક પણ છે. વિદ્યોત્તેજક જ્ઞાનમંદિર નામની એક સંસ્થા એણે શરૂ કરી છે. હોસ્ટેલ અને સ્કૂલ બંને સાથે સાથે છે. એણે મને પોતાની સંસ્થામાં સેવા આપવા આગ્રહભરી વિનંતી કરી છે. મેં એને હા પાડી છે. સંસ્થા આપણા ઘરથી વીસેક કિલોમીટર છેટી છે એટલે મારે ત્યાં જ રહેવું પડશે. હોસ્ટેલના રેક્ટર તરીકે કામ કરવાનું છે. ભોજન અને આવાસની સુવિધા સાથે યોગ્ય વેતન પણ એ આપવાનો છે!' પરાશર અને ઝંખનાનું આશ્ચર્ય શમ્યું ન શમ્યું ત્યાં તેઓ પુનઃ વદ્યા: 'હમણાં ખપ પૂરતો સામાન લઇ જઇશ. સવારે મૃગેશ કાર લઇને મને લેવા આવશે!' 'પણ પપ્પા! અમે તમને જવાનું...' પરાશરની વાત કાપતાં મહેતા સાહેબ બોલ્યા : 'હવે બીજી વાતને કોઇ અવકાશ નથી. હું મારા રૂમમાં જાઉં છું. થોડી તૈયારી તો કરવી પડશે ને! ગુડ નાઇટ!' પતિ-પત્નીમાંથી કોઇ પણ એમના ગુડ નાઇટનો પ્રતિસાદ આપવાની હિંમત દાખવી શક્યું નહિ. મહેતા સાહેબ એમના રૂમમાં ગયા.

સવારે મૃગેશ દેસાઇ સમયસર હાજર થઇ ગયા. સર-સામાન ડીકીમાં મૂકાઇ ગયો. મહેતા સાહેબે પાછળની સીટ પર બેસી બારીનો કાચ નીચે કર્યો. પુત્રના આલીશાન ભવન પર એક દૃષ્ટિ કરી. પુત્ર-પુત્રવધૂ સાથે 'આવજો'ની ઔપચારિક આપ-લે થઇ. મૃગેશે કાર સ્ટાર્ટ કરી. મહેતા સાહેબ બારીનો કાચ બંધ કરવા જતા હતા ત્યાં જ એમને કાંઇ યાદ આવ્યું હોય એમ એમણે કાર થોભાવી. પીઠ ફેરવી ઘરમાં જતાં પરાશર અને ઝંખનાને સાદ કરી રોક્યાં. બંનેને પાસે બોલાવ્યા. સહેજ ખચકાટ અને કચવાટ સાથે બંને પાસે આવ્યા. 'વાતમાં ને વાતમાં એક વાત તો રહી જ ગઇ!' મહેતા સાહેબ મર્માળું સ્મિત કરતાં બોલ્યા. 'મારા પેન્શનનો પ્રશ્ન ઉકલી ગયો છે. એરિયર્સનો ચેક વ્યાજ સાથે મળી ગયો છે અને મારા ખાતામાં જમા થઇ ગયો છે!' બંને ચિત્રસ્થ થઇ સાંભળી રહ્યા હતા. મહેતા સાહેબે ગજવામાંથી એક કવર કાઢી પરાશર તરફ લંબાવ્યું. **'લે, મેં તારા નામનો ત્રણ લાખનો ચેક લખીને તૈયાર જ રાખ્યો છે. બેંક ખૂલતાં જ વટાવી લેજે. તમને થોડો ટેકો રહે ને!'** પરાશર આભાર વચનો ઉચ્ચારે એ પહેલાં જ મહેતા સાહેબે મૃગેશને એનો ખભો દાબી કાર હંકારવાનો સંકેત કર્યો. ...ને 'ગુડ બાય!' કહી બારીનો કાચ ચડાવી દીધો. બંને કિંકર્તવ્યમૂઢ થઇ, વહી જતી કારને નિહાળી રહ્યાં. બેમાંથી એકેયમાં ક્ષમાયાચના કરવાના હોશ ન હતા.

...બે વર્ષ પછી ઉનાળુ વેકેશન દરમિયાન મહેતા સાહેબ હોસ્ટેલ-સ્કૂલમાં પ્રવેશ મેળવવા ઇચ્છુક વિદ્યાર્થીઓના પ્રોગ્રેસ કાર્ડઝ ચકાસી રહ્યા હતા. હા, એમની કાર્યપ્રણાલીથી પ્રભાવિત થઇ મૃગેશ દેસાઇએ એમને આવી વધારાની અનેક કામગીરીઓ સોંપી હતી. હવે તેઓ માત્ર રેક્ટર ન હતા. એમના આગમન બાદ સંસ્થાની પ્રતિષ્ઠા અનેકગણી વધી હતી. ક્લાર્ક જેનું નામ ઉચ્ચારે એ વિદ્યાર્થી, વાલી સાથે અંદર આવે. એનું પ્રોગ્રેસકાર્ડ ચકાસવામાં આવે. વિદ્યાર્થી પ્રવેશને યોગ્ય છે કે નહીં તે તરત જણાવવામાં આવે. એક નામની ઘોષણાએ મહેતા સાહેબને ચોંકાવી દીધા. એમનું હૃદય થડકો ચૂકી ગયું. ક્લાર્ક મોટેથી બોલ્યો હતો- 'તપન પરાશર મહેતા!' એ ખુરશી પરથી ઊભા થઇ ગયા. તપને માતા-પિતા સાથે પ્રવેશ કર્યો. **તપનને જોતાં જ તેઓ ભાવવિભોર થઇ ગયા. 'ઓહો! તપન આટલો મોટો થઇ ગયો!'** એ મનોમન ગણગણ્યા. પૌત્રને હૃદય સરસો ચાંપવાની અદમ્ય ઇચ્છા થઇ. એ ઇચ્છાને અને આંખમાંથી વહેતાં હર્ષાશ્રુને એમણે માંડ રોક્યાં. સંયમિત થઇ એમણે ત્રણેયને ઔપચારિક આવકાર આપી બેસાડ્યા. 'કેમ છો, કેમ છો?'નો વિવેક પતે એ પહેલાં જ ક્લાર્ક તપનના પ્રોગ્રેસ કાર્ડમાંથી માર્કસ બોલવા લાગ્યો. જેમ જેમ માર્કસ બોલાતા ગયા તેમ તેમ મહેતા સાહેબનું હૃદય બેસતું ગયું. મન ચિત્કારી ઊઠ્યું. ઓહ! તપન અભ્યાસમાં આટલો બધો પાછળ પડી ગયો! એમણે પરાશર અને ઝંખના તરફ વેધક દૃષ્ટિ કરી. બંનેની આંખમાં કાકલૂદી તરવરી રહી હતી. બાકીના ફોર્મ્સ ક્લેક્ટ કરવાના બહાને ક્લાર્કને એમણે બહાર મોકલી દીધો. તપન હર્ષઘેલી આંખે

*અજ્ઞાન ખરાબ છે તે ખરું, પણ જાણવાની ઈચ્છા જ ન કરવી તે એથી પણ વધુ ખરાબ છે.*

દાદાજીને નિહાળી રહ્યો હતો. એ એમની ગોદમાં લપાવા થનગની રહ્યો હતો પણ સમગ્ર વાતાવરણમાં વ્યાપ્ત અગમ્ય ભાર એનું કિશોર મન પામી ગયું હતું. એ એમ ન કરી શક્યો. **સ્વરમાં લાવી શકાય એટલી સ્વસ્થતા લાવી મહેતા સાહેબ બોલ્યા : 'સોરી મિ. પરાશર મહેતા, આપનો સન ખૂબ વીક છે. અમારા રૂલ્સ અને રેગ્યુલેશન પ્રમાણે એને અમારી સંસ્થામાં પ્રવેશ નહિ આપી શકાય!'** 'પણ પપ્પા, અમે આપ કહો એટલું ડોનેશન આપવા...' એ વાક્ય પૂરું કરે એ પહેલાં જ મહેતા સાહેબ બોલ્યા : 'પ્લીઝ, ડોન્ટ ઈન્સીસ્ટ મી. યુ કેન ગો નાઉ' (મહેરબાની કરી મારા પર દબાણ ન કરશો. હવે તમે જઇ શકો છો.) એ દરમિયાન ક્લાર્ક પાછો આવી ગયો હતો. એમણે એના તરફ આંખથી ઈશારો કર્યો. ક્લાર્કે પ્રવેશદ્વાર તરફ જોઇ યંત્રવત્ બૂમ પાડી. 'નેક્સ્ટ! ચંદ્રકાંત શાહ!' તપનને લઈને પરાશર અને ઝંખના નતમસ્તક થઇ બહાર નીકળી ગયાં.

એ પછીની એક એક ઘડી મહેતા સાહેબને એક સદી જેટલી લાંબી લાગી. જરાય ચેન પડતું નહતું. તેઓ આકળ વિકળ થઇ ગયા. સાંજે સાત વાગે પરાશર મહેતાનો ડોર બેલ રણક્યો. ડોર ખોલતાં જ નોકર રઘુના 'બાપુજી, તમે!' ઉદ્ગાર પરત્વે કાંઇ પણ પ્રતિભાવ દાખવ્યા સિવાય સોફા પર મ્લાન ચહેરે બેઠેલા તપન સામે 'બેટા તપન!' કહી ધસી ગયા. તપન પણ 'દાદાજી!' કહી ઊભો થઇ ગયો. ક્યાંય સુધી મહેતા સાહેબે અશ્રુભીની આંખે પૌત્રને છાતી સાથે ભીંસી રાખ્યો. દાદા-પૌત્રનું આ મિલન પરાશર અને ઝંખનાને હલબલાવી ગયું. એમને એ સત્ય સમજાઇ ચૂક્યું હતું કે દાદાજીથી અળગો કરીને હાથે કરીને એમણે પુત્રની કારકિર્દી રોળી નાખી હતી. વિવશ થઇ તેઓ પંચગીનીથી એને પાછો લાવ્યા હતાં. બંને મહેતા સાહેબના ચરણોમાં 'પપ્પા!' ના ઉદ્ગાર સાથે ઝૂકી ગયાં. પશ્ચાતાપના આંસુ એમના ગાલ ભીંજવી રહ્યાં હતાં. રઘુએ આપેલું પાણી પીને મહેતા સાહેબ સહેજ સ્વસ્થ થયા. ગળું ખંખેરી તેઓ બોલ્યા : 'પરાશર, તું તારા સર્કલનો અને તારી ઊંચી પહોંચનો ઉપયોગ કરી તપનને કોઇ નોન ગ્રાન્ટેડ કે ડોનેશનિયા સ્કૂલમાં હાલ પૂરતું એડમિશન અપાવી દે! હું રોજ એને ટ્યૂશન આપીશ. જો એને ઝાઝી મુશ્કેલી નહિં પડે.' પરાશર અને ઝંખના આજ્ઞાંકિત વિદ્યાર્થીઓની જેમ એમને સાંભળી રહ્યાં હતાં. પછી કોઇ ગંભીર વાત કરતા હોય એમ મહેતા સાહેબ બોલ્યા : 'પણ મારી એક શરત છે!' 'શી શરત પપ્પા!' પરાશરે પણ સૂર પુરાવ્યો. '...તો સાંભળો!' મહેતા સાહેબ હળવેકથી પણ મક્કમપણે બોલ્યા : **'તપનની ટ્યૂશન ફી પેટે એક પણ પૈસો નહિ લઉં!' એમનો આ માર્મિક શબ્દપ્રહાર બંનેના હૈયા સોંસરવો ઊતરી ગયો. 'હું ટ્યૂશનના પૈસા ન લઉં તો તમને થોડો ટેકો રહે ને!' એમના આ વિધાનમાંથી અકથ્ય વેદના ટપકતી હતી, પણ તમાચો પડ્યો હોય એમ બંને તમતમી ઊઠ્યા.**

'ટેકો રહેને!' શબ્દો અત્યંત શક્તિશાળી વિદ્યુત પ્રવાહની જેમ બંનેને આપાદ મસ્તક હચમચાવી ગયા. બિચારાં! બોલે તો શું બોલે! ... તપનના મસ્તક પર દાદાજીનો વત્સલ કર ફરી રહ્યો હતો. એ ખરે જ અવર્ણનીય આનંદની પરિતૃપ્તિ અનુભવી રહ્યો હતો.

*'જનકલ્યાણ', ફેબ્રુઆરી ૨૦૧૦ના અંકમાંથી સાભાર*

*પ્રેષક : ચંદ્રિકા દેઢિયા*

## સેવાભાવી સંસ્થાઓ અને કરવેરા

*(અનુ. : પાના નં.-૬૩ ઉપરથી ચાલુ)*

બંધારણમાં વિકેન્દ્રીકરણની જે ભાવના છે તેને મૂર્ત સ્વરૂપ મળશે જે એક મહત્ત્વનો આર્થિક સુધારો બની રહેશે અને સાચા અર્થમાં સરકાર અને પ્રજા વચ્ચેની ભાગીદારીનું અને સહકારનું સ્વરૂપ ધારણ કરશે.

આટલું તો સ્વીકારી શકાશે કે ભ્રષ્ટાચારના કળણમાંથી બહાર નીકળવાનો આ એક સરળ માર્ગ બની જશે. સરકારની આવકને નુકસાન પહોંચાડ્યા વગર સક્ષમ રીતે સામાજિક આર્થિક આશયોને પહોંચી શકાશે. દલિત અને મધ્યમવર્ગી પ્રજાની અપેક્ષા છે કે આ રીતે સામાજિક-આર્થિક કાર્યાર્થે દાતાને આવકવેરામાં કરરાહત આપવાથી વંચિત કે ઓછી આવકવાળાને વિકાસ સાધવામાં સહાય મળશે અને ડૉ. મનમોહનસિંહ જેને આઉટ ઓફ બોક્સ કહે છે તેનું ઉદાહરણ બની રહેશે.

ઐતિહાસિક દૃષ્ટિએ એ એક સત્ય છે કે માનવસર્જિત કે કુદરતી આફત વેળાએ જ્યારે તાત્કાલિક મદદની જરૂર હોય છે ત્યારે સરકારની, એની વિલંબિત કાર્યપ્રણાલીને કારણે જે મદદ પહોંચી શકે છે તેના કરતાં સેવાભાવી સંસ્થાઓ અને વ્યક્તિગત રૂપે જરૂરિયાતમંદને ત્વરિત અને પૂરતી સહાય મળે છે. આ વાત સર્વ સ્વીકૃત છે. એક વાર સરકાર આવી પ્રામાણિક અને નિખાલસ સહૃદય સંસ્થાઓને માન્ય કરે ત્યારે સરકાર અને પ્રજાની સાચી ભાગીદારીની શરૂઆતનો પાયો નખાશે.

**સેવાભાવી સંસ્થાને રોકડેથી અપાતી રૂા. ૫૦,૦૦૦/- કે વધુ રકમ પર સરકારે કર નાખ્યો છે. એની પાછળ માન્યતા એ છે કે કર ચુકવ્યા વગરની એ રકમ છે. એ વાત સત્ય હોય તો પણ જ્યારે એ રકમ વંચિતોના લાભાર્થે વપરાતી હોય છે સરકારની ગરીબો માટેની યોજનાને અનુરૂપ હોય છે ત્યારે રોકડ દાન ઉપર કર લેવો એ ન્યાયોચિત તો નથી જ નથી. એટલે આ કર અવશ્ય નાબૂદ થવો જોઇએ.**

આ રજૂઆતના અંતે ફરી એકવાર ડૉ. બિમલ જાલાનનું મંતવ્ય વિચારીએ. એમના પુસ્તકના અંતમાં લખે છે : **'મને એ વાતમાં જરાકેય શંકા નથી કે સામાજિક સંસ્થાઓ અને પરોપકારી વ્યક્તિઓ ભારતના વિકાસ અને ઉત્કર્ષમાં પૂરી આવડત સાથે આગળ આવશે ત્યારે દુનિયાની કોઇ તાકાત નથી કે ભારતના આર્થિક વિકાસને કે એની સમર્થતાને રોકી શકે.'**

*આપણે આ માગણી કરીએ - આપણે આવું કામ કરીએ*

*કાકુલાલ છ. મહેતા*
*૧૭૦૪, ગ્રીન રિડ્જ ટાવર-૨, ૧૨૦ લિંક રોડ, ચીકુવાડી, બોરીવલી (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૯૨.*

*કોઈ પણ વિષયમાં અધૂરા જ્ઞાન કરતાં તે વિષયનું અજ્ઞાન વધુ સારું છે.*

# પદમા એગ્રી ફીડ ઈન્ડસ્ટ્રીઝ

**ગુવાર દાળ તથા ગુવારમાંથી બનતા કેટલફીડનાં ઉત્પાદક તથા એક્ષપોર્ટર**

૧૨૦/૨, કબૂતરખાના, કાલુપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૨.
ફોન : ૨૨૧૨૧૪૬૭, ૨૨૧૨૫૦૦૮ ફેક્સ : ૦૭૯-૨૨૧૨૪૧૨૮

**મો. ૯૮૨૫૫ ૦૬૮૧૬**

ફેક્ટરી : પારલે ફેક્ટરીની સામે, જી.આઈ.ડી.સી. રેલવે સ્ટેશન પાસે,
ડીસા-૩૮૫ ૫૩૫. ફોન : ૦૨૭૪૪-૨૨૩૨૫૬

# એકતા ચિક્કી

**દરેક પ્રકારની ચિક્કી**
**બનાવનાર તથા વેચનાર**

**રાકેશ પ્રોડક્ટ્સ**
નરોડા રોડ,
અમદાવાદ-૩૮૨ ૩૪૫.

# TIKI TAR INDUSTRIES

8TH FLOOR, NEPTUNE TOWER,
PRODUCTIVITY ROAD, VADODARA-390 007.
(GUJARAT)
TEL. : +91-265-2337992, 2337862, 2338142
FAX : +91-265-2334339
E-mail : baroda@tikitar.com

VILLAGE ROAD, BHANDUP (WEST),
MUMBAI-400 078. (MAHARASHTRA)
TEL. : +91-22-25667831 TO 36
FAX : +91-22-25667830
E-mail : tiki@tikitar.com Website : www.tikitar.com

# હું હોસ્પિટલમાં સુખી છું....

(સત્ય ઘટના)

• પ્રા. પૃથ્વી શાહ •

ક્યારેક સગાંઓ માનસિક અસ્થિર વ્યક્તિ સાથે કોઇ સંબંધ અથવા નાતો ન હોય એમ અજાણ્યા બની જાય છે. માનસિક રોગી સાથે કંઇ લેવાદેવા ન હોય એવા ભાવ વ્યક્ત કરતાં શરમાતા નથી. પોતાનો જ માણસ નજર સામે હોવા છતાં આંખો કોઇ ભાવ દર્શાવ્યા વિનાની કોરી ધાકોડ દેખાડાય. માનસિક રોગી સાથે સંબંધની બાબતમાં પોતાના જ, કેટલા સ્વાર્થી અને નિર્દયી બની શકે એવું પણ હોસ્પિટલમાં અનુભવવા મળે છે. વાર્તાની ચોપડી અથવા સિનેમાના પડદે વાંચવા-જોવા મળતા દશ્યો અહીં વાસ્તવિકરૂપે જોવા મળે છે. જે વ્યક્તિ કેટલાક વરસ ઘરની ખુશી હતો, ઘરનું અંગ હતો, ઘરના દુઃખમાં સહભાગી બનતો હતો તેને જ માનસિક રોગી બનાવી ક્રુરતાથી અજાણ્યો બનાવાય એવો અન્યાય થયાના દાખલા સરકારી હોસ્પિટલમાં જોવા મળે છે.

આવા જ એક બનાવનો ભોગ બનવાને લીધે હોસ્પિટલમાં સાજો થઇ રહેલ એક દર્દી હોસ્પિટલ સ્ટાફ સમક્ષ કહી રહ્યો હતો કે તેને જીવિત રાખવો હોય તો આ હોસ્પિટલમાં જ રહેવા દેજો. **આ હોસ્પિટલની દિવાલની બહાર તેને કાઢવામાં આવશે તો પોતાના ગામમાં જીવિત નહીં રહી શકે.** એની આંખો એની નિરાશા, એના મનની વ્યથા, તેના જીવનમાં જે વીત્યું હશે તેનું દર્દ કહી રહી હતી. સરકારી હોસ્પિટલમાં જીવન ટકી શકે અને પોતાનાઓની વચ્ચે જીવી નહિં શકાય એવી પીડા મનમાં અનુભવવી - કેવી અસહ્ય હશે, એ વેદના કેવી દર્દીલી હશે? દર્દમાં છુપી જીવનની વાસ્તવિકતા એ તો દર્દી સંપૂર્ણ મોઢું ખોલે તો જ જાણી શકાય. અલબત્ત એ દર્દીની કથા અનુકંપા જગાવે એવી છે. ક્યારેક એમ થાય કે નસીબની બલિહારી આવી પણ હોઇ શકે.

અમદાવાદમાં દિલ્હી દરવાજા બહાર આવેલ સરકારી માનસિક આરોગ્ય હોસ્પિટલમાં અધીક્ષકશ્રી ડૉ. અજય ચૌહાણે દર્દી પુનઃ સ્થાપન પ્રવૃત્તિ વેગવાન બનાવી. આ ઝુંબેશના ભાગરૂપે વિવિધ કેસ હાથ ધરાયા. **હોસ્પિટલમાં ક્લિનિકલ સાયકોલોજિસ્ટ તરીકે સેવા આપતા દર્શનાબહેન પટેલે અઢાર-અઢાર વરસથી આ હોસ્પિટલમાં રહેલ માનસિક રોગી મિત્તાસિંહનો કેસ હાથ ધર્યો.**

વરસો અગાઉ અમદાવાદમાં એક યુવાન સંપૂર્ણ માનસિક ખરાબ હાલતમાં રખડી રહ્યો હતો. પોતાની જાત પ્રત્યે બેખબર હતો. રખડતી ભટકતી અવસ્થામાં તે પોલીસની નજરે ચઢ્યો. પ્રથમ નજરે જ પોલીસને તેનું પાગલપણું જણાઇ આવ્યું. તેના ખિસ્સા કચરાથી ભરેલા હતા. તે સાવ લઘરવઘર હાલતમાં હતો. હોસ્પિટલમાં લાવવામાં આવ્યા બાદ પણ તે ક્યારેક ગુસ્સામાં બડબડાટ કરતો અથવા ક્યારેક સૂનમૂન બેસી જતો. ક્યારેક પોતાના જ કપડાં ફાડવા પ્રયત્ન કરે, તો ક્યારેક શરીર પરથી કપડાં જ કાઢી નાખે. પોતાના હાથ વડે ક્યારેક સ્વગત બોલતા વિચિત્ર ચેનચાળા કરતો. આમ યુવાનનું વર્તન સંપૂર્ણપણે ન સમજાય અને વ્યક્તિના પોતાના કાબૂ બહારનું હતું.

એક નામ વિનાના યુવાનની સરકારી હોસ્પિટલમાં સારવાર આરંભાઇ. જેને પોતાના નામની જ માહિતી યાદ નથી, પોતાની જાત પર કાબૂ નથી તેને પોતાના નિવાસસ્થાન, વતન, જ્ઞાતિ વગેરેની તો ક્યાંથી જાણ રહી હોય. **કુટુંબીઓ અને પરિચિતોથી દૂર માનસિક આરોગ્યની હોસ્પિટલમાં યુવાનની સારવારનો પ્રારંભ થયો.** દવા અને નિયમિત માવજતથી દર્દીની માનસિક હાલતમાં કંઇક અંશે સુધારો થયો પરંતુ વરસો સુધી પોતાના કુટુંબની માહિતી છુપાવવામાં મનોરોગી અવસ્થામાં પણ દર્દી સફળ રહ્યો.

તાજેતરમાં ક્લિનિકલ સાયકોલોજિસ્ટ દર્શનાબહેન પટેલે મિત્તાસિંહનો કેસ રશ્મિબહેનના સાથમાં રહી હાથ ધર્યો. દર્શનાબહેન પાસે દર્દી પાસેથી માહિતી કઢાવવાનો એક સ્પષ્ટ દષ્ટિકોણ છે. એક માનસિક અસ્વસ્થ વ્યક્તિ પાસેથી પણ અંગત જાણકારી કઇ રીતે મેળવી શકાય તે માટેની વ્યૂહરચના ઘડી શકે છે. ક્યારેક માયાળુતા, ક્યારેક વર્તનમાં ગંભીરતા, ક્યારેક દર્દીમાં આત્મવિશ્વાસ જગાડી વાત કરવી, ક્યારેક તેનામાં હિંમત બાંધવી, ક્યારેક દર્દીના સંપૂર્ણ હમદર્દી બની વાત કરવી અને એમ હકારાત્મક અભિગમ અપનાવી દર્દીનો સાથ મેળવી તેની અંગત વાત કઢાવવા પ્રયત્ન કરે છે. મિત્તાસિંહના કિસ્સામાં તેના અંગત જીવનમાં ડોકિયું કરવામાં દર્શનાબહેન સફળ રહ્યા. મિત્તાસિંહના કુટુંબ, બાળપણના મિત્રો, ગામ અને ગામની વાતો કઢાવી શક્યા **પરંતુ મિત્તાસિંહના નસીબમાં કદાચ કુટુંબ અને ગામથી દૂર, અળગા રહેવાનું લખાયું હશે.**

વાતચીતના આધારે જાણવા મળ્યું કે મિત્તાસિંહ મૂળ રાજસ્થાનના ગંગાનગર જિલ્લાનો વતની. રાયસિંહ તાલુકાનો સામેજા તેનો વિસ્તાર. સતલજ નદીનું પાણી આ વિસ્તારમાં આવતું હોવાથી અહીંની જમીન અતિ કિંમતી બની ચૂકી છે. મિત્તાસિંહ આ વિસ્તારમાં જ ખેતરમાં કામ કરતો હતો. જાટ કોમના મિત્તાસિંહની અટક રાઠોડ.

મિત્તાસિંહે દર્શનાબહેન સાથેની વાતચીતમાં તેના ભાઇઓ અને કુટુંબીઓના નામ જણાવ્યા. નાનપણમાં જે બાળમિત્રો હતા તેમની વાત પણ કહી. તેનો વિસ્તાર જે પોલીસ ચોકી હસ્તક આવતો હતો તેની વિગત પણ આપી. પોલીસ સ્ટેશનના વિસ્તારના આધારે તપાસ કરાવતા ગંગાનગર જિલ્લાનો એ વિસ્તાર તથા મિત્તાસિંહે કુટુંબી તરીકે જેમના નામ આપેલા તે હાલમાં વાસ્તવિક

*ક્રોધને કડવા વેણ સાથે વિશેષ મેળ હોય છે.*

રીતે હોવાનું જાણવા મળ્યું. આમ મિત્તાસિંહની વાત તથ્યવાળી હતી.

હોસ્પિટલ તરફથી મિત્તાસિંહના ભાઇના સરનામે પત્ર લખવામાં આવ્યો. રેશનકાર્ડ અને રહેણાંકના પુરાવા સાથે ભાઇ અને વડીલ કુટુંબીને હોસ્પિટલ ખાતે ઓળખ માટે બોલાવવામાં આવ્યા. મિત્તાસિંહનો મોટોભાઇ અને કાકા હોસ્પિટલ આવ્યા પરંતુ સૂચના સાથેના, સાથે લાવવાના પુરાવા લાવ્યા નહિં.

દેખાવમાં મિત્તાસિંહથી તદ્દન મળતો ચહેરો તેના ભાઇનો હતો. **મિત્તાસિંહની ઓળખ બાબત તેના કાકાની હાજરીમાં પ્રશ્ન કરવામાં આવતા સગાભાઇ તેમજ કાકાએ મિત્તાસિંહને ઓળખવાનો ઇન્કાર કર્યો.** મુખ પર કોઇ જાતના ભાવ લાવ્યા વિના મિત્તાસિંહને જિંદગીમાં પ્રથમ વખત જોઇ રહ્યાનું રટણ ચલાવ્યું. જ્યારે માનસિક રોગી મિત્તાસિંહે નામ સાથે ભાઇ અને કાકાને ઓળખી બતાવ્યા. ભાઇએ ભૂતકાળમાં તેને કેવો પરેશાન કર્યો હતો તે વાતનો પણ અછડતો ઉલ્લેખ વાતચીતમાં કર્યો.

મિત્તાસિંહના સગાંઓએ જ તે ઘરભેગો થઇ સામાન્ય જિંદગી વિતાવી શકે એ દિશામાં નકારાત્મક વલણ અપનાવ્યું. કદાચ મિત્તાસિંહ તેમને બોજારૂપ લાગ્યો હશે. મિલકતની ભાગબટાઇમાં અડચણરૂપ જણાયો હશે. **પોતાના માણસને કુટુંબના સભ્ય ઓળખવા કે સ્વીકારવા તૈયાર ન થયા.** છતાં નવાઇની વાત એ છે કે એક તો પત્રના આધારે તેઓ અમદાવાદ આવ્યા અને ગામ પહોંચ્યાના કેટલાક દિવસ બાદ હોસ્પિટલના નંબર પર ફોન કરી મિત્તાસિંહની સ્થિતિ બાબત પૂછપરછ કરી. આમ આ પ્રકરણમાં દાળમાં કાળુ સ્પષ્ટ જણાય છે.

પોતાના અંગત સ્વાર્થ માટે મિત્તાસિંહ સાથે કદાચ વિપરીત બન્યું હશે. તેની મિલકત હડપવા તેને જિંદગીથી હાથ ધોવા પડે એવી સ્થિતિનું નિર્માણ થયું હશે. તે માનસિક અસ્થિર થઇ જાય ત્યાં સુધીની પજવણી થઇ જશે. તે ઉબાઇ જાય એવી હેરાનગતિ કરાયેલ હશે. ઘણાબધા 'તો' —થી ઘેરાયેલું છે મિત્તાસિંહનું જીવન.

હોસ્પિટલની દિવાલમાંથી મુક્તિના આરે પહોંચેલ મિત્તાસિંહને કુટુંબે જ ફરી તનાવમાં ધકેલ્યો. તેને વિચારના વમળમાં અટવાવી બેબાકળો બનાવ્યો. તેને હોસ્પિટલની દિવાલ વધુ સુખદ અને સલામત લાગી. પોતાપણાના ભાવથી ભરેલી લાગી. **દર્દીને સરકારી હોસ્પિટલનો સ્ટાફ પોતાના સગાં જેવો લાગે અને સગાં તેના વ્હાલા નથી એ સગાંઓએ જ સાબિત કર્યું.**

એક દર્દીને છતે કુટુંબે માનવું પડે કે તેનું આ સંસારમાં કોઇ સગું નથી. જીવનમાં ખાલીપો છે અને એ ખાલીપો માનસિક આરોગ્ય હોસ્પિટલને લીધે ભરાયેલો રહે છે. એક સરકારી હોસ્પિટલ પ્રત્યે કેવી આત્મીયતા! ઉપકારની ભાવના વિના થતી સારવાર અને દર્દી પ્રત્યે દર્શાવાતી લાગણીની કેવી ઉત્તમ ભેટ! હોસ્પિટલની કામગીરી માટે એક જીવંત પ્રમાણપત્ર! **જિંદગીથી હારી-થાકી ચૂકેલ દર્દીને એક સરકારી હોસ્પિટલ અંતિમ વિસામો જણાય તેમાં સરકારી હોસ્પિટલની સાર્થકતા સમાયેલ છે.**

*પ્લોટ ૫૭૨/૧/બી, સેક્ટર-૩૦, ગાંધીનગર-૩૮૨ ૦૩૦.*
*ફોન : ૦૭૯-૨૩૨૬૧૫૭૫*

## આમ આદમીની મૂંગી વ્યથાનો બોલતો પડઘો એટલે કવિ

સૌરાષ્ટ્ર રાજ્ય નવું સવું રચાયું તે દિવસોની વાત છે. દેશના પ્રથમ વડાસેવક જવાહરલાલ નહેરુ રાજકોટની મુલાકાતે આવેલા. તે વખતે એક પ્રસંગ બન્યો. આજે પણ લોકો તે પ્રસંગને સંભારે છે.

આપણા ગુજરાતીના ગૌરવ સમા ભડવીર ગઝલકાર સ્વ. શ્રી અમૃત ઘાયલે નહેરુ સમક્ષ એક ગઝલ રજૂ કરવાની પરવાનગી માંગી. પણ ગઝલ ગુજરાતી ભાષામાં હશે તેની સ્પષ્ટતા કરી.

નહેરુએ કહ્યું કે 'થવા દો. બહુ વરસો સુધી બાપુ સાથે રહ્યો છું તેથી ગુજરાતી આવડી ગયું છે. જરૂર ઊભી થાય તો હું પણ બે પાંચ ગુજરાતી શબ્દો બોલી શકું છું.'

નહેરુએ અચકનમાં તાજું લાલ ગુલાબ ધારણ કરેલું. અને ઘાયલ સાહેબે ગઝલના શેર કહ્યા :

*મેલું ઘેલું મકાન તો આપો, ધૂળ જેવું ય ધાન તો આપો!*
*સાવ જૂઠ્ઠું શું કામ બોલો છો? કંઇક સાચી જબાન તો આપો!*
*બાગમાં છે ભાગ અમારો પણ એક વાસી ગુલાબ તો આપો!*
*સુખના બે-ચાર શ્વાસ તો આપો, જીવનનો આભાસ તો આપો.*
*મુક્ત વાતાવરણના સ્વામીઓ જરા હવા, જરા ઉજાસ તો આપો*
*માઇના પૂત માનવીને પ્રથમ માનવીનો મિજાજ તો આપો.*

ગઝલ સાંભળી નહેરુ ડઘાઇ ગયેલા, હેબતાઇ ગયા. પરંતુ તે છતાં તેઓ જવાહરલાલ નહેરુ હતા. નહેરુએ ઘાયલ સાહેબને પૂછ્યું 'તમે આવું કેમ કહો છો?'

(હવે ઘાયલનો જવાબ સાંભળો) ઘાયલે કહ્યું 'કવિ શું છે? કવિ એટલું શું? એ તો આમ આદમીની મૂંગી વ્યથાનો બોલતો પડઘો માત્ર છે. તેની ફરજ આમ જનતાની પીડાને વાચા આપવાની છે.'

નહેરુ સાંભળી રહ્યા.

છે કોઇ વર્તમાન કવિમાં વડા સેવકને મોઢા મોઢ કહેવાની આવી હિંમત? અને છે કોઇ નાના-મોટા સેવકમાં સાંભળી લેવા જેટલી સજ્જનતા?

*(વિગત નિરીક્ષકના તા. ૧૬-૧-૧૦ના અંકમાંથી લીધેલી છે. ભાષા અને રજૂઆતની જવાબદારી મારી છે.)*

***શાંતિલાલ સંઘવી - અમદાવાદ***

**જિંદગી ખૂબ જ ટૂંકી છે, તેથી નક્કી કરેલ નીતિ-નિયમો પ્રમાણે ચાલો.**

❖ જલદીથી માફ કરી દો.
❖ સચ્ચાઇપૂર્વક પ્યાર કરો
❖ મોટેથી હસો
❖ દરરોજ હસતા રહો
❖ દરેક વસ્તુ વિગતવાર સમજો
❖ એવી કોઇપણ વસ્તુ તરફ દુર્લક્ષ ના સેવો, જે તમને હસાવતી રહે.
❖ જિંદગી સરળ બની જશે.

*જે માણસ યોગ્ય વસ્તુ કે યોગ્ય વ્યક્તિ સામે યોગ્ય રીતે, યોગ્ય સમયે અને યોગ્ય સમય પર્યંત ગુસ્સે થાય છે તે વખણાય છે.*

# દશા ઓસવાળ અને વીસા ઓસવાળ જ્ઞાતિ નજીક આવવાની શુભ ઘડી આવી છે

• ગુલાબ દેઢિયા •

થોડા સમય પહેલાં મુલુંડમાં કચ્છી વીસા ઓસવાળ અને કચ્છી દસા ઓસવાળ જ્ઞાતિજનોનો મિલન સમારંભ યોજાયો. આ સહિયારા મિલનને ખૂબ જ સારો પ્રતિસાદ મળ્યો. આ પ્રસંગને યાદગાર, ઐતિહાસિક અને અનન્ય સમજવો જોઇએ. બન્ને જ્ઞાતિઓને નિકટ આવવાની શુભ ઘડી આવી છે, જેના એ શુભ સમાચાર છે. વર્ષ ૨૦૦૭ની એ અદ્ભુત ઘટના છે. એ વિચાર કરનાર, એ વિચારને કાર્યાન્વિત કરનાર સર્વે આયોજકો અભિનંદનના અધિકારી છે. બન્ને જ્ઞાતિઓ તો ખરી જ.

બન્ને જ્ઞાતિઓ વચ્ચે ભેદ ક્યાં છે? કોઇને મોટો ભેદ દેખાતો નથી. માત્ર 'આગે સે ચલી આતી હૈ' નો તાલ છે. બંને જ્ઞાતિજનોની ભાષા એક જ — કચ્છી. બંનેનું વતન એક જ — કચ્છ. બંનેનો ધર્મ એક જ — જૈન. બંનેના રીતરિવાજો, વ્યવહારો સંસ્કારો પણ મહદઅંશે સરખા છે. ઇતિહાસમાં જોવા જઇએ તો ઓસિયાથી નીકળ્યા ત્યારે તો વડીલોમાં આવો કોઇ ભેદ નહોતો. ગમે તે કારણે અંતર વધ્યું હોય, તે વખતે જે યોગ્ય લાગ્યું હોય તે. આજે તો સમાજના બહુમતી વર્ગને ખબર પણ નથી એ નાના મોટા વિવાદની. તો બે પ્રવાહ ફરી એક થાય, સાથે વ્યવહાર વધારે, શક્તિ વધારે, ઉચ્ચ પરંપરાઓનું, સંસ્કારોનું, સહયોગનું આદાન-પ્રદાન કરે એમાં સૌનું હિત છે.

વર્તમાન સમયની સૌથી વધુ યાદગાર ઘટના કોને કહીશું? 'કચ્છી જૈન ફાઉન્ડેશન'ને. કચ્છી જૈન ફાઉન્ડેશને જે ઉમદા સમાજસેવાના કાર્યનો આરંભ કર્યો છે. કોઇ પણ જ્ઞાતિજનને અનહદ આનંદ થાય, સમાજની વિકટ સમસ્યા, રહેઠાણને આટલી ઉત્તમ રીતે, યોગ્ય રીતે અને સમયસર ઉકેલવામાં જે પ્રગતિ દાખવી છે, તે ઇતિહાસનું એક યાદગાર પ્રકરણ બનશે. આ પ્રોજેક્ટમાં દસા અને વીસા બન્ને જ્ઞાતિના કાર્યકરો, અગ્રેસર અને દાતાઓ એક સાથે જ છે. આ પ્રકલ્પ પણ બન્ને સંઘને નજીક લાવવા કાર્ય કરશે. બંને સમાજમાં વિચારોની જે ઉદારતા છે, મોવડીઓની દીર્ઘદૃષ્ટિ છે તેનું આ જ્વલંત ઉદાહરણ છે.

મુંબઇ સિવાય બહારગામમાં તો બંને જ્ઞાતિની એક જ સંસ્થા હોય છે. સારી રીતે કાર્ય કરે છે. આપણી ધાર્મિક સંસ્થાઓ, ઉપનગરના મંડળો વગેરેમાં પણ બંને જ્ઞાતિ એક સાથે છે. ત્યાં કોઇ ભેદ નથી. બહારગામમાં તો 'કચ્છી ઓસવાળ' એટલી જ ઓળખ પર્યાપ્ત બને છે. મુંબઇમાં પણ દસા - વીસાનું વધારાનું વિભાજન ભૂંસવાની ઘડી આવી છે. વ્યાપારમાં કોઇ ભેદ નથી. રોટી વ્યવહારમાં ભેદ નથી. જેમણે જેમણે પરસ્પર બેટી વ્યવહાર પણ કર્યો છે, તેમની પણ સુખદ અનુભૂતિઓ છે.

મહાજન, સંસ્થા, સંઘ કે મંડળના સ્તર પર ક્યાં ક્યાં વધુ બારીઓ ખોલી શકીએ તે વિચારવાનું છે.

'શ્રી કચ્છી વીસા ઓસવાળ જૈન ખબર પત્રિકા'માં દસા ઓસવાળ ખબરોનો સમાવેશ થાય તો એક મોટું કામ થઇ જાય. એવી આશા રાખીએ કે એ પણ યોગ્ય વિચાર પછી ફળીભૂત થશે. સગપણ સંમેલન, સમૂહલગ્ન સાથે યોજી શકાય. બુક બેન્ક, હોસ્ટેલ, છાત્રાલય, સ્કોલરશિપ જેવી અનેક પ્રવૃત્તિઓમાં એક છત્ર નીચે આવી જતાં બંને જ્ઞાતિને લાભ થશે. વિશેષ વિચાર તો યુવા વર્ગનો કરવાનો છે. એમને તો આ જ્ઞાતિ વિભાજનની ખબર પણ નથી, જરૂર પણ નથી. યુવા પ્રવૃત્તિઓમાં નિકટતા આવતાં વધુ સારા પરિણામ જોવા મળશે.

જેટલું સહજ, સરળ હોય તે પહેલું કરવું જોઇએ. જ્યાં કોઇ ગૂંચ હોય, વિવાદને સ્થાન હોય ત્યાં નિવેડો લાવી, મધ્યમ માર્ગ લઇ, ઉદારતા દાખવી આગળ વધવું જોઇએ.

વર્તમાન સમયમાં 'જૈન' બની રહેવું જ સૌથી વધુ મહત્ત્વનું છે. જૈન આચારવિચાર, પરંપરા, જ્ઞાન અને ધર્મનું મહત્ત્વ જ્યાં જળવાતું હોય ત્યાં નાના ભેદો ભૂલવામાં ભલાઇ છે. આખરે તો માણસ બનવું, એ પરમ ધ્યેય હોવું ઘટે. જે ઉદાર માણસ છે તેની પાસે, એની સાથે જૈન સિદ્ધાંતો પણ હશે જ.

આ મિલન એક થવાની વાત કોઇને અશક્ય લાગે એ પણ શક્ય છે. ગઇકાલ સુધી 'રહેઠાણ યોજના' અશક્ય લાગતી હતી, આજે!?

વિજ્ઞાને દુનિયાને નાનકડી બનાવી દીધી છે. સંદેશ વ્યવહાર, મીડિયા, વાહન વ્યવહાર, કોમ્પ્યુટર એ બધાના લાભથી આપણે અનેક લોકોની નજીક આવી રહ્યા છીએ. તો બે ભાઇઓ નજીક ન આવી શકે? આવી શકે. બંને જ્ઞાતિ એક જ છે. વિચારવલોણું કરીએ, ચર્ચાસત્ર કરીએ અગ્રેસરોની સલાહ લઇએ. બંને પક્ષે જે જે સારું છે, તે સહિયારું બનાવીએ.

હમણાં સારો સમય એ માટે છે કે, બંને જ્ઞાતિના અગ્રેસરો ઉદાર, દૂરંદેશીવાળા અને સમભાવી છે; મતાગ્રહી, હઠીલા નથી. આ નિકટતાથી યુવાનોને વિશાળ પ્લેટફોર્મ મળશે. સંસ્થાઓને વધુ સારા કાર્યકરો મળશે. પ્રશ્નોને ઉકેલ મળશે. બન્ને સમાજમાં દરેક ક્ષેત્રના નિષ્ણાતો, તજજ્ઞો, વિચારવંતો, દાતાઓ, યુવા પ્રતિભાઓ છે. એમના જ્ઞાનનો લાભ પરસ્પર મળશે.

માત્ર કલીયુગે જ નહિ સર્વ યુગમાં 'સંઘે શક્તિ' એમ માનવું જોઇએ. સંઘ મોટો, સંગઠિત

*ફક્ત દ્રઢ ઇચ્છાથી નીપજેલું કાર્ય સુંદર હોય છે.*

ઉદાર એટલો સૌને લાભ. સાધર્મિક ભક્તિમાં આ વાત આવે છે.

આ લેખ તો એક કાચા મુસદ્દા બરાબર છે. હકીકતો, આંકડા મારી પાસે નથી. જાણકારો વધુ પ્રકાશ પાડે એવી વિનંતી છે.

*૪૧-એ, મહંતકૃપા,*
*૧૬, મનીષનગર, ચાર બંગલા,*
*અંધેરી (વેસ્ટ), મુંબઇ-૪૦૦ ૦૫૩.*
*મો. ૯૮૨૦૬ ૧૧૮૫૨*

*લેખકશ્રીએ માત્ર મુંબઈને નજર સમક્ષ રાખીને આ લેખ લખેલ હોય તેવું લાગે છે. મુંબઈમાં તાજેતરમાં જ દસા જ્ઞાતિની નાની-મોટી જ્ઞાતિ એકત્રિત થઈ. હવે દસા-વીસા એક થઈ જાય તેવી ઉદાત્ત ભાવનાથી આ લેખ લખાયેલ છે.*

*પરંતુ મુંબઈ સિવાય અન્યત્ર ભારતના અનેક શહેરોમાં 'કચ્છી જૈન સમાજ' કાર્યરત છે. આ સમાજ સંયુક્તપણે વર્ષોથી સમાજ સેવાના કાર્યો પોતાના શહેરમાં રહીને કરે છે. કચ્છી વીસા ઓસવાળ, કચ્છી દસા ઓસવાળ, કચ્છી વીસા ગુર્જર સમાજ, કચ્છી દસા ગુર્જર સમાજ, કચ્છી વાગડ જૈન વીસા ઓસવાળ સમાજ, કચ્છી વાગડ જૈન સાત ચોવીસી સમાજ, કચ્છી વાગડ જૈન બે ચોવીસી સમાજ વગેરે કચ્છી જૈન સમાજના વિવિધ જ્ઞાતિ ઘટકો સાથે રહીને, પોતાના શહેરોમાં સામાજિક કાર્યો કરવામાં કાર્યરત રહે છે. અમદાવાદ સ્થિત 'કચ્છી જૈન સેવા સમાજ' ૧૯૭૦થી કાર્યરત છે. અહીંની યુવા પેઢીને આ ફિરકાઓની કોઈ જ અસર નથી. ભારતભરના મોટા ભાગના કચ્છી જૈનો અમદાવાદની આ સંસ્થાથી જ્ઞાત છે. તેની પ્રવૃત્તિઓથી જ્ઞાત છે.*

*કચ્છી જૈન ફાઉન્ડેશને મુંબઈ સ્થિત કચ્છી જૈનોના વિવિધ ફિરકાઓને એક સમાન જ ગણેલ છે.*

*આપણે આશા રાખીએ કે લેખકશ્રીની ઉદાત્ત ભાવનાને મુંબઈ સ્થિત કચ્છી જૈનોના વિવિધ ફિરકાઓ જરૂરથી આવકારશે....*

*– મુખ્ય તંત્રી*

## સ્ત્રી જાગે ત્યાંથી ભ્રષ્ટાચાર ભાગે

કૌરવો સાથે સંધિ કરવા તૈયાર થયેલા પાંડવોને કુંતા માતાએ શ્રીકૃષ્ણ મારફત મોકલાવેલો સંદેશ કંઇક આમ હતો : જે કૌરવો છળકપટથી જુગાર રમ્યા, જે કૌરવોએ પાંડવોને લાક્ષાગૃહમાં બાળવાનો પ્રયાસ કર્યો, જે કૌરવોએ દ્રૌપદીનું ચીરહરણ કર્યું એવી અધમ વ્યક્તિ સાથે સમાધાન હોય જ નહીં.

યુધિષ્ઠિર માટે કુંતાનો સંદેશ હતો કે તારું તો નામ માત્ર ધર્મરાજ છે. બાકી સાચો ધાર્મિક માણસ હીણ કામ કરનારા સાથે સમાધાનનો વિચાર પણ કરે નહીં.

અને બાણાવાળી અર્જુનને કુંતા ટોણો મારે છે : તું આવો ઢીલો કેમ થયો?

ભારતીય સ્ત્રીનું આ છે શક્તિ સ્વરૂપ!

આજે સર્વત્ર વ્યાપી ગયેલો ભ્રષ્ટાચાર કાયદાથી, કોર્ટથી, પોલીસથી, નેતાઓથી, ભાષણખોરોથી કે પાર્લામેન્ટથી પણ દૂર નહીં થાય. ભ્રષ્ટાચાર જશે તો રસોડાની સામ્રાજ્ઞીથી જશે. સ્ત્રી જાગે ત્યાંથી ભ્રષ્ટાચાર ભાગે!

*Ramesh Savla*
*Manish Savla*
M. 94260 77479

AI

**ARIHANT INDUSTRIES**

Mfg. : Bakelite Moulding & Pannel Board Accessories, Push Buttons, Connector Strip & Cooker Handles

5/33, G.I.D.C. Ind. Estate,
Phase-1, Vatva,
Ahmedabad-382 445.
**Ph. : (F) 25831205 (R) 25464948**

## શ્રી અચલગચ્છ જૈન સંઘ - અમદાવાદ

શ્રી સંઘના મણિનગર ઉપાશ્રયમાં રસોડે કામ કરી શકે તેવા દંપતી અથવા ભાઈ કે બહેનની જરૂર છે. રહેવાની વ્યવસ્થા છે. જરૂરીયાતવાળાએ પોતાની અરજી અપેક્ષિત પગાર સાથે તુરત મોકલી આપવી.

**• અરજી મોકલવાનું સ્થળ •**

**મંત્રીશ્રી ટોકરશી કેશવજી શાહ**
૫૦૨/બી મહાલક્ષ્મી કોમ્પ્લેક્સ,
મહાલક્ષ્મી પાંચ રસ્તા પાસે, નવા વિકાસગૃહ રોડ,
પાલડી, અમદાવાદ-૩૮૦ ૦૦૭.
**ફોન : મો. ૯૮૨૫૦૦૮૫૦૦**

*ભદ્રેશ્વર તીર્થમાં ૧૯મી દેરીમાં પ્રભુજીની પ્રતિષ્ઠા સંઘ વતી કરાવવા માટેના આદેશ, રવિવાર તા. ૧૧-૪-૨૦૧૦ના રોજ આપવામાં આવશે. બપોરના ૩.૦૦ કલાકે મણિનગર ઉપાશ્રયે અવશ્ય પધારવા વિનંતી.*

# ગુજરાતી ભાષાનું ભવિષ્ય

● સલોની નવીનભાઈ લાલકા ●

*આ નિબંધની લેખિકા કુ. સલોની નવીનભાઇ લાલકાની ઉંમર માત્ર ૧૮ વર્ષની છે. તે **F.Y.B.Com.**માં અભ્યાસ કરે છે. થોડા સમય અગાઉ ગુજરાતી વિશ્વ પરિષદ દ્વારા યોજાયેલ 'ગુજરાતી ભાષાનું ભવિષ્ય' વિષય પરની નિબંધ સ્પર્ધામાં ભાગ લઇ, આ લેખ મોકલેલ હતો.*

*યુવાનો વધુ સંખ્યામાં ભાગ લે અને તેઓને લખાણ કાર્ય કરવામાં પ્રોત્સાહન મળે એ હેતુથી આ નિબંધને અત્રે પ્રસારિત કરવામાં આવેલ છે.*

*વાચક વર્ગ પણ યુવા લેખક-લેખિકાને પ્રોત્સાહન મળે એ રીતે પોતાના પ્રત્યાઘાતો આપે તેવી અપેક્ષા રાખવામાં આવે છે.*

*- મુખ્ય તંત્રી*

ભારત દેશ વિવિધ ધર્મો, વિવિધ સંપ્રદાયો અને વિવિધ ભાષાઓનો દેશ છે. કહેવાય છે કે 'બાર ગાઉએ બોલી બદલાય' અર્થાત 'બોલવાની ઢબ બદલાય.' પણ આપણા દેશમાં તો દરેક પ્રાંતની પોતાની એક અલગ ભાષા છે, લિપિ છે. અંગ્રેજી ભાષાને આંતરરાષ્ટ્રીય ભાષા તરીકેની માન્યતા મળેલી છે, તો હિંદીને આપણી રાષ્ટ્રીય ભાષા. આજે વાત કરવી છે આપણી, ગુજરાતીઓની માતૃભાષા એટલે કે 'ગુજરાતી ભાષા'ની. ગુજરાતી ભાષા પોતાની આગવી લિપિ, પોતાના આગવા વ્યાકરણ, પોતાની આગવી ગરીમા, ગદ્ય અને પદ્યના બનેલા અમૂલ્ય ગ્રંથોના ભંડારોને કારણે આજ સુધી ધબકતી રહી છે, જીવંત રહી છે. આ તો થઇ ભૂતકાળની વાત. નજર કરીએ વર્તમાન પર તો વર્તમાનમાં ત્રીસી વટાવી ચૂકેલા લોકોમાં હજી ગુજરાતી ભાષાનું પર્યાપ્ત જ્ઞાન છે, પરંતુ એ જ્ઞાન ફક્ત વ્યવહારિકપણા પૂરતું છે. ભાષાને જીવંત રાખવા, ભાષાને સમૃદ્ધિ બક્ષવા કે અન્ય ભાષાઓમાં પ્રકાશિત થતા લેખો, ગ્રંથો કે અન્ય સાહિત્યની સાથે સ્પર્ધા કરી શકે તેવું સર્જનાત્મક જ્ઞાન નથી.

ગુજરાતીઓ વેપારી છે, વ્યવહાર કુશળ છે, સારા સાહિત્યપ્રેમી પણ છે. આપણી ભાષાની ભવ્ય ગરીમા આ વાતની સાક્ષી પૂરે છે. પરંતુ વર્તમાન સમયમાં આપણને આપણી પોતાની ભાષા કરતા અન્ય ભાષાઓ ખાસ કરીને વિદેશી ભાષામાં પ્રકાશિત થયેલ સાહિત્યમાં વિશેષ રસ છે, રુચિ છે અને આપણા પગલે ચાલી રહી છે આપણી નવી પેઢી. તો સવાલ એ ઊભો થાય છે કે, જો આ જ પ્રવાહ ચાલતો રહેશે તો આપણી ગુજરાતી ભાષાનું ભવિષ્ય શું? **શું ગુજરાતી ભાષા ફક્ત ભૂતકાળ બની જશે? શું ગુજરાતી ભાષા નવા સાહિત્યકારો, લેખકો, કવિઓ - વિહોણી થઇ જશે?** આ સવાલોના જવાબ શોધવા રહ્યા. આત્મમંથન કરવાનો સમય પાકી ગયો છે. ગુજરાતી ભાષા અને સાહિત્યને આજની પરિસ્થિતિએ પહોંચાડવા માટે આપણે બધા જવાબદાર છીએ.

એક નાનકડો દાખલો આપું :- **'ગુજરાતિ ભાશાનું ભવિશ્ય શું?'** - અંગ્રેજી માધ્યમમાં 1st Class પાસ થયેલા મારા પિતરાઇ ભાઇને મેં જ્યારે આ શીર્ષક લખવાનું કહ્યું ત્યારે તેણે આવી રીતે લખેલ. આ આપણા સૌ માટે લાલ બત્તી સમાન છે. મારો દીકરો/દીકરી અંગ્રેજી માધ્યમમાં ભણે, તેમની ભાષા, પહેરવેશ, રીત રસમ અપનાવે અને વિદેશમાં જાય તેવી દરેક મા-બાપની ઇચ્છા હોય છે. પરંતુ ઘણી વખત મા-બાપની ઇચ્છાને લીધે બાળક અંગ્રેજી ભાષા શીખી જાય છે પરંતુ ગુજરાતીનું તેનું જ્ઞાન કેવું હોય છે તે તો ઉપરના ઉદાહરણ પરથી આપ સમજી જ ગયા હશો.

આ સમયે મગજ વિચારે ચઢે છે અને પ્રશ્નો ઉદ્‌ભવે છે. ગુજરાતી ભાષાનો વિકાસ કેમ અટકી ગયો? કેમ રુંધાઇ ગયો? ગુજરાતી ભાષામાં લખાયેલ સાહિત્ય, ગ્રંથોનું અન્ય ભાષાઓમાં ભાષાંતર કેમ ન થઇ શક્યું? અથવા તો થયું તો તેને અન્ય ભાષી બહોળો વાચક વર્ગ કેમ ન મળ્યો? દેશની સરહદ પર પ્રાણ ન્યોછાવર કરતો સૈનિક એ નથી વિચારતો કે તે કયા રાજ્યનો છે, તે તો માત્ર પોતાના દેશ માટે લડી રહ્યો છે તે જ વિચારે છે. માતૃભૂમિ માટેના પ્રેમને દર્શાવવા તે હથિયારોનો પૂરો ઉપયોગ કરે છે. તો શું આપણા કવિઓ અને લેખકોના હથિયાર એટલે કે તેમની કલમ ઢીલી પડી? શું લખાયેલ સાહિત્ય ગુણવત્તાની રીતે નિમ્ન કક્ષાનું હતું? કે આપણા પ્રચાર પ્રસારમાં ખોટ હતી? અરે, બીજી ભાષાના વાચકની વાત તો જવા દો આપણે કેટલું ગુજરાતી સાહિત્ય વાંચવાનો શોખ ધરાવીએ છીએ? ટેવ રાખીએ છીએ? સમયની સાથે વાચક વર્ગની પસંદ-નાપસંદ બદલાઇ છે તેને આપણો લેખક વર્ગ સમજી નથી શક્યો કે ન્યાય નથી આપી શક્યો એવું પણ હોઇ શકે. અરે, વાચક અને વાંચનની વાત તો જવા દો, આપણી ભાષામાં બનતા ગુજરાતી ચલચિત્રોની ગુણવત્તા શું? સરકારી કર રાહતોનો લાભ મેળવવા હજી પણ આપણા નિર્માતા-નિર્દેશકો એ જ માતાજીઓ ને

*સન્માન કરાય તો કરજો, અપમાન તો ન જ કરશો.*

સતીજીઓ કે વીર ફલાણા, વીર ઢીકણા ઉપર જ મદાર રાખી રહ્યો છે. એ જ ઉપેન્દ્ર ત્રિવેદી ને નરેશ કનોડિયા કે સ્નેહલત્તાને જોવા વાળો વર્ગ કયો? તેમની માનસિકતાનો, બુદ્ધિમત્તાનો આંક શું?

મારા થોડા (નાનકડાં) અનુભવના આધારે હું એવું માનું છું કે આપણા સાહિત્ય ગ્રંથોને આધારિત કે આપણા ચલચિત્રોનું અન્ય ભાષાઓમાં નિર્માણ થયું હોય તેવા દાખલા જૂજ જ હશે.

ખેર, આ તો થઇ ગુજરાતી ભાષાના જાજરમાન ભૂતકાળ અને 'ખંડહર કહતા હૈ ઇમારત બુલંદ થી' જેવા વર્તમાનકાળની વાત. પણ જો હજુ પણ આપણે આપણી ભાષા માટે, આપણી માતૃભાષા માટે જાગૃતિ નહીં કેળવીએ તો પછી આ 'ખંડહર'ના અવશેષો પણ નામશેષ થઇ જશે. એક સહિયારા હકારાત્મક પ્રયાસ દ્વારા જ આ કાર્ય સિદ્ધ થઇ શકે તેમ છે. ગુજરાતી ભાષાની જ્ઞાનગંગાને ફરીથી નવસર્જન દ્વારા નવપલ્લવિત કરવાનો સમય આવી ગયો છે. મારા વહાલા ગુજ્જુઓ, ઊઠો, જાગૃત થાઓ. તમારી પોતાની માતૃભાષાની અસ્મિતાનો સવાલ છે. ફક્ત સરકારી માધ્યમો કે તેમના દ્વારા બહાર પડનારા ઢંઢેરાઓ દ્વારા આપણે આ મહાસંગ્રામ નહી જીતી શકીએ. આપણી શૈક્ષણિક સંસ્થાઓએ, આપણા શિક્ષકોએ, લેખકોએ, પ્રચાર - પ્રસાર માધ્યમોએ, વર્તમાન પત્રો અને સૌ પ્રથમ આપણે સૌએ ગુજરાતી ભાષાનો વિકાસ કરવો છે, ગુજરાતી ભાષાને સાહિત્ય સર્જનના નવા શિખરે બેસાડવી છે તેવો 'સંકલ્પ' કરવો રહ્યો. વર્તમાન પત્રોએ પણ તેમનો અભિગમ બદલીને લોકો, ખાસ કરીને બાળ વર્ગ - યુવા વર્ગ, વર્તમાનપત્ર વાંચતો થાય, વર્તમાન પત્રને સમજતો થાય તેવો અભિગમ દાખવવો જોઇએ. દરેક અંગ્રેજી માધ્યમની શાળાઓમાં ગુજરાતી વિષય ફરજિયાત અને ઓછામાં ઓછું મહિનામાં એક-બે વાર ડિબેટ ચર્ચાનો કાર્યક્રમ સાંપ્રત સમસ્યાઓ કે વર્તમાનમાં બનેલ કોઇ નોંધનીય બનાવ ઉપર રાખી દરેક વિદ્યાર્થીને તેમાં ભાગ લેવાનું ફરજિયાત કરવું જોઇએ. જેના કારણે બાળકો, યુવાનો ગુજરાતી ભાષાથી અજાણ નહીં રહે, અજ્ઞાન નહીં રહે. કોઇ પણ ભાષાનું પાયાનું જ્ઞાન તમને તે ભાષાના ઊંડાણપૂર્વકના અભ્યાસ માટે કે લેખન માટે પ્રેરક બને છે.

એક સામાન્ય નાગરિક તરીકે પણ આપણે આમાં ખૂબ જ મહત્ત્વનો ભાગ ભજવી શકીએ તેમ છીએ. આપણા બાળકો કે આડોસ-પડોસ કે સગાંસંબંધીના બાળકોને વાર-તહેવારે કે પ્રસંગોપાત અન્ય કોઇ ભેટ સોગાદ ન આપતા સારા ગુજરાતી પુસ્તકો ભેટ આપી તેમને માતૃભાષા પ્રત્યે રુચિ કેળવતા કરી શકીએ. બાળકને જે વસ્તુમાં સમજ ન પડે તે પ્રેમપૂર્વક સરળ ભાષામાં સદ્દષ્ટાંત સમજાવવું જોઇએ. અંગ્રેજી માધ્યમમાં અભ્યાસ હવે સારી કારકિર્દી માટે જરૂરી છે. **પણ આપણી માતૃભાષાનું જ્ઞાન હોવું અને માતૃભાષા માટે ગૌરવ હોવું પણ એટલું જ જરૂરી છે.**

હવે મુખ્ય અને મહત્ત્વનું કામ, ફરજ બજાવવાની છે આપણા કવિઓએ, લેખકોએ, સાહિત્ય-સર્જકોએ અને પ્રકાશકોએ. સારાં કાવ્યો, લેખો, વાર્તાઓ, નવલકથાઓ, મહાપુરુષોના જીવનચરિત્રો, પ્રેરક પ્રસંગો, વૈદકીય-ખગોળીય વિજ્ઞાન, વિશ્વના અન્ય દેશોના લોકજીવન વિશેની અવનવી વાતો, વિજ્ઞાનની નવી શોધોની વાતો વગેરે ક્ષેત્રના વિવિધ પ્રકારોનું લેખન-સર્જન કરી - કરાવીને પ્રકાશિત કરવા જોઇએ. જરૂર હોય ત્યાં વાંચન ઉપરાંત દૃશ્ય-શ્રાવ્ય માધ્યમો દ્વારા જ્ઞાન ગંગા વહાવવી જોઇએ.

**કોઇ પણ કાર્ય – અભિયાન સારી રીતે શરૂ કરવું હોય, ચલાવવું હોય ને સફળ કરાવવું હોય તો બે મુખ્ય વાતો તો જોઇએ જ : (૧) મનજીભાઇ અને (૨) ધનજીભાઇ – એવું મારા 'દાદા' ઘણી વાર કહેતા હતા.** સમજી લો કે આપણે બધાએ સંકલ્પ કર્યો કે આપણે આપણી માતૃભાષાને, ગુજરાતી ભાષાને જીવંત રાખવા, ભાષા શિરોમણિ બનાવવા તમામ પ્રયત્નો કરીશું અને અન્યોને તે માટે પ્રેરીશું, તો એ થઇ મનજીભાઇની વાત. હવે ધનજીભાઇને ક્યાંથી લાવશું, જરૂર તો તેમની પણ પડશે. આપણી સરકાર આ માટે વાયદો કરશે, પણ પૂરો કેટલો કરશે તે ખબર નથી. કારણ કે તેમને ફક્ત એમ.ઓ.યુ. કરવામાં જ રસ છે. નિબંધની શરૂઆતમાં મેં લખ્યું છે કે આપણે વેપારી પ્રજા છીએ. તો આપણા મોટા વેપારી કે ઉદ્યોગગૃહો આ બાબતે આગળ આવે અને આપણા આ મહાઅભિયાનમાં આર્થિક રીતે મદદરૂપ થઇને આ અસ્તિત્વની જ નહીં પણ અસ્મિતાની લડાઇમાં જગડુશા શેઠ કે ભામાશા શેઠની ભૂમિકા અદા કરશે તેવી ફક્ત અપેક્ષા નહીં પણ હું ખાતરી રાખું છું.

**હું થોડી સ્વપ્નશીલ છું પણ શેખચલ્લી તો બિલકુલ નથી.** આ નિબંધ લખતા લખતા મારી નજર સમક્ષ નજીકનું ભવિષ્ય ચલચિત્ર માફક જીવંત થઇ ઊઠ્યું છે. આપણા સર્વેનો સહિયારો, સકારાત્મક પ્રયાસ રંગ લાવ્યો છે અને આપણી માતૃભાષા ફક્ત જીવંત નથી રહી, પણ એક ગૌરવવંતી ભાષાનું સ્થાન પુનઃ પ્રાપ્ત કરીને ભાષા શિરોમણિ બની ગઇ છે. દરેક ગુજરાતીના જ નહીં પણ અન્ય લોકોના મનમાં, હૃદયમાં અરે નસ-નસમાં ધબકવા લાગી છે. અંતમાં મને મારા ગુજરાતી હોવા માટે ગર્વ હતો, ગર્વ છે અને ભવિષ્યમાં હું બધાને સગર્વ કહી શકીશ કે હું ગુજરાતી છું અને તે માટે હું મારા જીવન દરમિયાન મારી માતૃભાષા માટે ગર્વ લઇ શકાય તેવાં કાર્યો કરીશ અને અન્યોને તે કરવા પ્રેરીશ ને મારી માતૃભાષાને ગૌરવવંતી ભાષાનું બિરુદ અપાવીશ.

અસ્તુ.

*સલોની નવીનભાઇ લાલકા*
*મો. ૯૩૭૫૯ ૨૭૨૫૨*

***અણુઇંધણ જોઇતું હોય તો ભારતે પ્રસારણ પ્રતિબંધ કરાર (NPT) પર સહી કરવી પડશે એવું ઊર્જા પુરવઠો આપનાર દેશોએ ઠરાવ્યા પછી યુનોની સલામતી સમિતિએ પણ આવા જ મતલબનો ઠરાવ કર્યો છે અને આ બન્ને વખત અમેરિકાએ આગળ પડતો ભાગ ભજવ્યો છે. ઊર્જા-ઈંધણ સમજૂતી થઇ ત્યારે ભારતે આવી સહી કરવાની જરૂર નહીં પડે એવી ચોખ્ખી સ્પષ્ટતા કરવામાં આવી હતી અને હવે આંતરરાષ્ટ્રીય સંસ્થાઓની ઓથ લઇને અમેરિકાએ પોતાનો પેંતરો બદલી નાંખ્યો છે.***

*ત્રણથી દૂર રહો : કુસંગત, સ્વાર્થ, નિંદા.*

# સફર-કેનેડાના રમણીય પ્રદેશોની

(પ્રકરણ-૩)

• કમલબહેન શાહ •

જાસપરમાં રાત્રે હિમવર્ષા ચાલુ જ હતી. માણવાની બહુ જ મજા આવી. સવારે વહેલા ઊઠી અમે બાંફ જવા નીકળ્યા. વાતાવરણ ખૂબ જ ધુમ્મસવાળું હતું. અવિરત થઈ રહેલી હિમવર્ષાને કારણે રસ્તા સ્લીપરી બની જવાથી ગાડી ધીમી ગતિએ સરકતી હતી. અગિયાર વાગે સ્નો ફૉલ વધવા માંડ્યો. **ચારેબાજુ વાતાવરણ ભયાનક અને ડરામણું લાગવા માંડ્યું. બરફ સિવાય કાંઈ દેખાય જ નહીં. સૌથી એડવેન્ચરસ ટૂર હતી. પેટ્રોલ પંપ પણ સો કિલોમીટરનાં અંતરે હતું.** આટલા બરફના તોફાનમાં આગળ જવાની હિંમત જ ન હતી. જો સ્નો ફૉલ વધતો જાય તો ગાડીઓ બરફથી ઢંકાઈ જાય એનો ડર હતો. અને ત્યાં રહી જવા માટે આસપાસ કોઈ હોટલ કે મોટલ ન હતી. એટલે આગળ વધવા સિવાય કોઈ વિકલ્પ ન હતો. આજુબાજુમાં નજર કરીએ તો કેટલીક ગાડીઓ બરફમાં ફસાયેલી હતી. એટલે અમે પ્રભુ સ્મરણ કરતા કરતા આગળ વધવાનું જ મુનાસિબ માન્યું. બપોરે એક વાગે એક પેટ્રોલ પંપ દેખાયો. એટલે અમે તો ખૂબ જ ખુશ થઈ ગયા. ગાડીમાં પેટ્રોલ ભરાવ્યું. ગરમાગરમ કોફી પીધી. થોડી હળવાશ અનુભવી અને અમે આગળ વધ્યા. આગળ વધતા અમે "કેનમોર" આવ્યા.

કેનમોર આલ્બર્ટામાં આવેલું નેચરલ વન્ડર્સથી ભરપૂર કેનેડિયન રોકીઝનું એક અદ્‌ભુત સ્થળ છે. ઘણાં ટૂરિસ્ટો અહીં કેલગરીથી બાય ઍર ઈન્ટરનેશનલ એરપોર્ટ થઈને આવે છે. કેલગરીથી કેનમોર બાય રોડ ૧ કલાકની જર્ની છે. ખૂબ જ સીનીક ટ્રાવેલિંગ છે. અહીં આવ્યા પછી ટૂરની શરૂઆત ડાઉન ટાઉનમાં આવેલા ૬ સ્ક્વેર બ્લોકથી કરવી. **ડાઉન ટાઉન રેસ્ટોરન્ટ, બુટીક્સ, આર્ટ ગેલેરીઝ, ગિફ્ટ શોપ અને કોફી કોર્નરથી ધમધમે છે.** અહીં બોવ રીવરની મઝા માણવા જેવી છે. અહીં વિન્ટરમાં આવો તો થીજેલા ફોલ્સ અને સમરમાં આવો તો ઉપરથી પડતા પાણીના ધોધનો કર્ણપ્રિય અવાજ માણવા જેવો છે. અહીં આથાબાસ્કા વેલી અને ફોલ્સ, બાંફ લેક, વેલી, માઉન્ટન્સ, વાઈલ્ડ લાઈફ, ગુફાઓ, મ્યુઝિયમ અને કુદરતી સૌંદર્યનો અખૂટ ખજાનો માણવા જેવો છે. **અહીં દરેક ટૂર ગાઈડને સાથે રાખીને કરીએ તો વધારે એન્જોય કરી શકાય.** અહીં સિલ્વર ટીપ રિસોર્ટ, થ્રી સિસ્ટર્સ માઉન્ટન વિલેજ, ધ વૅલી નેવાડો સ્કી રિસોર્ટ અત્યંત આધુનિક ઢબથી બનાવેલ રિસોર્ટ છે. આ બધા જ અલ્ટીમેટ રિસોર્ટ ચીપ એન્ડ બેસ્ટ છે. **સાઈટ સીઈંગ માટે મિનિ બસ અને વેનની સગવડ છે. જે ટૂરિસ્ટોને હોટલ પીક-અપ અને ડ્રોપ-ઓફની સગવડ આપે છે.** અહીં લેક 'મિનેવાંકા' ૧૯.૭ કિ.મી. લાંબો બાંફનો સૌથી લાર્જેસ્ટ લેક છે. આ એક જ લેક એવો છે જેમાં પાવર બોટ પરમિટેડ છે.

પેરેડાઈઝ - બાસીન પાંચ કલાકની ટૂર છે. આ ટૂરમાં આઠ હજાર ફૂટની ઊંચાઈ પર લઈ જાય છે. **અહીં કુદરતી સૌંદર્ય એટલું બધું છે કે સ્વર્ગ પૃથ્વી પર અવતરતું જણાય છે.** પર્વતો, ખીણો, મેદાનો, ઝાડવાઓ બધું જ બરફથી છવાયેલું હોવાથી ધરતી પર શ્વેત ચાદર પથરાઈ ગઈ હતી. ધરતી અને આકાશનાં મિલનનો આભાસ કરાવતી ક્ષિતિજોએ પણ શ્વેત રંગ ધારણ કર્યો હતો. પળભર તો એમ જ થયું કે કૈલાસ પર્વત ઉપર છીએ કે માન સરોવરમાં છીએ કે પછી મહાવિદેહ ક્ષેત્રમાં! પ્રવાસમાં જ્યારે આનંદનો અતિરેક ભળે ત્યારે સમયને પાંખો આવે છે. અને એમ લાગે કે દિવસનાં થોડાં કલાક વધુ હોત તો...? ટૂરિસ્ટો અહીં સ્લેજગાડીમાં બેસીને ખૂબ જ કિલ્લોલ કરતા હતા. આ સ્લેજગાડી સાતથી આઠ કૂતરાઓ દોડાવી રહ્યા હતા. સાથે ટૂરનો ગાઈડ પણ હતો. કેટલાક ટૂરિસ્ટો horse sleigh rideનો આનંદ માણી રહ્યા હતા.

**અહીં હેલિકોપ્ટરની ટૂર પણ માણવા જેવી છે. ૧૯૯ ડોલર પર અવરમાં જાસપર, બાંફ, કેનમોરમાં આવેલ પર્વતો, વેલી, ગ્લેસિયર્સની અદ્‌ભુત સફર કરાવે છે. ધરતી પરનો આ કુદરતી કરિશ્મા આકાશમાંથી જોવાનો આનંદ અનેરો છે.**

ત્યાંથી ફરતા ફરતા અમે ગોન્ડોલો આવ્યા. ગોન્ડોલા માઉન્ટનની સફર ન કરીએ તો કેનેડિયન રોકીઝની સફર અધૂરી ગણાય. ગોંડોલા એક સલ્ફર માઉન્ટન છે. અહીં ગરમ પાણીનાં ઝરા વહે છે. ભારતની જેમ અહીં પણ લોકો સ્કીન ટ્રીટમેન્ટ કરાવવા આવે છે. આ પર્વત ૭૮૦૦ ફૂટની ઊંચાઈ પર આવેલો છે. અહીં આખું વર્ષ બરફ છવાયેલું રહે છે. તળેટીથી કેબલકાર્ટ દ્વારા પર્વત ઉપર જઈ શકાય છે. ગ્લાસની બંધ કેબલ કાર્ટ માત્ર આઠ જ મિનિટમાં ટૂરિસ્ટને ગોંડોલા પર્વતની ટોચ ઉપર લઈ જાય છે. નીચે ભયાનક ઊંડી ખીણ, સુસવાટા મારતા પવનો અને માઈનસ ૩૦ ડિગ્રી ટેમ્પરેચર હૃદયનો ધબકાર પણ ચૂકી જવાય એટલો થ્રીલીંગ એક્સપિરિયન્સ છે. **આ બધા અનુભવો ફક્ત માણી જ શકાય, તેનું વર્ણન થઈ જ ન શકે. આ યાદગાર ક્ષણો દિલનાં એક ખૂણામાં**

(અનુસંધાન : જુઓ પાના નં.-૮૦ ઉપર)

*દુઃખની તો સીમા હોય છે પણ, ચિંતા અસીમિત હોય છે.*

# આંતરડાનો સોજો – ઈરિટેબલ બાવેલ સીન્ડ્રોમ

## (Irritable Bowel Syndrome I.B.S.)

ડૉ. (પ્રો.) મણિલાલ ગડા, ડૉ. દીપ્તિ એસ. શાહ (ગડા)

- **કેસ સ્ટડી :**

૪૭ વર્ષના રાજેશને વારંવાર ઝાડા થતા હતા. દિવસમાં ૪ થી ૫ વખત સંડાસ આવતો હતો. સંડાસ પાતળું આવતું હતું. ઘણી વખત સંડાસમાં ચીકણો ઘટ્ટ પ્રવાહી (mucus) પડતું હતું. લોહી ભાગ્યે જ પડતું હતું. સવારના ભાગમાં વધારે તકલીફ રહેતી હતી. બપોર પછી કોઈક જ વખત સંડાસમાં જવું પડતું હતું. જમ્યા બાદ તરત જ સંડાસમાં જવું પડતું હતું. ધંધા પર નીકળતી વખતે અચૂક સંડાસ આવતો હતો. રાત્રે જમ્યા બાદ સંડાસ આવતો ન હતો.

આ તકલીફ દરમ્યાન નબળાઈ રહેતી હતી. જમવાનું પ્રમાણ ઓછું થઇ ગયું હતું. કોઈપણ કામમાં મન લાગતું ન હતું. ધંધા પર પણ પરાણે જતો હતો. અંદરથી મજા ન રહેતી. સ્વભાવ ચીડિયો થઇ ગયો હતો. રાત્રે બરોબર ઊંઘ ન આવતી. જાગ્યા બાદ સ્ફૂર્તિ રહેતી ન હતી.

ફીઝીશિયનનો અભિપ્રાય લીધો. ઝાડા, પેશાબ, લોહીની તપાસ કરેલ. પેટની સોનોગ્રાફી કરેલ. ઝાડામાં પેશાબ, લોહીની તપાસ કરેલ. પેટની સોનોગ્રાફી કરેલ. ઝાડામાં ચીકણો ઘટ પ્રવાહી (mucus) સિવાય બધી જ તપાસ નોરમલ આવી હતી. સારવારથી ઝાડામાં રાહત મળેલ. પરંતુ નબળાઈ રહેતી હતી. ચીડિયાપણું થોડુ ઓછું થયું હતું, મનમાં બેચેની રહેતી હતી. આ લક્ષણોમાં વધઘટ થતી હતી.

થોડા સમયમાં ફરી પાછી તકલીફ ચાલુ થઈ. પેટ, આંતરડાના નિષ્ણાંત (ગેસ્ટ્રોએન્ટરોલોજિસ્ટ)નો અભિપ્રાય લીધો. આંતરડાની સ્કોપી કરાવી. ઈરિટેબલ બાવેલ સીન્ડ્રોમ (આંતરડાનો સોજો) (Irritable Bowel Syndrome - I.B.S.)નું નિદાન કર્યુ. સારવારથી ફરક પડ્યો. પરંતુ નબળાઈ ઘણા સમય સુધી રહી.

એકાદ વર્ષ બાદ રોગનો ઊથલો થયો. ફરીથી I.B.S.નું નિદાન થયું. ગેસ્ટ્રોએન્ટરોલોજિસ્ટે મનોચિકિત્સકનો અભિપ્રાય લેવાની સલાહ આપી. રાજેશે દલીલ કરી કે 'ડૉક્ટર મને સાચે જ ઝાડા થાય છે, દરેક વખતે સંડાસ પાતળું આવે છે, હું કાઇ કલ્પના નથી કરતો. આ શારીરિક લક્ષણો છે તો મનોચિકિત્સકનો અભિપ્રાય શા માટે? ગેસ્ટ્રોએન્ટરોલોજિસ્ટે વધારે દલીલ કરવાને બદલે પોતાની સારવાર ચાલુ રાખી.'


**ડૉ. (પ્રો.) મણિલાલ ગડા**
*એમ.ડી., ડી.પી.એમ., એફ.આઈ.પી.એસ.*

મનોચિકિત્સક અને સ્ટ્રેસ મેનેજમેન્ટ કન્સલ્ટન્ટ,
મનોસ્મૃતિ પોલીક્લિનિક, પ્રભુકૃપા,
એલ.બી.એસ. માર્ગ, સર્વોદય હોસ્પિટલની બાજુમાં,
હોટેલ રાધાક્રિષ્નાની બાજુમાં, ઘાટકોપર (વેસ્ટ), મુંબઈ-૮૬.
ફોન : ૨૫૧૪૮૮૫૯

**ડૉ. દીપ્તિ એસ. શાહ (ગડા)**
*એમ.ડી. (ગોલ્ડ મેડલ), ડી.પી.એમ., એમ.આઈ.પી.એસ., બાળ મનોચિકિત્સક*

જાગૃતિ પોલીક્લિનિક,
કામદાર હોસ્પિટલ, કિરણ નિકેતન, ભાટિયાવાડીની
બાજુમાં, તિલક રોડ, ઘાટકોપર (ઈસ્ટ), મુંબઈ-૭૭.
ફોન : ૨૫૧૨૪૪૦૪, મો. ૯૮૨૧૩ ૨૬૨૬૯


થોડા મહિના બાદ ફરી રોગનો ઊથલો. આ દરમ્યાન રાજેશના એક હિતેચ્છુ મિત્ર મળવા આવ્યા. રાજેશની બીમારી બદલ ચર્ચા થઈ. એ મિત્રે પોતાનો અનુભવ વર્ણવતા જણાવ્યું કે ઘણી વખત શારીરિક લક્ષણો હોય છે જેનું કારણ માનસિક તાણ (Stress) હોય છે. જ્યાં સુધી માનસિક તાણનું યોગ્ય નિદાન ન થાય તથા યોગ્ય સારવાર ન થાય ત્યાં સુધી એ રોગ વારંવાર ઊથલો મારે છે. મારી પત્નીને માથાના દુઃખાવાની (migraine) વારંવાર ફરિયાદ રહેતી હતી. ન્યુરોલોજિસ્ટની સારવારથી માથાનો દુઃખાવો કાબૂમાં આવી જતો પરંતુ મારી પત્ની આખો દિવસ સૂઈ રહેતી હતી. એ દિવસે ઘરનું કામકાજ (રસોઈ વગેરે) ન થતું. ન્યુરોલોજિસ્ટની સલાહ સ્વીકારી મનોચિકિત્સકનો અભિપ્રાય લીધો તથા સારવાર શરૂ કરી. છેલ્લા બે વર્ષોમાં માઈગ્રેનનો જોરદાર હુમલો આવ્યો નથી. કોઈક વખત નજીવો માથાનો દુઃખાવો થાય છે પરંતુ દુઃખાવો તરત જ કાબૂમાં આવી જાય છે. ઘરનું કામકાજ તથા રૂટિન અટકતું નથી.

એમના સમજાવ્યા બાદ રાજેશ અને એની પત્ની રીટા લેખકનો અભિપ્રાય તથા સારવાર માટે આવ્યા. મનોવિશ્લેષણની પદ્ધતિથી ઊંડાણમાં જતાં નીચે પ્રમાણેની મહત્ત્વની માહિતી મળી.

(૧) રાજેશનો સ્વભાવ સંવેદનશીલ હતો. કુટુંબીજનોને દુઃખી જોઈ પોતે દુઃખી થતો હતો.

(૨) સહનશક્તિ પ્રમાણમાં ઓછી હતી.

(૩) નિરાશા, હતાશાની લાગણીઓ ઘણી વખત દબાવી દેતો હતો.

(૪) 'ના' પાડવાની હિંમત ન હતી.

(૫) મનથી બાંધછોડ કરવાની વૃત્તિ ન હતી.

રાજેશ તથા રીટાને છેલ્લા થોડાક મહિનાઓમાં બનેલા નકારાત્મક પ્રસંગોની નોંધ કરવાની સલાહ આપી. નોંધ કર્યા બાદ આ નકારાત્મક પ્રસંગો ક્યારે બન્યા તથા આ બનાવોના કેટલા સમય બાદ રાજેશની બીમારીનાં લક્ષણો વધી ગયા એની પણ નિખાલસપણે નોંધ કરવાનું જણાવ્યું. નોંધ પરથી છેલ્લા ૪ વખતની બીમારી થવાના કે વધવાના પહેલાં, થયેલા નકારાત્મક પ્રસંગો નીચે પ્રમાણે હતા.

*ઈચ્છાઓને શાંત કરવાથી નહિ, પણ તેને મર્યાદિત કરવાથી જ શાંતિ મળે છે.*

(૧) ત્રણેક વર્ષ પહેલાં ત્રણેય ભાઈઓ સાથે સંયુક્ત કુટુંબમાં રહેતા હતા એ અલગ થયા હતા. અલગ થવાનો નિર્ણય શાંતિથી, સમજી વિચારીને લીધેલ. કોઈ ઝઘડો કે અણબનાવ ન થયો હતો. પરંતુ રાજેશના મન પર આની નકારાત્મક અસર થયેલ. આ પ્રસંગના બે અઠવાડિયા બાદ ઝાડા શરૂ થયેલ.

(૨) બેએક વર્ષ પહેલાં રાજેશની મમ્મીને ઓચિંતો હાર્ટ એટેક આવેલ. મોટી હોસ્પિટલમાં દાખલ કરેલ. યોગ્ય સારવાર કરી હતી. કાર્ડિયોલોજિસ્ટે બાયપાસ ઑપરેશન માટેની સલાહ આપેલ. રાજેશની ઈચ્છા ઓપરેશન માટેની હતી પણ બીજા કુટુંબીજનોએ ના પાડેલ. એકાદ મહિનામાં મમ્મીને બીજો જોરદાર હાર્ટ એટેક આવ્યો અને દુર્ભાગ્યે મમ્મીનું અવસાન થયું. આ પ્રસંગથી રાજેશને ઊંડો આઘાત લાગ્યો હતો. રાજેશના મનમાં અપરાધભાવ હતો (guilt feeling) 'મારે લીધે મમ્મીનું અવસાન થયું છે, બાયપાસ ઓપરેશન કરાવ્યું હોત તો મમ્મી જીવી જાત. મમ્મીના મોતનું કારણ હું છું.' આ બનાવ બાદ રાજેશની બીમારીનું પ્રમાણ ખૂબ જ વધી ગયું હતું. લક્ષણો કાબૂમાં લાવવા માટે સમય પણ વધારે લાગ્યો હતો.

(૩) દોઢેક વર્ષ પહેલાં રાજેશના સાળા જોડે એક સામાજિક પ્રસંગમાં ગેરસમજ થયેલ. સાળાએ રાજેશનું બધાની વચ્ચે અપમાન કરેલ. રાજેશ સાચો હોવા છતાં એ વખતે જવાબ આપી શક્યો ન હતો. પાછળથી સાળાને પોતાની ભૂલ સમજાયેલ અને રાજેશની માફી પણ માંગેલ. આ બનાવ બાદ બીમારી વધી ગયેલ.

(૪) છ મહિના પહેલાં શેર બજારમાં થોડુંક નુકસાન થયેલ. પૈસાની રીતે નુકસાન મોટું ન હતું પણ રાજેશના આત્મસન્માન પર ઠેસ પહોંચેલ. ત્યારબાદ પણ બીમારી વધી ગયેલ.

આ નોંધથી રાજેશ તથા રીટાને બીમારી તથા મનનો સંબંધ સારી રીતે સમજાઈ ગયો. જો કે બંને જણ અચંબો પામી ગયા હતા.

● **મનોનિદાન :**

ઈરિટેબલ બાવેલ સીન્ડ્રોમ (આંતરડા પર વારંવાર સોજો) મનોદૈહિક રોગનો (Psychosomatic Illness) પ્રકાર છે. નકારાત્મક પ્રસંગોને લીધે સંવેદનશીલ રાજેશમાં માનસિક તણાવ ઉત્પન્ન થાય છે. આ તણાવની અસર મગજના અવયવો એમીગડેલા, હીપોકેમ્પસ, પ્રિફ્રન્ટલ કોરટેક્ષ વગેરેમાં ફેરફારો કરી તણાવના રસાયણો (Stress Hormeness) ઉત્પન્ન કરે છે. આ તણાવના રસાયણો રાજેશના કિસ્સામાં આંતરડા પર અસર કરતાં તનના લક્ષણો પેદા થાય છે. સાથે સાથે મનના લક્ષણો પણ પેદા થાય છે જેવાં કે નબળાઈ, ભૂખ ઓછી થવી, કામમાં મન ન લાગવું, ચીડિયાપણું, ઊંઘ ન આવવી. આ લક્ષણો મનની બીમારી છે જેના પ્રત્યે સૌએ સજાગ રહેવું જોઈએ.

● **સારવાર :**

માનસિક તણાવ ઓછું કરવાની દવાઓ શરૂ કરી. આ દવાઓ મગજના અવયવો પર અસર કરે છે રાસાયણિક ફેરફારો પૂર્વવત નોર્મલ પર લાવે છે. તણાવયુક્ત રસાયણોનું પ્રમાણ નોર્મલ થતાં બેએક અઠવાડિયામાં રાજેશને સુધારો જણાવા લાગ્યો. નબળાઈ ઓછી થઈ (કોઈપણ ટોનિક આપ્યા વગર) ચીડિયાપણું બંધ જ થઈ ગયું. ધંધામાં મન લાગવા માંડ્યું.

મહિનાની સારવારમાં તો રાજેશના બધા લક્ષણો પર કાબૂ આવી ગયો. ઝાડા બંધ થઈ ગયા. પહેલાંની જેમ નોરમલ સંડાસ થવા માંડ્યો. પૂર્વવત પ્રમાણે સ્ફૂર્તિ આવી ગઈ. આત્મવિશ્વાસ વધી જઈ નોરમલ થયો. ચહેરા પર રોનક આવી ગઈ. કુટુંબીજનો તથા ધંધા પરના મિત્રોએ પણ રાજેશમાં આવેલ ફેરફારની નોંધ કરી.

સાથે કાઉન્સેલિંગ શરૂ કર્યું, કાઉન્સેલિંગમાં બિહેવિયર થેરાપી (Behaviour Therapy), એસરટિવવ ટ્રેનિંગ (Assertive Training), ઈન્ટરપરસનલ થેરાપી (Interpersonal Therapy), કોગ્નીટીવ બિહેવિયર થેરાપી (Cognive Behaviour Therapy) વગેરે વિવિધ પદ્ધતિઓનો જરૂરત પ્રમાણે ઉપયોગ કર્યો. રાજેશ તથા રીટા જોડે સહાનુભૂતિપૂર્વક (Empathy) વર્તમાન સમયની સમસ્યાઓ પર નિખાલસપણે ચર્ચા કરી. વ્યક્તિત્વ, અયોગ્ય અભિગમ, વધારે પડતી લાગણીશીલતા, અપેક્ષાઓ (ધંધાની, બાળકોની, કુટુંબીજનોની) વિશે ચર્ચા કરી યોગ્ય બદલાવ લાવવાની જરૂરત પર ભાર મૂક્યો. રાજેશે પોતાના તરફથી સમજણપૂર્વકના પૂરતા પ્રયત્નો કર્યા. આથી આત્મવિશ્વાસનો વધારો થયો. વિપરીત સંજોગોનો સામનો કરવાની માનસિક ક્ષમતામાં વધારો થયો. નકારાત્મક અભિગમ ઓછો થયો.

● **સારવાર દરમ્યાન માનસિક તણાવ**

સારવાર દરમ્યાન રાજેશના નાના ભાઈ તથા એના કુટુંબને કાર અકસ્માત થયો. સદ્‌ભાગ્યે બધા બચી ગયા પરંતુ ગંભીર શારીરિક ઈજાઓ થઈ. નાના ભાઈને છાતીની પાંસળીઓમાં ફ્રેક્ચર થયેલ. એની પત્ની બે દિવસ બેભાન (coma) રહી હતી. લોહી ખૂબ વહી ગયું હતું. એને લોહી ચડાવવું પડ્યું હતું. દીકરાને પગમાં ફ્રેક્ચર થયેલ.

આ ગંભીર પરિસ્થિતિમાં હતાશ થઈને નિષ્ક્રિય બેસી રહેવાને બદલે સક્રિય રીતે રાજેશે પરિસ્થિતિનો સામનો કર્યો. યોગ્ય નિર્ણય લઈ ત્રણેયની સારવાર કરી. અકસ્માત માટેની યોગ્ય પોલીસ કારવાઈ પણ કરી. આ પ્રસંગની મન પર નકારાત્મક અસર ન થઈ તથા ઝાડા પણ ન થયા. રાજેશે એક સીટિંગમાં જણાવ્યું કે 'હું જો પહેલાંનો રાજેશ હોત તો હતાશ થઈને બેસી રહેત. ડોક્ટર તમે મને જીવન જીવતા શીખવાડયું.'

● **મનોદૈહિક રોગ**
**(Phsychosomatic Disease)**

આજની એકવીસમી સદીમાં માનસિક તણાવની માત્રા ખૂબ જ વધી ગઈ છે. માનસિક તણાવ (સ્ટ્રેસ) એક સામાન્ય સૌને સ્વીકાર્ય શબ્દ થઈ ગયો છે. પરંતુ મનની તંદુરસ્તી તથા તણાવની માત્રા ઓછી કરવાના ઉપાયો પરત્વે આપણે જાગૃત નથી.

વિશ્વ આરોગ્ય સંસ્થા (World Health Organisation – W.H.O.)ના બીમારી વિશેના પુસ્તક આંતરરાષ્ટ્રીય વૈદકીય

*ઈશ્વરનો સ્વભાવ પ્રેમ છે અને તેની ભાષા છે મૌન.*

વર્ગીકરણમાં (International Classification of Disease – 10th revision) મનોદૈહિક રોગ વિશે ઊંડાણમાં વર્ણન કર્યું છે. આંતરડામાં વારંવારનો સોજો (Irritable Bowel Syndrome) એમાંનો એક રોગ છે.

પ્રસંગોની સંવેદનશીલ મન પર નકારાત્મક અસર થાય છે. મન અસ્વસ્થ, અશાંત થાય છે. અશાંત મનની અસર મગજમાં આવેલ લિમ્બિક સિસ્ટમના (Emotional Brain) અવયવો જેવા કે એમીગડેલા, હીપોકેમ્પસ, પ્રિફ્રન્ટલ કોરટેક્ષ વગેરે પર થાય છે જેના કદ, રચના, બંધારણમાં ફેરફારો થાય છે. આને લીધે ન્યુરોટ્રાન્સમીટર (neurotransmitter)ના પ્રમાણમાં ફેરફારો થાય છે. આ રાસાયણિક ફેરફારને લીધે આંતરસ્રાવી ગ્રંથિઓમાંથી એન્ટીરીયર પિચ્યુટરી (anterior pituitary), એડ્રીનલ કોરટેક્ષ (adrenal cortex) તણાવના રસાયણોનું (Stress hormones) પ્રમાણ વધી જાય છે. આ રસાયણોની અસર આંતરડા પર થાય છે. એટલે શારીરિક લક્ષણો જોવા મળે છે. સાથે અસર મન પર થાય છે અને મનના લક્ષણો પર જોવા મળે છે.

મનના લક્ષણો પ્રત્યે જાગૃત રહેવાથી યોગ્ય સારવાર કરી તકલીફોને મૂળથી નાબૂદ કરી શકાય છે.

પ્રસંગ / બનાવ

↓

મનની પ્રતિક્રિયા

↓

નકારાત્મક લાગણીઓ
(નિરાશા, હતાશા, ગુસ્સો, દુઃખ, ચિંતા, અસલામતી)

↓

માનસિક તણાવ

↓

મગજના અવયવો (લિમ્બિક સિસ્ટમ) પર અસર (એમીગડેલા, હીપોકેમ્પસ, પ્રિફ્રન્ટલ કોરટેક્ષ)

↓

કદ, રચના, બંધારણમાં ફેરફાર

↓

રસાયણો (ન્યુરોટ્રાન્સમીટર)માં વધઘટ

↓

આંતરસ્રાવી ગ્રંથિઓ પર નકારાત્મક અસર (એન્ટિયર પિચ્યુટરી, એડ્રિનલ કોરટેક્ષ, થાઇરોઇડ)

↓

તણાવના રસાયણો (Stress hormones)

*આંતરડા પર અસર*
ઝાડો, ચીકણો ઘટ પ્રવાહી નબળાઇ

*મન પર અસર*
કામમાં મન ન લાગવું
ભૂખ ન લાગવી, ચીડિયાપણું,
નબળાઇ, હતાશા નિરાશા

---

**સફર - કેનેડાના રમણીય પ્રદેશોની**

**(અનુસંધાન : પાના નં.-૭૭ ઉપરથી ચાલુ)**

**હંમેશ માટે જળવાઈ રહેશે.** ટોચ ઉપર વિશાળ રેસ્ટોરન્ટ છે. અને આઉટ ડોર ડેક્સ છે. જ્યાંથી બાંફ સિટી અને ઊંડી ખીણ જોઈ શકાય છે. રેસ્ટોરન્ટમાં ખાણી-પીણી, આર્ટ ગેલેરી અને ગિફ્ટ શોપ છે. ઇ.સ. ૧૯૦૦ની સાલમાં બે લેડી આ શિખર ઉપર ચઢી હતી. ત્યારે કોઈ હાઈટેક ટેક્નોલોજી ન હતી.

ગોંડોલાની સફર દિલભરીને માણ્યા બાદ અમે કેલગરી જવા નીકળ્યા. કેલગરી અમારો છેલ્લો પડાવ હતો. બાંફથી કેલગરી જતાં ડુંગરાઓ અદૃશ્ય થઈ ગયા હતા. રસ્તાઓ એકદમ ક્લિયર હતા. કેલગરી આલ્બર્ટાનું લાર્જેસ્ટ સિટી છે. અહીંની વસતિ ૧૧ લાખની છે. **સ્કિઇંગ, સ્કી-જમ્પીંગ, આઇસ હોકી, સ્કી-સ્કેટીંગ, સ્નો બોર્ડિંગ વગેરે વિન્ટર સ્પોર્ટ માટે વેલનોન ડેસ્ટીનેશન છે.** કેનેડિયન રોકીઝથી ૮૦ કિ.મી. ઈસ્ટમાં આવેલું છે. ઓઈલ, ટીમ્બર, એગ્રિકલ્ચર ડેવલપમેન્ટ, એડવાન્સ ટેક્નોલોજી અને ટૂરીઝમના ઉદ્યોગને લીધે ફૂલ્યુફાલ્યું છે. અહીં ડાઉનટાઉન પાર્ક, ઇટન સેન્ટર, ઓલિમ્પિક પ્લાઝા વગેરે જોવાલાયક છે. કેલગરીથી બપોરે ચાર વાગે અમારી ટોરેન્ટોની ફ્લાઈટ હતી એટલે ટૂંક સમયમાં કેલગરીને બહુ જ ઓછું જાણી અને માણી શક્યા. હવે અનુકૂળતાએ અલાસ્કાની સફર માણીશું.

***(સંપૂર્ણ)***

*૭૧, યુગાંડા પાર્ક સોસાયટી, સુભાષ ચોક પાસે,*
*મેમનગર, અમદાવાદ-૩૮૦ ૦૫૨.*
*ફોન : ૨૭૪૭૪૯૬૫, ૨૭૪૫૫૪૧૯*

## આરત

વિરુદ્ધ પક્ષે પણ સત્ય હોય તેવું સ્વીકારી શકું, મેં સારું કામ કર્યું હોય તો તે બીજાને કહેવાની લાલચ ટાળી શકું,

દેખીતા કારણ વગર કોઇ સહાય કરે તો તેમાં તેનો કોઇ ગુપ્ત હેતુ હશે, એવી શંકા કરવાથી બચી શકું

***- એવી મને હૃદયની મોટપ આપો.***

કોઇની ભૂલ, વાંક કે ગુના માટે કાજી બની ન્યાય તોળવા ન બેસું, બીજા પાસેથી ઇચ્છું છું તે નિખાલસતા અને સમજદારી બીજા પ્રત્યે દાખવી શકું, મારા વાણી, વચન, કર્મથી દુનિયામાં હું જે અસુંદરતા સર્જું તે પિછાણી શકું અને તમારી ભક્તિ વડે વધુને વધુ સાત્વિક બની શકું

***- એવું મને શાણપણ આપો.***

***સાભાર ('પરમ સમીપે'માંથી)***

***પ્રેષક : ચંદ્રકાંત દામજી શાહ (કે.ડી. શાહ)***

*જે ઈશ્વર સંબંધે પૂછે છે તે ભૂલ કરે છે અને જે ઉત્તર આપે છે એ પણ ભૂલ કરે છે.*

# અમ્લપિત્ત (Acidity)

• વૈદ્ય નવીનભાઈ ઓઝા •

અમ્લપિત્તમાં રોગીના પાચનતંત્રમાં પિત્તની પ્રક્રિયા વધુ જોવા મળે છે. વધુ પડતું પિત્ત ખોરાકને વધુ પડતો ખાટો બનાવી દે છે અને તે લાંબો સમય હોજરીમાં પડી રહે છે. આ રીતે ખોરાક ઉપર પિત્તની વિદગ્ધ (ખટાશ લાવનારી) ક્રિયા થાય છે, જેને લીધે જમ્યા પછી કેટલીક વાર કડવા ઓડકાર પણ આવે છે. હમણાં ઊલટી થશે તેવો ભાસ થાય છે, ખોટાખોટા ઊબકા આવ્યા કરે છે. પિત્તને કારણે તેને ગળામાં તીવ્ર કે ઓછી બળતરા થાય છે. ઘણી વાર તેને ઊલટી થઇ જાય છે. અમ્લપિત્તના જૂના રોગીમાં ઊલટીનું પ્રમાણ વધુ જોવા મળે છે.

અમ્લપિત્ત માત્ર શારીરિક રોગ નથી, તેને Psycho-somatic માનસશરીર વ્યાધિ કહી શકાય. ૨૧મી સદી તરફ આંધળી દોટ મૂકતા માનવી પોતાનું માનસિક સંતુલન ગુમાવી બેસે છે. એકબીજાથી આગળ નીકળી જવાની હરીફાઈમાં ઈર્ષ્યા, ભય, ઉતાવળ, ચિંતા વગેરે માનસિક ભાવોથી માનવી સદા આક્રાંત રહે છે, જેને કારણે હોજરીનું પાચક પિત્ત વધુ પ્રમાણમાં સ્રવે છે, જેને કારણે અમ્લપિત્ત થાય છે.

**માનવીની કુલ સંખ્યાના ૧૦% લોકો એવા છે કે જેમની હોજરી વધારે પડતો મીઠાનો તેજાબ બનાવવાનું કાર્ય જન્મથી જ કરે છે, જે અમ્લપિત્તના રોગમાં પરિણમે છે.**

લોકભાષામાં કહીએ તો ખાધેલો ખોરાક હોજરીમાં **દુણાઇ** જાય છે. પરિણામે **ગરધાઇ બળે છે.** ખાધેલું ઉછાળા મારે છે અને વારંવાર ગળા સુધી આવે છે. ઊલટી થાય છે ત્યારે જ શાંતિ થાય છે.

રોગીના જઠરમાં વધેલાં ખટાશ અને પિત્તની અસર તેના આખા શરીર પર વર્તાય છે. રોગીનું માથું ભારેભારે થઇ જાય છે અને દુખવા લાગે છે. માથાના દુખાવાની ગરમ ગોળી ખાવાથી રોગીનું માથું ઊતરવાને બદલે વધુ દુ:ખે છે. જ્યારે ઊલટી થાય છે ત્યારે જ માથું હળવું લાગે છે.

પિત્તવૃદ્ધિથી શરીરમાં બળતરા થાય છે, છાતી બળે છે, આંખો બળે છે, માથામાં તપારો જણાય છે, હાથપગનાં તળિયાં બળે છે, પેશાબ રાતો પીળો આવે છે અને બળતરા થાય છે, મળપ્રવૃત્તિ વખતે મળ ગરમ લાગે છે. આ રીતે પિત્ત આખા શરીરમાં દાહ અને બળતરા કરે છે. આ બળતરા રોગના પ્રમાણ ઉપર આધાર રાખે છે. અમ્લપિત્તની શરૂઆતના તબક્કે બળતરાનાં લક્ષણો ઓછાં દેખાય છે. જ્યારે રોગ વધી જાય છે ત્યારે બળતરાનાં લક્ષણો વધુ દેખાય છે.

રોગીને શરીરમાં ઝીણો તાવ હોય તેવું સતત લાગ્યા કરે છે. તાવની દવાથી આ લક્ષણ દૂર થતું નથી કે થરમોમિટરમાં પણ તાવ જણાતો નથી.

અમ્લપિત્તમાં પિત્તપ્રકોપ હોવા છતાં અગ્નિ તો મંદ જ પડી ગયેલો હોય છે. તેથી ભૂખ ઓછી લાગે છે, ઓછું ખવાય છે જેને કારણે લોહીની ઓછપ, પોષક તત્ત્વોનો અભાવ, અશક્તિ, થાક, પગતૂટ, ચક્કર, આંખે અંધારાં આવવાં વગેરે લક્ષણો જોવા મળે છે.

રોગીને મળ ઢીલો આવે છે. કેટલાક રોગીઓ કબજિયાતની ફરિયાદ પણ કરે છે.

અમ્લપિત્ત વધી જાય ત્યારે રોગીને શરીરે ઝીણીઝીણી ફોડલીઓ થાય છે. તેને મીઠી વલૂર આવે છે.

અમ્લપિત્તના રોગીના સાંધાઓ દુ:ખે છે, સુસ્તી જણાય છે, બેચેની રહે છે, ખાવાનું ભાવતું નથી, મોઢું બગડેલું રહે છે.

અમ્લપિત્ત લાંબો સમય ચાલે તો રોગીને ગરમીની અસર વર્તાય છે. વાળ ખરવા લાગે કે સફેદ થવા લાગે છે. આ પિત્તવૃદ્ધિનું લક્ષણ છે.

અમ્લપિત્તના રોગીનો સ્વભાવ પણ બદલાઈ જાય છે. તે હસમુખો હોય તો ચીડિયો અને ક્રોધી થઇ જાય છે. તે કારણ વગર છણકા કર્યા કરે છે. કોઇ સાથે ઝઘડી પડે છે, બાળકોને વાંક વગર ધીબી નાખે છે.

અમ્લપિત્તના રોગીને કોઇ છૂપો ભય સતાવ્યા કરે છે. અજ્ઞાત ભયથી તે ફફડ્યા કરે છે. તેને જીવનમાં સલામતી જોખમાતી લાગે છે. મિત્રો કે સ્નેહીઓ પ્રત્યે પણ શંકાશીલ બની જાય છે.

રોગીની ઊંઘ ઘટી જાય છે. તેને ચિત્રવિચિત્ર સ્વપ્નાં આવે છે. કોઇ ટ્રેન પસાર થતી હોય તેમ તેને સતત વિચારો આવ્યા કરે છે.

અમ્લપિત્તના રોગીને ઘણી વાર રક્તસ્રાવનો રોગ થતો જોવા મળે છે. ક્યારેક ચામડીના રોગો પણ આ વ્યાધિના ઉપદ્રવ રૂપમાં ઉદ્ભવી શકે છે.

જો રોગમાં કાળજી રાખવામાં ન આવે તો જતે દિવસે પેટમાં ચાંદા (ulcer) થઇ જવાની શક્યતા વધી જાય છે.

અમ્લપિત્તના રોગીને નીચેના પદાર્થો વધુ પ્રમાણમાં લેવાની ટેવ હોય છે અને એ જ તેમાં પિત્તનો પ્રકોપ કરી રોગને ઉત્પન્ન કરે છે. જો આ અપથ્ય ખોરાકનો ત્યાગ કરવામાં આવે તો રોગને મળતું બળ ઘટી જાય છે અને રોગ પાછો પડે છે.

- **અપથ્ય ખોરાક :**

★ અમ્લપિત્તના રોગીને ખાટા પદાર્થો ખૂબ નડે છે. તેથી ખોરાકમાં દહીં, છાશ, આમલી, કોકમ, લીંબુ, ટમેટાં, કાચી કેરી, કોઠાં, ખાટાં ફળો, સાઇટ્રિક

*સદ્‌વિચાર એ સુખની છાયા છે.*

એસિડ અને ટાર્ટરિક એસિડ વગેરેનો ઉપયોગ ન કરવો.

★ ઢોકળાં, હાંડવો, બ્રેડ, ઇડલી, ઢોંસા જેવાં આથો આણેલાં પદાર્થો ન ખાવા.

★ તીખા પદાર્થોમાં લસણ, ડુંગળી, મરચાં, મરી, અથાણું, ચટણી, રાયતું, રાઇ, હિંગ વગેરેનો ત્યાગ કરવો.

★ ભજિયાં, ગાંઠિયા, સેવ વગેરે તેલમાં તળેલાં ફરસાણ તેમજ ભેળપૂરી, પાઉંભાજી, રગડા પેટીસ વગેરે વાનગીઓ ન ખાવી.

★ વેજિટેબલ ઘીમાં બનાવેલી વાનગી ન ખાવી.

★ મદિરા, તમાકુ, પાન અને ચાનું વધુ પડતું સેવન કરવાની કુટેવ આ રોગમાં ત્યજવી જોઇએ.

★ ઉપવાસ, એકટાણાં આ રોગને વધારે છે. અમ્લપિત્તના રોગીએ ભૂખ્યા રહેવું નહિ. તે જ રીતે વધુ પડતું ખાવું નહિ.

★ માંસાહારી મિત્રોએ માંસ, મચ્છી વગેરે ન ખાવાં જોઇએ.

★ મગ-તુવેર સિવાયનાં બધાં જ કઠોળ અપથ્ય ગણવાં જોઇએ.

- **શતાવરી ક્ષીરપાક :**

શતાવરી પરમ શીતળ છે. તે પિત્તનું સારી રીતે શમન કરે છે. બકરીનું દૂધ પણ પિત્તને શાંત કરવામાં ઉત્તમ છે. એક પ્યાલો બકરીનું દૂધ લો. તેમાં એક ચમચી (૫ ગ્રામ) શતાવરીચૂર્ણ નાખો. તેમાં જરૂર પૂરતાં સાકર અને એલચી ઉમેરો. સાકર અને એલચી પણ પિત્તમાં લાભકર્તા છે. આ બધાને ધીમા તાપે ઊકળવા દો. આ મિશ્રણ જરા ઘટ્ટ થાય એટલે ઉતારી તેને ઠરવા દો. આ થયો શતાવરી ક્ષીરપાક અથવા શતાવરીનો દૂધપાક. આ એક વખતનું પ્રમાણ થયું. સાંજે બીજી વખત પણ ક્ષીરપાક લઇ શકાય. બકરીનું દૂધ ન મળે તો ગાય કે ડેરીનું દૂધ પણ ચાલે. તેમાં થોડું પાણી ઉમેરવું. આ પ્રયોગથી અમ્લપિત્તમાં ઘણો જ લાભ થાય છે.

- **આમળાંનું સેવન :**

અમ્લપિત્તના રોગી માટે ખટાશ લેવાની મનાઇ છે, પરંતુ તેમાં આમળાંની ખટાશ અપવાદ છે. એટલું જ નહિ, આમળાં આ રોગમાં ઉત્તમ ઔષધની ગરજ સારે છે. આમળાંની ઋતુમાં સવારે આમળાંનો રસ પીવો. લીલાં આમળાં એમનાં એમ અથવા તેમાં કાણાં પાડી, મીઠાના પાણીમાં બોળીને પણ ખાઇ શકાય. આમળાંનો મુરબ્બો બનાવીને ખવાય. આમાંનું કંઇ શક્ય ન હોય તો આમળાંના ૨ થી ૩ ગ્રામ ચૂર્ણનું પાણી સાથે સેવન કરવું. **આમળાં પરમ શીતળ, પિત્તશામક અને મૃદુવિરેચક હોવાથી અમ્લપિત્ત મટાડવામાં ખૂબ ઉપયોગી છે.**

- **કેટલાંક ઔષધો :**

અમ્લપિત્તના રોગી માટે અવિપત્તિકર ચૂર્ણ, કપૂરકાચલીનું ચૂર્ણ, એલાદિ ચૂર્ણ, ત્રિફલા ચૂર્ણ, આમલકી ચૂર્ણ, શતાવરી ચૂર્ણ વગેરે ઉપયોગી છે. આમાંનું કોઇ પણ ચૂર્ણ એકલું અથવા અન્ય ચૂર્ણોનું મિશ્રણ કરીને પણ લઇ શકાય. તેનું પ્રમાણ ૨ થી ૩ ગ્રામ દિવસમાં ૩ વાર રાખવું.

અમ્લપિત્તના રોગીને શંખભસ્મ, કપર્દિકા ભસ્મ, (વરાટિકા ભસ્મ) પ્રવાલ ભસ્મ અને પ્રવાલ પંચામૃત પણ આપી શકાય. બધી ભસ્મો ભેગી કરીને કે કોઇ પણ ભસ્મ એકલી ૧ થી ૨ ગ્રામની માત્રામાં દિવસમાં ૩ વાર લઇ શકાય.

સૂત શેખર રસ, કામદુધા રસ, ચંદ્રકલા રસ પણ આ રોગમાં ઉપયોગી છે. આની ૧ થી ૨ ગોળી દિવસમાં ૨ થી ૩ વાર લઇ શકાય.

પટોલાદિ કવાથનો ભૂકો લાવી, તાજો ઉકાળો બનાવી, સવાર-સાંજ ૪૦-૫૦ ગ્રામ જેટલો બે વાર પીવાથી અમ્લપિત્તમાં જરૂર લાભ થશે.

કાળી દ્રાક્ષ, સાકર, વરિયાળી, ધાણા અને ગરમાળાનો ગોળ દરેક ૧૦-૧૦ ગ્રામની માત્રામાં લો. આ તમામને ૧૦૦ થી ૧૫૦ ગ્રામ પાણીમાં પલાળી, બે-ચાર કલાક રહેવા દઇ, ચોળી-ચોળીને પીવાથી અમ્લપિત્તના રોગમાં ખૂબ રાહત થાય છે.

અમ્લારિ ટેબલેટ સવાર-બપોર-સાંજ દિવસમાં ત્રણ વાર પાણી સાથે લેવાથી અમ્લપિત્ત મટે છે.

ગળોનો રસ ૧ તોલો લઇ તેમાં ૦॥ તોલો મધ મેળવીને પીવાથી અમ્લપિત્ત મટે છે.

હરડે ચૂર્ણ ૧ તોલો, કાળી દ્રાક્ષ ૧ તોલો તથા સાકર ૧ તોલો-આને ખરલમાં ઘૂંટી ચણીબોર જેવડી ગોળી બનાવી ૨-૨ ગોળી દિવસમાં ૨ વાર લેવી.

- **નિસર્ગોપચાર :**

કોબીજના પાનનો રસ કે તેનો સૂપ પીવાથી અમ્લપિત્તમાં ખૂબ લાભ થાય છે.

કાકડી, ગાજર, બીટ, કોબીજ વગેરેનું કચૂંબર (ગ્રીન સલાડ) આ રોગમાં ફાયદો કરે છે.

દાડમનો રસ અથવા લીલી દ્રાક્ષનો રસ જીરું નાખીને લેવાથી અમ્લપિત્તનું શમન થાય છે.

લીલા નારિયેળનું પાણી સાકર નાખીને લેવાથી અમ્લપિત્ત મટે છે.

આહારની માત્રા અગ્નિના બળ ઉપર આધાર રાખે છે.

*અમી ગયાં ને વખ રહ્યાં,*
*ઈ ભાણું ઈ અન્ન,*
*આવ્યે મીઠા ઓડકાર,*
*મેલો લાલચ મન.*

*સુખ સઘળાં સંસારનાં,*
*આપણ આંગણ હોય,*
*જઠરાગ્નિને તોલ તો,*
*હોય કદી ના કોય.*

***પ્રેષક :- શાંતિલાલ રામજી ગાલા***

★ *બેઠા હો અને ઊભા થતી વખતે આંખમાં અંધારા જેવું લાગે તો સમજવું કે લોહી ઓછું છે.*
★ *ઘૂંટણ નીચેના પગ દુઃખે અને પગના તળિયે બળતરા થાય તો સમજવું કે લોહીનું પ્રમાણ ઓછું છે.*
★ *લોહી (હિમોગ્લોબીન) ઓછું હોય તો રોગ પ્રતિકારકશક્તિ ક્ષીણ થાય છે.*

*પુસ્તક કરતાં અનુભવની શાળામાં વધુ જ્ઞાન મળે છે.*

# મજાના અંગ્રેજી શબ્દો અને શબ્દોની મજા

(લેખાંક-૬)

• શાંતિલાલ વ. શાહ •

એક ભાષામાંથી બીજી ભાષામાં અનુવાદ કરવો, લાગે છે તેટલું સહેલું કામ નથી. અનુવાદકનો બંને ભાષાઓ પર પૂરો કંટ્રોલ, એટલે કે પ્રભુત્વ હોવું જોઈએ. શબ્દોના અર્થ ઉપરાંત શબ્દોની અર્થછાયાઓ પણ સમજવી પડે. જો આ કૌશલ્ય ન હોય તો ક્યારેક રમૂજ થવા ઉપરાંત છબરડાં પણ વળે અને ઉપજેલી રમૂજ હાસ્યાસ્પદ બની જાય. આજે 'શબ્દયાત્રા' આગળ વધારતા પહેલાં આવા તરજુમાના થોડા રમૂજી કિસ્સાઓ જોઈ લઈએ.

અહીં જે દાખલાઓ જોઈશું તે ગંભીર ગણાય, કારણકે કોઈ માન્ય યુનિવર્સિટીના પોતાના અભ્યાસક્રમ માટેના પુસ્તકોમાં આવું બન્યું છે. આ ભૂલોની ગંભીરતા અથવા જે યુનિ.એ આ ભૂલો કરી છે તેની વધુ વિગતોમાં જવાને બદલે, આપણે તો તેમાંથી નિષ્પન્ન થતું હાસ્ય જ માણીએ.

★ Economicsના એક પુસ્તકમાં 'Wall Street Crash'નું ભાષાંતર થયું છે : 'દીવાર તૂટકે સડક પર ગીરી.' વાહ! ખરેખર અહીં નહિં તો ભીંતની વાત છે કે નહિં તો સ્ટ્રીટ એટલે કે સડકની! જેમાં મુંબઈની 'દલાલ સ્ટ્રીટ' એટલે મુંબઈ શેરબજાર તેમ ન્યુયોર્કનું શેરબજાર તે Wall Street. ભાઈ, આ તો શેરબજાર છે, અથડાયા કરે, લાલઘૂમ પણ થાય, ને ક્યારેક કકડભૂસ્સ પણ થાય. આ બાબતે અંગ્રેજી અખબારોના મથાળા (હેડલાઈન્સ) ખરેખર વાંચવા જેવા હોય છે. ખરેખર પહેલાં ન સમજાય પણ સમજાય ત્યારે ચિત્ર સાવ સ્પષ્ટ કરી દે. કોઈકે તો કહ્યું છે : English શીખવા, માત્ર આ હેડલાઈન્સ વાંચી જાવ, સમજી જાવ તો બસ, ઈંગ્લીશ આવડી જાય! વ્યાપારીને આર્થિક અહેવાલોના મથાળાં ઉપરાંત રમતગમત (સ્પોર્ટસ)નાં મથાળાં પણ ક્યારેક અટપટા પણ રસપ્રદ હોય છે.

*ઉદાહરણ :*

(A) India surges ahead, to the exit! (હોકી વિશ્વકપ : ૨૦૧૦)
ભારત ઝડપી કૂચ કરી રહ્યું છે - હરીફાઈમાંથી ફેંકાઈ જવાના રસ્તે!

(B) Sania Mirza flatters to deceive! (U.S. OPEN : 2008)
સાનિયાબહેન ઝળક્યાં (આશા બંધાઈ) શરૂઆતમાં, પણ છેવટે હાર્યા.

ઈંગ્લીશ સુધારવાનો, ને નવા શબ્દો શીખવા માટેનો આ એક સરસ ઉપાય છે, જુઓ : TATA SANK NAVY 2/0. આમ તો નેવીનું કામ ડૂબાડવાનું હોય, અહીં તાતાએ એને જ ડૂબાડી. આ વાત ફુટબોલની છે. તાતાની ટીમે નેવીની ટીમને ૨ ગોલથી હરાવી!

★ CANON એટલે ચર્ચ/મઠનો નિયમ અને વચ્ચે બીજો N ઉમેરો તો, CANNON (કેનન) એટલે તોપ, GUN.

ઈતિહાસના પાઠ્ય પુસ્તકમાં વાત હતી BUDDHIST CANONની. બૌદ્ધ ધર્મના કોઈ નીતિ નિયમની. ભાષાંતર થયું : 'બુદ્ધ ધર્મ કી તોપ!' મંદિરને બદલે યુદ્ધનું મેદાન આવી ગયું.

ખરેખર નવાઈ લાગે તેવું ભાષાંતર હવે જુઓ. રાષ્ટ્રીય દૈનિકે આવું લખ્યું છે એટલે માનવું પડે. ઈતિહાસમાં કોઈ ઈતિહાસકાર MR. W. W. HUNTERની વાત છે. ઉત્સાહી તરજુમાકારે કરી નાખ્યું, શ્રી ડબલ્યુ. ડબલ્યુ. શિકારી! **આવું શબ્દશઃ ભાષાંતર કરનારને ઈનામ આપવું જોઈએ, બીજું કાંઈ નહિ તો આપણને હસાવ્યા તે માટે.**

તરજુમો કરનારે વધુ સતર્ક રહેવું જોઈએ. ઉપર ગણાવેલી ભૂલો વહેલી મોડી સુધારી લેવાયાનો અહેવાલ પણ છે. પણ આવી ભૂલો માટે ક્યારેક અટપટા અંગ્રેજી શબ્દો જ જવાબદાર હોય છે. આ જ ઈંગ્લીશ ભાષાની ખામી છે, કેટલાક તેને ખૂબી ગણાવે છે! એ ખૂબી હોય કે ખામી હોય, જે હોય તે, પણ છે જબરું. આ HOMONYMS જુઓ : FINE / CRICKET / GUM. સાવ સરખી જોડણી, સરખો ઉચ્ચાર, પણ અર્થ જુદા! બીજા જુઓ HOMONYMS : રચના - રૂપ એટલે જોડણી જુદી છે, પણ ઉચ્ચાર સાવ સરખો. SHIP / SIP / SHEEP. પાછા અર્થો જુદા! આ વાતો ભાષાને અઘરી બનાવે છે, પણ શરૂઆતથી જ, એટલે ધોરણ ૬-૭-૮થી જ, જેટલું ભણાવાય છે, તેટલું જ (વધુ કરો તો ઉત્તમ) પૂરેપૂરું, સમજી લઈને કાયમ માટે ભણી લો. આ જ નાના શબ્દો છેવટ સુધી વાંચવાના છે. ફક્ત પરીક્ષા પાસ કરવા પૂરતું કરશો નહિ. ગણિત અને ભાષા તો કાયમ એ જ રહેવાના. આ તો પાયો છે, તે જેટલો મજબૂત હશે, આગળ જતાં સરળતા વધતી જશે. વેકેશન આવી ગયું છે. સરસ મજાના સમયનો સરસ ઉપયોગ કરો. ઈંગ્લીશ સહેલું છે. તમે ડર કાઢો તે પહેલી શરત છે. બાકી જરૂર પડે, ખાસંખાસ વર્ગો ભરીને ભણી લેવાશે એ ધારણા ખોટી છે. એ તબક્કે તમને એ ખરેખર અઘરું લાગશે, ત્યારે બીજું પણ ઘણું કરવાનું હશે એટલે ટેન્શન વધી જશે. ખર્ચ થશે, છતાં ધાર્યું પરિણામ નહીં આવે. માટે ધોરણ ૬-૭-૮થી જ તૈયારી કરો તે બધી રીતે વિદ્યાર્થીના લાભમાં છે. રસ પડે તેવી, નાની નાની અને સાવ નજીવી કિંમતે પુસ્તિકાઓ મળે છે. તે લઈને, વાંચીને આ નાની બુક્સ તમને વર્ષો સુધી ઉપયોગી થશે. (આ લેખના અંતભાગે મૂકેલી નોંધ વાંચજો.)

*પદ છોડવાથી પણ જેનું ગૌરવ ઘટે નહિ એ જ સાચો નેતા.*

ગુજરાતીમાંથી અંગ્રેજીમાં કરેલા એક અનુવાદની મજાની વાત. બ્રિટિશરાજના દિવસો. સરકાર, અંગ્રેજ નાગરિકોની બહુ ચિંતા કરે. સૌરાષ્ટ્રના કોઈ બાપુના સ્ટેટમાં ગાડી નીચે ઊંટડી કપાઈ મરી. સ્ટેશન માસ્તરે ફરજના ભાગરૂપે વડા મથકે તાર કર્યો : 'Mrs Camel cut by mail.' વડામથકે હાજર અધિકારીઓ ગભરાયા. બ્રિટિશ રાજ, ને કોઈ બ્રિટિશ મેડમનું ટ્રેન નીચે કપાઈ જવું! મોટી ટીમ સ્થળે દોડી ગઈ. Mrs. Camel કોઈ અંગ્રેજી બાનુ નહિં પણ Female ઊંટડી હતી, એ જાણીને હાશકારો જરૂર થયો હશે. માદા ઊંટડીને બદલે Mrs. Camel લખવાને કારણે મોટો હોબાળો મચી ગયો. હવે તો આપણા ઊંટ માટે તમે ઇંગ્લીશમાં પણ 'OONT' લખી શકો.

★ ★ ★ ★ ★

હવે આપણે CLIPPINGS એટલે એવા શબ્દોની યાદી જોઈશું જેનો છેડાનો ભાગ કપાઈ ગયો હોય, પણ અર્થમાં ફેર ન પડે. જ્યાં શબ્દ અપરિચિત લાગ્યો છે ત્યાં જ અર્થવિસ્તાર કર્યો છે. આવી યાદી લાંબી થાય, પણ આપણે લાંબા થવું નથી.

| *આખો મૂળ શબ્દ* | *થઈ ગયેલું ટૂંકું રૂપ* |
|---|---|
| Advertisement | Ad |
| Brassier | Bra |
| Celebrity | Celeb |
| Demonstration | Demo |
| Ditto | Do |
| Fascimile | Fax |
| Laboratory | Lab |
| Katherine | Kate |
| Locumtehes | Locum |
| Perquisite | Perk |
| Popular | Pop (Music) |
| Spermatology (શુક્રાણુ) | Sperm |
| Vegetarian | Vegen |
| Microphone | Mike |

ઉપરના ટેબલમાં Perkને Mike જુઓ. Originalનું Q અને C, ટૂંકા રૂપમાં K થઈ ગયું છે.

★ ★ ★ ★ ★

હવે જોઈએ, ACRONYMS, યાને SHORT FORMS.

રોજબરોજ વપરાતા ટૂંકા રૂપો ઠીકઠીક પ્રચલિત હોવા છતાં, એ ટૂંકા રૂપોનું આખું રૂપ શું છે, તેની જાણ ક્યારેક આપણને હોતી નથી. જાણવાની આપણે દરકાર પણ નથી કરતા. પેલા FOOLSCAP જેવું! આવા છદ્મવેશી ટૂંકાક્ષરોમાં ATM ને ATKT મુખ્ય ગણાય. ATMનું મોટેભાગે ફુલ ફોર્મ કરાય છે : All Time Money. જેનો અર્થ કદાચ સાચો છે, પણ ફૂલ ફોર્મ ખોટું છે. સાચું છે Automated Teller Machine. આમાં TIME કે MONEY ક્યાંય નથી, છતાં છે! To Tell એટલે ગણવું અને Teller એટલે કેશિયર! આમ ATM એટલે આપમેળે તમને પૈસા આપે તેવું મશીન.

જગ્યા, સાધનો અને સમય બચાવવામાં સહાયભૂત થતા આ ટૂંકાક્ષરો દરેક ક્ષેત્રે, એ વિજ્ઞાન હોય કે વ્યાપાર, મેડિકલ હોય કે સામાન્ય વાતચીત - બધે જ ઉપયોગી થાય છે. Social Sc માં વપરાતા NIMBY કે FSI, CCTV, AKA, FAQ, GDPI જેવાં અટપટા ને ચટપટા શબ્દોની હારમાળા લાંબી થાય. આપણે જુદા જુદા ક્ષેત્રોમાંથી, વિદ્યાર્થીઓને અને સામાન્ય વાચકને ઉપયોગી થાય એવા ગણેલા ૫-૭ શબ્દો જ લઈશું.

પણ, ટૂંકાક્ષરોનું એ લાંબુ પ્રકરણ શરૂ કરતા પહેલાં, વેકેશનમાં વિદ્યાર્થીઓએ વાંચવા જેવા, લેખક ચેતન ભગતના પુસ્તક 'TWO STATES'ની નાની વાત. બે STATES એટલે NORTH અને SOUTH (INDIA). પોતે નોર્થનો ને પહેલાં પ્રેમિકા ને પછી પત્ની અનન્યા દક્ષિણની. CULTUREમાં સાવ જુદા. હિંદી ભાષા બાબતે પણ મત જુદો. આ પુસ્તક યાદ એટલે આવ્યું કે તેમાં લેખકે નોંધ્યું છે, દક્ષિણના લોકો નામો પાડે લાંબાલાંબા ને પછી બોલે TTKS Hall જેવું ટૂંકું! એણે ઘણા રમૂજી દાખલા ટાંક્યા છે. ભાષા સાદી અને સરળ હોવા સાથે રજૂઆત મજાની છે અને છે LOVE STORY. સાચી LS! પાનાં ને કિંમત બંને ઓછાં છે. ખુલ્લા દિલથી બંને પ્રજાઓની ખૂબીઓ, ખામીઓ અને ખાસિયતો બેધડક રીતે લખી છે. આ વેકેશનમાં વાંચજો. મૂળ વિષય, ભાષા અને ટીકા ટીપ્પણી જોરદાર છે.

**<u>*ખાસ નોંધ*</u> : ધોરણ-૧૦/૧૨ના વિદ્યાર્થીઓને લાંબું વેકેશન પડ્યું છે. વગર ફીએ, અંગ્રેજી ભણવા લેખકનું આમંત્રણ છે. નીચેના સરનામે તરત સંપર્ક કરવો :**

**શાંતિભાઈ : ૨૬, પંકજ સોસાયટી, ભઠ્ઠા. (૯થી ૧૨) ફોન : ૨૬૬૦૭૫૦૨**

*(ક્રમશઃ)*

*એ-૫, મલ્હાર એપાર્ટમેન્ટ,*
*ટેલિફોન એક્સચેન્જ પાછળ, વાસણા,*
*અમદાવાદ-૩૮૦ ૦૦૭. ફોન : ૨૬૬૦૭૯૯૦*

હસ્તકલાના હૃદય સમાન....!

રૂપાલી

કચ્છી હેન્ડીક્રાફટસ શોરૂમ

(એ.સી.)

પ્રો.કે.ટી. શાહ રોડ, માંડવી-કચ્છ.

ફોન : (૦૨૮૩૪) ૨૨૩૪૫૮

*જ્યાં પરિશ્રમ થાકી જાય છે, બુદ્ધિ કામ નથી કરતી ત્યાંથી જ પ્રારબ્ધ શરૂ થાય છે.*

## બાળ વાર્તા

### વિક્રમ અને વૈતાળ

**(પ્રકરણ-૧૨)**

બાળ દોસ્તો.... વૈતાળ કાયમ વાર્તા કહી ચાલાકીથી વિક્રમને બોલતો કરી તેના હાથમાંથી છટકી ફરી પાછો સિદ્ધવડ ઉપર આવી, ઊંધા માથે લટકી જાય છે અને બીજા દિવસે રાજા વિક્રમે ફરી એજ પ્રક્રિયા શરૂ કરવી પડે છે.

અગિયારમે દિવસે મધરાત થતાં વિક્રમરાજા સ્મશાનમાં પહોંચી જાય છે અને સિદ્ધવડ ઉપરથી લટકતા મડદાને ઉતારી, ખભે મૂકી ચાલવા માંડે છે. માંડ થોડે દૂર જાય છે ત્યાં જ વૈતાળે નવી વાર્તા કહેવી શરૂ કરી.

સાકેતપુર નામે એક નગર હતું. આ નગરનો રાજા શક્તિસિંહ હતો અને નામ પ્રમાણે ગુણ ધરાવતો હતો. અર્થાત્ સિંહ જેવો શક્તિશાળી હતો પણ સાથે સાથે સરસ્વતીનો પણ એટલો જ પૂજારી હતો. જ્ઞાનીઓ અને જ્ઞાન તેના મનગમતા વિષયો હતા. પોતાની રાજ્યસભામાં વિદ્વાન પુરુષોને ખૂબ જ માન આપતો. આ રાજાના દરબારમાં પાંચ વિદ્વાનો હતા. એક જ્યોતિષી, બીજો શાસ્ત્રી, ત્રીજો વેદાંતી અર્થાત્ વેદ વેદાંતનો જાણકાર, ચોથો મંત્રવિદ્ અર્થાત્ મંત્રશાસ્ત્રનો જાણકાર અને પાંચમો કવિત શાસ્ત્રમાં નિપુણ હતો. આમ આ પાંચેય જણા પોતાના વિષયોમાં નિપુણ હતા. રાજાને આ પાંચેય વિદ્વાનો ઉપર ખૂબ જ માન હતું અને પાંચેય તેના દરબારના રત્નો ગણાતા.

એક દિવસ શક્તિસિંહ રાજાને આ પાંચેય વિદ્વાનોની પરીક્ષા લેવાનું મન થયું. આથી તેણે એક સોની પાસે સોનાનો હાથી બનાવ્યો અને હાથીના પેટમાં સાચા હીરા-માણેક મોતી વગેરે મૂક્યા. ત્યારબાદ આ હાથીને રાજાએ રાજસભામાં મૂકાવ્યો.

ત્યારબાદ રાજાએ પાંચેય વિદ્વાનોને બોલાવ્યા અને પોતાની નજીક બેસાડી કહ્યું, આજે હું તમને બધાને એક જ પ્રશ્ન પૂછીશ અને તેનો સાચો અને યોગ્ય જવાબ આપશે તેને આ હાથી ઈનામમાં આપવામાં આવશે.

પાંચેય વિદ્વાનોએ કહ્યું, રાજન, તમે ખુશીથી પ્રશ્ન પૂછો. આથી રાજાએ પૂછ્યું કે, ‘સંસારમાં સારરૂપ કઈ વસ્તુ છે?’

આખી સભા શાંતિથી આ પ્રશ્ન સાંભળી રહી અને બધા જ પેલા વિદ્વાનો તેનો શું જવાબ આપે છે અને રાજા કોનો ઉત્તર સ્વીકારે છે તે સાંભળવા આતુર બન્યા.

સૌપ્રથમ જ્યોતિષીએ ઊભા થઈ જવાબ આપ્યો, ‘મહારાજ, આ સંસારમાં જો કોઈ સારરૂપ વસ્તુ છે તો તે સ્ત્રી જ છે. સ્ત્રી વગરનો સંસાર ગોળ વગરના કંસાર જેવો મોળો છે. સ્ત્રીથી જ સંસાર સુખી બને છે.’

ત્યારબાદ શાસ્ત્રીજીનો વારો આવ્યો. એટલે ઊભા થઈ તેમણે જવાબ આપ્યો કે, ‘અત્યાર સુધી મેં ઘણાબધા શાસ્ત્રોનું વાંચન, પઠન અને મનન કર્યું છે. એ બધા પરથી હું એક જ તારણ ઉપર આવ્યો છું કે આ સંસારમાં પૈસો એ જ સારરૂપ છે. પૈસાથી જ માણસને કીર્તિ - આબરૂ - સુખ મળી શકે છે. ભગવાન વિષ્ણુએ પણ લક્ષ્મીજીને જ પોતાની પાસે રાખ્યા છે.’

ત્યારબાદ વેદાંતીનો વારો આવ્યો. એટલે તેણે ઊભા થઈને જવાબ આપ્યો કે, ‘વેદાંતોના અભ્યાસને અંતે મને લાગ્યું છે કે સંસારમાં સારરૂપ કંઈ હોય તો તે પુત્ર જ છે. પુત્ર વગરનો સંસાર અધૂરો છે. પુત્ર વગર પિતાનું તર્પણ કોણ કરે? પુત્રથી જ સ્વર્ગ મળે છે.’

ત્યારબાદ મંત્ર શાસ્ત્રીનો વારો આવ્યો. એટલે તેણે ઊભા થઈ જવાબ આપ્યો કે, ‘આ સંસારમાં કાંઈ સારરૂપ હોય તો તે ઈશ્વર જ છે. ઈશ્વર સ્મરણથી જ મનુષ્ય આ સંસાર સાગરને પાર કરે છે.’

હવે પાંચમા વિદ્વાન કવિરાજનો વારો આવ્યો. તે ઊભો થયો અને કહ્યું, ‘મહારાજ, આ સંસારમાં કોઈ સારરૂપ વસ્તુ હોય તો તે અન્ન જ છે. અન્નથી આપણો દેહ ટકે છે અને તે દ્વારા જ બધો વ્યવહાર શક્ય બને છે. હું બોલી શકું છું તે પણ અન્નના પ્રતાપે જ છે.’

અહીં વૈતાળે વાર્તા પૂરી કરી અને વિક્રમ રાજાને કહ્યું, ‘રાજન, આ પાંચમાંથી કોનો જવાબ સાચો ગણાય?’

વિક્રમ રાજાએ કહ્યું કે, ‘પાંચમા વિદ્વાન કવિનો જવાબ સાચો ગણાય. કારણકે ભૂખ્યા પેટે ઈશ્વરની ભક્તિ પણ થઈ શકતી નથી. ભૂખ્યા માણસ આગળ કોઈ પણ વેદ-વેદાંત શાસ્ત્રો મૂકીએ કે હીરા માણેક મૂકીએ પણ તેનાથી કાંઈ સરતું નથી. લક્ષ્મી કરતા પણ અન્ન વિશેષ છે.’

વૈતાળે કહ્યું, ‘વિક્રમ, તારી બુદ્ધિને ધન્ય છે. તેં ખરો જવાબ આપ્યો છે.’

આમ કહી વૈતાળ પાછો વિક્રમના ખભા ઉપરથી છટકી અને સ્મશાનમાં રહેલા સિદ્ધવડ ઉપર જઈ ઊંધા માથે લટકી જાય છે અને વિક્રમ એમ જ પાછો આવે છે.

બાળ દોસ્તો, રાજા વિક્રમ ફરી પાછો સ્મશાનમાં જશે કે કેમ? સિદ્ધવડ ઉપર ઊંધા માથે લટકતા વૈતાળને ઉતારશે કે કેમ? વૈતાળ તાબે થશે કે ફરી પાછી કોઈ નવી વાર્તા સંભળાવશે? આ જાણવા ફરી મળીશું આવતા મહિને... તો આવજો... બાળ દોસ્તો, વૈતાળની નવી વાર્તા અને વિક્રમનો બુદ્ધિયુક્ત જવાબ તમારે જાણવો હોય તો આ વાર્તા વાંચવાનું રખે ચૂકતા.

*રજૂઆત : ગુલાબચંદ ધારશી રાંભિયા*

*શહેર અને ગામડાં વચ્ચેનો ખાસ તફાવત – અજાણ્યાની પણ ઓળખાણ ગામડું કાઢે છે, જ્યારે શહેર જાણીતાની પણ ઉપેક્ષા કરે છે.*

હાસ્ય લેખ

# આપણા પાડોશી

• ચિરાગ મૈશેરી •

અમારા ફ્લેટમાંના એક એક ભાડુઆત એટલે કે અમારા પાડોશીઓને જોઇને મારો વહેમ પાકો થતો જાય છે કે ભાઇ! આખી દુનિયામાંના નંગમાં નંગ લોકો અહીંજ ભેગા થયા છે. દુનિયા એ ગાંડાઓનું બજાર છે એ ઉક્તિ તમે અમારી ફ્લેટમાં આવશો તો તે વાત સોએ સો ટકા સાચી લાગશે. આ અમારા પાડોશી કુમારકુમારનો જ દાખલો લો. તમને આ નામ જરા વિચિત્ર લાગ્યું. ખરું ને? એમનું પોતાનું નામ કુમાર અને એ ભાઇસાહેબ જૂના એક્ટરો દિલીપકુમાર, રાજેન્દ્રકુમાર એ બધાનો ફેન છે. એટલે એમના નામ આગળ એમણે મૂક્યું કુમાર અને બન્યા કુમાર કુમાર. આ કુમારભાઇને ખુમારી કે મારા જેવું નાટક કરનાર કોઇ નહીં. ઘેર આખો દિવસ નાટકના સંવાદ ગોખતા જ હોય. એક રાત્રે શું થયું કે એમના રૂમમાંથી એમનો ઘાંટો સંભળાયો **'તમે સમજો છો શું તમારા મગજમાં, મારી નજર સામે હવેથી કદી આ મુખડું ન લાવતા. હું કેવો માણસ છું, તેની તમને હજી ખબર નથી. ખૂન કરી નાખીશ તમારું ખૂન. જાવ અહીંથી, ચાલતા થાઓ, ટળો.'** અમે તો નવા નવા રહેવા આવેલા તે આ બધું સાંભળીને પ્રથમ તો ડઘાઇ ગયાં. પણ પછી પડોશીધર્મ બજાવીને કોઇના ખતરામાં પડેલો જાન બચાવવાના શુભ આશયથી ગભરાતાં ગભરાતાં દોડી ગયાં. બારણું ઠોકવા માંડ્યું. પણ ત્યાંથી પસાર થતાં એક ભાઇએ કહ્યું કે એ તો નાટકના સંવાદો બોલતા હશે. અને અમે આઇસકોલ્ડ પાછાં ફર્યા.

એક બીજો માણસ, નામ એનું વિચિત્રગુપ્ત. એના મનમાં એવું ઠસી ગયું છે કે મારા જેવું શાસ્ત્રીય સંગીત ગાનાર અહીં છે જ નહીં. અમને બધાને એમ કહેતા ફરે કે ગાંધર્વો અને કિન્નરો તો મારે ઘેર પાણી ભરે. એ એમની સ્વરસુધા એવી વહેતી કરે કે રાતભર ચાલે. **એમના અવાજને ગધેડાના ભૂંકવાની ઉપમા આપીએ કે બાળકના રડવાની! કંઇ સમજાતું નથી.** બીજું કંઇ નહીં તો રોજ રાતના ૯ થી ૬ સુધી જાગરણ થઇ જાય.

આ અમારો ટેલિફોન, અમારો એટલે ફ્લેટનો. એને જુઓ, ધારીને જુઓ અને સાંભળો. તમને થશે ટેલિફોનમાં શું જોવું અને સાંભળવું. અમારા ટેલિફોનનું એક વૈશિષ્ટ્ય છે. **તે હાલતો, ચાલતો ઊઠતો, બેસતો, ખાતો, પીતો હરતો, ફરતો ટેલિફોન છે. એનું નામ છે, મણિબહેન.** આ મણિબહેનને કોઇના ઘરમાં ખટ અવાજ થાય તોય તરત ખબર પડે! સાંભળ્યું છે કે કોઇને દિવ્યદૃષ્ટિ પ્રાપ્ત થાય તો તેને દુનિયાના ખૂણે શું થઈ રહ્યું છે, તેની ખબર પડે. મને વહેમ છે કે મણિબહેનને સાંભળવાની કોઇ દિવ્યશક્તિ-દિવ્યશ્રુતિ-પ્રાપ્ત થઇ હોવી જોઇએ. મને એમ થયું એકવાર કે હું પણ તેમની પાસેથી આ શક્તિ પ્રાપ્ત કરવાનો ઉપાય જાણી લઉં. તે માટે હું તેમના ઘર આગળ ગયો. પણ બારણું હતું બંધ. એટલે બારણાની તિરાડમાંથી અંદર જોયું તો એમના ત્રણે દીકરા ત્રણ ભીંતે કાન દઇને ઊભા હતા. અને એમને સમાચાર આપતા હતા- 'અલી બા, પેલા રમણકાકા છે ને તે આજે કોઇ પાર્ટીમાં જવાના હોય એમ લાગે છે.' 'અલ્યા, દિલીપ, તું બોલ બોલ ન કર, મને સાંભળવા દે.' એમનો બીજો દીકરો બોલ્યો. 'બા, ઓલ્યાં પ્રભાબહેન ઘરમાં બધાને કહે છે, **અલ્યાં ધીમે બોલો. પેલી ટેલિફોન સાંભળશે તો પંચાત થશે. કાળ છે મૂઇ આખી ફ્લેટની. બધે જઇને ઢંઢેરો પીટી આવશે.'** થઇ રહ્યું. મણિબહેન તો રાતાંપીળાં થઇ ગયાં અને ધડામ દઇને એમનું બારણું ઉઘાડ્યું. પછી હું ચાર કલાક સુધી મારું નાક પંપાળતો રહ્યો. પણ તે દિવસે એમને કઇ દિવ્યશક્તિ છે તેનું મને ભાન થયું.

તમે કહેશો કે 'તમે પોતે પણ તો એવાં જ છો ને! પડોશીઓના શું ગુણગાન (!) ગાઓ છો? એવું તો કંઇ કોઇના ઘરમાં થતી વાતો બારણાના તડમાંથી જોવાતી અને સંભળાતી હશે?!' પરંતુ એ તો 'જેવા સાથે તેવા' જ થવું પડે ને! થોભો, આ હું તમને શિખામણના ઘૂંટ નથી પાતો પણ અમારાં કીર્તિભાઇના શબ્દો ઉચ્ચારું છું. એ કીર્તિભાઇ પર તો મને એવો ગુસ્સો ચડે છે કે ન પૂછો વાત. બસ શિખામણ આપ્યે જ જાય છે. શિખામણનો ધોધ એવો તો વરસે કે હૃદયસરોવર અકળામણ જળથી ભરપૂર થઇ જાય. **એકવાર કહે, 'બેટા! જીવન શાંતિથી જીવવું જોઇએ. કોઇની જોડે ઝઘડો, વેરઝેર રાખવાં જોઇએ નહીં. કોઇ એક ગાલે તમાચો મારે તો બીજો ગાલ ધરવો જોઇએ.' ને બીજી જ પળે કહે કે જેવાની સાથે તેવા થવું જોઇએ.** મેં એમની બીજી શિખામણ જ રાખી છે. અને હવે એ શિખામણ આપવા જાય કે હું જ મોટાઓના મહાન વિચારો ધડાધડ એમની સામે બોલી જાઉં છું. એમની દરેક શિખામણ મને જીભસ્થ છે. અમારા ઉપરના માળે તો કટોકટીની પળો સર્જાઇ છે. શું કરું! ઉપરવાળાં છોકરાં એમની નાનકડી ઓરડીમાં લંગડી રમે છે. દિવસમાં દસવાર કચરો નીકળે તોય કચરાવર્ષા થતી જ રહે છે. મને લાગે છે કે ધૂળનું ગમે તેટલું મોટું તોફાન આવે તોયે હું એને સહેલાઇથી સહી શકું. અને એ ધખધખ અવાજથી એવા ટેવાઇ ગયા છે કે ઉપર છોકરાં લંગડી રમતાં બંધ થાય તો અમને ચેન પડતું નથી. આ અમારા દ્વારકાબાઈ, અતિ આધ્યાત્મિક અને (!) કોઈને ઘેર જઈ આવે તો નાહી લે. એકવાર હું ઉતાવળમાં પગથિયા ઉતરતો હતો ત્યાં તે પિપળે પાણી પાઇને આવતાં હતાં.

*ક્રોધમાં માણસ પોતાના હિતેચ્છુઓને આઘાત પહોંચાડે છે.*

તેમને મારો ધક્કો વાગ્યો અને એ બોલ્યાં : 'અરે, રામ, રામ, આજના છોકરાઉં તો કંઇ ફાટ્યા છે, આવડો મોટો ઘોડો થયો તોય વાંદરાની જેમ કૂદકા મારતો ને ગધેડીની જેમ પગ ઉછાળતાં ચાલ્યાં ક્રિકેટ રમવા! ભગવાનમાં તો માને જ શાનાં. હવે મારે ઘેર જઇને નહાવું પડશે. એનાં મા-બાપને છે કંઇ ચિંતા! ચાલો પાછા નળ પર!' પરંતુ મને લાગે છે કે વારે ઘડીએ નળ પર જવાની એમની ટેવ હવે તો જતી રહી હશે. કારણ, નળરાજ જ દરેકને ભાગે પંદર મિનિટ આવે. અને તેથી જ દ્વારકાબાઇ હવે પાણી છાંટીને નાહી લેતાં હશે?

અને આ અંગ્રેજીનાં ખાં(!) જુઓ. નવયુવાન દંપતી, શુદ્ધ ગુજરાતી, ઝઘડવાનાં વધારે પડતાં શોખીન. **આમ તો ગુજરાતી જ શુદ્ધ રીતે અશુદ્ધ બોલે પણ જ્યાં ઝઘડો શરૂ થયો કે પતિપત્નીને ગુજરાતી ભાષા ફિક્કી લાગે. અંગ્રેજીની તડાતડી અને ધડાધડી સાચા ખોટા શબ્દો, વાક્યોમાં (ગુજરાતના ગ્રેજ્યુએટ પાછાં) શરૂ થઇ જાય અને તમાશાને થોડું તેડું હોય!**

અને અમારા ફ્લેટમાં તળીયેના ઘરમાં રહેતા આ કરશનદાદાને મળો. ચુસ્ત કોંગ્રેસી. કોની માએ સવા શેર સૂંઠ ખાધી છે કે એમની સામે કોંગ્રેસ વિરુદ્ધ કંઇ પણ બોલે. તરત જ એમની વાણી વહેતી થઇ જાય. 'જો ફરી બોલ્યો તો જોવા જેવી થઇ જશે. હા તારા એ મોદીકાકા સગલા છે, શું તને સ્વર્ગે મોકલવાના છે તે એમનાં ઉપરાણાં લઇને એમનાં ગીત ગાય છે.' આ બોલતી વખતે તેઓ એ ભૂલી જાય છે કે એ જેમના પક્ષપાતી છે એ કોંગ્રેસીઓ પણ એમને સ્વર્ગનાં દર્શન કરાવવાના છે?- કે પછી બીજા કરતાં વહેલું સ્વર્ગ દેખાડશે?!!

ગાંધી થઇ બેઠેલા આ રામજીભાઇને મળો. રાશિ અને નક્ષત્રો, સ્વગૃહી અને પરગૃહી જેવા જ્યોતિષના શબ્દો છટાથી બોલી જાણે છે અને તેના પરથી આગાહીઓ કરે. તારીખ, વાર, સાલ વગેરેની સ્મરણશક્તિ સારી છે. પાંચ પંદર મહાન વ્યક્તિઓની કુંડળી આગળ ધરીને એમની ચર્ચા કરે. તમે પણ આવી શકો છો હોં! તમારું ભાવિ જોવા અને સાંભળવા. તમારા વિશે તમને કંઇ જાણવાનું મળશે કે કેમ એ તો રામ જાણે અને રામજીભાઇ જાણે પણ તમને ટીળક, ગોખલે, નહેરુ વિશે તો જરૂર જાણવાનું મળશે. અને આ કોર્નર પર રહેતાં શોભનાબહેન, બીજાને પરોપકાર કરવાની તક આપતાં એ જરાય ચૂકતાં નથી. સવારના પહોરથી બારીમાંથી ડોકિયાં કરતાં જ હોય. **કોઇ જતું આવતું દેખાય કે શાકની થેલી કે દહીંનું વાસણ કે ટપાલમાં નાખવાના કાગળ પકડાવી જ દે. સામેની વ્યક્તિની ઇચ્છા, અનિચ્છા, અનુકૂળતા, પ્રતિકૂળતાનો વિચાર તો એમને કદી આવે જ નહીં.**

હું જો દરેકની વાત કહેવા બેસું ને તો દરબારને ય લજાવે એવા એવા અસંખ્ય તારલાઓ અહીં પડ્યા છે. ગણ્યા ગણાય નહીં, વીણ્યા વીણાય નહીં, તો ય મારા ફ્લેટમાં સમાય. જો જો કદાચ આમાંથી તમારી આજુ બાજુ રહેવા તો નથી આવ્યા ને !!!

*ચિરાગ મૈશેરી*
*મો. ૯૯૭૮૮ ૭૭૭૬૬*

*આપના પ્રતિભાવો જરૂરથી જણાવશો.*

E-mail : keose39@yahoo.com

● શિખરજી
● સૌરાષ્ટ્ર દર્શન
● રાજસ્થાન
● પાલિતાણા-પંચતીર્થી
● ગિરનાર-સોમનાથ
● કચ્છ પંચતીર્થી
● જગન્નાથપુરી
● નાગેશ્વર-MP
● પૂના-કાવજ
● કાવી-ગંધાર-ઝઘડિયા
● કુલપાકજી-હૈદ્રાબાદ
● ચારધામ

॥ અતિથી દેવો ભવ: ॥

**અત્યાધુનિક યુગના 'શ્રવણ' ચેતન મોતા સંગાથે**

**કોઈપણ 'ડેસ્ટિનેશન'માં જોડાવ...**
**મુંબઈથી મુંબઈ સુધી પરફેક્ટ પ્રેઝન્ટેશન સાથેની... 'સંપૂર્ણ પેકેજ'**

**ભારતભરના તમામ યાત્રા તેમજ ગિરિમથકો માટે વ્યક્તિગત કે ગ્રૂપમાં ટેલરમેડ કે અમારા બારે માસ ચાલતા આયોજિત ફેમિલી / હનીમૂન પ્રવાસોમાં બધી જ અત્યાધુનિક સગવડતાઓ સાથે....**

**CHETAN MOTA'S**

tmt holydays

**LANDMARK FOR PACKAGE TOUR**

● કાશ્મીર-વૈષ્ણોદેવી
● લેહ લદાક-કાશ્મીર
● દાર્જીલીંગ-સીક્કીમ
● હિમાચલ
● ઉત્તરાંચલ
● કેરાલા
● સાઉથ
● રાજસ્થાન
● ભુતાન
● નેપાલ

૩, હરિભવન, ૫૬, ઝવેર રોડ, જૈન દહેરાસરની બાજુમાં, મુલુંડ (વે.), મુંબઈ-૪૦૦ ૦૮૦.
**Ph. : 2593 4545 ● 2568 3231 ● 2565 0533 ● 93222 82993 ● Fax : 2565 3412**
**www.tmtholydays.in ● tmtholydays@yahoo.co.in**

॥ પિતૃદેવો ભવઃ ॥ ॥ માતૃદેવો ભવઃ ॥



રાપર ગઢવારી

ઘાટકોપર





સ્વ. શ્રી પદમશી કાનજી મૈશેરી માતુશ્રી જયાબાઈ પદમશી મૈશેરી

શુભેચ્છક

પુત્ર - શ્રી પારસ પદમશી મૈશેરી
પુત્રવધુ - અ.સૌ. ભારતી પારસ મૈશેરી
પૌત્ર - જયરાજ પારસ મૈશેરી
પૌત્ર - પ્રીયેશ પારસ મૈશેરી
પૌત્રી - હેતલ પારસ મૈશેરી

*With Best Compliments from :*

**padamshi kanji meisheri**

**CLEARING, FORWARDING, SHIPPING & AIR-BOOKING**

**Mumbai : Licenced CHA No. AABCP8973HCH001 (11/187)**

**208, Anant Deep Chambers, 2nd Floor,**
**273/277, N.N. Street, Mumbai-400 009.**
**Phone : 2373 3873 / 74, 2375 5114**
**Fax : 022-2373 8870 E-mail : pkm@bom5.vsnl.net.in**



# બાબુડેં જયું ગાલિયું

**સંકલન : ગુલાબચંદ ધારશી રાંભિયા**

## બચુડો

અધા : પુત્તર બચુડા?

બચુડો : કો અધા કુરો કમ આય?

અધા : હી પાંજી બાજુ જે બંગલેવારા મફતકાકા ગુજરે વ્યા આંઈ ને અનીજી અંતિમવિધિ લા ફોટોગ્રાફર કે બોલાયા આંઈ. તડે પોય મફતકાકા જો વડો છોરો ફોટોગ્રાફર કે તમાચો કુલા મારે? ને બ્યા મડે પણ ફોટોગ્રાફર કે મારીયેં તા... સે જરા તપાસ તા કર ગાલ કુરો આય?

બચુડો : તપાસ કે ને ચેં ક બ્યા મડે ફોટા તા ગેનાજે વ્યા વા પણ મફતકાકાજે મોં જો ફોટો ગેનેલા ફોટોગ્રાફર ચેં "સ્માઈલ પ્લીઝ" અતરે મડે માડુ ફોટોગ્રાફર કે મારેલા વઠા.

## ખિલજા મ ભલા

કનુ : ભારતની કઈ દેવીનો કયો પ્રસાદ દુનિયાભરમાં જાણીતો છે?

મનુ : ભારતની રાબડીદેવીનો લાલુપ્રસાદ દુનિયાભરમાં જાણીતો છે.

☺ ☺ ☺ ☺ ☺

રંગલો : બાપુ, આમ હવામાં તલવાર કેમ વિંઝો છો? કોની સામે વિંઝો છો?

બાપુ : ભૂત સામે.

રંગલો : બાપુ, ભૂતે તમારું શું બગાડ્યું છે?

બાપુ : પેન્ટ.

☺ ☺ ☺ ☺ ☺

આયારામ : જમાનો ખૂબ બદલાઈ ગયો છે.

ગયારામ : કેમ શું નવું જોવા મળ્યું?

આયારામ : પહેલાં લોકો ઘરના બારણે લખતા 'અતિથિ દેવો ભવઃ'. પછી લખતા થયા 'શુભ-લાભ'. ત્યાર પછી લખતા થયા 'ભલે પધાર્યા' અને હવે લખે છે 'કૂતરાથી સાવધાન.'

☺ ☺ ☺ ☺ ☺

દર્દી : ડૉક્ટર સાહેબ, મને શ્વાસ લેવામાં ખૂબ તકલીફ પડે છે.

ડૉક્ટર : ગભરાઓ નહીં. મારી દવાથી એ ચોક્કસ બંધ થઈ જશે.

☺ ☺ ☺ ☺ ☺

બુદ્ધુરામ : ડૉક્ટર સાહેબ, મારે એક મોટી સમસ્યા ઊભી થઈ છે.

ડૉક્ટર : શું થયું?

બુદ્ધુરામ : વાત કરતી વખતે વ્યક્તિનો અવાજ તો બરોબર સંભળાય છે, પણ જોઈ શકાતી નથી.

ડૉક્ટર : આવું કેટલા વખતથી થાય છે?

બુદ્ધુરામ : ઘરમાં જ્યારથી ટેલિફોન આવ્યો છે ત્યારથી.

☺ ☺ ☺ ☺ ☺

સદ્દામ હુસેનઃ અરે, અહીં નરકમાં પણ પૃથ્વીલોકની જેમ અન્યાય જ ચાલે છે.

નરક અધિકારીઃ કેમ શું થયું?

સદ્દામ હુસેન : આ જુઓને, આ ઘરડાં - ઓછું સાંભળતા નેતાને ડાયેના સાથે નાચ કરવાનો... આવી મજા પડે એવી સજા?

નરક અધિકારીઃ આ નેતાને સજા નથી ડાયેનાને સજા કરવામાં આવી છે.

☺ ☺ ☺ ☺ ☺

મોહનકાકા : (પડદાવાળાની દુકાને જઈને) ભાઈ, મારા કોમ્પ્યુટર માટે સારી જાતના પડદા બતાવજો ને....

દુકાનદાર : આવા પડદા વિશે તો કાંઈ સાંભળ્યું નથી. કોમ્પ્યુટરમાં પડદાની શું જરૂર?

મોહનકાકા : અમારા કોમ્પ્યુટરમાં 'વિન્ડો' છે એટલા માટે.

*૮/૨૬, ગંગામણિ ફ્લેટ્સ, વસંત નગર સોસાયટી, ગોપાલચોક, મણિનગર, અમદાવાદ-૩૮૦ ૦૦૮. ફોન : ૨૫૪૬૮૧૬૦*

## મહાન ભારત દેશની સાચી સ્થિતિ

''પરંતુ વાસ્તવિકતા એ છે કે છેલ્લા ૧૫ વર્ષમાં આ દેશના તમામ ઉત્પાદન તથા તમામ સંપત્તિના ૨૨ ટકા, દેશના જે ૨૦ અતિ શ્રીમંત પરિવારો છે તેમની પાસે છે.''

દેશના ૮૪ કરોડ લોકો રોજના માત્ર રૂા. ૬/- થી રૂા. ૨૦/- મેળવે છે. દેશના ૩૦ કરોડ લોકો એવાં છે જેમને ખબર જ નથી કે તેમને આગલા ટંકનું ભોજન ક્યાંથી મળવાનું છે.

૨૦ કરોડ લોકો એવા છે જેમને એ ખબર નથી કે તેમને બે ટંકનું ભોજન ક્યાં મળશે.

આ છે આપણા મહાન અને સ્વર્ણિમ દેશની સાચી સ્થિતિ.

***(અર્જુન સેનગુપ્તાના રિપોર્ટમાંથી "ભૂમિપુત્ર" તા. ૧૬-૧-૧૦માંથી)***

***પ્રેષક : શાંતિલાલ સંઘવી - અમદાવાદ***

*વ્યક્તિના શ્રેષ્ઠ ગુણોને વિકસાવવાનું કામ કરતી વિદ્યા એટલે ભક્તિ.*




The cage making business is
all about precision engineering

Precisely what our customers need to set the ball rolling !

TAPER ROLLER BEARING CAGES ● SPHERICAL ROLLER CAGES
BRASS MACHINED CAGES ● BALL BEARING CAGES
POLYAMIDE CAGES ● STAMPED AUTO COMPONENTS

HARSHA ENGINEERS

ISO/TS 16949:2002 CERTIFIED

**Harsha Engineers Limited**
Sarkhej-Bavla Road, Changodar,
Ahmedabad - 382 213.
Ph. : 91-2717-391200 Fax : 91-2717-391259
Email : marketing@harshaengineers.com
Visit us at : www.harshaengineers.com

● શુભેચ્છા સહ ●

**ગીરીશ સંઘવી**

૮૦૪, કલાસાગર ટાવર,
સ્ટાર બજારની બાજુમાં,
જોધપુર ચાર રસ્તા, સેટેલાઈટ રોડ,
અમદાવાદ-૩૮૦ ૦૧૫.

**ફોન : ૨૬૭૬૯૪૩૩**


GULABBHAI JAIN
M. : 98240 97078, 93761 75358

**PRITESH ROADLINES**

FLEET OWNERS &
TRANSPORT CONTRACTORS

● H.O. ●
143/1, KABUTARKHANA, KALUPUR,
AHMEDABAD-380 002.
PH. : 22122794, 32902242
TELEFAX : 079-22122242
E-MAIL : PRITESH2585@GMAIL.COM

● SARKHEJ OFFICE
NR. KHODAL HOTEL, BAWLA ROAD,
SANATHAL CHOKDI, AHMEDABAD.
TEL. : 93277 17915




## શ્રી મુંબઇ જૈન યુવક સંઘ

આ સાથે સેવાભાવી સંસ્થા અને કરવેરા શીર્ષકનો લેખ આપની જાણ માટે મોકલીએ છીએ. આશા છે કે આપ ધ્યાનપૂર્વક વાંચી જશો. આપની સંસ્થાને સરકાર તરફથી જે કાંઇ કરરાહત મળતી હોય તે અપૂર્ણ લાગતી હોય અને વિશેષ કરરાહતની અપેક્ષા હોય તો અને તમોને યોગ્ય લાગે તો સાથે મોકલેલા લેખમાં જે રજૂઆત છે તેને ધ્યાનમાં રાખી યોગ્ય અધિકારી સમક્ષ તમોને યોગ્ય લાગે તે રીતે લખાણ પ્રસ્તુત કરી અમોને એક નકલ મોકલવા વિનંતી છે. શક્ય હોય તો નકલ સાથે તમારી પ્રવૃત્તિ અને એ દ્વારા ગરીબ કે વંચિત સમાજને થતા લાભની વિગત પણ મોકલી શકો તો વધારે ઉપયોગી થઇ પડશે.

તમારી જાણ માટે એટલું ઉમેરવાનું કે, અમોએ લેખમાં જે દલીલ કરેલ છે એના આધારે જાન્યુઆરી ૨૦૦૮માં એ વખતના વિત્ત મંત્રી શ્રી પી. ચિદમ્બરમને અમે ૨૦૦૮ના બજેટની રજૂઆત પહેલાં આ વાત જણાવેલ. ત્યારબાદ હાલના વિત્ત મંત્રી શ્રી પ્રણવ મુખરજીને પણ અમોએ મે ૨૦૦૯માં રજૂઆત કરેલી છે. એક રીતે જોઇએ તો પ્રશ્ન છે નિયમમાં સુધારો કરવાનો. જો કે સરકાર પાસેથી ત્વરિત પરિણામની આશા ન રાખી શકાય પણ તમે જાણતા હશો તેમ સરકારે નવા ડ્રાફ્ટ ડાયરેક્ટ ટેક્સ કોડની રજૂઆત કરી છે જેમાં ઘણા જ મહત્ત્વના સુધારાની વિચારણા છે, જેનો અમલ એપ્રિલ ૨૦૧૧થી થવાનો સંભવ છે. આ દરમ્યાન લાગતા વળગતાને રજૂઆત કરવાની તક છે. અમારા આ પ્રયાસના રૂપે અમે આ વાત તમારી સમક્ષ રજૂ કરી છે.

વ્યાપાર ઉદ્યોગના એસોસિએશન કે નોકરિયાતોના યુનિયનો પોતાના સંખ્યાબળના આધારે, સરકાર પાસે રજૂઆત કરી, થોડી બાંધછોડ કરી પોતાનો માર્ગ શોધી લે છે. એકલદોકલ વ્યક્તિના કે નાની નાની સંસ્થાઓનો અવાજ ત્યાં પહોંચતો નથી. સેવાભાવી સંસ્થાઓ તો સરકારના સહકાર વગર કે નજીવા સહકાર મારફત સરકારનું જ કામ, કોઇ પણ જાતના અનર્થ વ્યય વગર કરી આપે છે એ જોતાં આપણી માંગણી સર્વપ્રકારે ઉચિત ગણાવી જ જોઇએ એવી અમારી માન્યતા છે.

સેવાભાવી સંસ્થાઓ કોઇ નફા માટે કામ કરતી નથી પણ કેવળ જરૂરિયાતમંદ વ્યક્તિઓને મદદગાર થવા કામ કરે છે. ટ્રસ્ટીઓ કે સંચાલકો, જરૂર પડ્યે પોતાના ભોગે પણ સંસ્થાને ચલાવે છે. એટલે આ બાબત તમોને યોગ્ય લાગે તો જરૂરી કાર્યવાહી વહેલાસર કરવા અને અમોને વાકેફ કરવા આપને અમારી વિનંતી છે. ઓછામાં ઓછું તમારી હાલની પ્રવૃત્તિનો અને એથી ગરીબ / વંચિત સમાજને થતા, સીધા કે આડકતરા લાભની વિગત જણાવશો તો ઉપયોગી થશે. તમારી જાણીતી બીજી સંસ્થાઓને પણ આ બાબત વાકેફ કરશો એવી અપેક્ષા છે.

આ અંગે કાંઇ વિશેષ જાણવું હોય તો shrimjys@gmail.com ના સરનામે ઇ-મેલ કરવા અથવા ઉપરના સરનામે પત્ર-વ્યવહાર કરવા વિનંતી છે.

***પ્રમુખ, શ્રી મુંબઇ જૈન યુવા સંઘ***

***નોંધ : "સેવાભાવી સંસ્થાઓ અને કરવેરા" શીર્ષક હેઠળનો લેખ, આ જ અંકના 'સમાજ - દર્પણ - સાહિત્ય આચમન' વિભાગમાં પ્રસારિત કરેલ છે.***

***– મુખ્યતંત્રી***

• • • • •

## પાંચ સદીની વયના ભુજપુરની સ્થાપના.....

સૌપ્રથમ ભાઇશ્રી ચંદર આભિરીએ ભુજપુરનાં ઇતિહાસની માહિતી 'મંગલ મંદિર'નાં ફેબ્રુઆરી ૨૦૧૦નાં અંકમાં મોકલાવી એ બદલ ખૂબ ખૂબ ધન્યવાદ. પુરાતત્ત્વિય સંશોધક શ્રી કલ્યાણજી ખીમજી સ્વાલી (મુંદરા) ના માહિતી સંચયની એક સદી જૂની બુકમાંથી જે માહિતી મોકલાવી તે ઘણી બધી સાચી છે. જેમાં થોડા ઘણા ફેરફારો છે જે દુલેરાય કારાણીના માહિતી પત્રકમાંથી મેળવેલ છે તે આ પ્રમાણે છે.

ભુજપુર ગામ વસ્યું ઇ.સ. ૮૦૦ એટલે કે લગભગ સંવત ૮૫૪માં ભુજપુર ગામની સ્થાપના થઇ.

(સ્વાલી) એમનાં અનુમાન પ્રમાણે ગામના મૂળ સ્થાપકો જેસર સમુદાયના રાજપૂતો હતા. ભુજપુરનું બીજું તોરણ એમનાં હિસાબે (પ્રથમ તોરણ) વિક્રમ સંવત ૧૫૦૦ સૈકા દરમ્યાન હશે. પણ ખરેખર ઇ.સ. ૧૫૬૮ (લગભગ) એટલે કે સંવત ૧૬૨૨ દક્ષિણ બજારથી નવી નારની વાટના પ્રવેશ દ્વાર પાસે બીજું તોરણ બંધાયું હતું.

ઓસવાલ પરિવારો સિંધ મારફતે રાજસ્થાન અને ત્યાંથી કચ્છમાં ઇ.સ. ૧૫૬૮માં આવ્યા. કચ્છનાં ૬૦ ગામો નહીં પણ ૫૨-૪૨ અને ૨૪માં ઓસવાળ પરિવારો વસ્યા. જેને કંઠી-અબડાસા અને વાગડ પ્રાંત તરીકે ઓળખીએ છીએ. વિ. સંવત ૧૩૬૫ને બદલે સંવત ૧૭૬૫માં શેઠ શ્રી સારંગસા વણિકે જૂનો અવાડો બંધાવ્યો. જેના ભર્યામાં રણમલ સાહેબે બાવન-બેતાલીશ ગામને તેડું આપેલ અને એ અવાડાના બધા કુંડો સાચા ઘી થી ભરેલ હતા. જે માટે તે વખતે

Favourite
OFFICE ADDRESS :
C-1/B-2007, GIDC Industrial Estate,
Ankleshwar -393 002. Dist. Bharuch. Gujarat, INDIA
Ph. : 91 2646 220690 / 251646 / 220854 Fax : 91 2646 251030
Mail : info@favouriteshoes.com Website : www.favouriteshoes.com
Mukesh Shah (Dand)
Managing Director
M. 98795 00961
PLANT ADDRESS : J-1915-18, GIDC Industrial Estate, Ankleshwar -393 002. Dist. Bharuch. Gujarat. (INDIA)
MANUFACTURERS & EXPORTERS OF INDUSTRIAL SAFETY SHOES & CASUAL SHOES

નીચે મુજબનો દુહો પ્રચલિત હતો.

'કનૈયે કઢે કાલરૂં, રણમલ કેં દેહ તેડો, ડુંગર દને દેહમેં લાણી'

***(ક્રમશઃ)***

***કીર્તિ કરમશી દેઢિયા "નમસ્કાર"***

***<u>નોંધ</u> : આ પત્રના અંતે 'ક્રમશઃ' લખાયેલ છે. પરંતુ તેનો આગળનો ભાગ હવે ક્યારેય પણ આવવાનો નથી. કેમકે આ પત્ર મોકલનાર ભાઈશ્રી કીર્તિ કરમશી દેઢિયાનું ગત તા. ૧૪-૩-૨૦૧૦ના દુઃખદ અવસાન થયેલ છે. મંગલ મંદિરે તેના એક સહૃદયીને ગુમાવેલ છે તેનો અત્યંત રંજ છે.***

***– મુખ્યતંત્રી***

• • • • •

## શાંતિ કપ

### BEST SPORT PERSONALITY OF THE YEAR

Best Sport Personality of The Year, ને દર વર્ષે શ્રી ક.વી.ઓ. સેવા સમાજનાં નેજા હેઠળ ભુજપુરનાં ભડવીર શ્રી શાંતિલાલ નાથાલાલ શેઠિયાની યાદગીરીરૂપે સમાજનાં રાજ્યકક્ષા, રાષ્ટ્ર કક્ષા કે આંતર રાષ્ટ્રકક્ષાએ રમત ગમત ક્ષેત્રે સિદ્ધિ પ્રાપ્ત કરનારને 'શાંતિ કપ' તથા રૂા. ૫૦૦૦ (અંકે રૂપિયા પાંચ હજાર પૂરા) ઇનામ આપવામાં આવે છે.

સ્વ. શાંતિલાલ નાથાલાલ શેઠિયા, પાલાગલી સ્કૂલનાં આજથી ૬૦ વર્ષ પહેલાં બેસ્ટ સ્પોટર્સ પર્સનાલિટી હતા. મફતલાલ બાથ ચોપાટી દ્વારા આયોજિત 'હેવી વેઇટ લિફટિંગ'માં તે સમયનાં તેઓશ્રી ચેમ્પિયન હતા. એટલે જ ક.વી.ઓ. સેવા સમાજ-મુંબઇ દ્વારા એમની સ્મૃતિમાં Best Sports Personality of the Year માટે દર વર્ષે શાંતિ કપ એનાયત કરવામાં આવે છે.

*નોંધ :-* આ માહિતી મોકલવાનો આશય એટલો જ છે કે અમદાવાદમાં પણ એવા કોઇ સ્પોટર્સ પર્સનાલિટી બને તો તેની માહિતી પણ સેવા સમાજ-પગદંડી કાર્યાલયને મોકલવાથી અન્ય સ્પોટર્સ પર્સનાલિટી સાથે સિલેક્શનમાં સામેલ થઇ શકે.

***કીર્તિ કે. દેઢિયા-ભુજપુર***

• • • • •

## 'પ્રશ્નો અને પ્રત્યુત્તર'ના સુજ્ઞ સ્પર્ધકો

'પ્રશ્નો અને પ્રત્યુત્તર'માં ભાગ લેનારા વાચક મિત્રોની સંખ્યા વધતી જાય છે. એ સૌ વાચકોને અભિનંદન આપતાં આનંદ થાય છે.

'સારા વાચક'ની શોધયાત્રામાં જોડાતાં મિત્રો ધન્યવાદને પાત્ર એટલા માટે છે કે, મેં પ્રયત્નો કર્યા છતાં પૃષ્ઠ પહેલાથી છેલ્લા સુધી વાંચી શકાયું નહિ! (આ મારી નબળાઈ તો ખરી જ.) જ્યારે આ મિત્રો તો પૂરે પૂરું શબ્દે શબ્દ, ફકરે ફકરો, લીટીએ લીટી વાંચી જાય છે અને જવાબ શોધી કાઢે છે — બધા ખરાં!

બીજું, આખો અંક એક ચિત્તે વાંચી જનાર અને સારા વાચક હોવાની સ્પર્ધામાં ઝુકાવનારને, કાંઈક નરસું, કાંઈ ટીકા કરવા જેવું કે અનુમોદના કરવા જેવું લાગતું જ હશે. ક્યાંક ખૂબીઓ જડી હશે તો ક્યાંક ખામીઓ દેખાઈ હશે. આટલું બધું વાંચે, વિચારે પછી થોડું લખે પણ એવી અપેક્ષા વધુ ગણાય? ના ગણાય. સો-સવાસો પાના ધ્યાનથી વાંચે તેણે કોઈક બાબતે તો બોલવાનું થાય જ, લખવાનું બને જ. સારા વાચક કોને કીધા? એ લખે પણ. આમેય વાંચ્યા પછીનો બીજો તબક્કો લખવાનો આવે.

કે પછી પેલા ઝગારા મારતા 'તેજસ્વી તારલાઓ' કરે છે તેવો જ ઘાટ અહીં પણ છે? પેલા તારલાઓ પાઠ વાંચ્યા વગર, પાઠ શેનો છે, કે શું છે તે જાણ્યા વગર, લેખક કોણ છે તેની પણ પરવા કર્યા વગર, પૂછેલા પ્રશ્નના ઉત્તરો ક્યાં છે તેટલું જ, તે પણ ગાઈડના સહારે જ સ્તો, શોધી કાઢવામાં કાબેલ છે. વળી પાછા તેજસ્વી, પાસ પણ થાય!

આશા રાખીએ કે આપણા આ સુજ્ઞ વાચકો "માત્ર પ્રશ્નોના ઉત્તરો ક્યાં છે તે શોધી કાઢવામાં જ પાવરધા છે" એવું નથી. તેઓ વાંચે છે, વિચારે છે, પછી જવાબો આપે છે. આ વિચારવંત સુવાંચન કરનાર સ્પર્ધકો, મંગલ મંદિરના લેખો અંગે પોતાની ટીકા ટીપ્પણી સાથે મુદ્દાઓનું વિશ્લેષણ કરીને આપણને પણ વિચારભાતુ પૂરું પાડે તેવી તેમને વિનંતી કરીએ.

***શાંતિલાલ વ. શાહ - અમદાવાદ***

• • • • •

## ભાવ અને પ્રતિભાવ

કોઇ પણ સામાજિક સંસ્થાના મુખપત્રને માન-સ્વમાન સાથે વાંચકોના દિલમાં સન્માનિત સ્થાને સ્થાપિત કરવું, એને વાંચનની લગન લગાડવી, વાત નાની સૂની નથી. જેમ ભોજનની વિવિધ વાનગીઓ આકર્ષણનું કેન્દ્ર બને છે, બરાબર તેવી જ રીતે સાહિત્યના રસથાળને પીરસવાની વાત છે. આ વાત ત્યારે જ શક્ય બને છે, સંચાલકો વાંચકોની જિજ્ઞાસાને સંતોષે તેવા સાહિત્યની વાનગીઓ પીરસે.

આપણા હાથમાં આવતા 'મંગલ મંદિર'ના દળદાર ગ્રંથ જેવા અંકો સાક્ષી પુરાવે છે, સંચાલકો લક્ષ પ્રત્યે સાવધાન છે. મંગલ મંદિરનો પ્રત્યેક અંક વાંચકોને સંગ્રહિત કરવા પ્રેરે છે. ફેબ્રુઆરી ૨૦૧૦ના અંકના પાને પાને વિવિધ માહિતીઓનું આલેખન છે. 'કચ્છના રાજવંશની વંશાવલી' પ્રત્યેક વાંચકનું ધ્યાન ખેંચે છે. આ વંશાવલીને મેળવવા માટે પડદા પાછળ કેટલો શ્રમ ઉઠાવવો પડ્યો

નેમી મેડિસિન્સ

દવાઓ • પ્રોવિઝન • કોસ્મેટીક્સ • સર્જિકલ

**દીપક ટી. શાહ • મો. ૯૮૭૯૭ ૦૯૬૬૫**

*એ/૧૩, ડૉક્ટર હાઉસ, પરિમલ રેલવે ક્રોસીંગ પાસે, પંચવટી, એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬. ફોન : ૨૬૪૬૨૯૫૭, ૨૬૪૬૪૩૭૦*

***શાખા :*** *દવા વિતરણ કેન્દ્ર, નેમી મેડિસિન્સ, નવનીત મેડિકલ સેન્ટર, શ્રી કચ્છી જૈન ભવન, ત્રીજા માળે, રૂમ નં.-૩૦૨. ફોન : ૨૬૫૭૭૪૬૮*

હશે, તે પણ દેખાઇ આવે છે. આવી જ અન્ય લેખમાળા છે 'જૈન પરંપરામાં અહિંસાની સાધનાનું મહત્ત્વ.' લેખક છે પ્રા. ડૉ. રામજીભાઇ સાવલિયા. જૈન પરંપરાને રજૂ કરતી આ લેખમાળામાં માહિતીઓના ઢગલે ઢગલા છે. નાનામાં નાની વાતનું સૂક્ષ્મ સંશોધન કરીને લેખકે તેમાં સમાવેશ કર્યો છે. આજ રીતે શ્રી મૂરજી ગડા, પ્રવીણચંદ્ર શાહ, પ્રા. પૃથ્વી શાહ અને તેમના જેવા અન્ય લેખકોની કુશળ કલમ મંગલ મંદિરનો શણગાર બની રહી છે, તેમાં બે મત નથી.

હા, એક વાતનું અધ્યયન કરવું ખાસ જરૂર છે. જૈન એ ધર્મ નથી એ વાત ભૂલવી ન જોઇએ. આધ્યાત્મિક અર્થમાં તે એક દર્શન છે અને સામાજિક અર્થમાં તે એક સંપ્રદાય છે (અલબત્ત ઇસ્લામ, ઇસાઇ, બૌદ્ધ અથવા તો એને લગતા અર્થવાળા બધા જ કાં તો દર્શન છે અથવા સંપ્રદાય છે).

સામાજિક રીતે ઊભા થતા સંપ્રદાયો ચાર દીવાલોની વચ્ચે સમાઇ જાય છે. આપણે જૈન સંપ્રદાયની વાત કરીએ તો તેમાં પણ કેટલા બધા અલગ અલગ ફિરકા છે.... ફિરકાઓ ફિરકાઓ વચ્ચે હૂંસાતૂંસી ચાલતી જ હોય છે. આ લેખકને યાદ છે કે... કચ્છમાં આવેલ નાની પક્ષની કન્યાને અપનાવવા અન્ય ફિરકાઓ તૈયાર નહોતા થતા. આ પૃથ્વી પર વધુમાં વધુ યુદ્ધો લડાયા હોય તો ધર્મના નામે સંપ્રદાયોના નામે લડાયા છે. ઇતિહાસની તવારિખો જુઓ. સત્ય સામે આવશે. આજે પણ ઇસ્લામના નામે શું ચાલી રહ્યું છે? શું 'ધર્મ' હત્યારો હોઇ શકે? બહુ મોટો પ્રશ્ન છે આ!

બીજો પ્રશ્ન છે... તો પછી ધર્મ એટલે શું? ધર્મ શબ્દ આટલો સસ્તો કેમ? શું ધર્મ ધર્મસ્થાનકોની ચાર દીવાલો પૂરતો મર્યાદિત હોઇ શકે? શું ધર્મ નિર્દયી હોઇ શકે? ક્રૂર ઘાતકી હોઇ શકે? નથી લાગતું કે ધર્મના નામે માનવ સમુદાયનો બહુ મોટો ભાગ ભટકી ગયો છે! દિશાશૂન્ય બની ગયો છે! શું ધર્મના પણ અલગ અલગ નામ હોઇ શકે! એ શક્ય છે? એક તરફ 'અહિંસા પરમો ધર્મ'ની વાતો થતી હોય અને બીજા હાથમાં કટાર હોય એવું સર્વત્ર જોવા મળે છે...!!

પ્રશ્ન ફરી ફરીને ઊભો જ રહે છે... તો પછી ધર્મ એટલે શું? આત્મમંથન માગે છે આ પ્રશ્ન... વળી આ પ્રશ્નનો જવાબ પણ છે... ધારણ કરે તે ધર્મ. હા એક વાત વિચારવા જેવી છે. કોણ ધારણ કરે?

'કોણ ધારણ કરે?' વિષય લાંબો છે. પણ એની ખોજ સમગ્ર માનવ જાત માટે ઉપકારી-ઉપયોગી છે. ક્યારેક "ધર્મ એક ખોજ" વિષય પર આજ પાના પર શક્ય હશે તે ચર્ચા કરશું.

છેલ્લે મંગલ મંદિરના પુરુષાર્થી સંચાલકોને ખૂબ ખૂબ અભિનંદન.... રાહમાં મોડ અનેક આવશે. પણ આપનું લક્ષ સંધાનને આંબી જશે તેમાં બે મત નથી.

*ટોકરશી વોરા - હૈદ્રાબાદ*

• • • • •

## વયસ્ક સમિતિ દ્વારા આયોજિત યાત્રા પ્રવાસ

આબુ-દેલવાડા, અંબાજી, ભેરૂતારક, પાવાપુરીનો તા. ૨૩ અને ૨૪ ફેબ્રુઆરીના બે દિવસનો યાત્રા પ્રવાસ ખૂબ માણ્યો. બસ સારી હતી. પ્રવાસ દરમિયાન વ્યવસ્થા ઘણી સારી હતી. સમયસર બધી જગ્યાએ પહોંચતા દર્શન, સેવા-પૂજાનો લાભ બધાને મળ્યો. મને ભેરૂતારક-પાવાપુરી પહેલીવાર યાત્રા કરવાનો મોકો મળ્યો તેનો આનંદ થયો. સમૂહમાં યાત્રા કરવાનો આનંદ પણ કંઇક વિશેષ હોય છે.

આવો સુંદર યાદગાર યાત્રા પ્રવાસ યોજવા બદલ વયસ્ક સમિતિના કાર્યકરો ખૂબ ખૂબ અભિનંદનને પાત્ર છે.

*ધીરજલાલ કરશનજી સંઘવી - અમદાવાદ*

• • • • •

## શ્રી મગનભાઇ સંઘવીના મંતવ્યો અંગે નમ્ર પ્રતિભાવ

ફેબ્રુઆરી, ૧૦ના મંગલ મંદિરમાંના મારા આર્ટીકલ 'ભૂકંપના કૌભાંડો...' સંબંધેના શ્રી મગનલાલભાઇ સંઘવી - અમદાવાદના મંતવ્યો, માર્ચના ઇસ્યુમાં પ્રગટ થયાં છે તે વાંચીને મારો નમ્ર પ્રતિભાવ આપવાનું ઉચિત સમજું છું.

સૌથી પ્રથમ વાચક તરીકે દરેકને પોતપોતાના અભિપ્રાય બાંધવાના અને વ્યક્ત કરવાના વાચકના હક્કને હું શિરોમાન્ય કરું છું.

શ્રી મગનલાલભાઇના મંતવ્યોના અંતમાં એમણે જે નોંધ્યું છે તે અંગેની સ્પષ્ટતા આરંભમાં કરી દઉં. એમનું તારણ એવું છે કે મેં સમતોલપણું જાળવ્યું નથી અને સૌમ્ય ભાષા નથી વાપરી.

મારા પોતાના તર્ક કે તારણો રજૂ કરવા પહેલાં મારે બિલકુલ સ્પષ્ટ કરવું જરૂરી સમજું છું કે પત્રકારત્વમાં હું કોના આદેશ અને ઉપદેશને અનુસરું છું? હું મહાત્મા ગાંધીજીના આદેશ અને ઉપદેશને જરાય શરમ કે સંકોચ વગર અનુસરું છું. 'હિન્દુ સ્વરાજ' (૧૯૦૯) માં મો.ક. ગાંધીએ છાપાંની - એટલે કે પત્રો અને પત્રકારોની પવિત્ર ફરજ માટે જણાવ્યું છે.

'છાપાંનું કામ લોકોની લાગણી જાણવી અને તેને પ્રગટ કરવી, એ એક છે, બીજું કામ લોકોમાં અમુક લાગણીઓ જરૂરની હોય તે પેદા કરવી એ છે, ને ત્રીજું કામ લોકોમાં ઍબ હોય તો તે ગમે તેટલી મુસીબતો પડે તો પણ બેધડક થઇને બતાવવી...' પત્ર/કે પત્રકારની ગાંધીજીએ ચીંધેલી આ ત્રણ કસોટી કે ફરજના આધારે ફેબ્રુઆરી ૧૦ના ભૂકંપ કૌભાંડોવાળા મારા આર્ટિકલ સંબંધે મારાં મંતવ્ય રજૂ કરું.

ગાંધી-આદેશ/ઉપદેશ અન્વયે લોકોની લાગણી જાણવી અને તેને પ્રકટ કરવાની છાપાંની, પત્રની કે પત્રકારની ફરજ છે. ભૂકંપ પછી નવ-નવ વર્ષ વીતી ચૂક્યાં છે. ભૂકંપ પછી (અને પહેલાં પણ) જે ભ્રષ્ટાચારો આચરાયા તે તેના બિલકુલ સત્ય, નગ્ન સ્વરૂપમાં કચ્છનાં

**જીતુભાઈ સંઘવી**
ફોટોગ્રાફર
**ઈન્ડસ્ટ્રીયલ પ્રોડક્ટ્સ, પોર્ટફોલીયો, ફંકશન અને ડિજીટલ ફોર્મેટમાં ફેમિલી આલ્બમ માટે સંપર્ક કરો**
મો. ૦૯૨૭૫૭૦૪૪૫૨
(ઓ) ૦૭૯ ૨૬૫૬૫૩૦૬
(રહે.) ૦૭૯ ૨૬૯૨૬૪૨૬
૧૦૦૬, પંચતીર્થ એપાર્ટમેન્ટ્સ, જોધપુર ચાર રસ્તા, સેટેલાઈટ, અમદાવાદ-૩૮૦ ૦૧૫.

કોઇ પત્રે અસરકારક શૈલી અને નક્કર સમર્થનો સાથે-એક સાથે- રજૂ કર્યા નથી. આજના સંયોગોમાં તેનું એક મુખ્ય કારણ- યા અવરોધ - અખબારોનાં થઇ ચૂકેલાં લગભગ સંપૂર્ણ વ્યાપારીકરણનું છે.

સત્તાધારીઓને - પછી તે ગમે તે રાજકીય પક્ષના હોય - માત્ર પોતાનું મનધાર્યું જ કરતા રહેવું છે. મનધાર્યુંમાં અનેકાનેક બાબતોનો સમાવેશ થઇ જાય છે. રાજકીય, આર્થિક, સામાજિક, નૈતિક - વગેરે, વગેરે. મનધાર્યું કરનારાઓ અખબારોને સાવ ચૂપ રાખવા માટે કે લગભગ ચૂપ રાખવા માટે અઢળક જાહેર ખબરો આપી - આપીને કે અપાવી-અપાવીને મૂંગા, ગૂંગા, બહેરા અને અંધ કહ્યાગરાઓમાં ફેરવી નાંખે છે. આવું કચ્છના ભૂકંપ-સંબંધિત ભ્રષ્ટાચારો સંબંધે મહદ્અંશે, એક દૈનિકના અપવાદને બાદ કરતાં થતું રહ્યું છે.

શ્રી મગનલાલભાઇએ ખૂદ પોતે જ ભૂકંપ-વિષયે નોંધ્યું છે કે '...ભૂકંપ બાદ ભ્રષ્ટાચાર થયો છે એ સર્વ સ્વીકૃત હકીકત છે..' પણ એમણે બે બાબતોને એકબીજા સાથે અટવાવી દીધી છે. એમણે લખ્યું છે કે '..ભૂકંપ પછી જે રીતે અને જે ઝડપથી કચ્છ બેઠું થયું (હવે દોડવા લાગ્યું છે એમ કહી શકાય) એની નોંધ સમગ્ર વિશ્વમાં લેવાઇ છે. આમાં ગુજરાત સરકારને પણ યશ આપવો પડે....'

શા માટે આ બે મુદ્દાનું વિશ્લેષણ જુદું, જુદું કરવાને બદલે ભેળ-સેળથી કરાય છે? શું ભ્રષ્ટાચાર થાય તેવી વહીવટી પરિસ્થિતિ રાખ્યા કરવી - એ સરકારની ફરજ હતી? થતા ભ્રષ્ટાચારને સીધું કે આડકતરું પ્રોત્સાહન આપતા રહેવું, આંખ આડા કાન કરીને - તે સરકારની ફરજ હતી કે ભ્રષ્ટાચાર થવા જ ન દેવો, થતો હોય તો તેને ડામવાની નીતિ સરકારે રાખવાની ફરજ નહોતી? સરકારની આ અક્ષમ્ય ફરજચ્યૂતતાના મુદ્દાને જ સમૂળગો ભૂલી જવાનો?

ઝડપથી કચ્છ બેઠું થયું હોવાનું અને હવે દોડતું થયું હોવાની નોંધ સમગ્ર વિશ્વમાં લેવાઇ છે એટલે શું? સમગ્ર વિશ્વ એટલે કયું વિશ્વ? વર્લ્ડ બેંકે તેના કોઇ રિપોર્ટમાં કહ્યું છે? ક્યા રિપોર્ટમાં કહ્યું છે? યુનોની સમકક્ષ સંસ્થાઓ - યૂનીડોએ ક્યાંય કહ્યું છે? યુનીસેફે ક્યાંય કહ્યું છે? શક્ય છે તહેલકા પ્રસિદ્ધ બાંગારૂ લક્ષ્મણ જેવાએ આવાં પરપોટા પેદા કર્યા હોય અને સંઘવીભાઇ જેવા સીધા સરળ ગૃહસ્થો, કંઇ જ ખરાઇ કર્યા વગર સ્વિકારી લેતા હોય.

ભૂકંપ-ભ્રષ્ટાચાર સદંતર જુદો મુદ્દો છે અને બેઠાં થવાની પ્રક્રિયા - અને તે સંબંધે સરકારી ફરજ - એ જુદો મુદ્દો છે.

ગાંધીજીએ સૂચવ્યા પ્રમાણે પત્રકાર તરીકે મારી કે મારા જેવી રીતે વિચારતા બીજા પત્રકારોની એ ફરજ બનતી હતી અને બને છે કે લોકોની લાગણી જાણવી અને પ્રગટ કરવી. મેં પત્રકાર તરીકે લોકોની લાગણી જાણી અને પછી તે પ્રગટ કરી છે.

પત્ર કે પત્રકારની બીજી ફરજ તરીકે ગાંધીજીએ સૂચવ્યું છે કે લોકોમાં અમુક લાગણીઓ જરૂરની હોય તે પેદા કરવી- એ છે. શું ભ્રષ્ટાચાર એ વિપશ્યના જેવી કોઇ ઉમદા પ્રવૃત્તિ છે? ઇચ્છવા યોગ્ય પ્રવૃત્તિ છે? મારા દીકરા-દીકરીએ અપનાવવા જેવી એ કોઇ સાંસ્કારિક, લલિતકળાઓ, સંગીત, ચિત્રકામ, નૃત્ય, નાટ્ય જેવી, સુસંસ્કાર પ્રેરનારી પ્રવૃત્તિ છે? ભ્રષ્ટાચાર તો સમાજ વિરોધી, સંસ્કાર-વિરોધી, પ્રામાણિકતા અને ઇમાનદારીનો ધ્વંશ કરનારી / કરાવનારી કનિષ્ટ, શયતાની પ્રવૃત્તિ છે એમ હું અત્યંત દ્રઢપણે માનું છું. વધુ લોકોમાં પણ ભ્રષ્ટાચાર જેવી સમાજવિરોધી, અધમ પ્રવૃત્તિ તરફ લોકોની દૃષ્ટિ સચેત રહ્યા કરે, ભ્રષ્ટાચાર અને ભ્રષ્ટાચારીઓને લોકો ફિટકારે - તેવી લાગણી પેદા કરવી તેને હું મારી ફરજ સમજું છું અને તે બજાવવાનો યત્કિંચિત પ્રયાસ સતત કરું છું.

ગાંધીજીએ પત્ર/પત્રકારો માટે જે ત્રીજું કામ ચીંધી રાખ્યું છે તે છે : લોકોમાં ઍબ હોય તો તે ગમે તેટલી મુસીબતો પડે તો પણ બેધડક થઇને બતાવવી.

શું ભ્રષ્ટાચાર ઍબ નથી? શું એ સમાજના નૈતિક પાયાને સતત કોરતી ભયાવહ હીન, કુપ્રવૃત્તિ નથી? ગમે તેટલી મુસીબતો પડે તો પણ તે બેધડક થઇને બતાવવા જેવી, ઉઘાડી પાડવા જેવી, તેના વિરુદ્ધમાં લોકમાનસ તૈયાર કરતા રહેવા જેવી ગુનાહિત પ્રવૃત્તિ નથી?

સંઘવીભાઇએ કહ્યું છે '...માન્યું કે ભ્રષ્ટાચાર લગભગ દરેક સરકારી કામમાં ઓછે કે વત્તે અંશે થાય છે...' તો પછી આપણા જેવા મિત્રોએ, સંઘવીભાઇએ કે મારે સાવ નીચી મૂંડી કરીને, હાથ જોડીને, હોઠ સીવીને અને કાંડા કલમ કરી, શબની જેમ પડી રહેવું?

સંઘવીભાઇના મંતવ્યોવાળા પત્રમાં નર્મદાવાળા કેસ સંબંધે, ગુજરાત સરકારને ભૂકંપ પછીની કામગીરી માટે યશ આપવા સંબંધે, ચેરના છોડવા કાપવા જ પડે તેવા અભિગમ અંગે, ટેંકરોના પાણી અંગે, જમીનની કિંમતો અંગે, ઉદ્યોગપતિઓ ધર્માદા કરવા નથી આવતા તે અંગે, કચ્છમાં કોઇ ખેડૂતો દેવાદાર થઇ આપઘાત નથી કર્યો તે અંગે- જે મંતવ્યો પ્રકટ કર્યા છે, તેમાંથી કોઇ સાથે સંમત થવા મારો અંતરાત્મા મને ના પાડે છે. પત્રકારત્વ માટેની મારી સમજ અને ગાંધીનું દિશાદર્શન જ મને અનુસરવા જેવું લાગે છે.

*પ્રવીણચંદ્ર શાહ - પનવેલ*

• • • • •

## જરૂરી સ્પષ્ટતા

જયભારત સાથે જણાવવાનું કે મંગલ મંદિર, માર્ચ-૨૦૧૦ના અંકમાં તીરૂનેલવેલીથી શ્રી નાનાલાલ સી. શાહ તરફથી પુનઃ સ્થાપન લેખાંક-૨ અને ૩ બાબત સુંદર પ્રતિભાવ છપાયેલ છે. લેખના લેખક તરીકે પ્રવીણચંદ્ર શાહને અભિનંદન અપાયેલ છે.

ડિસેમ્બર અને જાન્યુઆરીના અંકમાં જોતા પુનઃ સ્થાપનના ઉપરોક્ત લેખના લેખક પૃથ્વી શાહ છે.

MILAN® MASALA

K. K. MASALAWALA
31, K.N. ROAD, MASJID (W), MUMBAI-400 009.
TEL. : 2377 4209 2375 7674
TELEFAX : 2379 0883

MILAN® MASALA

શ્રી નાનાલાલ શાહે પ્રતિભાવ માટે તસ્દી લીધી એ બદલ આભાર. પણ તેઓ વાસ્તવમાં કયા લેખ માટે અને કયા લેખકને અભિનંદન આપવા માંગે છે તેની સ્પષ્ટતા જરૂરી જણાય છે.

*હંસરાજ કંસારા - અમદાવાદ*

• • • • •

## કચ્છી લિપિ?

ડૉ. રાજુલબહેનનો કચ્છી લિપિનો નમૂનો જોયો.

આજે લોકોને સુવિધા જોઈએ છે. ગઈકાલે હતું તે કરતાં આજે વધુ સરળતા થાય તેવી શોધની જરૂર છે. અ બ ક ડ નહોતાં ત્યારે, હજારો વર્ષ પહેલાં, ગુફાઓની ભીંતો પર ચિત્રો દ્વારા ભાષા લખાતી. તેમાં અક્ષરો નહિં ચિત્રો જ હતા. એવા ચિત્રોવાળી વાત આજે હાસ્યાસ્પદ લાગે. સુશ્રી રાજુલબહેને મહેનત ઘણી કરી છે, કિંમતી સમયનો ભોગ પણ જરૂર આપ્યો છે, તે માટે તેમને જરૂર બિરદાવીએ. તેમણે જે કક્કો તૈયાર કર્યો છે, જુઓ : ધ માટે લોટો, ય માટે કાજુનું ફળ અને ઈ માટે ઘર. આવું શીખતાં પહેલા ડ્રોઈંગ શીખવું પડે. માત્ર ૩ જ શબ્દો જોઈ જાવ, ખડિયો, દરવાજો ને ઓશિકું.

બીજું, તેમણે ૩ શ, સ, ષ ને બદલે બે માન્ય રાખ્યાં છે. (શરણાઈ, સસલું, ઔષધ) સરળતા ખાતર એક જ 'સ' માન્ય કરવો જોઈએ. વિશ્રામ અને વિશ્વાસમાં આવતા 'સ'નો નમૂનો નથી. 'ક્ષ'નો નમૂનો પણ નથી.

અંગ્રેજીમાં ઊભી, આડી ને ત્રાંસી એમ ત્રણ જ લીટીઓથી કક્કો લખાઈ જાય છે. એ સરળ પડે. તે સિવાયની વળાંકવાળા વિવિધ આકારોવાળી ભાષા અઘરી પડે. તેને ચોક્કસ ચિત્રલિપિ સાથે સરખાવી શકાય, જે આજે ન ચાલે. છેલ્લે, આ કાંઈક નવું છે, ઘણી મહેનતે તૈયાર થયું છે. સાચું, સાવ સાચું. તે ભગીરથ પ્રયત્ન માટે ડૉ. રાજુલને અભિનંદન. પણ જે સામે આવ્યું છે તે કેટલું વહેવારુ છે, કેટલું ઉપયોગી થઈ શકે તેમ છે તે પણ વિચારવું જોઈએ.

તેમણે માંગ્યા છે તેવા અભિપ્રાયો વાચકો આપે એવી તેમની અપીલમાં હું પણ જોડાઉં છું. આપ લખજો.

ફરી એકવાર તેમના પ્રયાસો-પ્રયોગો માટે રાજુલબહેનને સલામ.

એક નાની નોંધ : આજે ૧૦૦% કચ્છીઓને આવડે છે તે ગુજરાતી લિપિ વાપરીને જ, તેમાં કચ્છી ભાષામાં થતા ખાસંખાસ ઉચ્ચારો માટે ૧૦-૧૫ સંજ્ઞાઓ / નિશાનીઓ ઉમેરીને, કચ્છી લિપિ તૈયાર થાય તો તે ઝડપી, સરળ, અને લોકભોગ્ય બને. અટપટા - ન સાંકડા, ન પહોળાં — ઉચ્ચારો માટે નવી નિશાનીઓ માત્ર શોધવાની રહે. થોડાંક અનુભવી વિદ્વાનો (ડૉ. રાજુલબહેન સુદ્ધાં) ભેગાં થાય તો બે-પાંચ વર્ષોમાં આપણને કચ્છી ભાષા મળી જાય! આપણે લખતા-વાંચતા થઈ જઈએ.

*શાંતિલાલ વ. શાહ - અમદાવાદ*

• • • • •

## વયસ્ક સમિતિ આયોજિત યાત્રા પ્રવાસ

સવિનય જણાવવાનું કે શ્રી કચ્છી જૈન સેવા સમાજ વિવિધ પ્રવૃત્તિઓમાં વયસ્કો માટે જે પ્રોગ્રામ કરે છે તેમાં તા. ૨૩ અને ૨૪ ફેબ્રુ. ૧૦ના રાજસ્થાનની યાત્રા કમ પિકનિકમાં પ્રથમ વખત માટે જવાનું થયું.

ખરેખર વયસ્ક સમિતિની વ્યવસ્થા જોઈ હૃદય હર્ષિત થયું. ૬૦ જણની વ્યવસ્થિત સંભાળ લઈ જે સંચાલન હતું તે દાદ માગે તેવું હતું.

૨ x ૨ બસમાં વયસ્કોની ઉંમર મુજબ ક્રમાનુસાર બેઠક વ્યવસ્થા ગોઠવેલી. બે દિવસના કાર્યક્રમની સમયની રૂપરેખા મુજબ દરેક સ્થળે નિયત સમયે પહોંચ્યા. રાત્રિ રોકાણ પાવાપુરીમાં. પણ દરેક રૂમમાં ઉતારાની વ્યવસ્થા માટે દરેક રૂમ પર નામવાર સ્ટીકર લગાવેલ. રાત્રે પાવાપુરી પહોંચતાં બધાને ભક્તિ ભાવનામાં મોકલી સમિતિના સભ્યોએ જાતે બસમાંથી સામાન ઉતારી રૂમોમાં પહોંચાડેલ.

દરેક સ્થળોએ અગાઉ જણાવ્યા મુજબ સેવા-પૂજા માટે સમય ફાળવ્યો.

નખ્ખીલેકની મુલાકાત, આઈસક્રીમની મોજ માણી. છેલ્લે મા અંબાના દર્શન કરાવી અમદાવાદ પાછા ફર્યા. આપણે ઘરના મેમ્બરો યાત્રા કે પિકનિકમાં જઈએ અને જે આનંદ થાય તેથી વિશેષ આનંદ પ્રાપ્ત થયો. અંતે આભાર માનીએ દાતાશ્રીઓનો કે જેઓ મન મૂકી વરસ્યા.

ફરી વયસ્ક સમિતિનો આભાર માનું છું.

*મણિબહેન મણિલાલ ગાલા*

• • • • •

## संकल्प आयोजीत शत्रुंजय छः गाउ परिक्रमा यात्रा

'संकल्प' द्वारा आयोजित छ गाऊ की यात्रा में हमे जाने का अवसर प्राप्त हुआ। ता. २५-२-१० तथा २६-२-१० को इस यात्रा में आयोजको द्वारा इतना सुंदर आयोजन किया गया। यात्रा के प्रारंभ से लेकर अंत तक पूरे दो दिन सभी कार्यक्रम इतने सुव्यवस्थित ढंग से संचालित किये गये की सभी प्रवासी बहुत प्रसन्नता का अनुभव कर रहे थे।

हम 'मंगल मंदिर' के माध्यम से संकल्प के सभी पदाधिकारी व कार्यकर्ता जो इस यात्रा कार्यक्रम से जुडे हुए थे उनका अभिवादन करना चाहते है। एवं विशेष रुप से डॉ. केतन शाह, श्री केतन लोडाया, श्री पीयूष सावला के कठिन परिश्रम के लिये हम सभी हृदय से धन्यवाद देना चाहते हैं।

*शांतिलाल रतनशी, नवल शांतिलाल एवं कुसुम वीरा - मुंबई*

• • • • •





**હરીભાઈ ભીખાભાઈ પેઈન્ટર**

★ કેન્વાસ પેઈન્ટીંગ, તીર્થપટ, ચિત્રપટ, યંત્ર પટ

★ માર્બલ કાર્વિંગ તીર્થપટ તેમજ તીર્થની રચના બનાવનાર

**વર્કશોપ : તળાવ એરીયા, પ્રાઈમરી સ્કુલ સામે, પાલીતાણા. Tel. : (02848) 252454 Mo. 94262 46176**

## આપ બદલો, સમાજ બદલો

સૌથી પહેલાં ભાઈશ્રી સ્નેહલભાઈને સ્નેહભર્યા વધામણા! તેમણે લખ્યું છે તેમ આજના કહેવાતા ધર્મ / ધાર્મિક વિધિઓથી બહાર નીકળીને કોઈક પરિવર્તન તેમને જોઈએ છે. સરસ. બહુ જ સરસ. આ વાત ૨૫/૫૦% યુવાનો સ્વીકારે તો ખરો ચમત્કાર થાય. દેરાસરોના ઢોલત્રાંસા અને ભવ્યાતિભવ્ય ઉજમણા ભૂતકાળ બની જાય. અને જૈન સમાજમાં જબરદસ્ત સુધારાની લહેર ફેલાય.

પહેલાં જૂનું કાઢી નાખો. મુહૂર્ત, ચોઘડિયા, કુંડળી, જન્મ પત્રિકા, જ્યોતિષ, જંતરમંતર, દોરાધાગા, મોંઘા પણ નક્કામા નંગો, રક્ષાપોટલી, ભિક્ષા પોટલી, તાવિજ, મંત્રજાપ અને ફળનું માત્ર ઠળિયું છે તે રુદ્રાક્ષ — આમાંથી કોઈમાં પણ ચમત્કારની શક્તિ નથી, છે માત્ર પાખંડ ને પાખંડ. અસ્સલ આવું જ છે — હનુમાન, ગણેશ, સંતોષી મા, સાંઈબાબા અને બીજા એવા જ બની બેઠેલા બાપુઓ અને ગુરુઓનું. રતિભાર મદદ કરવાની શક્તિ આ કોઈમાં નથી. હા, ચમત્કાર છે, પરિશ્રમમાં, સખત મહેનતમાં, કોઈ કામની લગનમાં, આવી પડેલી આફતમાંથી બહાર નીકળવાના માર્ગો શોધવાના પ્રયત્નોમાં. ઈશ્વર તું મને બચાવ, તું મદદ કર એવું માગવાથી ઈશ્વર કદી કશું આપતો નથી.

આજે આપણે કરીએ છીએ તે ધર્મ, ધર્મ કરતાં અભિમાન, દેખાદેખી, આડંબર, દેખાડો અને ઢોંગ વધુ છે. જુઓ સદીઓ પહેલાં કોઈએ લખ્યું છે :

*પંડિત કો પૂરબ ભલા, જ્ઞાનીકો પંજાબ,*

*કર્મકાંડીકો દખ્ખણ ભલા, ઢોંગી કો ગુજરાત.*

શ્રી કાનજીભાઈ મહેશ્વરીએ લખ્યું છે તેમ અજ્ઞાનતાવશ (બાળપણથી) મનમાં ઠસાઈ ગયેલી, જુઠ્ઠી ને જડતાભરી વાતો પાછળથી વટવૃક્ષ બની જાય છે. બીજા શબ્દોમાં, પરંપરાથી ચાલ્યું આવે છે તેજ, બધા કરે છે માટે, સમજ્યા વિચાર્યા વગર આપણે આંખો મીંચીને કર્યે રાખીએ છીએ. આપણે આવું શું કરવા કરીએ? ન કરીએ તો શું થાય? કરોડો લોકો નથી કરતા. તેમનું શું બગડી જાય છે? આવા સાદા બેચાર પ્રશ્નો કરો, પછી વિચાર કરો, તો જવાબ યાને સત્ય, સાચી-સાદી હકીકત સામે દેખાઈ આવશે. સ્પષ્ટ અને સાવ સાફ. આ વ્યાખ્યા જુઓ.

*ભલા થાવ; ભલું કરો*

*જોડે તે ધર્મ, તોડે તે અધર્મ.*

સ્નેહલભાઈને ઘણીબધી શુભેચ્છાઓ.

***શાંતિલાલ વ. શાહ - અમદાવાદ***

● ● ● ● ●

## પ્રેમજી ભવાનજી ઠક્કર

'કચ્છના લોકપ્રિય નેતા પ્રેમજી ભવાનજી ઠક્કર' એ શીર્ષક હેઠળ ૨૩મી માર્ચના તેઓની જન્મ શતાબ્દી હોતાં તેઓ મહેસૂલ મંત્રી બન્યા વગેરે બાબતનો લેખ ભરત'કુમાર' પ્રા. ઠક્કરે વિસ્તૃત રીતે પરિચય આપ્યો.

પ્રેમજીભાઈ સામે જે વિરોધ દાખવતા તેમની સાથે નિખાલસપણું બતાવતા. જય કચ્છના તંત્રી ફૂલશંકર પટ્ટણી તેમના તંત્રીલેખમાં પ્રેમજી + ભવાનજી + લવજી મંડળી કોંગ્રેસનું સંચાલન કરતા, તેના વિરુદ્ધ ઘણું લખતા છતાં પ્રેમજીભાઈ તેમની પુત્રી પુષ્પાબહેનના લગ્નની કંકોત્રી રૂબરૂ શ્રી પટ્ટણીને આપવા આવ્યા. મહેરઅલી ચોકમાં એક સાંસ્કૃતિક કાર્યક્રમ તે વિસ્તારના લોકોએ યોજ્યો હતો. જેનું સંચાલન પ્રાણલાલ શાહ કરવાના હતા. આ ચોકમાં ચૂંટણી વખતે પ્રેમજીભાઈને પ્રાણલાલ શાહે ભાંડ્યા હતા છતાં લોકોની માંગણીને કારણે ભેદભાવ ભૂલી જઈ પ્રેમજીભાઈએ પ્રમુખપદ સ્વીકાર્યું.

મ.કુ.શ્રી હિંમતસિંહજી સ્વતંત્ર પક્ષમાં જોડાયા બાદ લોકસભા તથા વિધાનસભાની ચૂંટણી લડ્યા હતા. બંને બેઠકોમાં જીત્યા. વિધાનસભાની બેઠકનું રાજીનામું આપ્યું. તેની પેટા ચૂંટણીમાં હરિરામ કોઠારી સામે પ્રેમજીભાઈ ઊભા. ચૂંટણી પ્રચારમાં પ્રેમજીભાઈ વિરુદ્ધ મ.કું. હિંમતસિંહજી બોલ્યા અને પ્રેમજીભાઈને હાર ખમવી પડી. છતાં પ્રેમજીભાઈ, કુંદનભાઈ, ઝુમખભાઈ વગેરે સંસ્થા કોંગ્રેસમાં જોડાયા ત્યારે લોકસભાના ઉમેદવાર તરીકે યુવરાજ પૃથ્વીરાજસિંહજીને જીતાડવા પ્રેમજીભાઈએ જોરદાર પ્રચાર કર્યો. આમ, પ્રેમજીભાઈને 'અજાતશત્રુ' કહીએ તો ખોટું નથી. પ્રેમજીભાઈની જન્મ શતાબ્દીએ કોટી કોટી વંદન!

***તુલસીદાસ જે. શાહ - ભુજ, કચ્છ***

● ● ● ● ●

## મંગલ મંદિર, માર્ચ-૨૦૧૦નો અંક

માર્ચ-૨૦૧૦ના 'મંગલ મંદિર'ના જીવન રત્નો આંખ હૃદયને સ્પર્શ્યા, ગમ્યા. અંતરની ભાવનાઓ અને તમારા વ્યવસ્થાપનની કલાને વંદન.

તંત્રીલેખમાં સંસ્કૃતિ, તેના ઊંડાણ, વર્તમાન પ્રવાહો અને સમસ્યાઓ સાથે 'ઈલાજ' પણ દર્શાવ્યા છે તે ગમ્યા. સંપત્તિવાન અને ગુરુજનોને તમે ઈલાજના બે મુખ્ય હાથ બતાવ્યા તે સાચું છે. હવેનો સમય તેઓ જાગશે નહિં તો કપરો હશે.

શ્રી ચંદ્રકાંતભાઈ ગોગરીના પ્રવચનની વિગતો ફૂલગુલાબી રેખા હોવી, સમતોલ વિકાસ નથી એ વાતનું દર્દ રજૂ કરી ગઈ. શ્રી શાંતિલાલભાઈ ગાલાની કરુણસભર વાણીમાં સપનાને સાકાર કરવાની હૃદયસ્પર્શી અપીલ છે.

Viketa
Electronics
An ISO 9001-2000 COMPANY
MANUFACTURERS OF ELECTRICAL PANEL BOARDS
4759, GIDC Industrial Estate,
Ankleshwar-393 002. Dist. Bharuch.
Phone : 02646-226257
Fax : +91-2646-252759
E-mail : viketa53@rediffmail.com
Deepak Dand
(M) 98247 62141
Pradeep Dand
(M) 98241 01111

ગર્લ્સ હોસ્ટેલનો વાસ્તવિક વિચાર વંદનીય છે. ગામડાંઓમાં સંઘર્ષોમાં અભ્યાસ કરતી બહેનોનો વિકાસ પ્રવાહ છાત્રાવાસની અપૂરતી સુવિધાઓના કારણે રુંધાય છે. સમયસર આંગળી પકડવાની જરૂર છે.

કચ્છી લિપિના સંશોધનો આવકાર્ય છે. જોઈએ, એમાં સરળતા કેમ આવે છે. લોક ઇતિહાસ લખાય, કોઈ કચ્છનો મેઘાણી ઘર ઘર પાદર, ડુંગર, ખીણમાં ધરબાયેલ બાબતોને લિપિ સાથે વાચા આપી જશે. દુર્ગમ કેડી હવે આધુનિક સડક અને તેમ રાષ્ટ્રીય સ્તરે કચ્છીનો સ્વીકાર થઈ રહેલ છે ત્યારે ડૉ. રાજુલબહેનના પ્રયાસને વંદન કરીએ.

નર્મદા કચ્છનો પ્રાણ પ્રશ્ન છે. પાણીની રેખા ડૂબી ન જાય તે જોવાનું છે. ત્રણ ભાગમાં રજૂ થયેલ સંશોધનાત્મક બાબતો મનનીય છે. કેનાલ નેટવર્ક ઝડપથી પૂર્ણ થાય તે માટે રાજકીય આગેવાનો, અધિકારીઓ અને સામાજિક સંસ્થાઓએ સતત ક્રિયાશીલ રહેવું ઘટે.

આમ, સમગ્ર સંકલન મનભાવન, મનનીય ને વૈજ્ઞાનિક સૂઝથી સભર છે. ફુટનોટના સુવિચારો ને મુખપૃષ્ઠની નયનરમ્ય સમજણપૂર્વકની માવજત ખૂબ જ ગમે છે. દૂર દૂર વસતા સ્વજનો સ્વ-કર્તવ્ય તરફ વિક્સી યાદ કરતા રહેશે. ખૂબ ખૂબ યાદ ને અંતરના અભિનંદન.

આ ઉપરાંત, પ્રવીણભાઈ, ઠાકરશીભાઈ, પૃથ્વી શાહ વગેરે લેખકોના લેખો સમયાનુસાર છે.

*રમેશ છબીલાલ દવે - ભુજ, કચ્છ*

• • • • •

## હે ભગવાન તારી નીરાલી દુનિયાનો માનવી કેટલો સ્વાર્થી? અને કેટલો ઉદાર?

આજના કળીયુગનો માનવી દિવસે દિવસે એટલો બધો સ્વાર્થી થતો જાય છે કે વાત જ ના પુછો. પોતાને થોડો લાભ થતો હોય તો સામેવાળાનું ભલે ઘરબાર વેંચાઈ જાય તેની પણ તેને પરવાહ નથી હોતી, એ તો નોર્મલ વાત થઇ ગઇ છે. પણ આ કળિયુગનો માનવી હવે તો ભગવાનને પણ નથી છોડતો. પોતાના કોમ્પલેક્ષની સીડીઓમાં અથવા મકાનની બહારની દીવાલો પર લોકો પાનની પીચકારી ના મારે અથવા બીજી કોઇ પણ જાતની ગંદકી ના કરે તેના માટે ભગવાનના ફોટાવાળી ટાઇલ્સો અથવા ફોટા લગાવીને ભગવાનને ગમે ત્યાં બેસાડી દેતા હોય છે. આ તદ્દન ખોટું છે. તેનાથી આશાતના થાય છે. પણ લોકોને સમજાવે કોણ?

આ તો હતી ભગવાનને ગમે ત્યાં બેસાડવાની વાત. હવે કરીએ ભગવાનને ઠેકઠેકાણે બેસાડવાની વાત.

આપણો જૈન વર્ગ એટલો બધો દાનેશ્વરી છે કે તેનો લગભગ જોટો મળે તેમ નથી. પણ આપણા આ જૈન વર્ગની હાલની કહી શકાય તેવી એક મોટી ભૂલ પણ છે - તે ભૂલ છે પથ્થરમાં પૈસો નાંખતા રહેવાની અને ઠેરઠેર દેરાસરો બનાવતાં રહેવાની ગાંડી હોળ.

એવું નથી કે દેરાસરોમાં લોકો નથી જતાં કે ભગવાનને નથી પૂજતા, પણ આજની તારીખમાં એટલાં બધા દેરાસરો અને જૈનના તીર્થો થઇ ગયાં છે કે વાત જ ના પુછો અને તેનાથી પણ વધારે રોજ નવાં દેરાસરો ઠેકઠેકાણે બની રહ્યાં છે. કચ્છમાં તો ગણી જગ્યાઓ એવી પણ છે. જ્યાં વસતિ નામ માત્રની કે નહિંવત જ છે. ત્યાં પણ કરોડો અરબો રૂપિયાના ખર્ચે અદભુત દેરાસરો અને જૈન તીર્થો બનાવી દેવામાં આવ્યાં છે.

ઘણી જગ્યાએ એવું પણ જોવા મળ્યું છે કે આપણાં જૈન લોકો નામની તકતીઓ અને નામ લખાવવા માટે કરોડો રૂપિયા ખર્ચી નાખે છે.

પણ ઘણી વખત કોઇ મીડિયમ વ્યક્તિને નાની સરખી મદદ કરવામાં પણ તેમના હાથ પાછાં પડી જતાં હોય છે.

ખરેખર હવે આપણાં આ જૈન વર્ગે એક નવી વિચારધારા સાથે આગળ વધવાનો સમય આવી ગયો છે અને ક્યાંક ક્યાંક આ વિચારધારાને લોકો અપનાવી પણ રહ્યાં છે કે હવે પૈસો પથ્થરમાં નહીં.

સ્કૂલો, કૉલેજો, મેડિકલ સેન્ટરો બનાવવા અને તેમાં નજીવાં ખર્ચે અથવા બિલકુલ ફ્રી એજ્યુકેશન તથા સારવાર આપવી અને કોઇપણ ક્ષેત્રમાં આગળ વધવા માંગતા, છોકરા છોકરીઓની તમામ પ્રકારની જરૂરિયાત પૂરી કરવા સગવડતા કરી આપવી.

આપણાં સમાજનાં નબળા પરિવારોને આગળ લાવવાના પ્રયત્નો કરવા. જેથી તેઓ પોતે પણ કાલ ઊઠીને બીજા પરિવારોને મદદ કરીને તેમને માનભેર જીવન જીવવાને સક્ષમ બનાવી શકે.

તેનું અત્યારે સૌથી મોટું ઉદાહરણ અમદાવાદનું આપણું કચ્છી જૈન સેવા સમાજ છે. તેની મેડિકલ સેવા અદ્‌ભુત છે તેની સાથે શિક્ષણ સેવા, આવાસ યોજના, જેવી ઘણી બધી માનવ સેવાની કામગીરી કરી રહ્યું છે. જે ખરેખર સરાહનીય છે.

- **મેસેજ :**

મારી એક વિનંતી છે. આપણા કચ્છી જૈન સેવા સમાજના દરેક દાતાઓને કે જ્યાં જરૂરત હોય તેવી સાચી જગ્યાએ જ દાન કરે તેનાથી તમને અનેકગણું પુણ્ય વધારે મળશે.

ખાલી નામ અને તકતીઓ માટે દાન ન કરો.

*પીયૂષ સાવલા*
*મો. ૯૨૭૬૮૭૫૩૫૦*

• • • • •

DEEP JYOT
DEEP JYOT
STATIONERY MART
MFG. OF : EXERCISE & ACCOUNT BOOKS & ALL TYPES OF OFFICE FILES
JAYESH S. PAREKH
M. : 98241 06623
FACTORY : Plot No. 4601, G.I.D.C., Ankleshwar-393 002.
Ph. : 253137

# અન્ય સંસ્થાઓના સમાચાર

## નવનીત ક્રિકેટ કપ જનરલ ગ્રૂપની વિજેતા : શક્તિ ક્રિકેટ ક્લબ

શ્રી ક.વી.ઓ. સેવા સમાજના નેજા હેઠળ છેલ્લા ૨૫ વર્ષથી નવનીત કપ ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવે છે. આ વર્ષ રજત જયંતી વર્ષ છે. જેને ઉજવવા અલગ અલગ ટુર્નામેન્ટોનું પણ આયોજન કરવામાં આવ્યું. Under 19 નવનીત કપ ક્રિકેટ ટુર્નામેન્ટ, દર વર્ષે પ્રથમ રાઉન્ડમાં હારી જતી ટીમો માટે અલગ ક.વી.ઓ. સેવા સમાજ (નવનીત) કપ તથા નવનીત T-૨૦ કપનું આયોજન કરવામાં આવ્યું. T-૨૦ માં જનરલ ગ્રૂપ તથા ગામ ગ્રૂપની ચેમ્પિયન ટીમો અનુક્રમે શક્તિ અને ભુજપુર તથા હૈદ્રાબાદની બે ચેમ્પિયન ટીમોને આમંત્રણ આપવામાં આવ્યું. લીગ પદ્ધતિથી ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ભુજપુર સ્પોટર્સ ક્લબ અને શક્તિ ક્રિકેટ ક્લબ વચ્ચે ફાઇનલ મેચ તા. ૧૪-૦૨-૨૦૧૦ના માટુંગા જીમખાનાની પીચ પર યોજવામાં આવી. જેમાં શક્તિ ક્રિકેટ ક્લબનો ૮ વિકેટથી જ્વલંત વિજય થયો.

દર વર્ષે રમાતી જનરલ ગ્રૂપમાં ૩૨ ટીમોએ ભાગ લીધેલ. જેમાંથી સેમિફાઇનલમાં ભુજપુર સ્પોટર્સ ક્લબ, હિંદમાતા ક્રિકેટ ક્લબ, શક્તિ ક્રિકેટ ક્લબ અને વાય.એમ.સી.સી. ટીમો પહોંચી શકી.

પ્રથમ સેમિ ફાઇનલ શક્તિ અને હિંદમાતા માંથી શક્તિ વિજેતા બનેલ તથા ભુજપુર અને વાય.એમ.સી.સી.માંથી વાય.એમ.સી.સી. વિજેતા બનેલ.

ફાઇનલમાં શક્તિ અને વાય.એમ.સી.સી.માંથી શક્તિ ૧૫ રન થી વિજેતા બનેલ

***<u>ફાઇનલ ટૂંકો સ્કોર</u>***

શક્તિ સી.સી. ૪૫ ઓવરમાં ૨૯૭ રન

વાય.એમ.સી.સી. ૪૫ ઓવરમાં ૨૮૨ રન

## શ્રી ક.વી.ઓ. સેવા સમાજ-નવનીત ક્રિકેટ ટુર્નામેન્ટ રજત જયંતી મહોત્સવ (મુંબઇના સમાચાર)

તા. ૧૪-૨-૧૦ને રવિવારની સાંજે માટુંગા બોર્ડિંગનાં ગ્રાઉન્ડમાં રજત જયંતી મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું. જેમાં વિજેતા ટીમો તથા મેન ઓફ ધ મેચ, મેન ઓફ ધ સીરીઝ, બેસ્ટ બોલર, બેસ્ટ બેટ્સમેન તથા બેસ્ટ ઓલરાઉન્ડરોને કપ તથા ઇનામોથી નવાજવામાં આવ્યા. ક.વી.ઓ. સેવા સમાજનાં પ્રમુખ ડૉ. રમેશ દેઢિયાના પ્રમુખ સ્થાને તથા વડીલશ્રી જિતેન્દ્રભાઇ ગાલા (નવનીત) (રાયણ). શ્રી વિનીત છેડા (નાંગલપુર) (ડાયમન્ડ લોટરીઝ) તથા કેતન ગડા (બાડા) (મિલન મસાલા) અતિથિ વિશેષોની હાજરીમાં રજત જયંતી મહોત્સવમાં નવનીત પરિવારનું ધમાકેદાર બહુમાન કરવામાં આવ્યું હતું. સમાજનાં વિવિધ રમતોમાં અગ્રસર રહેનાર રમતવીરો, ક્રિકેટરો, સમાજની વિવિધ સંસ્થાઓના પદાધિકારીઓ તથા આંખે ઊડીને પડે તેમ સમાજનાં રાષ્ટ્રીય ક્રિકેટ ટીમમાં ૧૯૭૧માં રમેલ કે. જયંતીલાલ કેનિયા (બારોઇ)ની ઉપસ્થિતિમાં અતિથિઓનાં માહિતીસભર પ્રવચનોથી કાર્યક્રમ સફળ રહેલ. સમગ્ર કાર્યક્રમનું સંચાલન સંસ્થાના માનદ્ મંત્રી શ્રી મનીષ ગાલાએ કર્યું હતું. ૨૫ વર્ષની ટુર્નામેન્ટો ની ઝલકની એક વીડિયો કેસેટ બતાવવામાં આવી હતી. જેને સુંદર રીતે ઑપ આપવાની જહેમત ઉઠાવનાર શ્રી નીલેશ દામજી ગાલા, વિનોદ શેઠિયા તથા હેતલ ફોટોવાળા મહેશભાઇને ધન્યવાદ. છેલ્લે વિચારુ સાથે 'માણ્યું તેનું સ્મરણ કરવું એય છે એક લ્હાવો' ને વાગોળતા વાગોળતા છૂટા પડ્યા.

***કીર્તિ કરમશી દેઢિયા (ભુજપુર) "નમસ્કાર"***

*મુંબઈની ક્રિકેટ ટુર્નામેન્ટના સમાચાર શ્રી કીર્તિ કરમશી દેઢિયા (ભુજપુર) અવારનવાર મંગલ મંદિર પર મોકલતા રહેતા. તેઓએ મોકલેલ આ સમાચાર અંતિમ સમાચાર છે. કેમકે ગત તા. ૧૪-૩-૨૦૧૦ના તેમનું અચાનક અવસાન થયું. શ્રી કીર્તિ કરમશી દેઢિયાને મંગલ મંદિરની ભાવભરી શ્રદ્ધાંજલિ. પ્રભુ સદ્‌ગતના આત્માને શાંતિ અર્પે.*

***– મુખ્યતંત્રી***

## શ્રી જગજીવનજી મહારાજ ચક્ષુ ચિકિત્સાલય પેટરબાર

**પેટરબાર મધ્યે પૂર્વ ભારત સ્થાનકવાસી સકળ જૈન સંઘનું ત્રિવિધ સંમેલન યોજાયું**

પેટરબાર બિરાજિત પૂ. શ્રી જયંતમુનિ મ. ના આશીર્વાદથી શ્રી નમ્રમુનિ મ.ના પુરુષાર્થથી પેટરબાર મધ્યે તા. ૬ થી ૮ ફેબ્રુઆરી ૨૦૧૦ દરમિયાન પૂર્વ ભારતના ૪૦ જૈન સંઘોનું ઐતિહાસિક ત્રિવિધ સંમેલન યોજાયું હતું.

ગુજરાત, રાજસ્થાન અને પંજાબના સ્થાનકવાસી જૈન સંઘોનું આ ત્રિવિધ સંમેલન શ્રી જયંત મુનિ મ., શ્રી નમ્રમુનિ મ., પૂ. પીયૂષમુનિ મ., પૂ. વિરમતીબાઇ મ. આદિ ઠાણા-૬ તથા પૂ. દર્શનાબાઇ મ. ઠાણા-૨ ના પાવન સાંનિધ્યમાં યોજાયું હતું.

આ અવસરે પૂર્વ ભારત સર્વ સંઘ સમિતિના અધ્યક્ષ શ્રી ચંદ્રકાંતભાઇ વીરજીભાઇ સંઘવી અધ્યક્ષ સ્થાને ઉપસ્થિત રહ્યા હતા.

સંસ્થાના અધ્યક્ષ શ્રીમતી પુષ્પાદેવી જૈન, પૂર્વ ભારત સંઘના અધ્યક્ષ શ્રી અશ્વિનભાઇ જૈન, પૂર્વ ભારત સર્વ સંઘ સમિતિના અધ્યક્ષ ચંદ્રકાંતભાઇ વીરજીભાઇ સંઘવી, વીરપ્રકાશજી જૈન (કોલકતા) ગિરીશભાઇ શાહ (યુએસએ), શ્રી રામ જૈન (બોકારો), પ્રવીણભાઇ કોઠારી (ગોંડલ), પ્રાણભાઇ મહેતા, મગનભાઇ દોશી, સંજયભાઇ

*અવસર વગર બોલવું વ્યર્થ છે.*

સંઘવી (મુંબઇ), આદિ અગ્રણીઓની ઉપસ્થિતિમાં મંગલાચરણ સાથે સંમેલનનો પ્રારંભ થયો હતો.

આ ત્રિવિધ સંમેલનનો મુખ્ય હેતુ (૧) વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષણ અર્થે સ્કોલરશિપની સહાયતા, (૨) પૂર્વ ભારતમાં યુવા ગ્રૂપના વિકાસ સાથે માનવસેવા અને જીવદયાના કાર્યો, (૩) જૂના અને જર્જરિત થઇ ગયેલા ઉપાશ્રયોના જીર્ણોદ્ધાર અને (૪) શાકાહારનો પ્રચાર હતો. તેમજ (૫) મહિલા શિક્ષણ તેમજ તેમના ઉત્થાન વાસ્તે કાર્ય કરવા સુંદર પ્રતિસાદ મળ્યો હતો.

પૂ. જયંતમુનિ મહારાજે વર્ષોની ભાવના પૂરી થતાં શ્રી નમ્રમુનિ મહારાજના પ્રયત્ન અને પુરુષાર્થની પ્રશસ્તિ કરી ખુશી વ્યક્ત કરી હતી, તેમજ તેમણે કહ્યું યુવા પેઢીને સમજાવતા પૂર્વે તેમને સમજવાની જરૂર છે.

સંમેલનનું ઉદ્‌ઘાટન ગિરીશભાઇ શાહે કર્યું હતું. આ પ્રસંગે શ્રી ચંદ્રકાંતભાઇ સંઘવી, શ્રી વીરપ્રકાશજી જૈન, શ્રી અશ્વિનભાઇ દેસાઇ, શ્રી વિનુભાઇ શાહ, શ્રીમતી મંજુલાબહેન દોશીએ પ્રાસંગિક વક્તવ્યો આપ્યા હતા.

આ અવસરે શ્રી નમ્રમુનિ મહારાજે જણાવ્યું હતું કે એક પ્રકૃષ્ટ જ્ઞાની અને કરુણાસભર મહાપુરુષનું સ્વપ્ન સાકાર અને સફળ બનાવવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું તેનો આનંદ અને સંતોષ છે. સંઘ સંતો પાસે આવે ત્યારે એમાં સમર્પણતાના ભાવ હોવા જોઇએ જ્યારે સંતોને સંઘની શિસ્ત અને વિકાસ જોઇને સન્માન થવું જોઇએ અને એક સંઘને બીજા સંઘ પ્રત્યે સદ્‌ભાવ હોવો જોઇએ.

પૂ. જયંતમુનિ મહારાજે વધુમાં જણાવ્યું હતું કે હમ તો અભી અવસ્થા કો પ્રાપ્ત હૈ ઇસલિયે આજ સે હમ હમારી સંસ્થા કા સંચાલન ઔર માર્ગદર્શન કા કાર્યભાર ક્રાંતિકારી ગુરુદેવ શ્રી નમ્રમુનિ મ. કો સોંપતે હૈ ઔર હમ હમારી આત્મસાધના કો બઢાતે હૈ બહુત સાલ તક હમને યહ સબ સંભાલા અબ નમ્રમુનિ સંભાલેંગે.

પૂ. જયંતમુનિ મ.ની આ જાહેરાતને ઉપસ્થિત સહુએ હર્ષનાદ સાથે વધાવી લીધી હતી.

પૂ. જયંતમુનિ મહારાજે પૂ. નમ્રમુનિ મ.ને આગામી ચાતુર્માસ પેટરબાર કરવા ભાવભરી આજ્ઞા કરી હતી.

સંમેલનનું સંચાલન શ્રી ધર્મેન્દ્રભાઇ જૈને કર્યું હતું અંતમાં પ્રવીણભાઇ કોઠારીએ સહુનો આભાર વ્યક્ત કર્યો હતો.

*રમેશ સંઘવી*

*લાઇફ મેં તીન ફેક્ટરી જરૂર લગાઓ :*
*બ્રેઇન મેં આઇસ ફેક્ટરી*
*ટન્ગ (જીભ) મેં સુગર ફેક્ટરી*
*ઔર હાર્ટ મેં લવ ફેક્ટરી*
*તો*
*લાઇફ અપને આપ હો જાયેગી સેટિસ્ફેક્ટરી.*

**માડુ....**
॥ માડુ પિંઢકે સમજે મહાન, હકીકતમેં જીવેજી નાંય ભાન;
રશ્મિન્ ચેં જેરા નિંઢો ભની ન્યારે, ત ધુનિયા ભનાય ડીંધી મહાન ॥
*– રશ્મિન્ ખોના (મુંબઈ)*

**MAYUR PEER**

**NATIONAL ENTERPRISES**
**CLEARING, FORWARDING**
**SHIPPING & TRANSPORT AGENT**
277, Sahid Bhagat Singh Road, 1st Floor,
Suite No. 16, Hansraj Damodar Trust Building,
Fort, Mumbai-400 038.
**Tel. : 4033 2691, 3254 7879**
**Fax : 2267 3098**
**E-mail : mayurpeermumbai@yahoo.in**

**લહેરચંદ પી. શાહ**
**મો. ૯૮૨૪૩ ૫૨૧૦૯**

**શ્રીધન રોડલાઈન્સ**
૬, છોટાલાલ એસ્ટેટ,
એવરગ્રીન હોટલની બાજુમાં,
નારોલ ચાર રસ્તા, નારોલ,
અમદાવાદ-૩૮૨ ૪૦૫.
**ફોન : ૨૫૩૯૮૭૬૬, ૨૫૩૯૦૧૦૯**
**મો. ૯૪૨૬૪ ૫૨૧૦૯**

# કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલ - અમદાવાદનો માસિક અહેવાલ

## ફેબ્રુઆરી/માર્ચ - ૨૦૧૦

- **મંગળવાર, તા. ૨૩-૨-૨૦૧૦**

☆ પીપલ્સ ઈન્ક્વાયરી કમિટીએ નર્મદા પ્રોજેક્ટ પર તૈયાર કરેલ રિપોર્ટ પર આજરોજ શ્રી દિગંતભાઈ ઓઝા સાથે શ્રી કચ્છી જૈન ભવન પર રૂબરૂ ચર્ચા કરવામાં આવેલ હતી.

☆ કેન્દ્ર સરકારે નર્મદા નદીની કચ્છ બ્રાંચ કેનાલ ખાતે ફાળવેલ રૂા. ૧૪૨૮ કરોડ અંગે શ્રી સુરેશચંદ્ર મહેતા સાથે શ્રી કચ્છી જૈન ભવન પર ચર્ચા કરવામાં આવેલ હતી.

- **બુધવાર, તા. ૨૪-૨-૨૦૧૦**

☆ આજે સવારમાં શ્રી અશોક મહેતા, ડૉ. ચંદ્રકાંત દેઢિયા, શ્રી બી.કે. પટેલ, શ્રી મહેન્દ્રભાઈ મોરબિયા, શ્રી હીરજી પાસુ શાહ તથા શ્રી કાંતિલાલ વેલજી સાવલા શ્રી કચ્છી જૈન ભવન પર એકત્રિત થયેલ હતા અને કચ્છમાં આર્કિટેક્ચરલ કૉલેજની સ્થાપના કરવા અંગે ચર્ચા કરેલ હતી.

☆ આજરોજ શ્રી કમલેશભાઈ સંઘવી સાથે કચ્છ મ્યુઝિયમમાં સચવાયેલા અંદાજિત ૬૦ જેટલા કચ્છ ગેઝેટ્સના વોલ્યુમને વી.સી.ડી.માં કન્વર્ટ કરવા અંગે ભુજ ફોન દ્વારા ચર્ચા કરવામાં આવેલ હતી.

- **ગુરુવાર, તા. ૨૫-૨-૨૦૧૦**

☆ પીપલ્સ ઈન્ક્વાયરી કમિટીના નર્મદા પ્રોજેક્ટ પરના રિપોર્ટ અંગે આજરોજ શ્રી અશ્વિનભાઈ ઝિંઝુવાડિયા સાથે શ્રી કચ્છી જૈન ભવન પર વિગતે ચર્ચા કરવામાં આવેલ હતી.

☆ શ્રી છબીલદાસ પટેલ, કુ. ઓમપ્રિયા પટેલ તથા શ્રી હાર્દિક પટેલ સાથે કચ્છમાં તેઓ વિશાળ માત્રામાં જે બારઈ ખારેક પકવી રહેલ છે તેના અમદાવાદ ખાતેના વિતરણ અંગે રૂબરૂ ચર્ચા કરવામાં આવેલ હતી. આ સમયે શ્રી અશોક મહેતા, ડૉ. ચંદ્રકાંત દેઢિયા, શ્રી હીરજી પાસુ શાહ વગેરે ઉપસ્થિત રહેલ હતા.

- **રવિવાર તા. ૨૮-૨-૨૦૧૦**

☆ આજરોજ કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલની એક મિટિંગ શ્રી કચ્છી જૈન ભવન પર મળેલ હતી. આ મિટિંગમાં શ્રી અશોક મહેતા, શ્રી પ્રતાપભાઈ દંડ, ડૉ. ચંદ્રકાંત દેઢિયા, શ્રી બી.કે. પટેલ, શ્રી ભરતભાઈ ઓઝા, શ્રી હંસરાજભાઈ કંસારા, શ્રી હસમુખ ગઢેચા, શ્રી હીરજી પાસુ શાહ તથા શ્રી કાંતિલાલ વેલજી સાવલા ઉપસ્થિત રહેલ હતા. આ મિટિંગમાં કચ્છના ઈતિહાસ આલેખન અંગેનો રિપોર્ટ આપવામાં આવેલ હતો. કચ્છ મ્યુઝિયમના કચ્છ ગેઝેટ્સના ૬૦ વોલ્યુમને યોગ્ય રીતે સી.ડી.માં તબદીલ કરાવી, તેને સુરક્ષિત રાખવા ચર્ચા કરવામાં આવેલ હતી. કચ્છમાં આર્કિટેક્ચરલ કૉલેજની સ્થાપના અંગે ચર્ચા કરવામાં આવેલ હતી.

- **મંગળવાર, તા. ૧૬-૩-૨૦૧૦**

☆ આજરોજ શ્રી અશોક મહેતા, શ્રી નિમેષ ફડકે તથા શ્રી સુરેશચંદ્ર મહેતા ગાંધીનગર ખાતે મળેલ હતા અને કચ્છ બ્રાંચ કેનાલ વિશે જરૂરી ચર્ચા કરવામાં આવેલ હતી. કચ્છમાં ઉદ્યોગોને અપાતા પાણી બાબતે વોટર ડિસ્ટ્રિબ્યૂશન સિસ્ટમ, ડી-સેલિનેશન પ્લાન્ટ વગેરે બાબતે પણ ચર્ચા કરવામાં આવેલ હતી.

- **શનિવાર, તા. ૨૦-૩-૨૦૧૦**

☆ આજરોજ કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલની એક મિટિંગ બી.એમ.સી.બી. બેંકમાં ભુજ ખાતે મળેલ હતી. આ મિટિંગમાં શ્રી અશોક મહેતા, શ્રી શશીકાંત ઠક્કર, શ્રી પ્રતાપભાઈ દંડ, શ્રી નિમેષ ફડકે, શ્રી રસિકભાઈ મામતોરા, શ્રી હંસરાજભાઈ કંસારા, ડૉ. કાંતિભાઈ ગોર, શ્રી મહેન્દ્રભાઈ મોરબિયા, શ્રી રમેશભાઈ દવે તથા શ્રી ગુણવંત મ. શાહ ઉપસ્થિત રહેલ હતા. મુખ્યત્વે ભુજ ખાતે આર્કિટેક્ચરલ કૉલેજ સ્થાપવા અંગે ચર્ચા કરવામાં આવેલ હતી. લાખોંદ સીમની હદમાં આવેલ કે.ડી.સી.ના ૫,૦૦૦ ચો.વાર પ્લોટ પર ઓગસ્ટ-૨૦૧૧માં સત્ર શરૂ થાય એ રીતે આ પ્રોજેક્ટમાં આગળ વધવાનું નક્કી કરવામાં આવેલ હતું. એસ્ટિમેટ પ્રમાણે આ પ્રોજેક્ટ અંદાજિત રૂા. ૪.૦૦ કરોડનો થવા જશે તેવી ગણના રાખવામાં આવેલ છે. અન્ય અનેક બાબતોએ પણ ચર્ચા કરવામાં આવેલ હતી.

☆ આજરોજ ભુજ ખાતે કચ્છ મ્યુઝિયમની મુલાકાત લઈ ત્યાં સતીષ સદાશિવન, શ્રી વિમલ પટેલ તથા ફોટોગ્રાફર શ્રી સમીર ભટ્ટ સાથે વી.સી.ડી. કેસેટ્સ બનાવવા અંગે વિગતવાર ચર્ચા કરવામાં આવેલ હતી. શુક્રવાર, તા. ૨૬-૩-૨૦૧૦ના અમદાવાદ ખાતે શ્રી કચ્છી વિશ્રામ ગૃહ પર એક મિટિંગ ગોઠવી, ત્યાં 'કચ્છ આર્ટ ગેલેરી' ઊભી કરવાની શક્યતા ચકાસવાનું નક્કી કરવામાં આવેલ હતું.

☆ આજરોજ ભુજ ખાતે કચ્છના સર્વાંગપણે ઈતિહાસ આલેખનમાં રસ દાખવતા અને પરામર્શક સમિતિના ડૉ. કાંતિભાઈ ગોર, શ્રી હરેશભાઈ ધોળકિયા, શ્રી ઉમિયાશંકર અજાણી, શ્રી અશોક મહેતા, શ્રી પ્રતાપભાઈ દંડ, શ્રી ભરતભાઈ ઓઝા વગેરે મહારાઓશ્રી વિજયરાજજી લાઈબ્રેરીમાં એકત્રિત

(અનુસંધાન : જુઓ પાના નં.-૧૦૫ ઉપર)

*માણસ પોતે પોતાના કાર્ય વિશે બોલે એના કરતાં તેનું કાર્ય પોતે જ બોલી ઊઠે એમાં જ સિદ્ધિના દર્શન થાય છે.*

## મંગલ મંદિર - પ્રશ્નો અને પ્રત્યુત્તર વિભાગ

*માસ ફેબ્રુઆરી-૨૦૧૦ના ખરા ઉત્તર અને તે લખી મોકલનારના નામ:*

૧. ભૂકંપના કૌભાંડો અને કૌભાંડોનો ભૂકંપ — પાના-૩૩/૩૬
૨. આ સુવિચાર પાના નંબર-૪૪ ઉપર છે. — પાના-૪૪
૩. પરમ પૂજ્ય આચાર્ય શ્રી રાઘવજી સ્વામી — પાના-૫૫
૪. કસ્તુરબા, મહાદેવભાઈ દેસાઈ તથા જમનાલાલ બજાજ — પાના-૫૬
૫. જ્ઞાન એટલે સવારથી ઊઠીને રાત સુધી સતત કંઈક નવું નવું શીખવાની ધગશ અને તાલાવેલી — પાના-૬૧
૬. બાળક એક ગૂઢ રહસ્ય છે. — પાના-૬૪
૭. ચીનમાં — પાના-૬૬
૮. અધૂરી સાધના — પાના-૭૭/૭૯
૯. પુરુષ માટે ૨૧ વર્ષ અને સ્ત્રી માટે વય ૧૮ વર્ષથી ઓછી ન હોવી જોઈએ — પાના-૮૧
૧૦. સુખની ચાવી સાવ હાથવગી — પાના-૮૩/૮૫
૧૧. આજીવન રક્તદાન અને મૃત્યુ બાદ ચક્ષુદાન — પાના-૮૬

★

૧. જ્યોત્સનાબહેન અરવિંદભાઈ શાહ - અમદાવાદ
૨. નયનાબહેન અલ્પેશભાઈ ગાલા - અમદાવાદ
૩. મૈત્રીબહેન જયેશભાઈ શાહ - અમદાવાદ
૪. દીપલબહેન તુષારભાઈ શાહ - અમદાવાદ
૫. મધુરીબહેન રમણિકલાલભાઈ ગોસર - અમદાવાદ
૬. રમણિકલાલભાઈ કે. ગોસર - અમદાવાદ
૭. પ્રતાપભાઈ નારાણજીભાઈ દંડ - અમદાવાદ
૮. કૃપાલીબહેન ભરતભાઈ શાહ - અમદાવાદ
૯. જયશ્રીબહેન ભરતભાઈ શાહ - અમદાવાદ
૧૦. કલ્પનાબહેન શશીકાંતભાઈ ગાલા - અમદાવાદ
૧૧. જિતેન્દ્રભાઈ ચંદુલાલભાઈ શાહ - અમદાવાદ
૧૨. કામિનીબહેન સ્નેહલભાઈ શેઠ - અમદાવાદ
૧૩. કલ્પનાબહેન હરખચંદભાઈ શાહ - અમદાવાદ
૧૪. રતનબહેન હરખભાઈ શાહ - કોલકત્તા
૧૫. વર્ષાબહેન રવિલાલભાઈ પારેખ - અમદાવાદ
૧૬. ભાગ્યવંતીબહેન અમૃતલાલભાઈ સંઘવી - અમદાવાદ
૧૭. ચારુલતાબહેન અમૃતલાલભાઈ સંઘવી - અમદાવાદ
૧૮. નવલબહેન શાંતિલાલભાઈ શાહ - અમદાવાદ
૧૯. અમરકુમારભાઈ ઉમરશીભાઈ રાંભિયા - નડિયાદ
૨૦. વિનોદભાઈ કે. મોરબિયા - મુંદ્રા (કચ્છ)
૨૧. મહેન્દ્રભાઈ દામજીભાઈ છેડા - અમદાવાદ
૨૨. લીલાધરભાઈ એલ. વિસરિયા - મુંબઈ
૨૩. જ્યોતિબહેન લક્ષ્મીચંદભાઈ શાહ - અમદાવાદ
૨૪. શાંતિલાલભાઈ ખીમજીભાઈ દેઢિયા - આકોલા
૨૫. ગીરા રાહુલ નાગડા - અમદાવાદ

★

માસ જાન્યુઆરી-૨૦૧૦ના પ્રશ્નોના બધા સાચા જવાબ આપનારની યાદીમાં નીચે મુજબના નામો ઉમેરવામાં આવ્યા છે.

૨૨. કલ્પનાબહેન હરખચંદભાઈ શાહ - અમદાવાદ
૨૩. શાંતિલાલભાઈ ખીમજીભાઈ દેઢિયા - આકોલા
૨૪. જિતેન્દ્રભાઈ ચંદુલાલભાઈ શાહ - અમદાવાદ
૨૫. રતનબહેન હરખભાઈ શાહ - કોલકત્તા

★ **નવા પ્રશ્નો માટે સંદર્ભ :**
મંગલ મંદિરનો અંક માસ માર્ચ, ૨૦૧૦

★ **ઉત્તર સંબંધી વિકલ્પ :**
૧૧ પ્રશ્નોમાંથી કોઈપણ ૯ ખરા ઉત્તર હશે તો બધા સાચા જવાબમાં ગણતરી થશે.

★ **ખરા ઉત્તર અને નામની પ્રસિદ્ધિ :**
મંગલ મંદિર **મે-૨૦૧૦ના અંકમાં**

★ **સરનામું :** રાબેતા મુજબ.

★

★ **માસ માર્ચ-૨૦૧૦ના અંકના પ્રશ્નો :**

૧. 'જૈનો માટે અનેકાંતવાદનો જે મહાન સિદ્ધાંત રહ્યો છે તેને જો અનુસરવામાં આવે તો વિશ્વની અનેક સમસ્યાઓનો ઉકેલ આવી શકે.' આવું કોણે પોતાના લેખનમાં કહ્યું છે?
૨. 'દુઃખના કાંટા, સુખના ફૂલોનું રક્ષણ કરે છે, તે યાદ રાખવું.' — કોઈ એક લેખના કયા પાના નંબર ઉપર આવું લખાણ છે?
૩. 'ભારતીય સમાજનો એક અન્ય હાનિકર્તા વર્ગ — ગુરુજનો - મહંતોનો છે, કે જેની પાછળ સામાન્ય માનવી તેનો બોલ ઝીલતો રહે છે. તેમને ભગવાનની જેમ પૂજે છે.' આવું લખાણ કયા લેખમાં વાંચવા મળે છે?
૪. 'દરેક દરેક જૈન ગૃહસ્થના ઘરમાં પોતાની લાઈબ્રેરી હોવી જ જોઈએ.' આ લખનાર લેખકશ્રીનું નામ જણાવી શકશો?
૫. ૧૯૫૦માં ભારતમાં દર એક લાખ માણસે ૧૬ ડૉક્ટર હતા. આજે કેટલા છે?
૬. મોટાભાગના કિસ્સાઓમાં સત્યનો વિજય થતો દેખાય છે. સામા પ્રવાહે તરવું છે... સત્યમેવ જયતે ॥ આ લેખના કયા ફકરામાં આવું વાંચવા મળે છે?
૭. 'મારે તો ડંખ મારતી માખી બનીને સમાજને સતત ચટકાં ભરવા છે. જેથી તેઓ સક્રિય થાય અને સુધરતા જાય.' આવો જવાબ કોણે આપ્યો હતો?
૮. 'ઝાઝા હાથ રળિયામણાં' તબીબી ક્ષેત્રની કઈ સંસ્થાએ આ કહેવતને ખરેખર સાર્થક કરી છે?
૯. પચ્ચાસ સાઠના દાયકામાં આરંભાયેલ કચ્છના વિકાસ યજ્ઞમાં એક કાબેલ વહીવટદાર તરીકે કચ્છની કઈ વ્યક્તિનું પ્રદાન રહ્યું છે?
૧૦ અને ૧૧. મંગલ મંદિરના માર્ચ-૨૦૧૦ના અંકમાંથી આપની પસંદગીના કોઈપણ બે પ્રશ્નો, તેના જવાબ અને પાના નંબર સાથે તમારા ઉપરોક્ત જવાબ સાથે લખી મોકલાવશો. આ રીતે આપના બે જવાબ સો ટકા સાચા છે.

*દરેકને અભિનંદન.... ખૂબ આભાર.*

***— દિનેશ મહેતા***

*મન હંમેશાં ટીકા કરવા માટે તૈયાર જ હોય છે. ટીકાઓથી ક્યારેય કોઈને લાભ થયો નથી.*

# "મંગલ મંદિર" – પ્રાપ્ત થયેલાં લવાજમ

*ફેબ્રુઆરી તથા માર્ચ ૨૦૧૦ માસ દરમ્યાન નીચે મુજબના મહાનુભાવો તરફથી લવાજમની રકમ પ્રાપ્ત થયેલ છે.*

## રિન્યુ થયેલ લવાજમો

### ૧ વર્ષનું લવાજમ

- **પ્રદીપ ધરમશી મહેતા**
  "ચેલેન્જ",
  એન.એક્સ. કુયલી, માળી ચોક,
  રાપર, કચ્છ-૩૭૦ ૧૬૫.
- **હેમંત બી. શાહ**
  ઘર નં.-૧, પ્લોટ નં.-૭૦,
  વોર્ડ - ૭/સી, ગુરુકુળ રોડ,
  ગાંધીધામ, કચ્છ-૩૭૦ ૦૧૦.
- **હરીશ પદમશી લોડાયા**
  ૪૦/એન, સૂર્ય નગર,
  દિગંબર જૈન મંદિર પાસે,
  નાગપુર-૪૪૦ ૦૦૮.

### ૩ વર્ષનું લવાજમ

- **અરવિંદ એન. શાહ**
  "અવની", ૩૭/૧, વિજયનગર,
  કલ્પતરુ પાસે, ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧.
- **મેહુલ લક્ષ્મીકાંત ગડા**
  ૨૦૫/એ, મહેતા પાર્ક,
  સોલસુમ્બા રોડ,
  ઉમરગામ, જિ. વલસાડ-૩૯૬ ૧૬૫.

### ૫ વર્ષનું લવાજમ

- **હરખચંદ કુંવરજી ગોસર**
  ૧, પ્રતીક પ્લાઝા, કમલ મંદિર પાસે,
  નવા રેલવે ફાટક સામે,
  સુરેન્દ્રનગર-૩૬૦ ૦૦૨.
- **સુનીલ સોમચંદ શાહ**
  એ-૧, "સુંદરમ્",
  નાનાપાડા રોડ, મુલુંડ (ઈસ્ટ),
  મુંબઈ-૪૦૦ ૦૮૧.
- **જયંતીલાલ મેઘજી ગાલા**
  ચંદ્રલોક, ૧-એ, ગોપીપુરા રોડ,
  હનુમાન ચાર રસ્તા,
  સુરત-૩૯૫ ૦૦૨.
- **મેઘજી ભાણજી શાહ**
  ૩૭, હિવરી લે-આઉટ,
  નાગપુર, મહારાષ્ટ્ર-૪૪૦ ૦૦૮.

### આજીવન

- **મણિકાંત ડી. શાહ**
  શા. દેવશી રાયશી,
  ૫/૭૬, બજાર રોડ,
  કોચીન-૬૮૨ ૦૦૨.

## નવાં પ્રાપ્ત થયેલ લવાજમો

### ૧ વર્ષનું લવાજમ

- **ભરતસિંહ ડી. જાડેજા**
  C/o. કાસ્પ ગુજરાત પ્રોજેક્ટ,
  ૪૦૨-એ, ક્રિષ્ના કોમ્પ્લેક્સ,
  સાલારી નાકા, રાપર, કચ્છ-૩૭૦ ૧૬૫.
- **લક્ષ્મીચંદ વી. ગોગરી**
  ૨૦૫, સુવિધિ,
  સર્વોદય પાર્શ્વનાથ નગર,
  મુલુંડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૦.
- **દિનેશ ભોગીલાલ સંઘવી**
  ૪૫૭-૩, મેઈન રોડ, બીજો બ્લોક,
  ૧લો સ્ટેજ, બાણ શંકરી,
  બેંગ્લોર-૫૬૦ ૦૫૦.
- **સૂરસેન વી. શાહ**
  ૮/૧, સરતબોસ રોડ,
  આશીર્વાદ બિલ્ડિંગ,
  ૯મો માળ, ફ્લેટ - ૯/એ,
  કોલકાતા-૭૦૦ ૦૨૦.
- **મહેશચંદ્ર કે. શાહ**
  ફેશન હાઉસ,
  ૭-૧૦૧૦૪, એસ.એમ. સ્ટ્રીટ,
  કાલિકટ-૬૭૩ ૦૦૧. (કેરાલા)
- **મેલોન કિડ્સ**
  દુકાન નં.-૨, સૃષ્ટિ પ્રાઈડ બિલ્ડિંગ,
  રાજમાતા વડાપાંઉની સામે,
  થાણે (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૬૦૨.
- **જયંતીલાલ એસ. શાહ**
  એસ.સી.એક્સ.-૧૧૦,
  આદિપુર, કચ્છ-૩૭૦ ૨૦૫.
- **અંબાલાલ એમ. પટેલ**
  ૯, દેવાંશ બંગ્લોઝ,
  સૂરધારા સર્કલ પાસે, થલતેજ,
  અમદાવાદ.
- **નરેન્દ્રભાઈ**
  જૈન મંદિર કમ્પાઉન્ડ,
  તીરૂકોવિલ લેન, કાલીકટ-૬૭૩ ૦૦૧.
- **નીરવ ભોગીલાલ સંઘવી**
  ૮-બી, ભગત એસ્ટેટ,
  ૪૩, એમ.પી. વૈદ્ય માર્ગ,
  ઘાટકોપર (ઈસ્ટ), મુંબઈ-૭૭.
- **હિંમતભાઈ પી. શાહ**
  ૬-બી, પ્રાઈમ એપાર્ટમેન્ટ,
  ૫૯, ઓમા રોડ, કિલપૌક,
  ચેન્નાઈ-૬૦૦ ૦૧૦.
- **સૌ.સુશીલાબહેન દિનેશચંદ્ર શાહ**
  બ્લોક નં.-૧, શકરી નિવાસ,
  ગ્રાઉન્ડ ફ્લોર, જૈન સોસાયટી,
  સાયન, મુંબઈ-૪૦૦ ૦૨૨.
- **શાંતિલાલ જેઠાભાઈ ખોના**
  એ-૧, તપસ્યા, ભોંયતળીયે,
  ગૌશાળા રોડ,
  મુલુંડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૦.
- **કુ. રસીલા ડી. પંડ્યા**
  ૧, વિષ્ણુજ્યોત કોમ્પ્લેક્સ,
  વસંતનગર, ભૈરવનાથ ચાર રસ્તા,
  મણિનગર, અમદાવાદ-૩૮૦ ૦૦૮.

### ૩ વર્ષનું લવાજમ

- **ભરત દામજી મૈશેરી,**
  આઈ-૧૦૪, આદર્શ વિહાર કો.ઓ.સો.,
  લૉ પ્રાઈસ દુકાનની સામે, ગુંજન,
  જી.આઈ.ડી.સી.,વાપી-૩૯૬ ૧૯૫.
- **રમેશ માધવજી ગોર**
  ૬, શાંતિ નિકેતન, એક્સ-લામ રોડ,
  બાલગૃહ, દેવલાલી, જિ. નાસિક
  મહારાષ્ટ્ર-૪૨૨ ૪૦૧.
- **સૌ. કલ્પના લક્ષ્મીચંદ નાગડા**
  ૧૦૩, પદ્માવતી ટાવર,
  વસુંધરા સોસાયટીની બાજુમાં,
  તીથલ, વલસાડ-૩૯૬ ૦૦૧.
- **ત્રિલોક લક્ષ્મણદાસ તેજવાણી**
  એચ. નં.-૧૭૩, સાધુ વાસવાણી કુંજ,
  વોર્ડ - ૬/બી,
  આદિપુર, કચ્છ-૩૭૦ ૨૦૫.

*હું તો પ્રયત્નને જ પરમ સાફલ્ય માનું છું.*

## ૫ વર્ષનું લવાજમ

- **શા. પોપટલાલ કુંવરજી**
  ૫/૬, શિવ ઓમ, "એ" વિંગ,
  એસ.વી. રોડ,
  દહીંસર (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૭૭.
- **ધીરેન ડી. શાહ**
  ૫૦૨, "એ" વિંગ,
  સેલારકા સદન, તિલક રોડ,
  ઘાટકોપર (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૬૮.
- **ગિરીશ શાંતિલાલ મોતા**
  C/o. હોટલ "સી" વ્યૂ,
  પો. અલીબાગ,
  મહારાષ્ટ્ર-૪૦૨ ૨૦૧.
- **નવીન હીરજી શાહ**
  C/o. ઉદય ટ્રાન્સપોર્ટ,
  જુનાગઢ રોડ,
  વેરાવળ-૩૬૨ ૨૬૬.

## આજીવન

- **શ્રીમતી કિરણ પી. વોરા**
  ૨૦૪, બી.પી.એસ. પ્લાઝા,
  દેવીદયાલ રોડ, બેસ્ટ ડેપોની બાજુમાં,
  મુલુંડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૦.
- **જયંત બી. શાહ**
  ૧૫, હિલપાર્ક સોસાયટી,
  એ.જી. બૅલ માર્ગ,
  મલબાર હિલ,
  મુંબઈ-૪૦૦ ૦૦૬.
- **પ્રવીણચંદ્ર જે. કુરિયા**
  ૬૦૧, ધી ઓરિએન્ટ બિલ્ડિંગ,
  જામે જમશેદ રોડ, ખુશાલદાસ પરીખ માર્ગ,
  પાંચ બગીચા, માટુંગા, મુંબઈ-૪૦૦ ૦૧૯.
- **નૃપેન યોગેશભાઈ શાહ**
  બી/૦૦૩, ગ્રાઉન્ડ ફ્લોર,
  વાસુપૂજ્ય ટાવર,
  સેંટ ઝેવિયર્સ લોયલા હાઈસ્કૂલ પાછળ,
  નારણપુરા, અમદાવાદ-૩૮૦ ૦૧૩.

## સ્વર્ણિમ ગુજરાતની મધ્યાહ્ન ભોજન યોજના

ગુજરાતના મુખ્ય સેવકનો આગ્રહ હતો કે શાળાની મુલાકાત લેનાર બધા ઉચ્ચ અધિકારીઓએ વિદ્યાર્થીઓની સાથે જ 'મધ્યાહ્ન ભોજન' લેવું. બન્યું એવું કે મોટાભાગના અધિકારીઓએ 'મધ્યાહ્ન ભોજન' માત્ર જોયું. કેટલાંક અધિકારીઓએ માત્ર જરાક ચાખી જોયું, પણ લીધું નહીં. કારણમાં ખોરાકની અતિ હલકી ગુણવત્તા. સરકારી પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓને બપોરે જે ભોજન અપાય તેમાં બે વસ્તુ હોય – ગળી લાપસી અને દાળ, ખીચડી અને શાક. અઠવાડિયામાં બે વખત દાળ ઢોકળી અપાય. હવે દાળ ઢોકળી એક જ વાનગી ગણાય. ત્યાં સરકારી ચાલાકીથી દાળ ઢોકળી શબ્દ વચ્ચે ડેશ (-) મૂકીને બે વસ્તુ બનાવી દાળ-ઢોકળી ! ગુણવત્તાના અભાવે સરકારી મધ્યાહ્ન ભોજન પ્રત્યે સૂગ ઊભી થઇ છે.

સરકારી મધ્યાહ્ન ભોજનમાં કદી ગુણવત્તા આવે જ નહીં એવું પાક્કું સરકારી આયોજન છે. ૨૯,૧૭૩ સંચાલકો છે, તેમને માસિક રૂા. ૫૦૦/- ચૂકવાય છે. ૨૮,૭૧૦ રસોઈયા છે જેને માસિક રૂા. ૨૫૦/- ચૂકવાય છે. અને તેમના મદદનીશને માસિક રૂા. ૧૭૫/- ચૂકવાય છે. આ હાલતમાં તો ભગવાન પણ ગુણવત્તા લાવી ન શકે! ૫ વર્ષ સુધી નવા શિક્ષકને મહિને ૨૫૦૦/- રૂા. ચૂકવાય છે. એક ઓરડામાં બે ધોરણ ભણાવાય છે.

નવા પોલીસમેનને ૫ વર્ષ સુધી માસિક ૨૫૦૦/- રૂા. ચૂકવાય છે. એક શિક્ષણ અધિકારીએ શાળામાં બાળક ગેરહાજર ન રહે એ વાત પર ભાર મૂક્યો. ત્યાં એક અભણ માતા બોલી કે 'છોકરાંને નવડાવ્યા વગર નિશાળે મોકલાય?' શિક્ષકે કહ્યું કે 'બરાબર છે, નવડાવીને જ મોકલાય' માતા બોલી 'પણ પાણી વગર નવડાવીએ ક્યાંથી? અહીં પાણી આવે જ ક્યાં છે? સ્વર્ણિમ ગુજરાતની આ હાલત છે.'

શાળા પ્રવેશોત્સવ, કન્યા પ્રવેશોત્સવ, ગુણોત્સવ બધું સરકારી કાર્યક્રમ. એકેયમાં ભલીવાર ન મળે.

***("નયા માર્ગ" તા. ૧-૧-૧૦માંથી)***

*મધ્યાહ્ન ભોજનની લાપસી ચાખી છે કોઈવાર? એકાદવાર ચાખી જો જો. પછી જિંદગીમાં લાપસીનું નામ લેવાનું પણ ભૂલી જશો.* **શાંતિલાલ સંઘવી - અમદાવાદ**

## કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલનો માસિક અહેવાલ

**(અનુ. : પાના નં.-૧૦૨ ઉપરથી ચાલુ)**

થયેલ હતા અને આ બાબતે રૂબરૂ ચર્ચા કરેલ હતી. અત્યાર સુધી આવેલ લેખોની વિવિધ ફાઈલો તૈયાર કરી ડૉ. કાંતિભાઈ ગોરે પરામર્શક સમિતિના દરેક સભ્યને તે સોંપેલ હતી અને આ બાબત દરેક લેખનું, દરેક સભ્ય વાંચન કરી, જરૂરી નોટ તૈયાર કરી લીધા બાદ ભુજ ખાતે પરામર્શક સમિતિની એક મિટિંગ બોલાવવાનું નક્કી કરવામાં આવેલ હતું. બાકીના લેખકો પાસેથી સત્વરે લેખો આવી જાય તેવી કાર્યવાહી કરવાનું ડૉ. કાંતિભાઈ ગોરને જણાવવામાં આવેલ હતું.

☆ આજરોજ ભુજ ખાતે શ્રી દામજીભાઈ એન્કરવાલા સાથે એક મિટિંગ ગોઠવવામાં આવેલ હતી. કચ્છના ઈતિહાસનું સર્વાંગપણે આલેખન, કચ્છના જૂના અને જર્જરિત થયેલ ગેઝેટ્સને વી.સી.ડી.માં રેકોર્ડ કરી જાળવવા બાબતે, તેમજ ભુજ ખાતે આર્કિટેક્ચરલ કૉલેજની સ્થાપના વગેરે પ્રશ્નો વિશે ચર્ચા કરવામાં આવેલ હતી. આ સમયે શ્રી અશોક મહેતા, શ્રી હીરજી પાસુ શાહ તથા શ્રી મહેન્દ્રભાઈ મોરબિયા ઉપસ્થિત રહેલ હતા.■

## 'મંગલ મંદિર'ના ફેબ્રુઆરી/માર્ચ-૨૦૧૦ દરમ્યાન પરત આવેલ અંકોના નામોની યાદી

| ક્રમ | નામ | સ્થળ | કેટેગરી | ફેબ્રુઆરી-૨૦૧૦ | માર્ચ-૨૦૧૦ | રિમાર્ક |
|---|---|---|---|---|---|---|
| ૧. | મધુકાંત વિશનજી શાહ | મુંબઈ | ગ્રાહક | — | પરત | "લેફ્ટ" |
| ૨. | હરિલાલ મેઘજી રાંભિયા | મુંબઈ | ગ્રાહક | — | પરત | — |
| ૩. | કિશોર લખમશી દેઢિયા | અમદાવાદ | સભ્ય | — | પરત | "લેફ્ટ" |

***વારંવાર પ્રયત્ન કરવાથી અસંભવ પણ સંભવ બની જાય છે.***

# જાણવા જેવું

*સંકલન : સૂરજલાલ મહેતા*

૧. બતક એક એવું પ્રાણી છે, જેના પગમાં જ્ઞાનતંતુ કે રક્તવાહિની ન હોવાના કારણે બતક તરતી વખતે ક્યારેક બરફીલું પાણી હોય કે એકદમ ઠંડું પાણી હોય તો પણ તેને તેની અસર થતી નથી.

૨. ઓસ્ટ્રેલિયા વિશ્વનો સૌથી નાનકડો ખંડ છે, પરંતુ તે વિશ્વમાં સૌથી મોટો ટાપુ ગણાય છે.

૩. જાપાનની પ્રજાના લગભગ ૯૦ ટકા લોકો કોમિક મેગેઝીન દરરોજ ખરીદી વાંચે છે.

૪. બીજા વિશ્વયુદ્ધ દરમિયાન અમેરિકાએ બોમ્બ ફેંકવા માટે ચામાચીડિયાને તાલીમ આપવાનો પ્રયાસ કર્યો હતો.

૫. દક્ષિણ અમેરિકાના સૌથી મોટા રાજ્ય બ્રાઝિલનું નામ ફૂટબોલ સિવાય ત્યાં થતી નારંગી (ઓરેન્જ) માટે પણ આખી દુનિયામાં જાણીતું છે. અહીં વિશ્વમાં સૌથી વધુ નારંગીનું ઉત્પાદન થાય છે.

૬. ૨૨-૧૨-૧૮૫૧ના રોજ ભારતમાં પહેલી માલગાડી (ગુડ્ઝ ટ્રેઈન) રૂરકીથી ચાલી હતી.

૭. ૨૧-૧૨-૧૯૬૮ એપોલો-૮ નું પહેલું માનવયુક્ત યાન ચંદ્ર પર મોકલાયું. ૨૧-૧૨-૧૯૮૮ બે રશિયન અને એક ફ્રાન્સના અંતરિક્ષ યાત્રી ૩૬૫ દિવસ સુધી અંતરિક્ષમાં રહીને પૃથ્વી પર પરત ફર્યા હતા.

૮. કાનમાંનું હાડકું જન્મતી જ વખતે પૂરેપૂરું વિક્સિત હોય છે.

૯. લંડનની વિખ્યાત 'બિગબેન' ઘડિયાળની ડિઝાઈન લોર્ડ એડમંડ બેકેટે બનાવી હતી. ૧૮૯૫માં આ ઘડિયાળ ટાવરમાં બેસાડવામાં આવી હતી. તેના ઘંટનું વજન ૧૩ ટનનું છે.

૧૦. સન ૧૮૭૬માં મારિયા સ્પીત્તટેરિના દોરડાં પર ચાલીને નાયગ્રા ધોધ પાર કર્યો હતો. એ પ્રથમ સ્ત્રી હતી જેણે ૧૧૦૦ ફીટ ચાલીને આ પરાક્રમ કર્યું.

૧૧. પંજાબના અમૃતસરમાં આવેલા સુવર્ણ મંદિરમાં ઓપરેશન 'બ્લ્યુ સ્ટાર' પછી કેન્દ્ર સરકારને વિચાર આવ્યો કે, આવી પરિસ્થિતિને પહોંચી વળવા સ્પેશિયલ કમાન્ડોની જરૂર છે. તેથી ૧૯૮૪માં એન.એસ.જી. (નેશનલ સ્પેશિયલ કમાન્ડો)ની રચના થઈ.

૧૨. ઉત્તર ભારત અને દક્ષિણ ભારતને જોડતી હિમસાગર એક્સપ્રેસ ટ્રેઈન સાડા ત્રણ દિવસમાં ૧૨ રાજ્યો અને ૧૭ નાના મોટા શહેરમાંથી પસાર થાય છે. કાશ્મીરના જમ્મુ-તાવીથી દક્ષિણમાં કન્યાકુમારી સુધી જાય છે. આમ તે ભારતની લાંબામાં લાંબા અંતરની ટ્રેઈન છે. તે ૩૭૧૫ કિલોમીટરનો પ્રવાસ કરે છે.

૧૩. અત્યારે જે રોમન કેલેન્ડર પ્રચલિત છે તેના કર્તા રોમના પોપ ગ્રેગર એ સત્તા સંભાળ્યા પછી તેમણે જૂના કેલેન્ડર કે જેમાં ૧૦ મહિના એટલે ૩૦૪ દિવસનું વરસ થતું હતું તેથી લોકોને મુશ્કેલી પડતી હતી. તેનું નિવારણ કરવા માટે ૧-૧-૦૦૦૧થી નવા રોમન કેલેન્ડરની શરૂઆત કરી હતી.

૧૪. ચંદ્ર પૃથ્વીથી ૩,૮૪,૪૦૩ કિલોમીટર દૂર છે. તેનો વ્યાસ ૩૪૭૬ કિલોમીટર છે. તે દર વર્ષે પૃથ્વીથી દોઢ ઇંચ દૂર જઈ રહ્યો છે.

## શબ્દ રમત-૪૬નો ઉકેલ

| | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| મો | ળા | ક | ત | | સો | પા | રી | | સુ | લ | ભ | | ક | પિ |
| હ | | લ | બા | ડી | | ચ | ચ | ન | | ત | ર | ફે | ણ | |
| તા | જ | મ | હ | લ | | ક | લ | ર | વ | | ણ | | બી | ના |
| જ | ખ | | | | ખી | ર | | મ | ર | ણ | પો | ક | | |
| | મ | નો | હ | ર | | સ | | | ણા | | ષ | | આ | ગ |
| પા | | | ર | | હ | | ક | લ | ગી | | ણ | | વ | ર |
| રા | જ | ગ | રો | | મ | મ | તા | | | શ | | મ | જા | ક |
| વા | ત | | જ | ગ | મ | હે | ર | | શ | ર | બ | ત | | |
| ર | ન | વે | | | ત | ર | | ખા | | મ | દ | | અં | ગ |
| | | ર | વૈ | યો | | બા | ગ | ડો | ર | | ના | રં | ગી | |
| તો | ર | ણ | | | પ | ની | ર | | | ધ | મ | ધો | કા | ર |
| ડ | | છે | ડ | છા | ડ | | મા | લ | | ર | | | ર | જ |
| ફો | | ર | ગ | | છા | | ગ | તા | ગ | મ | | સં | | ત |
| ડ | સ | ણ | | ડો | યો | | ર | | | વી | રાં | ગ | ના | |
| | ર્વ | | ભા | ળ | | જ | મી | ન | દા | ર | | ત | ના | વ |

*શબ્દ રમત-૪૬નો જવાબ મોકલનારની નામાવલી માટે જુઓ પાના નંબર-૧૧૧*

### ૩૧મી માર્ચ, ૨૦૧૦ના રોજ ફાઈનાન્સિયલ વર્ષ પૂર્ણ થાય છે ત્યારે જીવનની બેલેન્સ શીટ પર એક નજર

**BALANCE SHEET OF LIFE**

| | | |
|---|---|---|
| Birth | – | Opening Balance |
| Death | – | Closing Balance |
| Soul | – | Fixed Asset |
| Brain | – | F.D. |
| Heart | – | Current Asset |
| Ideas | – | Current A/c. |
| Achievements | – | Capital A/c. |
| Character | – | Closing Stock |
| Friend | – | Generel reserve |
| Behaviour | – | Goodwill |
| Patience | – | Interest Earned |
| Love | – | Dividend |
| Children | – | Bonus Issue |
| Education | – | Patents |
| Wisdom | – | Investment |
| Experience | – | Premium A/c. |

*Hope your Balance Sheet for the year just ended Tallies and shows true and fair results.*

*Wish you Happy F.Y. 2010-2011*

*પ્રેષક : રજનીકાંત પારેખ*

*પોતાને ભાગે આવેલું, પોતે સ્વીકારેલું અને પોતાને રોટલો રળી આપતું કામ કરવામાં જે માણસ ચોરી કરે છે તે ગુનેગાર છે*

## શબ્દ રમત-૪૭

*સંકલન : સૂરજલાલ મહેતા*

| | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | | | ■ | ૩ | ■ | ૪ | ૫ | | ૬ | ■ | ૭ | ૮ | |
| ૯ | | ■ | ■ | ૧૦ | | ૧૧ | | | ■ | | ■ | ૧૨ | | ■ |
| ૧૩ | | | ૧૪ | ■ | ૧૫ | | | ■ | ૧૬ | | ૧૭ | | ■ | ૧૮ |
| ૧૯ | | ■ | ૨૦ | ૨૧ | | ■ | ૨૨ | ૨૩ | | | | ■ | ૨૪ | |
| | ■ | ■ | ૨૫ | | ■ | ૨૬ | ■ | ૨૭ | | ■ | | ■ | ■ | |
| ૨૮ | ૨૯ | | | ■ | ૩૦ | | ૩૧ | | ■ | ■ | ૩૨ | ૩૩ | ૩૪ | ■ |
| ■ | | ■ | ■ | ૩૫ | | ■ | | ■ | ૩૬ | ૩૭ | | | | ■ |
| ૩૮ | | | | ■ | | ■ | ૩૯ | | ■ | | ■ | | ■ | ૪૦ |
| ૪૧ | | ■ | ■ | ૪૨ | | | | ■ | ૪૩ | | ૪૪ | ■ | ૪૫ | |
| | ■ | ૪૬ | | | | ■ | ■ | ૪૭ | | | | ■ | | ■ |
| ૪૮ | | | ■ | | ■ | ૪૯ | | | | ■ | ■ | ૫૦ | ■ | ૫૧ |
| ■ | ■ | ૫૨ | | | | | ■ | | ■ | ■ | ૫૩ | | | |
| ૫૪ | ૫૫ | | ■ | | ■ | ૫૬ | ૫૭ | | ૫૮ | ૫૯ | | ■ | ■ | |
| ૬૦ | | ■ | ૬૧ | ■ | ૬૨ | ■ | | ■ | ૬૩ | | ■ | ૬૪ | ૬૫ | ■ |
| ૬૬ | | | | ■ | ૬૭ | | | ■ | ■ | ૬૮ | | | | |

શબ્દ રમત ભરનારનું નામ : ______________________

સરનામું : ______________________

______________________

*આપશ્રીના જવાબો શ્રી કચ્છી જૈન ભવન - પાલડીના સરનામે મોકલવા વિનંતી. (શબ્દ રમતનો જવાબ મોકલવાની અંતિમ તારીખ : ૨૦-૪-૨૦૧૦)*

### આડી ચાવીઓ

૧. એકાગ્ર, તલ્લીન, ધ્યાન (૪)
૪. શાશ્વત, પરા પૂર્વથી ચાલ્યું આવતું (૪)
૭. વિક્રમ સંવતનો સાતમો મહિનો (૩)
૯. હાથ, વેરો (૨)
૧૦. બરાબર નિયમસર, ક્રિયાસર (૫)
૧૨. રાહદાર, વટેમાર્ગુ (૨)
૧૩. તલ્લીન, નિમગ્ન, લીન (૪)
૧૫. ઈચ્છા, અભિલાષા (૩)
૧૬. નાખુશી, નારાજી (૪)
૧૯. દોડવાની ક્રિયા (૨)
૨૦. કોઠાર, માલ ભરવાનું સ્થળ (૩)
૨૨. મનને આનંદ આપનાર (૫)
૨૪. સ્વપ્ન, ખાબ (૨)
૨૫. ગરીબ, દીન (૨)
૨૭. અંશ, હિસ્સો (૨)
૨૮. આશરે, અંદાજથી (૪)
૩૦. પ્રત્યક્ષ જ્ઞાન, જાતે જાણેલું (૪)
૩૨. શરમ, ફિટકાર (૩)
૩૫. સન્નારી, સ્ત્રી (૨)
૩૬. પગની ધૂળ, રજ (૫)
૩૮. અપરાધી, અપરાધવાળું (૪)
૩૯. રસ્તો, પ્રતીક્ષા (૨)
૪૧. જૂનું ચાલીસ સેરનું તોલ (૨)
૪૨. ભેટ, બક્ષિસ (૪)
૪૩. કોઈ એક, વિરલ (૩)
૪૫. તક, દાવ (૨)
૪૬. લોહી આપવું (૪)
૪૭. છાણ-પૂંજાનો ઢગલો (૪)
૪૮. મુકામ, પડાવ, મુક્તિ (૩)
૪૯. ક્ષમા માંગતો - આપતો પત્ર (૪)
૫૨. બાળક જેવી નાદાની (૫)
૫૩. સર્વ સત્તાધીશી વર્તન (૪)
૫૪. કચુંબર (અં.) (૩)
૫૬. મહેનતુ, ઉદ્યમી (૬)
૬૦. નિર્ણય, ઉકેલ (૨)
૬૩. રગ, રક્તવાહિની (૨)
૬૪. મોહ, માયા, આસક્તિ (૨)
૬૬. લોકમત, પ્રજામત (૪)
૬૭. જય ---, જય કિસાન (૩)
૬૮. મનોવૃત્તિ, મનનો સ્વભાવ પ્રકૃતિ (૫)

### ઊભી ચાવીઓ

૧. એકલું, સંગાથ વિનાનું (૬)
૨. પડખું, પાસું (૪)
૩. હક, સત્તા (૪)
૪. નામને બદલે આવતો શબ્દ (વ્યાકરણ) (૪)
૫. નાસિકા, ઘ્રાણેંદ્રિય (૨)
૬. શિવ, મહાદેવ (૪)
૭. સંસાર ઉપરની આસક્તિનો અભાવ (૩)
૮. લખવામાં વપરાતો રંગીન પદાર્થ (૨)
૧૧. રૂ પીંજતાં ઊડતી રજ (૨)
૧૪. નવા રંગવાળું, મોહક (૪)
૧૬. નારંગીનું ઝાડ (૩)
૧૭. પુનિત મહારાજે સ્થાપેલું સામયિક (૫)
૧૮. આકાશ, વસ્ત્ર (૩)
૨૧. રાખ, ધૂળ (૨)
૨૩. પોષણ, ગુજારો (૩)
૨૬. સૂર્ય, રવિ (૨)
૨૯. ગળ્યો સ્વાદ (૪)
૩૦. એક કંપે તેના સ્પંદનથી બીજું કંપે (૫)
૩૧. સત્ત્વ, હોંશિયારી (૪)
૩૩. દોજખ (૩)
૩૪. એક તેજાનો (ઝાડની છાલ) (૨)
૩૭. ધાતુની વસ્તુ ખખડવાનો અવાજ (૪)
૩૮. સામાસામી, હરીફાઈમાં (૪)
૪૦. સંયોગ, સોબત (૨)
૪૨. દાખલો, દૃષ્ટાંત (૫)
૪૩. એક જગ્યાએ, એકંદર (૩)
૪૪. રમવાની ગોળાકાર ચીજ (૨)
૪૫. તમાચો, લપડાક (૨)
૪૬. શ્રીકૃષ્ણનું એક નામ (૪)
૪૭. બગીચો, વાડી (૪)
૪૯. શોક, રડાકૂટ (૩)
૫૦. સુગંધી દ્રવ્ય, તડકો (હિં) (૨)
૫૧. જવલ્લે, કોઈક જ વાર (૩)
૫૩. ઉમેદ, ધારણ (૨)
૫૪. કુદરતી, સ્વાભાવિક (૩)
૫૫. લાડ લડાવવા (૩)
૫૭. ઢોર જેવું, પાશવી (૩)
૫૮. શરીર, કાયા (૨)
૫૯. સોગન, શપથ (૩)
૬૧. ટેવ, વ્યસન (૨)
૬૨. ... શણગાર (૨)
૬૪. ફરિયાદ, ચાડી (૨)
૬૫. માછલાં પકડવાનો આંકડો (૨)

*દરેક કામમાં જોખમ હોય છે પરંતુ કશું નહિં કરવામાં મોટું જોખમ હોય છે.*



Sathwara
Construction

C/174, Ambica Krupa Society,
Nr. Someshwar Tenament, Ranip,
Ahmedabad.
**Phone : 079-2752 5366**
**Mobile : 98985 76892**

# સુડોકુ

– હરખચંદ સાવલા

સુડોકુ ક્રમાંક-૧૦૦૪ અત્રે રજૂ કરવામાં આવેલ છે. તેના ચારે ભાગ ભરીને મંગલ મંદિર કાર્યાલય પર તા. ૨૧-૪-૨૦૧૦ સુધીમાં મોકલી આપવા વિનંતી કરવામાં આવે છે.

સાચા જવાબો મોકલનારના નામ મે-૨૦૧૦ના અંકમાં પ્રસારિત કરવામાં આવશે.

## ક્રમાંક - ૧૦૦૪

**A**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૬ | | ૯ | | | | ૭ | | ૮ |
| ૪ | | | ૭ | | ૮ | | | ૨ |
| | ૮ | | | ૧ | | | ૬ | |
| | | | ૪ | ૭ | ૬ | | | |
| | ૬ | | | | | | ૩ | |
| | | | ૯ | ૩ | ૫ | | | |
| | ૪ | | | ૫ | | | ૨ | |
| ૯ | | | ૬ | | ૩ | | | ૪ |
| ૧ | | | | | | ૬ | | ૫ |

**B**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | ૭ | | | | ૧ | | |
| ૩ | ૬ | | ૯ | | ૧ | | ૮ | ૨ |
| | ૯ | | ૨ | | ૪ | | ૭ | |
| | | | ૧ | | ૬ | | | |
| | ૩ | ૬ | | | | ૨ | ૫ | |
| | | | ૩ | | ૮ | | | |
| | ૪ | | ૬ | | ૩ | | ૨ | |
| ૨ | ૫ | | ૭ | | ૯ | | ૪ | ૬ |
| | | ૮ | | | | ૭ | | |

**C**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | ૩ | | ૨ | | | | |
| | ૯ | ૧ | | | ૭ | ૪ | | ૩ |
| | | | ૯ | | | | ૨ | ૮ |
| | | | | | ૧ | | | ૪ |
| | | ૬ | ૪ | ૭ | ૫ | ૯ | | |
| ૩ | | | ૨ | | | | | |
| ૧ | ૬ | | | | ૨ | | | |
| ૯ | | ૨ | ૫ | | | ૭ | ૪ | |
| | | | | ૩ | | ૫ | | |

**D**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૬ | ૯ | ૭ | | ૨ | | ૩ |
| ૫ | | | | | | | | ૪ |
| ૯ | | ૪ | ૩ | | ૫ | ૮ | | |
| ૪ | | ૭ | | | ૮ | | ૩ | |
| | | ૫ | | ૪ | | ૯ | | |
| | ૩ | | ૫ | | | ૧ | | ૨ |
| | | ૮ | ૪ | | ૧ | ૬ | | ૯ |
| ૬ | | | | | | | | ૮ |
| ૩ | | | | ૮ | ૨ | ૪ | | ૫ |

***શરતો*** :

૧. ૧થી ૯ના આંકડા ઊભી-આડી લાઈનમાં ફક્ત એક જ વખત હોવા જોઈએ.

૨. ૧થી ૯ના આંકડા **3 X 3**ના ચોકઠામાં પણ એક જ વખત હોવા જોઈએ.

## ઉકેલ : ક્રમાંક - ૧૦૦૨

**A**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૮ | ૨ | ૯ | ૩ | ૭ | ૬ | ૪ | ૧ | ૫ |
| ૬ | ૩ | ૫ | ૪ | ૮ | ૧ | ૯ | ૨ | ૭ |
| ૧ | ૭ | ૪ | ૫ | ૯ | ૨ | ૩ | ૮ | ૬ |
| ૪ | ૧ | ૮ | ૯ | ૨ | ૭ | ૬ | ૫ | ૩ |
| ૩ | ૯ | ૬ | ૮ | ૧ | ૫ | ૭ | ૪ | ૨ |
| ૭ | ૫ | ૨ | ૬ | ૪ | ૩ | ૧ | ૯ | ૮ |
| ૯ | ૬ | ૩ | ૨ | ૫ | ૪ | ૮ | ૭ | ૧ |
| ૨ | ૪ | ૧ | ૭ | ૩ | ૮ | ૫ | ૬ | ૯ |
| ૫ | ૮ | ૭ | ૧ | ૬ | ૯ | ૨ | ૩ | ૪ |

**B**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૬ | ૩ | ૨ | ૫ | ૯ | ૧ | ૮ | ૭ | ૪ |
| ૭ | ૧ | ૪ | ૨ | ૮ | ૬ | ૩ | ૯ | ૫ |
| ૮ | ૫ | ૯ | ૭ | ૩ | ૪ | ૨ | ૬ | ૧ |
| ૪ | ૭ | ૫ | ૬ | ૨ | ૮ | ૧ | ૩ | ૯ |
| ૯ | ૨ | ૮ | ૧ | ૭ | ૩ | ૫ | ૪ | ૬ |
| ૩ | ૬ | ૧ | ૪ | ૫ | ૯ | ૭ | ૮ | ૨ |
| ૨ | ૪ | ૩ | ૯ | ૧ | ૭ | ૬ | ૫ | ૮ |
| ૫ | ૯ | ૭ | ૮ | ૬ | ૨ | ૪ | ૧ | ૩ |
| ૧ | ૮ | ૬ | ૩ | ૪ | ૫ | ૯ | ૨ | ૭ |

**C**


| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૮ | ૯ | ૭ | ૬ | ૪ | ૨ | ૩ | ૧ | ૫ |
| ૬ | ૨ | ૩ | ૫ | ૮ | ૧ | ૭ | ૯ | ૪ |
| ૧ | ૪ | ૫ | ૭ | ૩ | ૯ | ૮ | ૬ | ૨ |
| ૩ | ૫ | ૯ | ૪ | ૨ | ૮ | ૬ | ૭ | ૧ |
| ૭ | ૮ | ૪ | ૩ | ૧ | ૬ | ૫ | ૨ | ૯ |
| ૨ | ૧ | ૬ | ૯ | ૫ | ૭ | ૪ | ૩ | ૮ |
| ૪ | ૭ | ૧ | ૨ | ૬ | ૫ | ૯ | ૮ | ૩ |
| ૫ | ૬ | ૮ | ૧ | ૯ | ૩ | ૨ | ૪ | ૭ |
| ૯ | ૩ | ૨ | ૮ | ૭ | ૪ | ૧ | ૫ | ૬ |

**D**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૭ | ૨ | ૯ | ૪ | ૩ | ૧ | ૫ | ૬ | ૮ |
| ૩ | ૪ | ૮ | ૨ | ૬ | ૫ | ૭ | ૯ | ૧ |
| ૧ | ૫ | ૬ | ૮ | ૯ | ૭ | ૩ | ૨ | ૪ |
| ૯ | ૮ | ૭ | ૫ | ૪ | ૨ | ૧ | ૩ | ૬ |
| ૪ | ૬ | ૫ | ૭ | ૧ | ૩ | ૯ | ૮ | ૨ |
| ૨ | ૧ | ૩ | ૯ | ૮ | ૬ | ૪ | ૫ | ૭ |
| ૬ | ૩ | ૨ | ૧ | ૫ | ૪ | ૮ | ૭ | ૯ |
| ૮ | ૭ | ૪ | ૩ | ૨ | ૯ | ૬ | ૧ | ૫ |
| ૫ | ૯ | ૧ | ૬ | ૭ | ૮ | ૨ | ૪ | ૩ |

સુડોકુ-૧૦૦૩ના જવાબ મોકલનારની નામાવલી માટે જુઓ પાના નં.-૧૧૧

પુસ્તકોનું મૂલ્ય રત્નો કરતાં પણ વધુ અમૂલ્ય છે. રત્નો તો બાહ્ય ચમકદમક આપે છે જ્યારે પુસ્તકો અંતઃકરણને ઉજ્જવળ બનાવે છે.


Slicy
Nimbupani
MICHI'S™
Slicy
Nimbupani
MICHI'S™
Slicy
Nimbupani
MICHI'S®
Tasty Sweet Treat
JRJ FOODS
PVT. LTD.
Manufacturer & Marketeer of Confectionery Products
Plot No. 315, Phase 1, G.I.D.C. Chhatral, Tal : Kalol, Dist.: Gandhinagar - 382 729. (Guj.) INDIA
Tel.: +91-2764-234400, 234411 / 12 // Cell : 0 - 99090 23957 / 58 // Fax: +91-2764 234200 // E-mail : info@jrjfoods.com // Visit us on : http//www.jrjfoods.com

## શબ્દ રમત-૪૬નો ઉકેલ

માર્ચ-૨૦૧૦ના અંકમાં છપાયેલ શબ્દ રમત-૪૬ના ઉકેલમાં નીચે મુજબના સભ્યોએ પોતાના ઉકેલ લખીને મોકલાવ્યા છે.

*જે પૈકી બધા સાચા જવાબ આપનાર વ્યક્તિઓ :*

૧. પ્રતાપ નારાણજી દંડ - અમદાવાદ
૨. શ્રીમતી સરોજબહેન જયેશ શાહ - અમદાવાદ
૩. શ્રીમતી વર્ષાબહેન આર. પારેખ - અમદાવાદ
૪. શ્રી નવીનચંદ્ર શામજી લાલકા - ગદગ

*જવાબ મોકલનાર અન્યો :*

૫. અરવિંદ જયંતીલાલ ભટ્ટ - અમદાવાદ ૧ ભૂલ
૬. જિગીષા સંદીપ મહેતા - અમદાવાદ ૧ ભૂલ
૭. રોહિત આર. ગાંધી - અમદાવાદ ૧ ભૂલ
૮. કલ્પના હરખચંદ શાહ - અમદાવાદ ૧ ભૂલ
૯. શાંતિલાલ વ. શાહ - અમદાવાદ ૧ ભૂલ
૧૦. ભૂમિકા ચંદ્રેશ - અમદાવાદ ૧ ભૂલ
૧૧. જયચંદ માણેકજી લોડાયા - ગદગ ૧ ભૂલ
૧૨. જ્યોતિબહેન લક્ષ્મીચંદ શાહ - અમદાવાદ ૧ ભૂલ
૧૩. ભાવના બી. શાહ - અમદાવાદ ૧ ભૂલ
૧૪. શ્રીમતી કુસુમબહેન પી. દંડ - આદિપુર ૧ ભૂલ
૧૫. કુ. દેવાંશી વિશ્વેસ મહેતા - આદિપુર ૨ ભૂલ
૧૬. કલ્પના કેતન ગંગર - ગાંધીધામ ૨ ભૂલ
૧૭. નીના અશોકભાઈ ગોરજી - અમદાવાદ ૨ ભૂલ
૧૮. મહેન્દ્ર દામજી છેડા - અમદાવાદ ૨ ભૂલ
૧૯. સુનીલ ગોવિંદજી શાહ - અમદાવાદ ૩ ભૂલ
૨૦. શ્રીમતી દત્તા અશોક ધોળકિયા - અમદાવાદ ૩ ભૂલ
૨૧. શ્રીમતી પ્રભાબહેન મહેન્દ્ર શેઠિયા - વલસાડ ૩ ભૂલ
૨૨. રમીલાબહેન રજનીકાંત મહેતા - ભુજ ૩ ભૂલ
૨૩. શ્રીમતી લીના તેજસ લોડાયા - અમદાવાદ ૩ ભૂલ
૨૪. અમિતા મહેશ્વરી - અમદાવાદ ૩ ભૂલ
૨૫. શ્રીમતી વસંત એમ. મલ્લ - વલસાડ ૩ ભૂલ
૨૬. રચના પીયૂષ પારેખ - અમદાવાદ ૩ ભૂલ
૨૭. શ્રીમતી કિરણ મનીષ શાહ (લોડાયા)- અમદાવાદ ૪ ભૂલ
૨૮. શ્રી તારાચંદ વેલજી રતાણી - અમદાવાદ ૪ ભૂલ
૨૯. કંચન તલકભાઈ મારુ - અમદાવાદ ૪ ભૂલ
૩૦. શ્રીમતી સેજલ પી. શાહ - અમદાવાદ ૫ ભૂલ
૩૧. પાયલ ચિરાગ ચંદુરા - અમદાવાદ ૬ ભૂલ
૩૨. શ્રીમતી રસીલાબહેન વિનોદ ઝવેરી - અમદાવાદ ૧૩ ભૂલ
૩૩. લીલાવંતી ઉમરશી ભારાણી - અમદાવાદ ૧૮ ભૂલ
૩૪. મોના જિતેન્દ્ર શાહ - હૈદ્રાબાદ ૧ ભૂલ
૩૫. સરલા ખીમજી છેડા - અમદાવાદ ૧ ભૂલ
૩૬. લીલાધર એલ. વિસરિયા - અમદાવાદ ૧ ભૂલ
૩૭. ગીતા દીપક મહેતા - અમદાવાદ ૨ ભૂલ
૩૮. ભાવના પ્રફુલ છેડા - અમદાવાદ ૨ ભૂલ
૩૯. ચારુ એ. સંઘવી - અમદાવાદ ૫ ભૂલ
૪૦. શ્રીમતી મયૂરી આર. ગોસર - અમદાવાદ ૫ ભૂલ
૪૧. રમણિક આર. ગોસર - અમદાવાદ ૭ ભૂલ

ફેબ્રુઆરી-૨૦૧૦ના અંકમાં છપાયેલ શબ્દરમત-૪૫ના નીચે મુજબના સભ્યોના ઉકેલ પાછળથી મળેલ છે. તેમની નામાવલિ :

૧. ઈન્દ્રવદન મણિલાલ શાહ - પૂના ૧ ભૂલ
૨. જયશ્રી અજયકુમાર સંઘવી - અમદાવાદ ૨ ભૂલ

## સુડોકુ-૧૦૦૩

માર્ચ-૨૦૧૦ના અંકમાં છપાયેલ સુડોકુ-૧૦૦૩નો ઉકેલ મોકલનારની નામાવલિ

*બધા સાચા જવાબ આપનાર વ્યક્તિઓ :*

૧. પ્રતાપ નારાણજી દંડ - અમદાવાદ
૨. કુ. મમતા જિતેન્દ્ર શાહ - અમદાવાદ
૩. અરવિંદ જે. ભટ્ટ - અમદાવાદ
૪. કુ. મૈત્રી જયેશભાઈ શાહ - અમદાવાદ
૫. નીના અશોકભાઈ ગોરજી - અમદાવાદ
૬. કામિની સ્નેહલ શેઠ - અમદાવાદ
૭. અનિલ પાસુભાઈ શાહનંદ - અમદાવાદ
૮. પ્રશાંત અરવિંદભાઈ શેઠ - અમદાવાદ
૯. શ્રીમતી પ્રભાબહેન મહેન્દ્ર શેઠિયા- વલસાડ
૧૦. શ્રીમતી વર્ષાબહેન રવિલાલ પારેખ-અમદાવાદ
૧૧. શાંતિલાલ રતનશી શાહ - અમદાવાદ
૧૨. શ્રીમતી રચના પીયૂષ પારેખ - અમદાવાદ
૧૩. ઉષ્મા શાહ - અમદાવાદ
૧૪. શ્રીમતી સ્મિતા વિશાલ શાહ - અમદાવાદ
૧૫. બકુલ એચ. શાહ - અમદાવાદ
૧૬. સરલા ખીમજી છેડા - અમદાવાદ
૧૭. ભારતી મનીષ વોરા - અમદાવાદ
૧૮. વૈશાલી દર્શન મહેતા - અમદાવાદ
૧૯. કાજલ વિપુલ ગડા - વડોદરા
૨૦. કવિશ વિપુલ ગોસર - અમદાવાદ
૨૧. લીના મણિલાલ શાહ - વડોદરા

*જવાબ મોકલનાર અન્યો :*

૨૨. અમિત ધીરજલાલ મારુ - અમદાવાદ Cમાં ભૂલ છે.
૨૩. જિગીષા સંદીપ મહેતા - અમદાવાદ Cમાં ભૂલ છે.
૨૪. અમિતા મહેશ્વરી - અમદાવાદ Dમાં ભૂલ છે.
૨૫. ઉષા નીતિન હરિયા - વડોદરા Cમાં ભૂલ છે.
૨૬. શ્રીમતી કુસુમબહેન પી. દંડ - આદિપુર B તથા Dમાં ભૂલ છે.
૨૭. શ્રીમતી લીના તેજસ લોડાયા - અમદાવાદ Bમાં ભૂલ છે.

*કોઈના ગુણોની પ્રશંસા કરવામાં તમારો સમય બગાડવા કરતાં તે વ્યક્તિના ગુણોને તમારા જીવનમાં ઉતારવા પ્રયાસ કરો.*



**સંકલન : પોપટલાલ નેણશી ધરોડ**

★ મુંદ્રા તાલુકાના રતાડિયા (ગ) ગામની જમીનોના બોગસ દસ્તાવેજો બનવાના કરોડો રૂપિયાના કૌભાંડમાં ગુનો પોલીસમાં નોંધાયો હતો અને પોલીસે તપાસ શરૂ કરી હતી.

★ પાનધ્રો વીજ મથકને ધારેશીના બોર પાસેથી પાઈપલાઈન વાટે પાણી અપાય છે. લખપત તાલુકામાં આવા ૫૦ જેટલા બોર થયા છે. જેમાંથી ૨૦ બોર ચાલુ છે પરંતુ બંધ થયેલા બોર, ઉપરથી બંધ કરાતા નથી. પરિણામે કોઈ બાળક આ બોરમાં પડી જવાનો અકસ્માત થાય તેવી શક્યતા ઊભી છે.

★ કચ્છના અધિકારીઓ અને પદાધિકારીઓની મળેલી બેઠકમાં ગ્રામ વિકાસ અને કચ્છના પ્રભારી મંત્રી નરોત્તમભાઈ પટેલે કહ્યું હતું કે ગામોના કામો પૂરાં થાય તો જ સંપૂર્ણ વિકાસ થયો ગણાશે. તેથી સૂચિત એક પણ કામ બાકી રહેવું જોઈએ નહીં. અધૂરાં કામો અંગે જે કોઈ જવાબદાર હોય તો તેમની સામે પગલાં ભરવામાં આવશે.

★ કેન્દ્ર સરકારે ગુજરાતની જીવાદોરી લેખાતી નર્મદા યોજના ઝડપથી પૂર્ણ થાય એ માટે રૂા. ૧૧,૦૦૦ કરોડ ફાળવશે અને તે પૈકી રૂા. ૧૪૨૨ કરોડ કચ્છની કેનાલો માટે ફાળવવામાં આવશે. આથી વર્ષોથી અટકેલું નર્મદા યોજનાની કચ્છ શાખા નહેરનું કામ આગળ ધપશે.

★ ભારત સરકારના વસ્ત્ર મંત્રાલય દ્વારા ટસર સિલ્ક પર બનાવેલી આભાસુર અને દુપટ્ટા પરની 'ચાંદરોડી ડિઝાઈન' તરીકે ઓળખાતી પરંપરાગત ભાત ઉપસાવવા બદલ ભુજમાં વસતા મૂળ અબડાસાના ૩૨ વર્ષીય ખત્રી નૌશાદઅલી ઝકરિયાને રાષ્ટ્રીય ઍવૉર્ડ જાહેર કરાયો હતો. તેરા ગામના નૌશાદઅલી ૧૩ વર્ષની ઉંમરના હતા ત્યારે જ બાંધણી કસબ માટે ચિલ્ડ્રન ઍવૉર્ડ જીત્યો હતો. તેમના પિતા ઝકરિયા ઉમરે પણ ૧૯૮૭માં રાષ્ટ્રીય ઍવૉર્ડ મેળવ્યો હતો. તેમના માતા શકુરાબહેનને પણ બાંધણી માટે વિશેષ 'મહિલા સન્માન'થી નવાજવામાં આવ્યા હતા.

★ રાજ્યના બ્રાન્ડ એમ્બેસેડર બનેલા બોલીવુડના મહાનાયક અમિતાભ બચ્ચન ગુજરાતના છ સ્થળોને આવરી લેતા વિજ્ઞાપનોના શૂટીંગ કરશે જેમાં કચ્છના સફેદ રણ પણ કદાચ આવશે.

★ માંડવી તાલુકાના કોડાય ગ્રામ પંચાયતના મહિલા સરપંચને હોદ્દાનો દુરુપયોગ કરવાના કારણોસર તાત્કાલિક અસરથી પદચ્યુત કરી હોદ્દા પરથી દૂર કરવામાં આવ્યા હતા. ગામમાં નિર્માણ પામેલી ૫૩ જેટલી દુકાનો કાયદેસરની કોઈ કાર્યવાહી કર્યા વિના મનફાવે તે રીતે બેંક એકાઉન્ટ વિના મળતિયાઓને ફાળવી દીધી હતી.

★ અંજાર તાલુકાના ચાંદ્રાણી ગામે કચ્છ જિલ્લા સરહદ ડેરીના બીજા શીતકેન્દ્રનું ઉદ્‌ઘાટન રાજ્યના પંચાયત ગ્રામ વિકાસ અને કચ્છના પ્રભારી નરોત્તમભાઈ પટેલે કર્યું હતું.

★ મહારાષ્ટ્રના પૂનામાં બૉંબ વિસ્ફોટ બાદ દેશમાં હાઈ એલર્ટ જાહેર કરવામાં આવ્યું હતું. સાથોસાથ સીમાવર્તી કચ્છ જિલ્લામાં કોઈ આવો બનાવ ન બને તે માટે બોર્ડર તથા શહેરી વિસ્તારો જેવા કે છછી, સુથરી, અકરી, જખૌ, નારાયણ સરોવર, વાયોર, કોઠારા, નલિયા વગેરે વિસ્તારોમાં સતર્કતા સાથે સઘન પેટ્રોલિંગ અને કોમ્બિંગ હાથ ધરવામાં આવ્યું હતું.

★ મુંબઈ મહાનગર પાલિકા દ્વારા મુંબઈમાં યોજાયેલા ફળફૂલના પ્રદર્શનમાં કચ્છના રતનશી વેલજી શાહ એગ્રો સેન્ટર (ભાયખલા)એ વિકસાવેલ કાળા લીમડાને પ્રથમ ઈનામ જાહેર થયું હતું. રતનશી એગ્રો સેન્ટરે વિકસાવેલા કાળા લીમડામાં એન્ટી ઓક્સિડન્ટ તત્ત્વો લીલા લીમડા કરતાં બમણા છે. આ નવીન છોડ કચ્છમાં સંશોધિત કરાયો છે.

★ ભાવનગર ડિસ્ટ્રિક્ટ ચેમ્બર ઓફ ઈન્ડસ્ટ્રીઝે તેના ૫૩ વર્ષ પૂરા થયાં તે પ્રસંગની સુવર્ણ જયંતીની ઉજવણી દરમ્યાન સ્થાનિક કચ્છ સમાજના પ્રમુખ મહેન્દ્રભાઈ એસ. શાહ અને પૂર્વપ્રમુખ ઉપેન્દ્રભાઈ એસ. શાહનું બહુમાન કર્યું હતું.

★ ભુજની અદાણી સંચાલિત મેડિકલ કૉલેજની માન્યતા આપવાના ભાગરૂપે તપાસમાં આવેલી મેડિકલ કાઉન્સિલ ઓફ ઈન્ડિયા (એમ.સી.આઈ.)ની ટીમ સમક્ષ ઉગ્ર રજૂઆત થવા સાથે ભારે ધમાલ થઈ હતી. કચ્છ મેડિકલ કૉલેજ વતી લડત સમિતિ દ્વારા અપાયેલા દેખાવોના કાર્યક્રમ દરમ્યાન આ ઘટના બની હતી. મેડિકલ કૉલેજની માન્યતા માટે અદાણીએ ભૂતિયા દર્દીઓ, તબીબો અને સવલતો ઊભી કરી હોવાના આક્ષેપ આ લડત સમિતિએ કર્યો હતો.

★ ઝરપરા (તા. મુંદ્રા) પંથકના વાડી વિસ્તારમાં નીલ ગાય અને સૂવર જેવા જાનવરોથી ખેડૂતો પરેશાન બન્યા હતા. ઊભા પાકને સૂવરો સોથ વાળતા હોવાની અને રોઝડા રંજાડતા હોવાની ફરિયાદો ઊઠી હતી અને આ જાનવરો ગામમાં પણ આવી જતા હતા તેવી ફરિયાદ થઈ હતી.

AMBA
SHIPPING AGENCIES

CLEARING FORWARDING & SHIPPING AGENTS
HIRALAL DAGHA
401, Rajgor Chambers, 99, Masjid Siding Road, Near Masjid Station (E),
Mumbai-400 009. E-mail : ambashipage@rediffmail.com
Cell : 98210 69299 Tel. : 23772744 Telefax : 23710875 Resi. : 24097776

★ કેન્દ્રીય સાહિત્ય અકાદમી દ્વારા દર વર્ષે કોઈપણ ભાષામાંથી માતૃભાષામાં અનુવાદિત કૃતિને અપાતા એવૉર્ડમાં વર્ષ ૨૦૦૯નો પુરસ્કાર કચ્છના જાણીતા સર્જક રમણિક સોમેશ્વરને જાહેર થયો હતો. મૂળ તેલુગુ કવિ એન. ગોપીના પુસ્તક 'જળ ગીત'નો માતૃભાષા ગુજરાતીમાં જળગીત તરીકે તેમણે અનુવાદ કર્યો છે. દેશની કુલ ૨૪ ભાષામાં અનુવાદિત થતાં પુસ્તકને રૂા. ૫૦ હજારની રકમ અપાય છે.

★ કચ્છની સરહદ પર ભેડિયા બેટ અને હરામીનાળાથી આગળના વિસ્તારમાં વીજળીકરણનું કામ આગળ વધતાં, માર્ચ સુધીમાં કચ્છ સીમા રોશનીથી ઝળહળી ઊઠશે. ૮૪ કરોડની આ યોજનાનો હેતુ કચ્છ સીમા પરથી પડોશી દેશની ઘુસણખોરી અટકાવવાનો છે.

★ કચ્છ પેસેન્જર્સ એસોસિએશન - મુંબઈના પ્રમુખશ્રીએ માહિતી આપી હતી તે અનુસાર મુંબઈ અને કચ્છ વચ્ચે દોડતી બે ટ્રેનોમાંથી એકને દાદરથી અને અન્ય એકને મુંબઈ સેન્ટ્રલથી દોડાવવાની માંગણીનો રેલવે તંત્રે સ્વીકાર કર્યો હતો.

★ કચ્છમાં કન્યા કેળવણી ક્ષેત્રે મોખરાનું પ્રદાન આપનાર માંડવીની શેઠ ખીમજી રામદાસ કન્યા છાત્રાલયના રૂપિયા એક કરોડના ખર્ચે વિસ્તૃતીકરણનો શિલાન્યાસ યોજાયો હતો. છાત્રાલયની ક્ષમતા વધીને ૧૬૦ સુધી પહોંચાડવાનું આયોજન છે.

★ ફાગણ માસના પહેલા અઠવાડિયામાં વિદાય લઈ રહેલા શિયાળાએ જતાં જતાં ઠંડીનો ચમકારો બતાવી દીધો હતો. મોસમનું સૌથી નીચું તાપમાન નલિયામાં ૩ ડિગ્રી નોંધાયું હતું.

★ મુંબઈના કાલીના વિસ્તારમાં કારખાનાના ગાળાને પચાવી પાડવા ત્રણ હુમલાખોરોએ બે કચ્છી યુવાનો મયૂર ભૂપેન્દ્ર વીરા અને રજત સુમન વીરા પર તીક્ષ્ણ શસ્ત્રોથી હુમલો કરતાં બંને ઘવાયા હતા અને હોસ્પિટલમાં દાખલ કરાયા હતા.

★ અમદાવાદમાં રહેતા ડૉ. રાજુલબહેન નિખિલભાઈ શાહે જે કચ્છી લિપિ વિક્સાવી છે તેના દિલ્હી ખાતેથી કૉપીરાઈટ મેળવી લીધા હતા. ટૂંક સમયમાં તેઓ આ લિપિ અંગેના પુસ્તકો પણ પ્રસિદ્ધ કરશે.

★ રાપર તાલુકાના શ્રમજીવી અને પછાત વર્ગના પરિવારોની વસતિવાળા વાંઢોમાં પીવાના પાણીની લાંબા સમયથી કમી છે. ૧૫૦થી વધુ આવી વાંઢોને જો વીજતંત્ર દ્વારા વીજજોડાણ અપાય તો પાણી પુરવઠા બોર્ડ દ્વારા બોર વાટે પાણી મળી શકે તેવી સ્થિતિ છે. રાપર તાલુકામાં હાલ આવી ૨૦૦થી વધુ વાંઢો છે.

★ કચ્છી હસ્તકલાના સંવર્ધન અને વિકાસ માટે કાર્ય કરતી માંડવીની વિવેકાનંદ ગ્રામોદ્યોગ સોસાયટીના નવનિર્મિત હાઈવે ક્રાફ્ટ એમ્પોરિયમને વી.આર.ટી.આઈ.ના અગ્રણી કાંતિસેન શ્રોફે ખૂલ્લું મૂક્યું હતું. દુષ્કાળ અને કુદરતી આપત્તિઓને કારણે હિંમત હારી ગયેલા કસબી - કારીગરોને આ સોસાયટી પીઠબળ પૂરું પાડે છે. ૧૮ યુનિટો મારફત હાલ બે હજાર હસ્ત કારીગરો રોજી રળે છે.

★ જેનું કોઈ નથી, ઘરમાં એકલા છે, ભોજન બનાવી શકતા નથી અને નિરાધાર એવા ભુજમાં વસતા વૃદ્ધોને ઘેર બેઠાં વિના મૂલ્યે સારું અને સ્વચ્છ ભોજન મળે તેવી શ્રવણ ટિફીન સેવા માનવ જ્યોત સંસ્થા - ભુજ દ્વારા શરૂ કરવામાં આવી હતી.

★ હરિઓમ આશ્રમ પ્રેરિત અને રાજ્યના રમતગમત, યુવા સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના વિભાગ દ્વારા આયોજિત મુંદ્રા - માંડવી વચ્ચે યોજાયેલી ૩૧મી સઢવાળી સમુદ્ર હોડી સ્પર્ધામાં ૪૪ સ્પર્ધકોએ ભાગ લીધો હતો. ૧૭ નોટિકલ માઈલની સ્પર્ધામાં સલાયાના અલીમામદ ભૂસરની અલ-અજમેરી પ્રથમ વિજેતા બની હતી. પ્રથમ ત્રણ ક્રમાંકે આવેલા સ્પર્ધકોનું પુરસ્કારથી બહુમાન કરાયું હતું.

★ કવિ વંચિત કુકમાવાલાના કાવ્ય સંગ્રહ 'અર્પણ વૃક્ષ'નું વિમોચન ભુજમાં કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે અનેક કવિઓ - સાહિત્યકારો ઉપસ્થિત રહ્યા હતા.

★ ભુજમાં કચ્છી સાહિત્ય અકાદમી દ્વારા મહિલા કચ્છી સાહિત્ય સેમિનારનું આયોજન કરાયું હતું. જેના સાહિત્યક્ષેત્રે અગ્રણી કચ્છી મહિલાઓ ઉપસ્થિત રહી હતી.

★ કચ્છની ક્રીક સરહદે હરામીનાળામાં ભારતીય જળસીમાની અંદર ૧૬ કિ.મી. સુધી ઘૂસી આવેલી એક પાકિસ્તાની બોટ પર સીમા સુરક્ષા દળની પેટ્રોલિંગ પાર્ટીએ ગોળીબાર કરી તેને નસાડી દીધી હતી.

★ રેલવે મંત્રી મમતા બેનરજીએ રજૂ કરેલા રેલવે બજેટમાં કચ્છને ગાંધીધામ - જોધપુર એક્સપ્રેસ ટ્રેન ફાળવાઈ છે અને તુણા બંદરને રેલ લાઈનથી જોડવાની દરખાસ્ત છે.

★ ભુજિયા ડુંગરની તળેટીમાં નિર્માણ પામેલી નવી જથ્થાબંધ બજાર સંબંધી ફોજદારી કેસમાં કચ્છના જે તે સમયના બે નાયબ કલેક્ટર જે.ડી. જોશી અને એફ.યુ. સુવેરાની ધરપકડ કરાઈ હતી.

★ કચ્છની નર્મદા શાખા નહેર અને એને સંલગ્ન કામો માટે રાજ્યના બજેટમાં ૯૪૦ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. વળી ઢાંકીથી માળિયા સુધી ૧૩૫ કિ.મી.ની નવી પાઈપ લાઈનનું આયોજન છે. આથી સૌરાષ્ટ્રના ખેડૂતો દ્વારા થતી પાણીની ચોરી અટકી જશે.

★ કચ્છના ભૂગર્ભમાં ૪૧૯ મિલિયન ક્યુબિક મીટર પાણીની ઉપલબ્ધિ છે. નિષ્ણાતોના માનવા અનુસાર આ અછત છે. તેથી વધુ ભૂગર્ભજળ ખેંચાતા હોવાથી તેને અટકાવવા અને પાણી બચાવવા તજજ્ઞોએ ભુજમાં યોજાયેલા એક પરિસંવાદમાં જણાવ્યું હતું.

સાબુ, બિસ્કિટ, બ્રેડ, અગરબત્તીના રેપર્સ અને કાર્ટન બનાવનાર
cps કમર્શિયલ પેકીંગ સર્વિસીસ
સ્થાપના ૧૯૫૮ ઓફસેટ પ્રિન્ટર્સ – પેપર કન્વર્ટર્સ
53/54, યુનીક ઈન્ડ. એસ્ટેટ, ડૉ. આર.પી. રોડ, જવાહર સિનેમા સામે, મુલુંડ (વેસ્ટ), મુંબઈ-80.
ફોન : 67993347, 25684567
ફેક્સ : 67993357
E-mail : compack@pin2piano.net

★ કચ્છ સ્પોર્ટસ કાઉન્સિલ દ્વારા ભુજ નજીક ૨૫ એકર જમીનમાં ઊંચા દરજ્જાનું ક્રિકેટ મેદાન અને સ્ટેડિયમ વિકસાવવાની જાહેરાત કરાઈ હતી.

★ વરસાદી પાણીથી કચ્છના ભૂગર્ભ પાણીના તળ ઊંચા આવે તે માટે નદીઓ - છેલા - વહેણમાં આડબંધરૂપી ચેક ડેમ બની રહ્યા છે અને દરિયાની ખારાશને રોકવા મોટા મોટા બંધારા બનાવાયા છે. આના પરિણામ મળવા લાગતાં વધુ મધ્યમ કક્ષાના ચેક ડેમ બનાવવાની મંજૂરી અપાઈ હતી.

★ વિપક્ષના નેતા શક્તિસિંહ ગોહિલે વિધાનસભામાં રિઝર્વ ફોરેસ્ટ ઘુડખર અભયારણ્યમાં રાજ્ય સરકારે અધિકારીના અભિપ્રાયથી ઉપરવટ જઈને કેટલીક જમીન કેટલીક કંપનીઓને મીઠાના અગરો માટે આપી તે કાયદાથી વિરુદ્ધ હોવાનું જણાવી, એ બાબતનો વિરોધ કર્યો હતો.

★ ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ની વાર્ષિક પરીક્ષાનાં દસમાના ૮,૭૨૪ અને બારમાના ૨૦,૦૪૮ મળીને કુલ ૨૮,૭૭૨ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી.

★ માંડવીમાં ૧૭ વર્ષથી કામ કરતી અંધ અપંગ માનવ કલ્યાણ સોસાયટી દ્વારા નિર્માણ પામતા છાત્રાલયનો શિલાન્યાસ કાર્યક્રમ યોજાયો હતો.

★ ભદ્રેશ્વર (તા. મુંદ્રા)ના સરપંચ - ઉપસરપંચના જણાવ્યા મુજબ ૧૪૫૦ એકર જમીન મીઠાના ઉત્પાદન માટે ૨૭ વ્યક્તિઓને મંજૂર કરવામાં આવી હતી ત્યારે ખરેખર ૨૫૦૦ એકર જેટલી જમીન આ કબજેદારો પાસે છે. આમ, ૧ હજાર એકર જેટલી કાંઠા વિસ્તારની જમીન પર દબાણ કરવામાં આવ્યું છે.

★ હાસ્યપ્રધાન શ્રેણીઓ દ્વારા મનોરંજન પીરસતી ટેલિવિઝનની 'સબ' ટી.વી. ચેનલ પર મૂળ કચ્છના કલાકાર 'ગુટરગુ' નામની દેશની પ્રથમ સાઈલન્ટ કોમેડી શ્રેણીમાં મહત્ત્વનું પાત્ર ભજવે છે, તેઓ મૂળ કોટડા (રોહા)ના વતની છે.

★ ૨૦૦ વર્ષથી ચાલી આવતી પરંપરા મુજબ અંજારમાં ધૂળેટીના દિવસે લગ્ને લગ્ને કુંવારા ઈશાકચંદ્રનો લગ્નોત્સવ ઉજવાયો હતો. જેમાં હિંદુ-મુસ્લિમોએ એકતા દર્શાવી ભાગ લીધો હતો. આ અગાઉ ઉડેલા કોમી તણખલાને લીધે શંકા હતી કે આ લગ્નોત્સવ ઉજવાશે કે કેમ?

★ જ્યાં શિક્ષણનો પ્રભાવ નહિંવત્ છે તે ખાવડા પંથકમાં રાજ્ય સરકારના કન્યા કેળવણીના પ્રયત્નો પછી આઝાદીના છ દાયકા પછી પહેલીવાર એક માલધારી પરિવારની દીકરીએ દસમા ધોરણની પરીક્ષા આપી હતી. ધોરડોના અગ્રણી મિંયા હુસેન ગુલબેગની આ પુત્રી હરીબાઈએ શિક્ષક બનવાની મહત્ત્વાકાંક્ષા વ્યક્ત કરી હતી.

★ ભુજની અદાણી જુથ સંચાલિત અદાણી ઈન્સ્ટિટ્યૂટ ઑફ મેડિકલ સાયન્સની કૉલેજને માન્યતા આપવાના ભાગરૂપે તપાસ કરવા આવેલી મેડિકલ કાઉન્સિલની ટીમે શૈક્ષણિક વર્ષ ૨૦૧૦-૧૧ના વર્ષમાં નવા પ્રવેશની કાર્યવાહી કરવા ઈન્કાર કરતાં આ કૉલેજ પર સંકટ તોળાઈ રહ્યું છે. કચ્છ મેડિકલ કૉલેજ લડત સમિતિ તરફથી દેખાવો કરી ભૂતિયા દર્દીઓ - તબીબો અને સવલતો ઊભી કરાયાના આક્ષેપો કરાયા હતા. જો એક માસની મુદતમાં કાઉન્સિલની જોગવાઈનું પાલન કરાશે તો ફરી તપાસની તૈયારી કાઉન્સિલે દાખવી હતી.

★ દિલ્હી ખાતે મુખ્ય કેન્દ્ર ધરાવતા ઈંદિરા ગાંધી રાષ્ટ્રીય મુક્ત વિશ્વ વિદ્યાલય (ઈગ્નૌ) દ્વારા જૂન - ડિસેમ્બર ૨૦૦૯માં લેવાયેલી માનવ સંશાધન વ્યવસ્થાપનના અનુસ્નાતક ડિપ્લોમા (પી.જી.ડી.એચ.આર.એમ.) કોર્સની પરીક્ષામાં ૮૩ ટકા ગુણ પ્રાપ્ત કરીને કચ્છી વિદ્યાર્થીની રુચિ જિતેન્દ્ર અધિકારી પ્રથમ ક્રમ મેળવ્યો છે. રુચિ મૂળ માંડવીની છે.

★ ગુજરાત અદાણી ઈન્સ્ટિટ્યૂટ ઑફ મેડિકલ સાયંસીસ સંચાલિત ભુજની મેડિકલ કૉલેજના સંચાલકોએ વિશ્વાસ વ્યક્ત કર્યો હતો તે મુજબ આગામી વર્ષે રાબેતા મુજબ પ્રવેશ પ્રક્રિયા હાથ ધરાશે. એમ.સી.આઈ.ના અહેવાલમાં દર્શાવેલ ખૂટતી કડીઓ ૧૫ દિવસમાં પૂરી કરાશે અને સાથે હોસ્પિટલમાં નવા સાધનો જ ગોઠવાશે.

★ મેઘરાજાની મહેરના પગલે આ વર્ષે કચ્છમાં માંડવી, ભુજ, અબડાસા તાલુકામાં રવિ પાક પેટે ઘઉંનું મોટાપાયે ઉત્પાદન થયું છે અને ખેતરોમાં પાક લહેરાઈ રહ્યો છે.

★ ભુજમાં પંદર દિવસનું કિન્નરો (વ્યંઢળો)નું સંમેલન મળ્યું હતું. જેમાં દેશભરમાંથી મોટી સંખ્યામાં વ્યંઢળો હાજર રહ્યા હતા.

★ કચ્છની દરિયાઈ ક્રીક વિસ્તારમાં - હરામીનાળા વિસ્તારમાં ફરી ત્રીજીવાર પાકિસ્તાની માછીમારી બોટ ભારતીય હદમાં ઘૂસી આવતાં સીમા સુરક્ષા દળના જવાનોએ વ્યાપક ગોળીબાર કરતાં આ માછીમારો ભાગી ગયા હતા.

★ રાજ્ય વિધાનસભામાં વનમંત્રીએ જણાવ્યું હતું તેમ રાજ્યમાં ઈકો ટુરિઝમના વિકાસ માટે ૨૨ જિલ્લામાં ૪૨ સાઈટોની પસંદગી કરવામાં આવી છે. જેમાં કચ્છના નારાયણ સરોવર અને ધોળાવીરાનો પણ સમાવેશ થાય છે.

★ ભુજની જથ્થાબંધ બજાર અંગેના કેસમાં ત્રણ અધિકારીઓ અને ત્રણ વ્યાપારીઓની ધરપકડ થઈ ચૂકી છે. હવે તપાસનીશ એજન્સી સી.આઈ.ડી. (ક્રાઈમ), જેમને દુકાનો ફાળવાઈ છે તેવા લાભાર્થીઓની પાત્રતા ચકાસશે.

***(નોંધ : તા. ૧૦-૩-૨૦૧૦ સુધી પ્રાપ્ત થયેલા સમાચાર આ વિભાગમાં લેવામાં આવ્યા છે. – સં.)***

*સી/૮૧, કર્મચારી નગર, વિભાગ-૧, રન્ના પાર્કની સામે, ઘાટલોડિયા, અમદાવાદ-૬૧. ફોન : (૦૭૯) ૨૭૪૮૫૮૧૨*

॥ ક્ષમા વીરસ્ય ભૂષણમ્ ॥

**રાયચંદ કાનજી ધુલ્લા પરિવાર - સુથરી**

"ધુલ્લા વિલા", બંગલા નં.-૨૦, ડ્રીમલેન્ડ સોસાયટી, જયશાસ્ત્રી નગર, એન.આર. હાઈલેન્ડ પાર્ક, મુલુંડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૨.
ફોન : ૨૫૯૨૪૪૪૬, ૨૫૬૨૪૫૪૪, ૨૫૯૧૪૫૪૪, ૬૬૩૪૩૫૭૭

# સમાજ દર્પણ

## સરનામા ફેરફાર

- **ચંદ્રકાંત બાબુભાઈ લોડાયા**
  એ-૧૦૩, કીર્તિસાગર એપાર્ટમેન્ટ, પ્રેરણાતીર્થ દેરાસર પાસે,
  જોધપુર ગામ રોડ, સેટેલાઈટ, અમદાવાદ-૩૮૦ ૦૧૫.
  મો. : ૯૩૨૮૦ ૧૭૫૧૮

## સગાઈ

- **રવિવાર, તા. ૭-૩-૨૦૧૦**
  **ડૉ. ધ્વનિ અનિલ શાહનંદ (અમદાવાદ - ડુમરા)**
  **ડૉ. મેહુલ રમેશ સાવલા (મુંબઈ - બેરાજા)**
- **રવિવાર, તા. ૭-૩-૨૦૧૦**
  **ગ્રીષ્મા હસમુખ લાલજી સાવલા (રામાણિયા - અમદાવાદ)**
  **નંદિશ હરખચંદ રતનશી ગાલા (છસરા - નવસારી)**

## લગ્ન

- **મંગળવાર, તા. ૧૬-૨-૨૦૧૦**
  **અનલ અમિતાબહેન રાજેશભાઈ રસિકલાલ ધરમશી**
  **અંજના શકુંતલાદેવી વીરસીંગ**

## અવસાન

- **સંઘવી કીર્તિલાલ ગેલચંદ** (ઉં.વ. ૭૨) (અમદાવાદ - સાંતલપુર)નું અમદાવાદ મધ્યે ગુરુવાર, તા. ૨૫-૨-૨૦૧૦ના રોજ દુઃખદ અવસાન થયેલ છે. તેઓશ્રીએ ચક્ષુદાન કરેલ છે. *સદ્‌ગતના આત્માના શ્રેયાર્થે પ્રાર્થના.*

## ભેટ – સાભાર સ્વીકાર

★ શ્રી ધીરજલાલ સ્વરુપચંદ શાહની ગુરુવાર તા. ૧૮-૩-૨૦૧૦ના દ્વિતીય પુણ્યતિથિ નિમિત્તે તેમના ધર્મપત્ની **વનિતાબહેન ધીરજલાલ શાહ** તરફથી મંગલ મંદિરને રૂા. ૫૦૧/- ભેટ મોકલી આપવામાં આવેલ છે. સમાજ તેનો સ્વીકાર કરે છે.

★ **શ્રી મહેશભાઈ કલ્યાણજી શાહ (માટુંગા - મુંબઈ)** તરફથી "સંકલ્પ"ને રૂા. ૫,૦૦૧/- તેની કોઈપણ પ્રવૃત્તિ (કાર્યક્રમ) માટે ભેટ મળેલ છે. જેનો સંકલ્પ સાભાર સ્વીકાર કરે છે.

## આવાસ યોજના – ફ્લેટોની ફાળવણી

આવાસ યોજનાના ફ્લેટોની ફાળવણી અંગે અમે મંગલ મંદિરના ફેબ્રુઆરી-૨૦૧૦ના અંકમાં વિસ્તૃત માહિતી આપેલ છે.

આ માહિતીના અનુસંધાને ટોટલ ૪૦ ફ્લેટ્સમાંથી નીચે મુજબની ફાળવણી, એ સમય સુધી કરવામાં આવેલ હતી.

| | |
|---|---|
| ૩૨ ફ્લેટ્સ | – પ્રસારિત કરેલ લિસ્ટ મુજબ ફાળવવામાં આવેલ. |
| ૨ ફ્લેટ્સ | – માત્ર રહેવાના ધોરણે ફાળવાયેલ |
| ૨ ફ્લેટ્સ | – ગૃહઉદ્યોગ માટે ફાળવવામાં આવેલ. |
| *૩૬ ફ્લેટ્સ* | |

ઉપરોક્ત ફાળવણી બાદ માર્ચ-૨૦૧૦ના મહિનામાં લેવાયેલ નિર્ણય અનુસાર બાકી રહેતા ૪ ફ્લેટ્સની ફાળવણી નીચે મુજબ કરવામાં આવેલ છે.

| | *નામ* | *ગામનું નામ* |
|---|---|---|
| ૧. | શ્રી રમણિકલાલ દામજી સાવલા | મોથારા |
| ૨. | શ્રી રવીન્દ્ર પ્રકાશ સૈયા | ગેલડા |
| ૩. | શ્રી સોમચંદ લક્ષ્મીચંદ લોડાયા | લાલા |
| ૪. | શ્રી અરવિંદભાઈ ખોડીલાલ કુબડિયા | દાત્રાણા |

તા. ૨૬-૧-૨૦૧૦ના રોજ ૩૨ ફ્લેટ માટે ડ્રો કરવામાં આવ્યા બાદ ફ્લેટ નંબર ૧૦૧, ૧૦૪, ૧૦૫ અને ૪૦૩ બાકી રહે છે. ઉપરોક્ત ૪ ફ્લેટ માટે આગામી કોઈ ફંકશનમાં બધાની વચ્ચે ડ્રો યોજવામાં આવશે. અને એ સમયે નવા નક્કી થયેલ ઉપરોક્ત ૪ નામોને ફ્લેટોની ફાળવણી કરવામાં આવશે.

જે લોકોએ ફ્લેટોની સામે નક્કી થયેલ એમાઉન્ટ મુજબ, જે કંઈ એમાઉન્ટ બાકી રહેતી હોય તે સત્વરે ભરી જવા વિનંતી કરવામાં આવે છે.

મ્યુનિસિપલ અને ચેરિટી કમિશનરની કાર્યવાહીમાં જરૂરી પ્રોગ્રેસ કરવામાં આવી રહેલ છે.

***પ્રતાપ નારાણજી દંડ***
***માનદ્ મંત્રી, શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ***

## ભક્તિ સંગીત

તા. ૧૦ જાન્યુઆરી, ૨૦૧૦ના યોજવામાં આવેલ ભક્તિ સંગીતના કાર્યક્રમમાં જે લોકો ઉપસ્થિત રહેલ હતા અને હજુ લગી આ સંગીત કાર્યક્રમની કેસેટ્સ જે લોકોએ શ્રી કચ્છી જૈન ભવન પરથી મેળવેલ નથી, તેઓને અપીલ કરવામાં આવે છે કે તેઓએ પોતાની કેસેટ્સ સત્વરે શ્રી કચ્છી જૈન ભવન પરથી મેળવી લેવી.

આ કેસેટ્સનું વિતરણ વિના મૂલ્યે કરવામાં આવી રહેલ છે.

***પ્રતાપ નારાણજી દંડ***
***માનદ્ મંત્રી, શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ***

*તકની એક ખાસિયત એ છે કે તે આવે તેના કરતાં તે જતી રહે ત્યારે તે મોટી લાગે છે.*

## બાળકને એક વર્ષ માટે વિદેશ મોકલશો? અને / અથવા આપને ઘરે એક વર્ષ માટે વિદેશી બાળક રાખશો?

ઈન્ટરનેશનલ કલ્ચરલ એક્સચેન્જ પ્રોગ્રામ હેઠળ વિદેશથી બાળક / બાળકી એક દેશથી બીજા દેશમાં એક વર્ષ માટે રહેવા જાય, તેવી વ્યવસ્થા www.afs.org વર્ષોથી કરે છે.

આપને પણ આપનાં દીકરો / દીકરીને એક વર્ષ માટે વિદેશમાં આપણા જેવા ફેમિલીમાં રહેવા માટે મોકલવામાં રસ હોય કે પછી વિદેશથી આવનાર દીકરા / દીકરીને આપના ઘરે એક વર્ષ માટે રાખવામાં રસ હોય, તો તે શક્ય છે.

આવું બાળક વર્ષ દરમ્યાન જે તે દેશની ભાષા, સંસ્કાર, સંસ્કૃતિ, ઈતિહાસ-ભૂગોળ, સામાજિક વ્યવસ્થા વગેરે વિશે શીખે છે, સ્કૂલ જાય છે, જેથી ઘણાં મિત્રો બનાવે છે.

અને હા! વિદેશ મોકલવાનો ખર્ચ થાય છે, જ્યારે પોતાના ઘરે બાળક / બાળકી રાખવાનો ખર્ચ મળતો હોતો નથી. આપણાં ઘરના લોકોની દૃષ્ટિ વિશાળ બને છે. ઘરના બાળકો વહેંચીને વાપરતા શીખે છે. તેવી રીતે ઘણા ફાયદાઓ છે.

***વધુ માહિતી માટે સંપર્ક કરો :***

ફાલ્ગુની હીરેન : મો. ૯૮૨૫૦ ૧૬૬૭૭

હીરેન શાહ : મો. ૯૮૨૫૦ ૧૩૭૧૫

## શિક્ષણ તથા ઇતર ડેવલપમેન્ટ સમિતિ

મંગલ મંદિરના માર્ચ-૨૦૧૦ના અંકમાં વર્ણવ્યા પ્રમાણે આ સમિતિએ ઘણાબધા વિદ્યાર્થીલક્ષી-વાલીલક્ષી અને સરવાળે પ્રવર્તમાન પરિસ્થિતિમાં સમાજલક્ષી પ્રશ્નોને વાચા આપવાનાં આયોજનો વિચારેલ છે. જેના વિચારો હવે વધુ વ્યવસ્થિત થયા હોવાથી અને આખીયે બ્લુ પ્રિન્ટ (રૂપરેખા) તૈયાર થઈ હોવાથી આપની સમક્ષ રજૂ કરવામાં આવી રહી છે.

આખાયે વર્ષ દરમ્યાન ચાલુ રહેનાર વિવિધ કાર્યક્રમોમાં નીચે મુજબ વિદ્યાર્થીઓ અને વાલીઓ માટેની પ્રવૃત્તિ આવરી લેવાશે.

**(એ) વિદ્યાર્થી / વિદ્યાર્થિનીઓ માટેની પ્રવૃત્તિઓ :**

સૌપ્રથમ વિદ્યાર્થીઓની ત્રણ ગ્રૂપમાં વહેંચણી કરાશે.

*આ વર્ષે ધોરણ-૧થી ૭ની પરીક્ષા આપી હોય તે - ગ્રૂપ એ*

*આ વર્ષે ધોરણ-૮થી ૧૦ની પરીક્ષા આપી હોય તે - ગ્રૂપ બી*

*આ વર્ષે ધોરણ-૧૧થી ઉપરનાં બધા જ વર્ષોની પરીક્ષા આપી હોય તે - ગ્રૂપ સી*

ગ્રૂપ-એ માટેની પ્રવૃત્તિઓનું આયોજન થોડાક સમય પછી જાહેર થશે.

- **ગ્રૂપ-બી માટેનાં બાળકોનાં કાર્યક્રમોનું આયોજન :**

૧. બધા જ બાળકોને રસ ધરાવતા વિષયોનું માર્ગદર્શન મળી રહે તે માટે એપ્ટિટ્યૂડ ટેસ્ટ.

૨. ટેસ્ટનો ઉપયોગ કરી યોગ્ય લાઈનમાં જવા માટેનું માર્ગદર્શન.

૩. દિશા શૂન્ય અથવા મૂંઝાતા (Confused) બાળકોનાં પ્રશ્નોને વાચા આપવાનું આયોજન.

૪. યોગ્ય દિશા મળી ગઈ હોય તેવા તબક્કે પહોંચ્યા પછીનું માર્ગદર્શન.

ટેન્શન - સ્ટ્રેસ - પ્રેશર ખાળવા માટે સાઈકોલોજિસ્ટ - કાઉન્સેલરની વ્યવસ્થા.

- **ગ્રૂપ-સી નાં બાળકો માટેનાં કાર્યક્રમોનું આયોજન**

૧. ધોરણ ૧૧-૧૨માં ભણતા વિદ્યાર્થીઓને તેમની પસંદગીના અભ્યાસક્રમની / કોલેજ યુનિવર્સિટીની માહિતી પૂરી પાડવાનું.

૨. કૉલેજમાં ભણનારા વિદ્યાર્થીઓને વ્યવસાયલક્ષી કોર્સીસનું માર્ગદર્શન.

૩. વ્યવસાય / નોકરી તરફ આગળ વધવા માટે રસ ધરાવનારને જનરલ નૉલેજ, ઈન્ટર્નશિપનું જ્ઞાન વર્કશોપ તથા જરૂરી ટ્રેઈનિંગ પૂરી પાડવાનું.

૪. ટેન્શન - સ્ટ્રેસ - પ્રેશર ખાળવા માટે કાઉન્સેલર – સાઈકોલોજિસ્ટની વ્યવસ્થા.

**(બી) વાલીઓ / સમાજ માટેની પ્રવૃત્તિઓ :**

૧. બાળકોને વધુ સારી રીતે કેમ ઉછેરવા? તેમને સમજવા તેમની સાથે કેમ વર્તવું તેની માહિતી આપવી.

૨. બાળકોને દેખાદેખીથી અથવા પોતાની મહત્ત્વાકાંક્ષાથી કે કોઈની દોરવણીથી જરૂર કરતાં વધુ પ્રેસર - દબાણ કરીને સ્ટ્રેસમાં ન રાખવા તેવી નવી સામાજિક જરૂરિયાતને ધ્યાનમાં લેવા વર્કશોપ, સેમિનાર, લેક્ચર, વાતચીત, ચર્ચાનું આયોજન.

૩. "બાળકો ભણતાં નથી, માત્ર ટી.વી. જ જુએ છે, ભણવામાં ધ્યાન આપતા નથી, સાંભળતા નથી અથવા ગંભીર નથી, સામે જવાબ આપે છે" વગેરે પ્રશ્નોની ભરમાળ હોવાથી વાલીઓનાં પ્રશ્નોને વાચા આપવા – સમજવા – સમજાવવા માટે સાઈકોલોજિસ્ટ – કાઉન્સેલરની વ્યવસ્થા.

આખાયે ઉપરોક્ત આયોજન માટે સમાજનાં દરેક કુટુંબનો સાથ-સહકાર જોઈશે જ. માટે સાથે બીડેલ ફોર્મની પૂરેપૂરી વિગત ભરીને મોકલવા વિનંતી છે.

***(જો આપના પાલ્યે અગાઉ ફોર્મ ભરેલ હોય, તો પણ ફરીવાર ભરી આપવા વિનંતી.)***

***તકની એક ખાસિયત એ છે કે તે આવે તેના કરતાં તે જતી રહે ત્યારે તે મોટી લાગે છે.***

# વિદ્યાર્થીઓ માટેની માહિતી / INFORMATION FOR STUDENTS

ધોરણ/STANDARD :

માધ્યમ/MEDIUM :

વિદ્યાર્થીનું નામ /
STUDENT'S NAME : ______________________________

| અટક SUR NAME | નામ NAME | પિતાનું નામ FATHER'S NAME | દાદાનું નામ GRAND FATHER'S NAME |
|---|---|---|---|

પૂરું સરનામું :
ADDRESS IN FULL ______________________________

ફોન / PHONE : ______________________________

ઈ-મેઈલ / E-MAIL : ______________________________

કચ્છમાં ગામ / VILLAGE IN KUTCH : ______________ તાલુકો / TALUKA : ______________

શાળાનું નામ / SCHOOL'S NAME : ______________________________

છેલ્લે કયું ધોરણ પાસ કર્યું? / WHICH STANDARD PASSED? ______________________________

મેળવેલ પરિણામ / PERCENTAGE ACHIEVED : ______________________________

૧. આપને ભણવામાં કયા વિષયો સૌથી વધારે ગમે છે?
WHICH SUBJECTS YOU LIKE THE MOST IN STUDIES?

૨. શાળામાં થતી કઈ પ્રવૃત્તિઓ / હરીફાઈમાં તમે ભાગ લો છો?
WHICH ARE THE ACTIVITIES / COMPETITIONS YOU TAKE PART IN SCHOOL?

૩. શાળામાંની પ્રવૃત્તિઓ સિવાય, અન્યત્ર કોઈ પ્રવૃત્તિ/હરીફાઈમાં ભાગ લીધો છે?
WHICH OTHER ACTIVITIES YOU TAKE PART, OTHER THAN YOUR SCHOOL?

૪. આપના ઘરે કયું અખબાર આવે છે અને તેનું તમે કેટલું વાંચન કરો છો?
WHICH NEWSPAPER YOU READ?

૫. ભણવામાં તમારો શો GOAL છે અને તેના માટે તમારી શી તૈયારી અને જાણકારી છે?
WHAT IS THE HIGHEST EDUCATION YOU WANT TO ATTAIN? HOW MUCH DO YOU KNOW ABOUT IT?

CUT FROM HERE

*પ્રાર્થનાની ખૂબી એ છે કે તે બધા પ્રલોભનો પર વિજય અપાવે છે.*

૬. આપને ભવિષ્યમાં શું બનવું છે?
WHAT DO YOU ASPIRE TO BECOME IN FUTURE?

________________________________________

________________________________________

૭. આપને કયો વ્યવસાય સૌથી વધુ ગમે?
WHICH PROFESSION / BUSINESS YOU LIKE THE MOST?

________________________________________

________________________________________

૮. આપના માતાશ્રી / પિતાશ્રીનો વ્યવસાય શું છે?
WHAT IS THE PROFESSION OF YOUR FATHER / MOTHER ?

________________________________________

________________________________________

૯. આપના ભવિષ્યના ઉચ્ચ શિક્ષણ માટે કોઈ મદદની અપેક્ષા ખરી? હા / ના? શું અપેક્ષા છે?
DO YOU EXPECT ANY HELP FOR YOUR BRIGHT STUDIES / FURTHER STUDIES / BRIGHT FUTURE? WHAT KIND OF HELP?

________________________________________

________________________________________

આપના માનીતા રોલ મોડેલ (આદર્શ વ્યક્તિ) કોણ છે?
WHO ARE YOUR ROLE MODELS?

________________________________________

________________________________________

શા માટે? WHY? ________________________________________

________________________________________

આપ વ્યક્તિત્વ વિકાસ માટે શું વાંચો છો?
WHAT DO YOU READ TO IMPROVE YOUR PERSONALITY?

________________________________________

________________________________________

આપને ભવિષ્યમાં ક્યાં સેટલ થવું (સ્થાયી થવું) / રહેવું ગમે?
WHERE WOULD YOU LIKE TO SETTLE IN FUTURE?

________________________________________

________________________________________

CUT FROM HERE

*પ્રાર્થના એટલે આત્માના અવાજને પરમાત્મા સુધી લઈ જનાર સંદેશાવાહક.*

CUT FROM HERE

- નીચેનામાંથી કયા વિષયો સૌથી વધુ ગમે?

WHICH OUT OF BELOW MENTIONED SUBJECTS, YOU LIKE THE MOST?

| | |
|---|---|
| ☐ ભણવું / EDUCATION | ☐ સીવણકળા / SEWING |
| ☐ રમતગમત / SPORTS | ☐ પાકશાસ્ત્ર (રસોઈ) / COOKERY |
| ☐ ચિત્રકળા / DRAWING/PAINTING | ☐ સાઈકોલોજી / PSYCHOLOGY |
| ☐ સંગીત (દેશી/વિદેશી) MUSIC - INDIAN/WESTERN | ☐ આર્કિટેક્ચર / ARCHITECTURE |
| ☐ કાર્ટૂન બનાવવા / CARI CATCHER | ☐ ઈતિહાસ / HISTORY |
| ☐ એનિમેશન / ANIMATION | ☐ ભૂગોળ / GEOGRAPHY |
| ☐ કોમ્પ્યુટર્સ / COMPUTER | ☐ હોટેલ મેનેજમેન્ટ/HOTEL MANAGEMENT |
| ☐ બોડી બિલ્ડિંગ / BODY BUILDING | ☐ બ્યુટીફિકેશન / BEAUTIFICATION |
| ☐ ફેશન / ડ્રેસ ડિઝાઈનિંગ / FASHION/DRESS DESIGNING | ☐ સમાજશાસ્ત્ર / SOCIAL STUDIES |
| ☐ ક્લાસીકલ/ફોક ડાન્સ / DANCE CLASSICAL / FOLK | ☐ વેસ્ટર્ન ડાન્સ / DANCE WESTERN |

ઉપર જણાવેલ સિવાયના અન્ય વિષયો / OTHERS : (NOT MENTIONED ABOVE)

________________________________

________________________________

- અત્યાર સુધીના જેટલા પણ ધોરણો પાસ કરેલ હોય તેના રિઝલ્ટની જાણકારી.

TILL NOW, WHAT HAVE BEEN YOUR EXAM RESULTS? PLEASE GIVE DETAILS.

ધોરણ-૫/Std.-5 __________ ધોરણ-૬/Std.-6 __________

ધોરણ-૭/Std.-7 __________ ધોરણ-૮/Std.-8 __________

ધોરણ-૯/Std.-9 __________ ધોરણ-૧૦/Std.-10 __________

ધોરણ-૧૧/Std.-11 (સાયન્સ / કોમર્સ) / (Science / Commerce) __________

ધોરણ-૧૨/Std.-12 (સાયન્સ / કોમર્સ) / (Science / Commerce) __________

ધોરણ-૧૨ પછીનો અભ્યાસ / Education after Std.-12 :

________________________________

________________________________

________________________________

________________________________

________________________________

________________________________

*જે સ્વભાવે નિર્દોષ ન હોય તે ભક્ત ન હોઈ શકે.*

## કચ્છમાં ઇઝરાયલ પ્રકારની 'બારઇ ખારેક'

માંડવી વિભાગના માજી ધારાસભ્ય શ્રી છબીલદાસભાઇ પટેલે કચ્છમાં ઇઝરાયલથી 'બારઇ' જાતની ખારેકના રોપા મંગાવી તેનું વાવેતર સેંકડો એકર જમીનમાં આજથી ૪ વર્ષ અગાઉ શરૂ કરેલ છે.

આ રોપા સારા એવા વિકાસ પામેલ છે અને તેના પર ચાલુ વર્ષ દરમ્યાન ખારેકનો મબલખ પાક થવાની ગણતરી છે. આ ખારેક બજારમાં જુલાઇ મહિનાના પહેલા અઠવાડિયામાં આવે તેવી ધારણા છે.

શ્રી છબીલદાસભાઇ પટેલ સાથે વાત થયા મુજબ તેઓશ્રી આ ખારેકનું અમદાવાદ ખાતે વિશાળ પ્રમાણમાં વિતરણ કરવાની ગણતરી રાખે છે.

આ ખારેક નીચે મુજબની પદ્ધતિએ વિતરણ કરવાની તેમની ગણતરી છે.

| | | |
|---|---|---|
| ૧ કિલો પેકિંગ | - | રૂા. ૧૧૦/- |
| ૫૦૦ ગ્રામ પેકિંગ | - | રૂા. ૬૦/- |
| ૨૫૦ ગ્રામ પેકિંગ | - | રૂા. ૩૫/- |

જેઓ પોતાને ત્યાં આ ખારેક મંગાવી, વાજબી નફો લઇ, તેના વિતરણની વ્યવસ્થા કરવા ઇચ્છતા હોય, તેઓએ શ્રી છબીલદાસભાઇ પટેલનો મોબાઇલ નંબર ૯૪૨૭૨-૮૮૯૯૯ પર સંપર્ક સાધવો.

## અંગ્રેજી શીખો

ધોરણ-૧૦ તથા ધોરણ-૧૨ની પરીક્ષાઓ પૂરી થયેલ છે. શાળાની પણ પરીક્ષાઓ પૂરી થયેલ છે. હાલે ઉનાળુ વેકેશન ચાલુ છે.

આ વેકેશનનો સદુપયોગ અનેક રીતે થઈ શકે.

એક પ્રકાર છે હળવે હૈયે અંગ્રેજી લખતા-વાંચતા શીખવાનો.

આ માટે સમાજના જ એક સભ્ય શ્રી શાંતિલાલ વ. શાહે અંગ્રેજી શીખવવાની જવાબદારી સ્વીકારેલ છે.

આ વર્ગોનો / ટ્યૂશનોનો કોઈ પણ પ્રકારનો ચાર્જ લેવામાં આવશે નહીં. અંગ્રેજી વિનામૂલ્યે શીખવવામાં આવશે.

જેઓએ અંગ્રેજી લખતા-વાંચતા શીખવું હોય તેઓ નીચેના સરનામે શ્રી શાંતિભાઈનો સંપર્ક સાધી શકશે.

***શ્રી શાંતિલાલ વ. શાહ***<br>
૨૬, પંકજ સોસાયટી,<br>
ભઠ્ઠા, પાલડી, અમદાવાદ.<br>
સમય : સવારમાં ૯.૦૦થી ૧૨.૦૦<br>
ફોન : ૨૬૬૦ ૭૫૦૨

સહુ બાળકોને ઉપરોક્ત ટ્યૂશનનો લાભ લઈ, ઉનાળુ વેકેશનનો સદુપયોગ કરવા અપીલ કરવામાં આવે છે.

***પ્રતાપ નારાણજી દંડ***<br>
***માનદ્ મંત્રી, શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ***

## ગૃહ ઉદ્યોગ માટે તાલીમી કેન્દ્ર

મંગલ મંદિરના માર્ચ-૨૦૧૦ના અંકમાં ગૃહઉદ્યોગ માટે શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ, એક તાલીમી કેન્દ્ર શરૂ કરવા માંગે છે તેવી જાહેરાત કરવામાં આવેલ હતી.

આ જાહેરાતના અનુસંધાને જરૂરી તાલીમી કેન્દ્રમાં ભાગ લેવા સમાજના કેટલાક સભ્યોએ અમને લેખિતમાં જાણ કરેલ છે.

ઉપરોક્ત હકીકતના અનુસંધાને 'સેન્ટર ફોર ઈન્ટરપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ - ગાંધીનગર'ના સહકારથી શ્રી કચ્છી જૈન ભવન - પાલડી પર એક માહિતી કેમ્પ યોજવાનું નક્કી કરવામાં આવેલ છે.

આ માહિતી કેમ્પમાં કયા પ્રકારના ગૃહ ઉદ્યોગો શરૂ કરી શકાય તેની માહિતી આપવામાં આવશે. તદુપરાંત જે કોઈ સભ્યને જે પ્રકારના ગૃહ ઉદ્યોગોની માહિતી જોઈતી હશે તે પ્રકારના ગૃહ ઉદ્યોગની માહિતી પણ આપવામાં આવશે.

કેમ્પની વિગત નીચે મુજબ છે.

*તારીખ : રવિવાર, તા. ૨૫-૪-૨૦૧૦*<br>
*સમય : બપોરના ૩.૦૦ વાગ્યાથી*<br>
***સ્થળ : શ્રી કચ્છી જૈન ભવન, પાલડી, અમદાવાદ.***

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના કોઈ પણ સભ્ય આ કેમ્પમાં ભાગ લઈ શકશે.

જેઓ આ કેમ્પમાં ભાગ લેવા ઈચ્છતા હોય તેઓએ પોતાના નામ વેળાસર શ્રી કચ્છી જૈન ભવન પર નોંધાવી દેવા વિનંતી કરવામાં આવે છે.

એક ઘરમાંથી પુખ્ત વયની એક કરતાં વધુ વ્યક્તિ આ કેમ્પમાં ભાગ લઈ શકશે.

જેઓ ગૃહ ઉદ્યોગ ચલાવતા હોય અથવા તો હવે પછી શરૂ કરવાની ધારણા રાખતા હોય, તેઓ સહુને આ કેમ્પમાં ભાગ લેવા અપીલ કરવામાં આવે છે.

***પ્રતાપ નારાણજી દંડ***<br>
***માનદ્ મંત્રી, શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ***

## ક્ષણમાં જીવવું

ક્ષણમાં જીવવું એનો અર્થ એ કે પ્રત્યેક ક્ષણમાં અસ્તિત્વનો આનંદ લેવો. આપણે જે કાર્ય કરતા હોઇએ તે મય બની રહેવું. એ કાર્યમાં આપણી સમગ્ર ચેતના રેડી દેવી. એ રીતે કાર્ય કરવાથી કાર્યનો આનંદ મળે છે. ચેતનાના વિકાસનો આનંદ મળે છે.

ક્ષણમાં જીવવું એનો બીજો અર્થ એ કરી શકાય કે આપણે જ્યાં હોઇએ ત્યાંજ પૂરેપૂરા હોવું. આપણું સમગ્ર અસ્તિત્વ અખંડપણે એ જ સ્થળે હોય. ત્યારે આપણે એ ક્ષણમાં પૂરેપૂરાં જીવતાં હોઇએ છીએ.

ક્ષણમાં જીવવું એનો ત્રીજો અર્થ એ કરી શકાય કે એ જ કાલખંડમાં પૂરેપૂરા હોવું. એ ક્ષણમાં જ સમગ્ર અસ્તિત્વથી હોવું.

*તકની એક ખાસિયત એ છે કે તે આવે તેના કરતાં તે જતી રહે ત્યારે તે મોટી લાગે છે.*

# તબીબી સેવા સમિતિ – મેડિકલ સેન્ટર

## આધુનિક સોનોગ્રાફી મશીન

શ્રી કચ્છી જૈન ભવન સ્થિત મેડિકલ સેન્ટરને નીત નીત રીતે આધુનિક બનાવવાના પ્રયાસો સતતપણે ચાલુ રાખવામાં આવ્યા છે, જેના કારણે આ સેન્ટરમાં સેવા લેવા આવનારના પરીક્ષણ, અદ્યતન મશીન, સાધન-સામગ્રીથી ચોક્કસપણે થઈ શકે અને ઝડપી ઈલાજ માટે અગ્રતાક્રમે રહેવાય.

ઉપરોક્ત ઉદ્દેશથી જૂના સોનોગ્રાફી મશીનનાં સ્થાને તાજેતરમાં અંદાજિત રૂા. ૧૧.૫૦ લાખના ખર્ચે એક નવું "સોનાગ્રાફી મશીન - કલર ડોપ્લર મશીન" વસાવવામાં આવ્યું છે.

- **સોનોગ્રાફી – કલર ડોપ્લર મશીનથી વધારાની સુવિધાઓ :**
  - ★ હાર્ટના ઈકો
  - ★ લોહીની નસોનું બારીકાઈથી નિરીક્ષણ થઈ શકશે.
  - ★ બારીક સ્ટોન વગેરેનું તાત્કાલિક પરીક્ષણ.
  - ★ સોનોગ્રાફી સંબંધી તમામ પરીક્ષણો ચોક્કસ રીતે.
  - ★ આ બધા કારણથી રોગનું ઝડપી નિદાન અને સચોટ ઈલાજ.

આ "સોનોગ્રાફી મશીન"ના ઉદ્‌ઘાટન કાર્યક્રમની વિગત નીચે મુજબ છે.

*દિનાંક : શનિવાર, તા. ૧૦-૪-૨૦૧૦*

*સમય : સવારના ૧૦.૦૦ કલાકે*

*સ્થળ : શ્રી કચ્છી જૈન ભવન પરનું મેડિકલ સેન્ટર*

*ઉદ્‌ઘાટક : શ્રી શાંતિલાલ રામજી ગાલા – નવનીત પબ્લિકેશન્સ (ઈન્ડિયા) લિ. (નવનીત મેડિકલ સેન્ટરના દાતાશ્રી)*

આ સમયે સમાજના સહુ ભાઈ-બહેનોને ઉપસ્થિત રહેવા ભાવભર્યું નિમંત્રણ છે.

**ડૉ. ચંદ્રકાંત કાનજી દેઢિયા**
**કન્વીનર - તબીબી સેવા સમિતિ**
**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

**પ્રતાપ નારાણજી દંડ**
**માનદ્ મંત્રી**
**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

***નોંધ : શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદે છેલ્લા અંદાજિત બે વર્ષમાં મેડિકલ સેન્ટરના વિવિધ વિભાગોમાં નીચે મુજબના આધુનિક સાધનો વસાવ્યા છે. જેના કારણે આ સેન્ટરની સેવાનું ધોરણ ઉત્તરોત્તર વધતું રહ્યું છે.***

| *વિભાગ* | *મશીનનું નામ* | *મશીન/સાધનની અંદાજિત કિંમત* |
|---|---|---|
| લેબોરેટરી | ઓટોએનાલાઈઝર | રૂા. ૭,૦૦,૦૦૦ |
| ડેન્ટલ (દાંત) ક્ષેત્રમાં ઓર્થોડેન્ટલ વિભાગ | ઓર્થો ડેન્ટલ ચેર અને સાધન સામગ્રી | રૂા. ૧,૦૦,૦૦૦ |
| ફિઝિયોથેરાપી | ટી.એમ.ટી. મશીન | રૂા. ૫૦,૦૦૦ |
| | રેકમન્ટેડ બાઈક | રૂા. ૧૬,૦૦૦ |
| | મસલ ટોનર | રૂા. ૩૨,૫૦૦ |
| | ઈએક્સ-બાઈક | રૂા. ૬,૫૦૦ |
| એક્સ-રે | ડિજિટલ એક્સ-રે મશીન | રૂા. ૧૪,૦૦,૦૦૦ |

## તબીબી સેવા સમિતિ – અસહ્ય દુઃખાવાની સારવાર (પેઈન ક્લિનિક)

કમરનો દુઃખાવો, સાંધાનો દુઃખાવો, સ્નાયુના દુઃખાવા, આધાશીશી, કેન્સરનો દુઃખાવો, નાના બાળકોને જન્મથી રહેલી ખોડખાંપણથી પગ જકડાઈ જવાની તકલીફો – આવા અનેક પ્રકારના દુઃખાવાની સારવાર માટે શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના મેડિકલ સેન્ટર વિભાગમાં **'પેઈન ક્લિનિક'** નામનો એક નવો વિભાગ શરૂ કરવામાં આવેલ છે. જરૂરિયાત મુજબ સૌને આ વિભાગની સેવા લેવાના લાભ માટે અપીલ કરવામાં આવે છે.

આ વિભાગના નિષ્ણાત ડૉ. હેમાક્ષીબહેન અંતાણી દર મંગળવારે અને શનિવારે સવારમાં ૯.૦૦થી ૧૦.૦૦ દરમ્યાન મળી શકશે.

***કન્વીનર - તબીબી સેવા સમિતિ***
***શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ***

*તકની એક ખાસિયત એ છે કે તે આવે તેના કરતાં તે જતી રહે ત્યારે તે મોટી લાગે છે.*

# લાઈબ્રેરી સમિતિ

## પુસ્તક કરતાં વધુ સારો મિત્ર કોઈ નથી

*વોર્નર હાઈઝનબર્ગ ૧૯ વર્ષના હતા ત્યારે તેઓ એક શાળામાં ચોકીદારની નોકરી કરતા હતા. તેમની આર્થિક સ્થિતિ સારી ન હતી, પરંતુ તેઓ ભણવાના શોખીન હતા. આથી અહીં-તહીંથી પુસ્તકોની વ્યવસ્થા કરી પોતાના જ્ઞાનમાં વધારો કરતા રહેતા હતા. એક દિવસ શાળામાં કામ દરમિયાન તેમણે પ્રખ્યાત ફિલોસોફર પ્લેટોનું થિમેથસ નામનું પુસ્તક હાથ લાગ્યું. જેમાં પ્રાચીન યુનાનના પરમાણુ સંબંધિત સિદ્ધાંતો આપવામાં આવ્યા હતા. આ પુસ્તકને વાંચતાં-વાંચતાં વાર્નરને ભૌતિક વિજ્ઞાનમાં એટલો રસ જાગ્યો કે તેણે એ વિષયમાં કંઈક કરી છૂટવાનો નિર્ણય કર્યો. તેઓ નિરંતર અભ્યાસ કરતા રહ્યા અને વિવિધ પરીક્ષાઓ પાસ કરતા રહ્યા. ૨૩ વર્ષની ઉંમરે પોતાની અભૂતપૂર્વ પ્રતિભાના બળે તેઓ ગોટિંજેનમાં પ્રોફેસર મેક્સ પ્લાંકના મદદનીશ તરીકે નિમાયા. ત્યારબાદ તેમણે ક્યારેય પાછા વળીને જોયું નથી. પોતાના ૨૪મા વર્ષમાં તો તેઓ કોપનહેગનની યુનિવર્સિટીમાં વ્યાખ્યાતા બની ચૂક્યા હતા. ૨૬ વર્ષની ઉંમરે તેઓ લીપજિંગમાં પ્રોફેસરપદે નિમાયા. ૩૨ વર્ષની ઉંમરે પહોંચતાં-પહોંચતાં છેલ્લાં છ-સાત વર્ષોના તેમના સંશોધનોના આધારે તેમને ભૌતિક વિજ્ઞાનમાં અસાધારણ યોગદાન બદલ નોબેલ પુરસ્કાર આપવામાં આવ્યો. આ રીતે એક પુસ્તકે એક ચોકીદારને માત્ર કેટલાંક વર્ષોમાં જ નોબેલ પુરસ્કાર વિજેતા બનાવી દીધો. કથાનો સાર એ છે કે પુસ્તકો કરતાં સારો મિત્ર કોઈ નથી હોતો. પુસ્તકો વ્યક્તિના જ્ઞાનમાં વધારો જ નથી કરતા, પરંતુ તેના રસ અનુકૂળ યોગ્ય માર્ગદર્શન કરીને લક્ષ્ય સુધી પહોંચવાનું મહત્ત્વનું કાર્ય પણ કરે છે.*

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની શ્રી કચ્છી જૈન ભવન પરની લાઈબ્રેરી વિશે મંગલ મંદિરના માર્ચ-૨૦૧૦ના અંકમાં વિગતે સમાચાર આપવામાં આવેલ હતા.

એ સમાચાર પ્રસારિત થયા પછી અનેક સભ્યો આ લાઈબ્રેરીના મેમ્બર બન્યા છે. સમાજના ઘરોમાંથી મોટી સંખ્યામાં સભ્યો આ લાઈબ્રેરીના મેમ્બર થાય અને પોતાને ત્યાં વાંચવા માટેની વિવિધ બુક્સ મંગાવે તેવી અપેક્ષા રાખવામાં આવે છે. તા. ૩૦-૪-૨૦૧૦ સુધી જરૂરી સભ્યો નોંધાઈ ગયા બાદ લાઈબ્રેરીની બુકો ઘરે ઘરે વાંચવા માટે પહોંચાડવાની વ્યવસ્થા શરૂ કરવામાં આવશે.

આ યોજનાનો લાભ લેવા સહુને અપીલ કરવામાં આવે છે.

***કન્વીનર - લાઈબ્રેરી સમિતિ***
***શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ***

**જ્ઞાન**

*'જે જ્ઞાનનો જીવનમાં કશો જ ઉપયોગ નથી એ જ્ઞાનની પાછળ પડવું નહીં.'* - *ગાંધીજી*

# પુરસ્કાર સમિતિ

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ તરફથી અભ્યાસ કરતા બધા જ વિદ્યાર્થીઓને પરીક્ષા માટે Best of Luck.

આપણો સમાજ અમદાવાદ - ગાંધીનગરમાં અભ્યાસ કરનાર દરેક વિદ્યાર્થીને સમાજના નિયમાનુસાર પુરસ્કાર આપીને સ્વામિવાત્સલ્યના દિવસે પુરસ્કૃત કરે છે. ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ (બંને પ્રવાહ)માં ૮૦% ઉપર ટકા લાવનાર વિદ્યાર્થીઓમાં સમાજમાં પ્રથમ ક્રમાંકે આવનાર વિદ્યાર્થીનું સ્વામિવાત્સલ્યના દિવસે સન્માનપત્ર તેમજ વિશિષ્ટ પુરસ્કાર સ્ટેજ પર આપીને સન્માનિત કરી પ્રોત્સાહિત કરવામાં આવે છે.

પરિવર્તન એ સમાજનો અને મનુષ્યનો એક નિયમ છે. જે સમાજ અને સમાજના સભ્યો પરિવર્તનશીલ હશે, તે સમાજની પ્રગતિ ઉત્તરોત્તર જોવા મળશે. (જેનો ગ્રાફ ૪૫ અંશને ખૂણે જ આગળ વધે છે.)

આવું જ પરિવર્તન પુરસ્કાર સમિતિએ કરેલ છે. આ વર્ષે ૨૦૧૦થી વિદ્યાર્થીઓને સન્માનિત કરવા માટે ૧૫મી ઓગસ્ટે "સરસ્વતી સન્માન"નો કાર્યક્રમ કરવાનું નક્કી કર્યું છે. તે દિવસે ધોરણ-૮ અને તેથી ઉપરના વર્ગમાં અભ્યાસ કરનાર વિદ્યાર્થીઓને પુરસ્કાર આપીને પુરસ્કૃત કરવામાં આવશે.

ધોરણ બાળવર્ગથી ધોરણ-૭ સુધીના પાસ થનાર દરેક વિદ્યાર્થીઓને સ્વામિવાત્સલ્યના દિવસે પુરસ્કાર આપીને પુરસ્કૃત કરવામાં આવશે.

આ માટેના ફોર્મ જૂન મહિનાના મંગલ મંદિરના અંકમાં મોકલવામાં આવશે.

ઉપર મુજબની માહિતીની દરેક સભ્યોએ નોંધ લેવી અને આપણા સમાજના સ્વજનોને તેની જાણ કરવી. જેથી દરેક સભ્યો સુધી આ માહિતી પહોંચે અને તેનો લાભ મેળવી શકે.

***પંકજ મેઘજી ગોગરી, કન્વીનર - પુરસ્કાર સમિતિ***

# ગર્લ્સ હોસ્ટેલ

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના ટ્રસ્ટ મંડળે નક્કી કર્યા અનુસાર અમદાવાદ ખાતે એક ગર્લ્સ હોસ્ટેલનો પ્રોજેક્ટ હાથ પર લેવાની પ્રક્રિયા અત્યારે ચાલુ છે.

સહુ પ્રથમ એક પ્રોજેક્ટ રિપોર્ટ તૈયાર કરવામાં આવેલ છે કે જે અનુસાર ૧૦૮ વિદ્યાર્થિનિને રહેવા માટે જરૂરી રૂમો, કીચન, ડાઈનિંગ, લાઈબ્રેરી, કોમ્પ્યુટર રૂમ વગેરેની સગવડતાવાળું અંદાજિત ૨૦,૦૦૦ ચો. ફૂટના બાંધકામવાળું એક મકાન ઊભું કરવાનું રહેશે કે જેના માટે અંદાજિત ૧૨૦૦ ચો.વારના પ્લોટની જરૂરિયાત રહે છે.

હોસ્ટેલ માટે અનુકૂળ પ્લોટની જાહેરાત લોકલ વર્તમાનપત્રમાં આપવામાં આવેલ હતી અને તેના અનુસંધાને ઑફર કરવામાં આવેલ અનેક પ્લોટોની ચકાસણી ચાલુ રાખવામાં આવેલ છે.

યોગ્ય પ્લોટ નક્કી થયે આગળની કાર્યવાહી ચાલુ કરવામાં આવશે.

***કન્વીનર - ગર્લ્સ હોસ્ટેલ સમિતિ***

*તકની એક ખાસિયત એ છે કે તે આવે તેના કરતાં તે જતી રહે ત્યારે તે મોટી લાગે છે.*

# યુવા વિકાસ સમિતિ

યુવા મિત્રો, કેમ છો? મજામાં કે ટેન્શનમાં? કદાચ પરીક્ષાની તૈયારીઓને કારણે ટેન્શનમાં હશો પણ છોડો આ ટેન્શન, ને બોલો "All is Well." કાવ્ય સ્પર્ધા અને વાર્તા સ્પર્ધાને સારો પ્રતિસાદ સાંપડ્યો છે. પોતાની રચનાઓ મોકલનાર સર્વેનો આભાર. માર્ચ માસના મંગલ મંદિરમાં આપની પાસેથી ટેલેન્ટ ડેટા મંગાવેલ પણ હજી ખૂબ જ ઓછા મિત્રોએ પોતાનો ટેલેન્ટ ડેટા મોકલાવેલ છે. (કદાચ પરીક્ષાને કારણે) જો આપે હજી આપનો ટેલેન્ટ ડેટા ન મોકલાવેલ હોય તો સત્વરે મોકલાવી આપશો. આપ આપના ટેલેન્ટ ડેટાની સાથે સાથે વર્ષ દરમિયાન કરેલ રક્તદાનની વિગત પણ અમને મોકલાવી આપો તે માટે જાહેર કરીએ છીએ એક નવી ઈનામી યોજના.

## "બુક સેલ્ફ" રક્તદાન પારિતોષિક યોજના

શું આપ નિયમિત રીતે રક્તદાન કરો છો? છેલ્લા એક વર્ષમાં આપે કેટલીવાર (દર ત્રણ માસ બાદ કરી શકાય તે હિસાબે વધુમાં વધુ ૪ વખત) ને કોને માટે રક્તદાન કરેલ છે તેની વિગત અમોને લખી મોકલાવજો. આપ નીચે મુજબની વિગત અમોને લખી મોકલાવજો.

આપનું નામ, ઉંમર, ટેલિફોન - મોબાઈલ નંબર, અત્યાર સુધી આપે કુલ કેટલીવાર રક્તદાન કરેલ છે (જો યાદ હોય તો) છેલ્લા વર્ષ દરમિયાન ૧-૪-૦૯થી ૩૧-૩-૧૦ સુધી આપે કેટલીવાર (તારીખ યાદ હોય તો તે સાથે) કોના માટે (વ્યક્તિ માટે કે કોઈ રક્તદાન શિબિરમાં) રક્તદાન કરેલ છે તે તમામ વિગતો એક પાના ઉપર લખીને અમોને તા. ૨૫-૪-૨૦૧૦ સુધીમાં મોકલી આપવા અપીલ કરવામાં આવે છે.

આપશ્રી શા માટે નિયમિત રક્તદાન કરો છો કે આપને રક્તદાન કરવું શા માટે ગમે છે તેનો જવાબ પાંચ-સાત વાક્યોમાં લખી નીચેના સરનામે મોકલી આપવા વિનંતી.

**કન્વીનરશ્રી, યુવા વિકાસ સમિતિ**
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ
શ્રી કચ્છી જૈન ભવન, પાલડી,
અમદાવાદ.

કવર ઉપર **"રક્તદાન"** લખવું જરૂરી છે.

***કન્વીનર - યુવા વિકાસ સમિતિ***

## સ્ટડી ટૂર - ઉદ્યોગોની મુલાકાત

યુવા વિકાસ સમિતિએ ઉનાળુ વેકેશન દરમ્યાન અનેક કાર્યક્રમો યોજવાનું નક્કી કરેલ છે. તે અનુસાર એક કાર્યક્રમ ઉદ્યોગ જગતની મુલાકાત અંગેનો રાખવામાં આવેલ છે.

સહુ પ્રથમ નીચે મુજબના બે કચ્છી ઉદ્યોગ ગૃહોની મુલાકાત લેવાનું આયોજન ગોઠવવામાં આવેલ છે.

૧. નવનીત પબ્લિકેશન્સ (ઇન્ડિયા) લિ. - દંતાલી

૨. યુનિક ટેગ પ્રા. લિ. - ચાંગોદર

આ કાર્યક્રમ રવિવાર, તા. ૨૫-૪-૨૦૧૦ના યોજવામાં આવનાર છે.

કાર્યક્રમમાં ભાગ લેનાર સહુ પ્રથમ રવિવાર તા. ૨૫-૪-૨૦૧૦ના સવારમાં શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે એકત્રિત થશે. પાલડીથી સવારમાં ૯.૦૦ વાગે રવાના થઈ યુનિક ટેગ પ્રા.લિ. ફેક્ટરી - ચાંગોદર પર ૯.૩૦ વાગે પહોંચવામાં આવશે. આ યુનિટના નિરીક્ષણમાં અંદાજિત ૨ કલાક જેટલો સમય જશે.

બપોરના ભોજન બાદ દંતાલી ખાતે આવેલ નવનીત પબ્લિકેશન્સના યુનીટની વિઝિટ લેવામાં આવશે. આ યુનીટના વિઝિટનો સમય બપોરના ૨.૦૦થી ૪.૦૦નો નક્કી કરવામાં આવેલ છે.

ટ્રાન્સપોર્ટની વ્યવસ્થા યુવા વિકાસ સમિતિ તરફથી કરવામાં આવનાર છે.

વધુમાં વધુ ૨૦ની સંખ્યામાં યુવકોને લઈ જવાનું નક્કી કરવામાં આવેલ છે. વહેલા તે પહેલાના ધોરણે નામો લેવામાં આવશે. આ કાર્યક્રમનો ખર્ચ યુવા વિકાસ સમિતિ દ્વારા ઉઠાવવામાં આવશે. ૧૫ કે તેથી ઉપરની વયજૂથના બાળકો તથા યુવાનો આ કાર્યક્રમમાં ભાગ લઈ શકશે.

આ સ્ટડી ટૂરમાં ભાગ લેવા ઈચ્છનારે શ્રી કચ્છી જૈન ભવન પરના કાઉન્ટર પર રૂા. ૧૦૦/- ડિપોઝીટ ભરી પોતાના નામો નોંધાવવાના રહેશે. કાર્યક્રમમાં ભાગ લેનારને ડિપોઝીટ પરત આપવામાં આવશે. જ્યારે પોતાનું નામ નોંધાવી, ટૂરમાં ન જોડાનાર વ્યક્તિની ડિપોઝીટ ફોરફીટ કરવામાં આવશે.

યુનિક ટેગ પ્રા.લિ.નું યુનીટ ચાંગોદર ખાતે આવેલ છે. તેઓ આધુનિક મશીનરી દ્વારા વિવિધ પ્રકારના લેબલ્સ, લાખોની સંખ્યામાં બનાવે છે. આ લેબલ્સ શર્ટ વગેરે પર વપરાય છે. વિશ્વની પ્રખ્યાત બ્રાંડો વેન હુસેન, એરો, ઍલન સોલી, ક્યુટોન્સ, મેકમિલર જેવી કંપનીઓ તેમની પાસેથી આ પ્રકારના લેબલ્સનો ઓર્ડર આપી, પોતાનો માલ તૈયાર કરાવડાવે છે.

નવનીત પબ્લિકેશન્સ હવે માત્ર સ્કૂલ ગાઈડના ક્ષેત્રે નથી રહ્યું. તેઓએ અનેક બાજુએથી ડાઈવર્સિફીકેશન આદરી પોતાનો વિકાસ જારી રાખેલ છે. તેઓ વિવિધ ક્ષેત્રના પુસ્તકો પબ્લિશ કરે છે અને હવે તેઓ સ્ટેશનરી મેન્યુફેક્ચરિંગના ક્ષેત્રે પણ અગ્રીમ ભાગ ભજવે છે.

આપણા સમાજના આ બે પ્રતિષ્ઠિત ઉદ્યોગ ગૃહોને નજદીકથી જાણવા - માણવાનો આ એક લ્હાવો છે. સ્પેશિયલ સંજોગોમાં જ આ ઉદ્યોગ ગૃહોની મુલાકાત લઈ શકાય છે. સામાન્ય પરિસ્થિતિમાં આ ઉદ્યોગ ગૃહોની મુલાકાત લેવાની પરમિશન મેળવવી ખૂબ જ કઠિન કાર્ય છે.

*તકની એક ખાસિયત એ છે કે તે આવે તેના કરતાં તે જતી રહે ત્યારે તે મોટી લાગે છે.*

અમને આશા છે કે સમાજના બાળકો તથા યુવાનો તેઓને સાંપડેલ આ તકનો જરૂરથી ફાયદો ઉઠાવશે.

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની યુવા વિકાસ સમિતિ આ બંને ઉદ્યોગગૃહોએ દાખવેલ સૌજન્ય બદલ તેમનો આભાર માને છે.

***કન્વીનર - યુવા વિકાસ સમિતિ***
***શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ***

***નોંધ*** : વહેલા તે પહેલાના ધોરણે ૨૦ નામો આવી ગયા બાદ જો વધુ નામો નોંધાશે તો આ પ્રકારની ટૂર ફરી રવિવાર તા. ૨-૫-૨૦૧૦ના યોજી શકાશે.

## પબ્લિક સ્પિકીંગ તથા પર્સનાલીટી ડેવલપમેન્ટ વર્કશોપ-૨૦૧૦

આજના સ્પર્ધાત્મક યુગમાં દરેક મા-બાપ તથા સંતાન ઈચ્છે છે કે પોતાનો પાલ્ય / પોતે બીજા કરતા બે ડગલાં આગળ રહે. સ્કૂલ - કૉલેજમાં મેળવાતા જ્ઞાનમાં સ્પર્ધા તો છે જ પણ એનાથી પણ આગળ વધીને જ્યારે વાસ્તવિક દુનિયામાં પગ મૂકવાનો વારો આવે છે ત્યારે ખબર પડે છે કે "કંઈક" ખૂટે છે. આ કંઈક એટલે "આત્મવિશ્વાસ", આ કંઈક એટલે પોતાની જાતને અને પોતાની વાતને અસરકારક રીતે લોકો સમક્ષ રજૂ કરવી, આ કંઈક એટલે બીજા કરતાં થોડું વિશેષ જ્ઞાન ધરાવતા હોવાની લાગણી, આ કંઈક એટલે હજારો લોકોની વચ્ચે પોતાની અભિવ્યક્તિ જોરદાર રીતે કરવી અને સાથે સાથે વિવિધ વિષયોનું બહોળું જ્ઞાન હોવું.

નેપોલિયન બોનાપાર્ટ, ધીરુભાઈ અંબાણી, મહાત્મા ગાંધી કે પછી નરેન્દ્ર મોદી — આ તમામ લોકો હજારો લોકોને પોતાના વશમાં કરી શક્યા કારણકે તેઓ હજારો લોકોને પોતાની વાત આત્મવિશ્વાસપૂર્વક સમજાવી શક્યા.

શ્રી કચ્છી જૈન સેવા સમાજની યુવા વિકાસ સમિતિએ આપણા સમાજના યુવાનો તથા ભવિષ્યના નાગરિકોના ઉજળા ભવિષ્ય માટે, તેઓને આત્મવિશ્વાસથી ભરપૂર બનાવવા માટે ૧૧ દિવસનાં એક વર્કશોપનું આયોજન કરેલ છે. આ વર્કશોપમાં રોજના ૩ કલાક નિષ્ણાતો દ્વારા નીચે મુજબ માર્ગદર્શન આપવામાં આવશે.

★ ***પોતાની વાત લોકો સમક્ષ કેવી રીતે રજૂ કરવી.***
★ ***વાતને અસરકારક કેવી રીતે બનાવવી.***
★ ***આપેલ સમય મર્યાદાને (૨ મિનિટથી ૨ કલાક) અનુરૂપ પોતાનું વક્તવ્ય કેવી રીતે રજૂ કરવું.***
★ ***પોતાના વ્યક્તિત્વમાં જરૂરી ફેરફાર કરી વિકાસ કેમ કરવો તેનું માર્ગદર્શન.***
★ ***શરૂઆત કેવી રીતે કરવી અને અંત કેવો હોવો જોઈએ.***
★ ***એન્કરિંગ (ઉદ્‌ઘોષક) કેવી રીતે કરવું.***
★ ***વક્તવ્ય દરમિયાન જુદી જુદી પરિસ્થિતિમાં કેવી રીતે વર્તવું વગેરે વગેરે.... બાબતો આવરી લેવામાં આવશે.***

આ ઉપરાંત પર્સનાલિટી ડેવલપમેન્ટના અલગ અલગ (વિવિધ) વિષયો જેવા કે ટાઈમ મેનેજમેન્ટ, મૅનર્સ અને એટીકેટ વગેરેનું પણ માર્ગદર્શન આપવામાં આવશે.

● **આ વર્કશોપ કોના માટે?**

★ ***જેમને પોતાનો આત્મવિશ્વાસ વધારવો છે.***
★ ***પોતાના ક્ષેત્રમાં આગળ આવવું છે.***
★ ***ઉંમર ૧૫ વર્ષ કે ધોરણ-૮થી ઉપરના તમામ.***
★ ***પ્રવેશ વહેલા તે પહેલાના ધોરણે. (મર્યાદિત બેઠકોને કારણે)***

***સમય*** : ***સાંજના ૫.૩૦થી ૮.૩૦***
***તારીખ*** : ***૯-૫-૨૦૧૦થી શરૂ.***
***સ્થળ*** : ***શ્રી કચ્છી જૈન ભવન, પાલડી.***
***વર્કશોપની ફી*** : ***શ્રી કચ્છી જૈન સેવા સમાજના સભ્યોના પરિવારજનો માટે ફક્ત રૂા. ૨૫૦/-***
***સંપર્ક સૂત્ર*** : ***નવીન લાલકા ૯૩૭૭૭ ૪૨૪૨૧***
***વિશાલ શાહ ૯૪૨૮૩ ૫૦૦૩૮***
***શીલ્પિબહેન શાહ ૨૬૬૨૦૧૯૯, ૯૩૨૭૦ ૧૪૬૨૫***

આપના નામ તા. ૩૦-૪-૨૦૧૦ સુધી રૂા. ૨૫૦/- ફી ભરી, સવારે ૧૦ થી ૬ દરમ્યાન શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ઉપર નોંધાવી શકશો. વહેલા તે પહેલાના ધોરણે.

***તા.ક.*** : ઉપરોક્ત કાર્યક્રમમાં સંજોગોવશાત્ કોઈ ફેરફાર કરવો પડે તો યુવા વિકાસ સમિતિ જરૂરિયાત મુજબ ફેરફાર કરી શકશે.

***કન્વીનર - યુવા વિકાસ સમિતિ***
***શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ***

## અભિનંદન

## સ્વર સાધના રત્ન પંડિત લક્ષ્મીકાંત દોશી

મૂળ કચ્છ તેરાના જૈન સપૂત પંડિત લક્ષ્મીકાંત સાકરચંદ દોશી કે જેઓ ગુજરાતના એકમાત્ર સરોદવાદક છે. જેઓએ દેશ વિદેશમાં સંઘર્ષી-સ્પર્શી સ્ફોટાત્મક શૈલીથી સંગીત ક્ષેત્રે પોતાની આગવી પ્રતિભા ઊભી કરી છે, તેઓને મુંબઈ સ્થિત "સ્વર સાધના સમિતિ" જે છેલ્લા ૪૫ વર્ષથી સંગીતના વિવિધ ક્ષેત્રે કાર્યરત કલાકારોને "સ્વર સાધના રત્ન" ઍવૉર્ડથી સન્માનિત કરવાનું કાર્ય કરી રહેલ છે, એ સ્વર સાધના સમિતિએ ૨૦૧૦ના વર્ષ માટે જુદા જુદા જે છ (૬) સંગીત કલાકારોનું બહુમાન કર્યું તેમાંના એક પંડિત લક્ષ્મીકાંત સાકરચંદ દોશી (મહિયર ઘરાના - જોધપુર રાજકોટ)નું પણ આ વિશિષ્ટ ઍવૉર્ડથી બહુમાન કરી સન્માનિત કરેલ છે.

પંડિત લક્ષ્મીકાંત દોશીને આ પૂર્વે સૂરમણિ ઍવૉર્ડ (મુંબઈ) પ્રાપ્ત થયેલ છે. ઉપરાંત ગુજરાત રાજ્યની સાહિત્ય અકાદમી દ્વારા "ગુજરાત ગૌરવ" ઍવૉર્ડથી સન્માનિત કરવામાં આવેલ છે.

પંડિત લક્ષ્મીકાંત દોશી દેશ વિદેશમાં કાર્યક્રમો આપે છે. ઉપરાંત રેડિયો - ટી.વી. ઉપર પણ પોતાની આગવી કલાનું પ્રસારણ પણ કરે છે.

***તકની એક ખાસિયત એ છે કે તે આવે તેના કરતાં તે જતી રહે ત્યારે તે મોટી લાગે છે.***

## સંગીત વૃંદ

અગાઉથી જાહેરાત કરાયા અનુસાર શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનું એક "સંગીત વૃંદ" ઊભું કરવા ઈચ્છનાર સભ્યોની એક મિટિંગ રવિવાર તા. ૨૧-૩-૨૦૧૦ના સવારમાં ૯.૦૦ વાગે શ્રી કચ્છી જૈન ભવન પર મળેલ હતી કે જેમાં શ્રીમતી ચંદ્રિકા દેઢિયા, શ્રીમતી છાયા ખાંડવાલા, શ્રીમતી વર્ષા સંઘવી, શ્રીમતી પ્રિયા ખોના, શ્રીમતી અસ્કા શાહ, શ્રી સંજય સંઘવી તથા શ્રી સુગમ વોરા ઉપસ્થિત રહેલ હતા. સમાજના શ્રી અશોક મહેતા તથા શ્રી હરખચંદ સાવલા પણ ઉપસ્થિત રહેલ હતા. આ મિટિંગમાં જેઓ ઉપસ્થિત રહેલ હતા તેઓએ ગીત ગાનાર વ્યક્તિ અને સાધનો વગાડનાર વ્યક્તિઓ અંગે વિગતવાર ચર્ચા કરેલ હતી. શ્રી સુગમ વોરા કેશિયો સારી રીતે વગાડી શકે છે. આવતી મિટિંગમાં તબલા વાદક, ફ્લુટ વગાડનાર તથા મંજીરા વગેરેના જાણકારને પણ તેઓ આ વૃંદમાં જોડાવા માટે લઈ આવશે તેવું તેમણે જણાવેલ હતું.

ચર્ચા-વિચારણાના અંતે રવિવાર તા. ૨૮-૩-૨૦૧૦ના બધા જ પ્રકારના વાજિંત્રો સાથે ગાવાની પ્રેક્ટિસ શરૂ કરી દેવાનું વિચારવામાં આવેલ હતું. દર અઠવાડિયે એક વખત પ્રેક્ટિસ અંગે મળવાનું પણ નક્કી કરવામાં આવેલ હતું.

- **સંગીત વૃંદ સ્થાપવાનો ઉદ્દેશ :**

૧. સમાજની વ્યક્તિઓમાં સંગીત ક્ષેત્રે જે આવડત કુદરતે બક્ષેલીછે, તેને બહાર લાવવી.

૨. સમાજના ઉગતા કલાકારોને સ્ટેજ પૂરું પાડવું.

- **સંગીત વૃંદનો ધ્યેય :**

સમાજના સારા - માઠા પ્રસંગે 'સંગીત વૃંદ' તાલબદ્ધ ગાઈ શકે અને કોઈ પણ વાદ્ય વગાડી શકે. પ્રસંગો એટલે કોઈની જન્મ દિવસની પાર્ટી, લગ્ન ગીત, સાંજીના ગીતો, પૂજા કે પ્રાર્થના એમ દરેક પ્રકારના પ્રસંગે આ વૃંદ તૈયાર હોય.

ઉપરોક્ત ઉદ્દેશ અને ધ્યેયને નજર સમક્ષ રાખીને, ફરી જાહેરાત કરવામાં આવે છે કે આપ સુંદર કંઠ ધરાવતા હો અથવા તો કોઈ વાદ્ય સારી રીતે વગાડી શકતા હો તો અચૂકપણે આ સંગીત વર્તુળમાં સામેલ થવા તૈયાર થઈ જાવ.

***ચંદ્રિકા દેઢિયા***

## વિવિધ પારિતોષિક તેમજ હરીફાઈ યોજનાઓ

મંગલ મંદિરના ડિસેમ્બર-૨૦૦૯ તથા જાન્યુઆરી-૨૦૧૦ના અંકમાં વિવિધ પારિતોષિક તેમજ હરીફાઈ યોજનાઓની વિગતો પ્રસારિત કરવામાં આવેલ હતી.

આ પ્રકારના ૩૨ યોજનાઓમાંથી ૨૯ યોજનાના દાતાશ્રીઓના નામ મંગલ મંદિરના જાન્યુઆરી-૨૦૧૦ના અંકમાં પ્રસારિત કરવામાં આવેલ હતા.

એક યોજનાના દાતાશ્રીનું નામ મંગલ મંદિરના ફેબ્રુઆરી-૨૦૧૦ના અંકમાં પ્રસારિત કરવામાં આવેલ હતું.

બાકી રહેતી બે યોજના માટે પણ અમદાવાદ સમાજ સ્થિત દાતાશ્રીઓના નામ આવી ગયેલ છે કે જેમની વિગત નીચે મુજબ છે.

- શ્રી રામજી વેલજી સાવલા વાનગી હરીફાઈ (મિષ્ટાન્ન) (મહિલાઓ માટે)... રૂા. ૫,૦૦૦/- (વાર્ષિક)
- શ્રી ગૂર્જર પરિવાર બ્યૂટી હરીફાઈ... રૂા. ૨,૫૦૦/- (વાર્ષિક)

આ રીતે બધી જ ૩૨ યોજનાઓના દાતાશ્રીઓના નામ મેળવવામાં આ સમાજ સદ્‌ભાગી થયેલ છે.

સમાજ બધા જ દાતાશ્રીઓનો આભાર માને છે.

આ નામ પ્રમાણેની યોજના વર્ષ ૨૦૦૯-૨૦૧૦થી આવતા ૫ વર્ષ લગી ચાલુ રહેશે.

જે તે સમિતિને વિનંતી કરવામાં આવે છે કે પોતાની સમિતિના ભાગે આવતી પારિતોષિક યોજના અથવા તો હરીફાઈ યોજનાના આયોજનો સત્વરે પૂરા કરી, વિજેતાઓના નામો કચ્છી જૈન ભવન પર મોકલી આપે.

જે તે હરીફાઈના દાતાશ્રીઓને હરીફાઈના સમયે ઉપસ્થિત રાખવા જરૂરી છે.

***પ્રતાપ નારાણજી દંડ***
***માનદ્ મંત્રી, શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ***

## ચક્ષુદાન - અવયવ દાન સમિતિ

### પ્રભુને પણ ગમે છે એજ

આપણા સમાજના શ્રી કીર્તિભાઈ ગેલચંદ કેવળદાસ સંઘવી (ગામ - સાંતલપુર)એ તા. ૨૫-૨-૨૦૧૦ના રોજ ચીરવિદાય લીધી. સ્વર્ગસ્થના મૃત્યુ સમય દરમ્યાન ચક્ષુદાન - અવયવદાન સમિતિના સભ્ય ડૉ. કેતન શાહ અને શ્રી નવીન લાલકાના પ્રયત્નોથી એમના કુટુંબીજનોએ એમના ચક્ષુદાન કરવા સંમતિ આપી અને સમયસર ચક્ષુદાન થઈ ગયું. એમના કુટુંબીજનોની આંખ ઉઘડી ગઈ કહેવાય.

ચક્ષુદાન - અવયવદાન સમિતિ અને સમગ્ર કચ્છી સમાજ એમના સત્કર્મને બિરદાવે છે.

*ચક્ષુદાન થકી*
*બીજાના જીવનમાં જે પાથરે છે તેજ,*
*બસ... પ્રભુને પણ ગમે છે એજ.*

આપણે સૌ તો ખૂબ સમજદાર છીએ. તો પછી સાથે સાથે એટલું પણ સમજી લઈએ કે આપણા મૃત્યુ પછી આપણા સ્વજનો ચક્ષુદાન તો કરવાના જ છે. તો પછી આપણી જાતે હમણાં જ નિર્ણય લઈ આપણે જ આપણો ઈરાદો જાહેર કેમ ના કરવો?

***તો, ચાલો ભરીએ ચક્ષુદાનનું ફોર્મ***
***અને બીજાને પણ પૂરું પાડીએ પ્લેટફોર્મ.***

***કમલેશભાઈ બાબુભાઈ શાહ***
***કન્વીનર, ચક્ષુદાન-અવયવદાન સમિતિ***

*તકની એક ખાસિયત એ છે કે તે આવે તેના કરતાં તે જતી રહે ત્યારે તે મોટી લાગે છે.*

## વયસ્ક સમિતિ દ્વારા યોજાયેલ પિકનિક / યાત્રા પ્રવાસ

આ સમિતિ દ્વારા તા. ૨૩-૨-૨૦૧૦ અને ૨૪-૨-૨૦૧૦ એમ બે દિવસ શ્રી અજિતશાંતિ તીર્થ - માઉન્ટ આબુ - પાવાપુરી - સિરોહી - ભેરૂતારક - જીરાવલ્લા પાર્શ્વનાથ - અંબાજી - કુંભારિયાજી વગેરે સ્થળે પિકનિક / યાત્રા પ્રવાસ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. તેમાં ૬૦ જેટલા વડીલોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

તા. ૨૩-૨-૨૦૧૦ના રોજ ટુ બાય ટુ — બે બસ દ્વારા પાલડી ભવનથી સવારે ૫.૩૦ વાગે પ્રવાસનો પ્રારંભ થયો હતો. ત્યારબાદ પ્રથમ બસમાં શ્રી રમણિકભાઈ ગોસર અને શ્રીમતી સરલાબહેન શાહે તેમજ બીજી બસમાં શ્રીમતી લીલાવંતીબહેન ભારાણી અને શ્રી ભવાનજીભાઈ નાગડાએ નવકાર મંત્રની ધૂન - ભક્તામર સ્તોત્ર - રત્નાકર પચ્ચીસી અને વિવિધ સ્તવનો દ્વારા ભક્તિનો માહોલ ઊભો કરેલ હતો. જ્યારે અન્ય પ્રવાસીઓએ આ ગીતો ઝીલીને વાતાવરણ આહલાદક બનાવેલ હતું.

સવારે ૮.૩૦ વાગે સૌ અજિતશાંતિ તીર્થધામ બ્રાહ્મણવાડા પહોંચ્યા. ત્યાં દર્શન કરી સૌએ નવકારશીનો લાભ લીધો.

અજિતશાંતિ તીર્થેથી પ્રસ્થાન કરી સૌએ માઉન્ટ આબુ તરફ પ્રયાણ કર્યું. પ્રથમ બસમાં શ્રી રજનીભાઈ પારેખે વિવિધ કોયડાઓ પૂછીને, જોક્સ કહીને અને પત્તાથી હાઉસી રમાડીને સૌને આનંદથી તરબોળ કર્યા હતા, તો બીજી બસમાં પોપટલાલ ધરોડ, ભોગીલાલ શાહ, કે.ડી. શાહ, ભવાનજીભાઈ નાગડા વગેરેએ જૈન ધર્મના તત્ત્વજ્ઞાનની ગહન ચર્ચા કરેલ હતી.

સવારે ૧૧.૩૦ વાગે અમો માઉન્ટ આબુ પહોંચ્યા. ત્યારે દરેક વડીલોને તેમના જમાનામાં પાંચમા/છઠ્ઠા ધોરણમાં કવિશ્રી દલપતરામની ભણેલી કવિતા યાદ આવી ગઈ અને મનમાં ગુનગુનાવા લાગ્યા :

*"ભલે દૂરથી દેખતાં દિલ ભાવ્યો,*
*ચઢી આકાશમાં મેહ આવ્યો*
*મહા સ્વાદુ મળે મિષ્ટ મેવો*
*દીઠો આજ આબુ ગિરિરાજ એવો."*

આવા ગિરિરાજ પર પહોંચીને સૌ વસ્તુપાળ - તેજપાળ નિર્મિત દેલવાડાના દહેરામાં ભગવાન શ્રી આદિનાથની પૂજા - અર્ચના કરી બપોરે દેલવાડાની ભોજનશાળામાં ભોજન આરોગીને, વામકુક્ષી કરી. બપોરે ૩.૩૦ વાગે ચા-કોફીને ન્યાય આપી સર્વે નખ્ખી તળાવની સહેલગાહે ઉપડ્યા. નખ્ખી તળાવની સહેલગાહ કરી યુવાનીની મોજ માણવા અને ઢળતી સાંજે અસ્તાચળના ખોળે બિરાજતા રવિ નારાયણના દર્શન કરતાં કરતાં સર્વે માનપુર આવ્યા. ત્યાં આદીશ્વર ભગવાન અને દુનિયાભરમાં અલૌકિક એવી દેવી માતા પદ્માવતીની મૂર્તિના દર્શન કરી સૌએ ચૌવિહારનો લાભ લીધો.

માનપુરથી પ્રસ્થાન કરી રાત્રે ૭.૩૦ વાગે સૌ પાવાપુરી તીર્થે પહોંચ્યા. ત્યાં જઈ સૌપ્રથમ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથની સાંધ્ય ભક્તિમાં સૌ જોડાયા. ત્યાં સુધી સમિતિના મેમ્બરોએ સૌને રૂમોની ફાળવણી કરી સામાનની યોગ્ય વ્યવસ્થા કરી.

તા. ૨૪-૨-૧૦ના રોજ વહેલી સવારના ખુશનુમા વાતાવરણમાં પૂજા દર્શન કરી સૌએ નવકારશી કરી ઉદરતૃપ્તિ કરી. સવારે ૯.૩૦ વાગે પાવાપુરીથી પ્રસ્થાન કરી સૌ શિરોહી ગામે આવ્યા. ત્યાં પ્રભુ ૐકાર પાર્શ્વનાથના દર્શન કર્યા અને દહેરાસરજીમાં રચેલા યંત્રો જોઈને આશ્ચર્યચકિત થયા. ત્યાંથી સૌ ભેરૂતારક આવ્યા. આબુની તળેટીની ગોદમાં આવેલા આ જિનાલયે સૌના મન હરી લીધા. ત્યાંથી સૌ જીરાવલ્લા આવ્યા. પ્રભુ પાર્શ્વનાથની પૂજા કરી બપોરે ત્યાં ભોજન લીધું. થોડીવાર વામકુક્ષી કરી સૌએ દંતાણી તીર્થે પ્રસ્થાન કર્યું. ત્યાં શ્રી સીમંધર સ્વામી - અચલગચ્છ પ્રભુજી અને દાદાવાડીના દર્શન કરી ચા-કોફીને ન્યાય આપી સૌ કુંભારિયાજી તીર્થે આવ્યા. કુંભારિયાજી તીર્થે દર્શન કરી, ચૌવિહાર કરી માતા અંબાજીના દર્શન કરી રાત્રે ૧૨.૦૦ વાગે સૌ અમદાવાદ પરત ફર્યા. રસ્તામાં બસમાં અંતાક્ષરીની રમઝટ, કચ્છી લગ્ન ગીતો અને વિવિધ વ્યક્તિઓની મિમિક્રીથી સૌ આનંદમાં તરબોળ થયા હતા.

આ યાત્રા પ્રવાસ માટે નીચેની વ્યક્તિઓએ પોતાની સ્પોન્સરશિપ જાહેર કરી હતી :

- શ્રી કાંતિભાઈ વેલજી સાવલા રૂા. ૧૫,૦૦૦/-
- શ્રી એક સદ્ગૃહસ્થ રૂા. ૧૧,૦૦૦/-
- શ્રીમતી જ્યોતિબહેન શાહ રૂા. ૫,૦૦૦/-
- શ્રી ભોગીલાલ છગનલાલ શાહ રૂા. ૪,૦૦૦/-
- શ્રીમતી શાંતાબહેન પોપટલાલ ધરોડ રૂા. ૨,૫૦૦/-
- શ્રીમતી હંસાબહેન સાવલા રૂા. ૨,૫૦૦/-
- શ્રીમતી ઈંદુબહેન જાદવજી શાહ રૂા. ૨,૫૦૦/-

આ સ્પોન્સરશિપ આપનાર વ્યક્તિઓમાં શ્રીમતી શાંતાબહેન પોપટલાલ ધરોડ, શ્રીમતી હંસાબહેન સાવલાનું તથા શ્રીમતી ઈન્દુબહેન શાહનું બહુમાન કરવામાં આવ્યું. આ સિવાયના અન્ય દાતાઓએ પોતાનું બહુમાન ન કરાવવાની ઈચ્છા વ્યક્ત કરતાં સમિતિને તેમનું બહુમાન કરવાનો લાભ મળ્યો ન હતો.

શ્રી ધનસુખભાઈ પટવાએ રૂા. ૧૦/-નું સંઘપૂજન કર્યું હતું.

રાત્રે છૂટા પડતાં સૌ વ્યક્તિઓએ આ પ્રોગ્રામની સરાહના કરી હતી તે સાંભળીને સમિતિના કાર્યકરોનો ઉત્સાહ ખૂબ જ વધી ગયો હતો.

આ પ્રવાસને સફળ બનાવવા સૌ યાત્રામાં ભાગ લેનાર પ્રવાસીઓનો, આર્થિક સહયોગ આપનારા દાતાઓનો અને સમિતિના મેમ્બરોનો હું ખૂબ જ આભારી છું.

***રજનીકાંત પારેખ, કન્વીનર - વયસ્ક સમિતિ***

*તકની એક ખાસિયત એ છે કે તે આવે તેના કરતાં તે જતી રહે ત્યારે તે મોટી લાગે છે.*

## વયસ્ક સમિતિનો આગામી કાર્યક્રમ

વયસ્ક સમિતિ તરફથી તા. ૧૭-૪-૨૦૧૦ને શનિવારના રોજ એક કાર્યક્રમ શ્રી કચ્છી જૈન ભવન પાલડી ખાતે સાંજે ૪.૩૦ વાગે યોજવામાં આવેલ છે.

<u>*કાર્યક્રમની વિગત*</u>

૧. વક્તૃત્વ સ્પર્ધા

વિષયો : (૧) મારા જીવનનો યાદગાર પ્રસંગ

(૨) માતૃભાષા અને વિદેશી ભાષા.

ભાગ લેનારમાંથી વિજેતાઓને ઈનામ આપવામાં આવશે. ભાગ લેનારે પોતાના નામ રજનીભાઈ પારેખ (મો. ૯૮૯૮૦ ૫૩૫૨૧) પાસે અથવા પાલડી ભવન (ફોન : ૨૬૫૭૮૮૯૨, ૨૬૫૭૭૪૬૮, ૨૬૫૮૨૦૬૦) ઉપર સવારે ૯.૩૦થી ૧૨.૩૦ દરમ્યાન નોંધાવવા વિનંતી.

૨. વિવિધ પ્રકારની રમતો.

૩. હાઉસી.

૪. ભોજન લઈ સૌ છૂટા પડીશું.

## મહિલા ઉત્કર્ષ સમિતિ

### શ્રીમતી પ્રભાબહેન કાંતિલાલ વેલજી સાવલા વાનગી હરીફાઈ (ફરસાણ)નો અહેવાલ

ઉપરોક્ત યોજનાના નેજા હેઠળ મહિલા ઉત્કર્ષ સમિતિ તરફથી ગુરુવાર, તા. ૧૮-૩-૨૦૧૦ને બપોરના ૩.૦૦ વાગે "ઝટપટ જૈન ફરસાણ"ની હરીફાઈ યોજવામાં આવેલ હતી. આ હરીફાઈના સમયે લગભગ ૬૦ જેટલી બહેનો ઉપસ્થિત રહેલ હતી અને તેમાંથી ૨૪ બહેનોએ આ સ્પર્ધામાં ભાગ લીધો હતો. જજ તરીકે શ્રીમતી સુમિરા શાહ ઉપસ્થિત રહેલ હતા.

હરીફાઈમાં ભાગ લેનાર બહેનો, વાનગી એટલી સરસ બનાવીને લાવ્યા હતા કે તેમની વચ્ચે વિજેતા બહેનો નક્કી કરવા ખૂબ જ કઠિન કાર્ય બની રહેલ હતું. ટેસ્ટ, ડેકોરેશન તથા પોષક તત્ત્વોને ધ્યાનમાં લઈને નીચે મુજબ વિજેતાઓને જજશ્રી તરફથી જાહેર કરવામાં આવેલ હતા.

*પ્રથમ વિજેતા : શ્રીમતી જ્યોત્સનાબહેન ગોગરી*

*દ્વિતીય વિજેતા : શ્રીમતી લક્ષ્મી પ્રીતેશ શાહ*

*તૃતીય વિજેતા : શ્રીમતી જયશ્રી વિજય ખોના*

*ચતુર્થ વિજેતા : શ્રીમતી નયના જય ગોગરી*

ઉપરોક્ત દરેક બહેનોનું દાતાશ્રી પ્રભાબહેનના વરદ્ હસ્તે સન્માન કરવામાં આવેલ હતું.

હરીફાઈમાં ભાગ લેનાર દરેક બહેનને આશ્વાસન ઈનામ આપવામાં આવેલ હતા.

મહિલા ઉત્કર્ષ સમિતિના કાર્યક્રમમાં હજુ પણ વધુ સંખ્યામાં બહેનો પધારે તો દરેકનો ઉત્સાહ જળવાઈ રહે અને આપણે આથી પણ વિશેષ સુંદર કાર્યક્રમોનું આયોજન ગોઠવી શકીએ.

***વસુમતી પી. હરિયા,***
***કન્વીનર - મહિલા ઉત્કર્ષ સમિતિ***

## મહિલા ઉત્કર્ષ સમિતિ – આગામી કાર્યક્રમ

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની મહિલા ઉત્કર્ષ સમિતિના નેજા હેઠળ નીચે મુજબના કાર્યક્રમો ગોઠવવામાં આવેલ છે.

### ૧. રામજી વેલજી સાવલા વાનગી હરીફાઈ (મિષ્ટાન્ન)

આ સ્પર્ધામાં ભાગ લેનાર બહેનોએ બે કોપીમાં રેસીપી લખીને લાવવાની રહેશે. સ્પર્ધામાં ભાગ લેનાર બહેનોએ રેસીપી પર પોતાનું નામ લખવાનું રહેશે નહીં. દરેક બહેનોની રેસીપી લેતી વખતે ટોકન નંબર આપવામાં આવશે.

### ૨. શ્રીમતી વિમળાબહેન શિરીષભાઈ કોરડિયા મહેંદી હરીફાઈ

આ સ્પર્ધામાં ભાગ લેનાર બહેનોએ મહેંદીનો કોન ઘેરથી બનાવીને લઈ આવવાનો રહેશે. કોન બનાવતી વખતે કોઈપણ પ્રકારની ડેકોરેટીવ વસ્તુ વાપરવાની રહેશે નહીં. એરોબિક મહેંદી પણ ચાલી શકશે નહીં. સ્પર્ધામાં ભાગ લેનાર બહેનોએ કોઈ પણ સ્થળે પોતાના નામ લખવાના રહેશે નહીં.

ઉપરોક્ત બંને સ્પર્ધામાં ભાગ લેનાર બહેનોએ પોતાના નામ તા. ૧૫-૪-૨૦૧૦ સુધીમાં નીચે દર્શાવેલ નામમાંથી કોઈ પણ એક સ્થળે નોંધાવી દેવાના રહેશે.

*શ્રીમતી માલાબહેન શાહ : ૨૪૭૧ ૩૭૪૬*

*શ્રીમતી વર્ષાબહેન હરિયા : ૨૬૯૨ ૩૫૫૧*

*શ્રીમતી પ્રફુલ્લાબહેન ગોગરી : ૨૬૬૪ ૧૬૯૦*

આ બંને કાર્યક્રમમાં અમદાવાદ - ગાંધીનગર સ્થિત કોઈ પણ કચ્છી જૈન મહિલા ભાગ લઈ શકશે. આ કાર્યક્રમમાં ભાગ લેનારને અથવા તો ઉપસ્થિત રહેનારને કોઈ પણ પ્રકારનો ચાર્જ ભરવાનો રહેતો નથી.

આ કાર્યક્રમમાં ખૂબ જ મોટી સંખ્યામાં બહેનો ઉપસ્થિત રહે તેવી અપીલ કરવામાં આવે છે.

આ યોજનાના દાતાશ્રી બહેનોને તથા તેમના કુટુંબની બહેનોને ઉપસ્થિત રહેવા ભાવભર્યું નિમંત્રણ પાઠવવામાં આવે છે.

*કાર્યક્રમનું સ્થળ* : શ્રી કચ્છી જૈન ભવન, પાલડી

*તારીખ* : મંગળવાર, તા. ૨૦-૪-૨૦૧૦

*સમય* : બપોરના ૩.૦૦થી ૫.૦૦

***વસુમતી પી. હરિયા, કન્વીનર - મહિલા ઉત્કર્ષ સમિતિ***

*પંજાબના સંતાસિંઘે શ્વાસ લીધા વગર ૧૫ કલાક પાણીમાં રહીને વર્લ્ડ રેકોર્ડ બનાવ્યો!*

*આજે પૂરા ધામધૂમથી તેના અંતિમ સંસ્કાર કરવામાં આવ્યા!*

*તકની એક ખાસિયત એ છે કે તે આવે તેના કરતાં તે જતી રહે ત્યારે તે મોટી લાગે છે.*

# વૈયાવચ્ચ સમિતિ

શ્રી કચ્છી જૈન સેવા સમાજ-અમદાવાદના એક સભ્ય શ્રી **રસિકલાલ મોરારજી અદેસિંગ વોરા (અમદાવાદ-ભરૂડિયા)**એ ગત તા. ૩-૩-૨૦૧૦ના સંસ્થા દ્વારા ચલાવાતી વૈયાવચ્ચ પ્રવૃત્તિમાં રૂા. ૫૧,૦૦૦/- નું દાન આપેલ છે.

શ્રી રસિકભાઇને ધન્યવાદ

***પદમશી ચત્રભુજ ડાઘા***
***કન્વીનર-વૈયાવચ્ચ સમિતિ***

# સમાજ સુરક્ષા સમિતિ

## અગત્યની જાહેરાત

## આકસ્મિક મૃત્યુના વીમા

'મંગલ મંદિર'ના નવેમ્બર-૨૦૦૯ના અંકમાં નવા સભ્યો વગેરેના પરિવારની એક વ્યક્તિના લેવાયેલ વીમાના નામો આપેલ હતા.

આમાં જે પરિવારોમાં અવસાન થયા હોય એવા પરિવારોના અન્ય વ્યક્તિઓના લેવાયેલ વીમાના નામો આપી શકાયા ન હતા.

એ પરિવારોમાંથી નીચેની વ્યક્તિઓના આકસ્મિક મૃત્યુના રૂા. ૨,૫૦,૦૦૦/-ના વીમા સમાજ દ્વારા લેવામાં આવેલ છે, જેની નોંધ લેવા વિનંતિ.

| | |
|---|---|
| (૧) જયેશ પ્રાગજી પ્રેમચંદ શાહ | |
| (૨) મુકેશ ઝવેરીલાલ કાંતિલાલ શેઠ | પરિવાર ક્રમ-૧૬૬ |
| (૩) રાજેશ ખીમચંદ વેલજી ધરમશી | પરિવાર ક્રમ-૮૬ |
| (૪) રસિકલાલ મોરારજી વોરા | પરિવાર ક્રમ-૪૦૩ |
| (૫) ધર્મેશ લક્ષ્મીચંદ લાલજી શાહ (ફુરિયા) | પરિવાર ક્રમ-૪૩૦ |
| (૬) લક્ષ્મીચંદ વીરજી વોરા | પરિવાર ક્રમ-૫૨૪ |

***મગનલાલ સંઘવી***
***કન્વીનર - સમાજ સુરક્ષા સમિતિ***

# જુલિયસ સિઝર

*જુલિયસ સિઝર ડાબોડી હતો અને તે જમણા હાથે શેક - હેન્ડ (હાથ મિલાવવા)ની પ્રથા અમલમાં લાવ્યો હતો. આમ કરવા પાછળનું કારણ એવું અપાય છે કે શસ્ત્ર સામાન્યપણે જમણા હાથમાં રહેતું હોય છે અને મિત્ર હોય કે શત્રુ, નિઃશસ્ત્ર જમણા હાથે હાથ મિલાવવાથી વિશ્વાસનું વાતાવરણ સર્જાય છે અને જમણો હાથ ખાલી હોવાથી હુમલાની શક્યતા નથી રહેતી. બીજી તરફ, લોર્ડ બેડન પોવેલ હાથ મિલાવવા માટે ડાબો હાથ પસંદ કરતા. તે પાછળ ડાબો હાથ હૃદયની નજીક હોવાથી આમ કરવામાં આવતું હોવાની થિયરી છે.*

# અભિનંદન

## શ્રીમતી નયના જય ગોગરી (ડોણ, હાલે અમદાવાદ)



મહિલા દિન નિમિત્તે 'દિવ્ય ભાસ્કર' દ્વારા આયોજિત 'રસોઈની મહારાણી રેસીપી કોન્ટેસ્ટ'નું આયોજન કરવામાં આવ્યું હતું. તેમાં શહેરની મહિલાઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. જે દિવસથી કોન્ટેસ્ટની જાહેરાત કરવામાં આવી તે દિવસથી જ અમદાવાદની મહિલાઓએ તૈયારી શરૂ કરી દીધી હતી અને અમદાવાદ શહેરમાંથી ૨૫૦થી પણ વધુ એન્ટ્રીઓ મળી હતી. તેમાંથી ૧૫ જેટલી રેસીપી શોર્ટ લિસ્ટ કરવામાં આવી હતી અને એમાંથી અલગ અલગ કેટેગરીમાં કુલ પાંચ રેસીપી સિલેક્ટ કરવામાં આવી હતી.

કેટેગરી : સ્ટાર્ટર, સબ્જી, ચાટ, સ્વીટ, સલાડ. આ તમામ કેટેગરીમાં પ્રથમ આવનાર મહિલાઓને 'ભાસ્કર હાઉસ' ખાતે આમંત્રિત કરીને સન્માનવામાં આવી હતી અને દરેકને પ્રાઈઝ પણ આપવામાં આવ્યા હતા. તેમાં આપણા સમાજના શ્રીમતી નયનાબહેન જે કચ્છ ગામ ડોણના છે તેમને પણ ઈનામ આપી સન્માનવામાં આવ્યા હતા.

શ્રીમતી નયનાબહેનની ઈનામ વિજેતા વાનગીની રીત નીચે આપવામાં આવેલ છે.

## લીલા વટાણાની બરફી

***સામગ્રી :*** ૫૦૦ ગ્રામ લીલા વટાણાના દાણા, ૫૦૦ ગ્રામ ખાંડ, ૫૦૦ મિલી. દૂધ, ૩ ચમચી મલાઈ, એક વાટકી ઘી, ૪ થી ૫ નંગ એલચીનો ભૂકો.

***ડેકોરેશન માટે :*** કાજુ, બદામ, આખા અને ભૂકો.

***બનાવવાની રીત :*** ૫૦૦ ગ્રામ વટાણાના દાણાને મિક્સરમાં ક્રશ કરી લેવા. ત્યારબાદ એક કઢાઈમાં અડધી વાટકી ઘી નાંખી તેમાં ક્રશ કરેલા દાણાને ૪થી ૫ મિનિટ સાંતળી લેવા. ત્યારબાદ તેમાં દૂધ, મલાઈ અને ખાંડ નાંખી હલાવતા રહેવું. જ્યાં સુધી કઢાઈમાં ચોંટે નહીં ત્યાં સુધી હલાવતા રહેવું. પછી તેમાં એલચી અને કાજુ-બદામનો ભૂકો નાંખી નીચે ઉતારી લેવું. પછી એક થાળીમાં થોડું ઘી લગાડી આ મિશ્રણ પાથરી લેવું. ઠંડું પડે એટલે પીસ કરી લેવા. પછી કાજુ-બદામથી મનગમતું ડેકોરેશન કરવું.

ફાયદા : સામાન્ય રીતે શિયાળામાં વટાણાની સીઝન હોય છે. એટલે સરળતાથી તે મળી રહે છે. વટાણાનો ઉપયોગ શાક કે ખીચડીમાં કરવામાં આવે છે પરંતુ બાળકોને તે ખાવાનું પસંદ નથી હોતું. બાળકોને સ્વીટ બહુ પસંદ હોય છે. અને તેથી જ મેં લીલી વટાણાની બરફી બનાવી છે. જેનાથી બરફી બાળકો હોંશે હોંશે ખાય છે.

*શ્રીમતી નયના જય ગોગરી*
*બી-૨, કાંતમ્ એપાર્ટમેન્ટ, ૩, નવનીત પાર્ક,*
*કેતવ પેટ્રોલ પંપની સામેની ગલીમાં, એસ.બી.આઈ. બેંકની બાજુમાં,*
*આંબાવાડી, અમદાવાદ. ફોન : ૦૭૯-૨૬૩૦૫૧૬૩*

***તકની એક ખાસિયત એ છે કે તે આવે તેના કરતાં તે જતી રહે ત્યારે તે મોટી લાગે છે.***

# "સંકલ્પ"

## શ્રી કચ્છી જૈન યુથ એસોસિએશન - અમદાવાદ

## પાલિતાણા છ ગાઉ યાત્રાનો અહેવાલ

'સંકલ્પ' દ્વારા આ વર્ષે પણ પાલિતાણા છગાઉ પરિક્રમા યાત્રાનું આયોજન તા. ૨૫-૨ અને ૨૬-૨ના કરવામાં આવેલ. તા. ૨૫-૨-૧૦ના સવારે શ્રી કચ્છી જૈન ભવન પાલડીથી ચા-નાસ્તો કર્યા બાદ લગભગ ૭.૩૦ કલાકે પ્રસ્થાન કરીને અમે પહોંચ્યા તગડી તીર્થ. જ્યાં દેવદર્શન કર્યા બાદ પાલમાં ચા-નાસ્તો કરી અમારી બસે પ્રયાણ કર્યું સારંગપુર તરફ. સારંગપુરના ચમત્કારિક હાજરદેવ શ્રી હનુમાનદાદાના દર્શન કરીને અમે પહોંચ્યા અયોધ્યાપુરમ્. જ્યાં દેવદર્શન બાદ બપોરનું ભોજન લીધું. લગભગ ૧.૩૦ કલાકના રોકાણ બાદ વલ્લભીપુર શિહોર દર્શન કરીને અમે પહોંચ્યા સોનગઢ મુકામે. જ્યાં દર્શન બાદ સોનગઢની પ્રચલિત બોર્ડિંગની મુલાકાત લીધી. લગભગ ૩૦૦થી ૩૫૦ વિદ્યાર્થીઓ ત્યાં રહીને ખૂબ જ સુંદર વાતાવરણમાં વિદ્યાભ્યાસ ઉપરાંત અન્ય પ્રવૃત્તિઓમાં પણ પારંગતતા પામે છે. બોર્ડિંગના વિદ્યાર્થીઓનું શિસ્તબદ્ધ જીવન અમને સૌને પ્રભાવિત કરી ગયું.

સોનગઢ બાદ અમે પાલિતાણા પહેલાં અમારું છેલ્લું રોકાણ કર્યું કીર્તિધામ મુકામે. જ્યાં સાંજના ચૌવિહારની વ્યવસ્થા કરવામાં આવેલ. સાંજના લગભગ ૭.૩૦ કલાકે અમે પહોંચ્યા પાલિતાણાના અમારા મુકામે. ફ્રેશ થઈને દરેક યાત્રિકોએ પાલિતાણા બજારની મુલાકાત લીધી ને બીજા દિવસની યાત્રા માટે તરોતાજા થવા નિદ્રાધીન થયા.

તા. ૨૬-૨-૧૦ વહેલી સવારે કહો કે મધ્યરાત્રી બાદ કહો લગભગ ૨.૩૦ કલાકે ડુંગર યાત્રાનો આરંભ કર્યો. દર વર્ષે આ યાત્રા માટે આવનાર યાત્રીઓની સંખ્યામાં વધારો થતો જાય છે. યાત્રીઓના ઘોડાપુરમાં અમો પણ જોડાયા. તળેટીના દર્શન બાદ ધીરે ધીરે સૌએ પોતપોતાની રીતે ડુંગર યાત્રા શરૂ કરી. આદેશ્વર દાદાના દર્શન કરવાની હોંશમાં અમને ન નડી ભક્તજનોની ભીડ કે ન લાગ્યો થાક. દાદાના દર્શન બાદ છ ગાઉ ડુંગર યાત્રાના માર્ગ ઉપર સૌ યાત્રીઓની સાથે અમારી યાત્રા પણ ચાલુ રહી ને તેની પૂર્ણતા થઈ જ્યારે સૌ વારાફરતી પહોંચ્યા પાલ ઉપર કે જ્યાં યાત્રિકો માટે વિવિધ સંસ્થાઓ દ્વારા આરામ ઉપરાંત વિવિધ પ્રકારના પાલ (સ્ટોલ) રાખવામાં આવે છે. બપોરના ૪ કલાક સુધી આપણા બધા જ યાત્રીઓ પાલ નં.-૭૮ ઉપર આવી ગયા. ૪.૩૦ કલાકે અમોએ બસ દ્વારા પ્રયાણ કર્યું - અમદાવાદ તરફ. રસ્તામાં સોનગઢ મુકામે સાંજના ચૌવિહારની વ્યવસ્થા કરવામાં આવેલ. જેનો લાભ લીધા બાદ રાત્રીના લગભગ ૧૨ કલાકે અમો પહોંચ્યા અમદાવાદ.

બે દિવસનો આ યાત્રા પ્રવાસ ખૂબ જ શાંતિપૂર્વક - સુખપૂર્વક કર્યાનો આનંદ, સંતોષ દરેક યાત્રીઓના ચહેરા પર સ્પષ્ટ દેખાતો હતો.

આ યાત્રા પ્રવાસ માટે નીચે મુજબના દાતાશ્રીઓ તરફથી સહયોગ પ્રાપ્ત થયેલ.

રૂા. ૫,૦૦૦/- શ્રી ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય - ગાંધીરોડ,
હ. શ્રી મનુભાઈ જી. શાહ

રૂા. ૫,૦૦૦/- મે. અંજલિ જ્વેલર્સ પરિવાર
હ. શ્રી હસમુખભાઈ યુ. ગઢેચા.

તા. ૨૫-૨-૧૦ના સવારના ચા-નાસ્તો તેમજ બપોરના જમવાના ખર્ચનો સહયોગ ડૉ. કેતન ઈન્દ્રજિત શાહ, શ્રી પંકજ કાંતિલાલ શાહ તથા શ્રી નિખિલ નવીનચંદ્ર શાહ (જ્યોતિ ઈલે. - ઈસનપુર) તરફથી પ્રાપ્ત થયેલ હતો. તા. ૨૫-૨-૧૦ના સાંજના ચૌવિહારનો લાભ એક સદ્ગૃહસ્થ દ્વારા પ્રાપ્ત થયેલ. સર્વે દાતાઓનો "સંકલ્પ" આભાર માને છે. શ્રી પીયૂષ પારેખે દેરાસરજીનો બટવો, સ્થાપનાજી તથા નવકારવાળી (માળા)થી સંઘપૂજનનો લાભ લીધેલ. ઉપરાંત નીચે મુજબના યાત્રીઓએ પણ સંઘપૂજનનો લાભ લીધેલ.

● શ્રી અમૃતલાલ પોપટલાલ શાહ પરિવાર ● શ્રીમતી અમીબહેન નીતિનભાઈ શાહ ● શ્રી કમલેશ એસ. શાહ ● શ્રી કાંતિભાઈ સંઘવી ● શ્રી ખુશાલભાઈ વીરા ● શ્રી જયદીપ મૈશેરી ● શ્રીમતી કુસુમબહેન વીરા ● માતુશ્રી નાનબાઈ નાનજીભાઈ પોલડિયા (તલવાણા) ● કુ. દેવાંશી કેતન શાહ ● પ્રિયલ દોશી ● શ્રી વિનોદભાઈ શાહ ● શ્રી શાંતિભાઈ શાહ

દરેકે રૂા. ૨/-ના સંઘપૂજનનો લાભ લીધેલ.

● શ્રી અપલ કે. શાહ ● શ્રી કેતન લોડાયા ● શ્રી પરાગ શાહ ● શ્રી ભરતભાઈ એ. રાંભિયા

દરેકે રૂા. ૧/-ના સંઘપૂજનનો લાભ લીધેલ.

***કેતન લોડાયા - પ્રમુખ, સ્મિતા શાહ - મંત્રી***

***નોંધ :*** *આ અહેવાલ છે ૩૦થી ૪૦ વર્ષની આજુબાજુની વયજૂથના મિત્રો દ્વારા યોજાયેલ પાલિતાણા યાત્રા-પ્રવાસનો અને તેઓશ્રી દ્વારા જ લખાયેલ આ લેખની વિગતોનો.*

*અન્ય તરફ આ જ અંકમાં પ્રસારિત કરવામાં આવેલ છે. ૭૦થી પણ વધુ વયની ઉંમરના શ્રી શાંતિલાલ વ. શાહનો આંજો કાગર વિભાગમાં સ્નેહલભાઈના પત્રના પ્રતિભાવમાં "આપ બદલો, સમાજ બદલો" શીર્ષક હેઠળનો પત્ર.*

*સામાન્યપણે આપણા સમાજમાં ૩૦ વર્ષની વયની વ્યક્તિના જે વિચારો હોય તે ૭૦ વર્ષથી ઉપરની વયની વ્યક્તિએ વ્યક્ત કરેલ છે, જ્યારે ૭૦ વર્ષની વયની વ્યક્તિના જે વિચારો હોય તે ૩૦ વર્ષની વયની વ્યક્તિઓ દ્વારા આચરવામાં આવેલ છે.*

*અગર જો બંને ગ્રૂપોને સામસામે બેસાડીને એક વિચારગોષ્ઠિનું આયોજન કરવામાં આવે તો ચર્ચા જરૂરથી રસપ્રદ નીવડે અને તેના તારણો પણ વિકાસશીલ સમાજ માટે ઉપયોગી નીવડે.*

*અગર બંને ગ્રૂપો (૧) ૭૦ વર્ષની આજુબાજુની વયના અને*

***તકની એક ખાસિયત એ છે કે તે આવે તેના કરતાં તે જતી રહે ત્યારે તે મોટી લાગે છે.***

*શ્રી શાંતિલાલ વ. શાહની વિચારસરણીવાળા તથા (૨) આ અહેવાલ લખનાર ૩૦-૪૦ વર્ષની વય જૂથના અને તે પ્રકારની વિચારસરણીવાળા ની એક નિખાલસ વિચારગોષ્ઠિનું આદાનપ્રદાન કરવામાં આવે તો તેના તારણો જરૂરથી રસપ્રદ નીવડશે.*

**– મુખ્યતંત્રી**

## ધૂળેટી - રંગોત્સવનો અહેવાલ

હોળી અસત્ય ઉપર સત્યનો વિજય, અધર્મ ઉપર ધર્મનો વિજય – ને આ વિજયોત્સવ મનાવવાનો દિવસ એટલે હોળી બાદનો દિવસ ધૂળેટી. આ વર્ષે પણ "સંકલ્પે" ધૂળેટીનો તહેવાર સૌ સાથે મળીને એખલાસભર્યા વાતાવરણમાં મનાવે તે હેતુથી ભવન ઉપર આયોજન કરેલ. સવારના ૧૦ કલાકથી ધીરે ધીરે સંકલ્પ તેમજ સમાજના સભ્યોએ ભવન ઉપર પહોંચીને એકબીજા ઉપર ગુલાલ છાંટીને રંગોત્સવ મનાવેલ. નાના બાળકો તો પીચકારી દ્વારા એકબીજા પર રંગ નાંખીને આનંદ લૂંટતા હતા, તો યુવાનોએ વિવધરંગી ગુલાલ દ્વારા એકબીજાને રંગીને આનંદ માણ્યો હતો. રંગોત્સવની મજા માણ્યા બાદ સૌએ ભવન ઉપર જ તૈયાર કરાયેલ સ્વાદિષ્ટ ભોજનનો સ્વાદ માણ્યો હતો. સ્વાદિષ્ટ મેનુ તૈયાર કરાવવા બદલ શ્રી પીયૂષભાઈ અને તેમની ટીમનો ખૂબ ખૂબ આભાર. રંગોત્સવમાં શ્રી હીરેન અમૃતલાલ શાહ તરફથી રૂા. ૩૦૦/-નો સહયોગ ગુલાલ માટે પ્રાપ્ત થયેલ છે. તેમનો પણ ખૂબ ખૂબ આભાર.

ભોજનના આસ્વાદ બાદ હાજર સભ્યોએ વિવિધ રમતોનો આનંદ માણેલ, ને લગભગ ૩ વાગે સૌ છૂટા પડેલ.

**કેતન લોડાયા - પ્રમુખ, સ્મિતા શાહ - મંત્રી**

## પ્રામાણિકપણે કામ કરવાનું ચાલુ રાખો

તમે ઈશ્વરનાં કુટુંબીજનો છો. તમે સુખ મેળવવાના અધિકારી છો. ઈશ્વરે તમને આ પૃથ્વી ઉપર મોકલ્યા છે તે સુખી થવા માટે જ મોકલ્યા છે; દુઃખી થવા માટે મોકલ્યા નથી. આમ છતાં તમે આજે પણ દુઃખમાં આવી પડ્યા હો તો તેથી હિંમત હારશો નહિ. એવું કોઈ દુઃખ કે સંકટ નથી જેનો કંઈ પણ ઈલાજ ન હોય.

આપણે મહાન કાર્યો કરવા તથા સુખી થવાને જ જન્મ્યા છીએ. તેના અનેક પ્રમાણો મળે છે. પણ મુશ્કેલી એ છે કે આપણે આ વાત ઉપર શ્રદ્ધા રાખતા નથી. આને માટે કરવા જોઈતા પ્રયત્નો આપણે કરતા નથી. ઈશ્વર મખ્ખીચૂસ નથી. તે આપણને જે ખપશે તે આપશે. તેની પાસે કંઈ જ તોટો નથી. પણ આપણે મહેનત કરીને, પ્રયત્ન કરીને ઈશ્વર પાસે માંગણી કરવી જોઈએ.

ગરીબીના વિચારોને તમારા મનમાંથી કાઢી નાખો. ઉન્નતિના વિચારો કરો અને પ્રામાણિકપણે કામ કરવાનું ચાલુ કરો તો તમારા ખરાબ સંયોગો પર વિજય મેળવવાનું બળ ઈશ્વર તમને અવશ્ય આપશે.

**સાભાર : 'પરિત્રાણ'**

**પ્રેષક : ચંદ્રકાંત દામજી શાહ (કે.ડી. શાહ) - અમદાવાદ**

## શ્રી કચ્છી સમાજ - અમદાવાદ

**દ્વારા આયોજીત**

## બાળ ચિત્ર સ્પર્ધા

## JRJ FOODS PVT. LTD.નાં સૌજન્યથી

દર વર્ષની જેમ ચાલુ વર્ષે સમસ્ત કચ્છી સમાજના બાળકો માટેની બાળ ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ છે. આ સ્પર્ધા બે ગ્રૂપમાં યોજાશે. સ્પર્ધામાં વિજેતા થનાર બાળકોને સરસ્વતી સન્માન તેમજ સાંસ્કૃતિક પ્રોગ્રામ દરમિયાન ઈનામો આપીને પ્રોત્સાહિત કરવામાં આવશે. આ સ્પર્ધાની વિગતો નીચે મુજબ છે :

- *તારીખ* : *તા. ૨-૫-૨૦૧૦, રવિવાર*
- *સમય* : *સવારે ૧૦.૦૦ થી ૧૨.૦૦*
- *સ્થળ* : શ્રી કચ્છી સમાજ - અમદાવાદ કાર્યાલય ૯૦૫, સ્પાન ટ્રેડ સેન્ટર, કોચરબ આશ્રમની સામે, એલિસબ્રિજ, અમદાવાદ-૬. ફોન : ૨૬૫૭૬૧૮૪.
- *વય મર્યાદા* : ★ *ગ્રૂપ-એ : ૫ થી ૧૦ વર્ષ*
  ★ *ગ્રૂપ-બી : ૧૧થી ૧૫ વર્ષ*

ઉપરોક્ત સ્પર્ધામાં ભાગ લેવા માટે બાળકોના વાલીઓએ, નામ, સરનામું, ફોન નંબર, ઉંમર, પાસપોર્ટ સાઈઝના ફોટા સાથેની વિગત ***તા. ૨૫-૪-૨૦૧૦ સુધીમાં*** સંસ્થાના કાર્યાલય (૯૦૫, સ્પાન ટ્રેડ સેન્ટર, કોચરબ આશ્રમની સામે, એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬. ફોન : (૦૭૯) ૨૬૫૭૬૧૮૪) પર ૧૨ થી ૫ દરમ્યાન નામો નોંધાવી દેવા વિનંતી.

*નોંધ : ડ્રોઈંગ પેપર સંસ્થામાંથી આપવામાં આવશે. સ્પર્ધા માટે ચિત્રકામ વગેરે માટેની સામગ્રી જાતે જ લાવવાની રહેશે. વોટરકલર લાવવા નહીં.*

***આ ચિત્ર સ્પર્ધામાં ભાગ લેવા ઈચ્છતાં બાળકનાં પરિવારની મુખ્ય વ્યક્તિ શ્રી કચ્છી સમાજ - અમદાવાદની સભ્ય હોવી જરૂરી છે. જો સભ્ય ન હોય તો નિયત ફી ભરીને સભ્ય બની જવું આવશ્યક છે.***

***ઉપરોક્ત સ્પર્ધામાં ઉત્સાહભેર ભાગ લેવા સૌને વિનંતી.***

**શ્રીમતી મીનાક્ષીબહેન અવિનાશભાઈ માંકડ તરફથી ભાગ લેનાર દરેક સ્પર્ધકને આશ્વાસન ઈનામ આપવામાં આવશે.**

**વાડીલાલ પંચાલ, માનદ્ મંત્રી, શ્રી કચ્છી સમાજ - અમદાવાદ**

*મારા કરતાં બીજાઓ વધુ સારું કામ કરે ત્યારે હું તેની પ્રશંસા કરી શકું, મને ન ગમતા લોકોમાં પણ સારી બાબતો જોઈ શકું, મારા વિચારોનો વિરોધ કરતા લોકો પણ મારા મિત્રો હોઈ શકે તેવું માની શકું*

*- એવી મને હૃદયની મોટપ આપો.*

**સાભાર ('પરમ સમીપે'માંથી)**

**પ્રેષક : ચંદ્રકાંત દામજી શાહ (કે.ડી. શાહ)**

*તકની એક ખાસિયત એ છે કે તે આવે તેના કરતાં તે જતી રહે ત્યારે તે મોટી લાગે છે.*

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનો માસિક અહેવાલ

## ફેબ્રુઆરી/માર્ચ - ૨૦૧૦

• **સોમવાર, તા. ૨૨-૨-૨૦૧૦**

☆ સામાજિક સુરક્ષા સમિતિની એક મિટિંગ શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે મળેલ હતી. કે જેમાં શ્રી મગનભાઈ સંઘવી, શ્રી પોપટભાઈ ધરોડ, શ્રી કે.ડી. શાહ, શ્રી રજનીકાંત પારેખ, શ્રી સૂરજલાલ મહેતા તથા શ્રી મહેન્દ્રભાઈ વસા ઉપસ્થિત રહેલ હતા. મેડિક્લેઈમ માટે આવેલ અલગ અલગ સાત ફાઈલો વિશે ચર્ચા કરી ટોટલ રૂા. ૬૮,૧૯૩/-ની ચૂકવણી માટે જરૂરી નિર્ણયો લેવામાં આવેલ હતા.

☆ શૈક્ષણિક સહાય સમિતિની એક મિટિંગ, શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે મળેલ હતી કે જેમાં શ્રી પોપટભાઈ ધરોડ, શ્રી સૂરજલાલ મહેતા, શ્રી કે.ડી. શાહ તથા શ્રી રજનીકાંત પારેખ ઉપસ્થિત રહેલ હતા. વર્ષ ૨૦૧૦-૨૦૧૧ માટે અંદાજે રૂા. ૫.૦૦ લાખની જરૂરિયાત રહેશે તેવી જરૂરિયાત જણાતા આ બાબતની વિગત, પ્રથમ કારોબારી સમિતિ સમક્ષ તથા ત્યારબાદ ટ્રસ્ટ મંડળ સમક્ષ મંજૂરી અર્થે મોકલી આપવાનું નક્કી કરવામાં આવેલ હતું.

• **મંગળવાર, તા. ૨૩-૨-૨૦૧૦**

☆ શ્રી અનિલભાઈ પોપટિયા સાથે શ્રી અશોક મહેતા તથા શ્રી હીરજી પાસુ શાહ, ગર્લ્સ હોસ્ટેલ માટે સ્વસ્તિક ચાર રસ્તા, યોગ્ય જમીન જોવા ગયેલ હતા.

☆ આજે રાત્રે મેડિકલ સમિતિની એક મિટિંગ શ્રી કચ્છી જૈન ભવન પર મળેલ હતી. આ મિટિંગમાં ડૉ. ચંદ્રકાંત દેઢિયા, શ્રી કાંતિભાઈ સાવલા, શ્રી અશ્વિનભાઈ સાવલા, ડૉ. હિતેન્દ્ર શાહ, શ્રી પંકજભાઈ દેઢિયા, શ્રીમતી દેવીન્દ્રાબહેન શાહ તથા શ્રીમતી દક્ષાબહેન રાણાવત ઉપસ્થિત રહેલ હતા. હોમિયોપેથિક ઓ.પી.ડી. વધારવા, પેઈન ક્લિનિક ચાલુ કરવા તથા અન્ય રૂટિન બાબતો અંગે નિર્ણયો લેવામાં આવેલ હતા.

• **બુધવાર, તા. ૨૪-૨-૨૦૧૦**

☆ આજરોજ શ્રી હિમાંશુ નાણાવટી સાથે શ્રી કચ્છી જૈન ભવન પર એફ.એસ.આઈ. અંગે ચર્ચા કરવામાં આવેલ હતી.

☆ આજરોજ ઈન્ડોસેમની વર્ષ ૨૦૧૦-૨૦૧૧માં મંગલ મંદિરમાં પ્રસિદ્ધ કરવા માટેની જાહેરાતની મેટર ફાઈનલ કરવા શ્રી અશોક મહેતા તથા જયેશ શાહ ઈન્ડોસેમ હાઉસમાં શ્રી શાંતિલાલ છ. શાહને રૂબરૂ મળેલ હતા.

☆ આજરોજ લાઈબ્રેરી સમિતિની એક મિટિંગ શ્રી કચ્છી જૈન ભવન પર મળેલ હતી. આ મિટિંગમાં શ્રી મનુભાઈ શાહ, શ્રીમતી જયશ્રીબહેન શાહ તથા શ્રી અશોક મહેતા ઉપસ્થિત રહેલ હતા. હાલની લાઈબ્રેરીમાંથી યોગ્ય ન હોય તેવી જૂની બુક્સ કાઢી નાંખવી, નવી બુક્સ વસાવવી, ઘેર ઘેર વાંચવા લાઈબ્રેરીની બુક્સ પહોંચાડવી, વગેરે બાબતે જરૂરી નિર્ણયો લેવામાં આવેલ હતા.

• **ગુરુવાર, તા. ૨૫-૨-૨૦૧૦**

☆ આવાસ યોજનાના બાકી રહેતા છેલ્લા ફ્લેટ માટે બે લાભાર્થીઓને શ્રી કચ્છી જૈન ભવન પર બોલાવી, એક અતિ જરૂરિયાતવાળા લાભાર્થીને તે ફ્લેટ ફાળવવાનું નક્કી કરવામાં આવેલ હતું. આ સમયે શ્રી અશોક મહેતા, ડૉ. ચંદ્રકાંત દેઢિયા, શ્રી રમણિકભાઈ ગોસર, શ્રી હીરજી પાસુ શાહ વગેરે ઉપસ્થિત રહેલ હતા.

☆ શ્રી કચ્છી જૈન ભવન પરના કેટલાક પ્રશ્નોની ચર્ચા કરવા આજરોજ શ્રી અશોક મહેતા, ડૉ. ચંદ્રકાંત દેઢિયા, શ્રી કે.ડી. શાહ, શ્રી રમણિકલાલ કુંવરજી ગોસર, શ્રી અશોક શુક્લ તથા શ્રી પરાશર વ્યાસ રૂબરૂ ચર્ચા કરવા એકત્રિત થયેલ હતા.

• **શુક્રવાર, તા. ૨૬-૨-૨૦૧૦**

☆ આવાસ યોજનાના એક લાભાર્થી શ્રી અરવિંદભાઈ કુબડિયા સાથે તેમને ફાળવવામાં આવેલ આવાસ અંગે તથા તેમને ભરવાના થતા પૈસા અંગે શ્રી કચ્છી જૈન ભવન પર રૂબરૂ ચર્ચા કરવામાં આવેલ હતી. આ પ્રસંગે શ્રી અશોક મહેતા, શ્રી રમણિક કુંવરજી ગોસર, શ્રી કે. આર. શાહ, શ્રી હીરજી પાસુ શાહ વગેરે ઉપસ્થિત રહેલ હતા.

• **શનિવાર, તા. ૨૭-૨-૨૦૧૦**

☆ વર્ષ ૨૦૧૦-૨૦૧૧ના મંગલ મંદિરના અંકો માટે કેટલીક જાહેરાતો એકત્રિત કરવા પ્રયાસ કરવામાં આવેલ હતા.

• **સોમવાર, તા. ૧-૩-૨૦૧૦**

☆ આજરોજ સવારના ભાગે સંકલ્પના ૩૦-૪૦ સભ્યો એકત્રિત થઈ, શ્રી કચ્છી જૈન ભવન પર ધૂળેટીનો ઉત્સવ મનાવેલ હતો. દર વર્ષની જેમ આ વર્ષે પણ યુવા-યુવતીઓએ એકબીજા પર ગુલાલ વગેરે ઉડાવી તહેવારની નિર્દોષ મજા માણી હતી.

• **બુધવાર, તા. ૩-૩-૨૦૧૦**

☆ ભદ્રેશ્વર તીર્થના ટ્રસ્ટ મંડળના મેનેજિંગ ટ્રસ્ટી શ્રી કાંતિભાઈ ઘીવાલા, શ્રી સુબોધભાઈ શાહ તથા શ્રી શાલીભદ્ર વગેરે ભદ્રેશ્વર જૈન તીર્થના આગામી પ્રતિષ્ઠા મહોત્સવની તૈયારી કરવા અમદાવાદ પધારેલ હતા. ત્યારે તેમની સાથે શ્રી પ્રતાપભાઈ દંડ, શ્રી હીરજી પાસુ શાહ વગેરેએ મિટિંગ કરેલ હતી અને આ કાર્યના પ્રચાર અંગે

*પ્રતિભા મહાન કાર્યોનો પ્રારંભ કરે છે પણ એને પૂરાં તો પરિશ્રમ જ કરે છે.*

અમદાવાદના જૈન સંઘોની મિટિંગ શ્રી કચ્છી જૈન ભવન ખાતે તા. ૧૪-૩-૨૦૧૦ના યોજવા અંગે જરૂરી ચર્ચા વિચારણા કરેલ હતી.

☆ આજે સાંજના ૮.૦૦ વાગે શ્રી કચ્છી જૈન ભવન પર લાઈબ્રેરી સમિતિના સભ્યો શ્રી મનુભાઈ શાહ, શ્રી નવીનભાઈ લાલકા તથા શ્રીમતી જયશ્રીબહેન શાહ એકત્રિત થયેલ હતા અને એક કબાટમાં રાખવામાં આવેલ પુસ્તકોને ચેક કરી, તેમને વ્યવસ્થિત કરેલ હતા.

- **શુક્રવાર, તા. ૫-૩-૨૦૧૦**

☆ આજે સવારમાં શ્રી અશોક મહેતા, શ્રી કાંતિભાઈ સાવલા, શ્રી પ્રતાપભાઈ દંડ તથા શ્રી બંસીલાલ ગડા અલગ અલગ દલાલો દ્વારા ગર્લ્સ હોસ્ટેલ માટે પ્લોટ જોવા નીકળ્યા. ૯૦૦ ચો.વારથી ૧૨૦૦ ચો.વારના ૬ પ્લોટો જોઈ, તેની વિગતો જાણી.

☆ આજે બપોર પછી શ્રી હિમાંશુ નાણાવટી સાથે મિટિંગ કરી શ્રી કચ્છી જૈન ભવનની એફ.એસ.આઈ. વધારવા ચર્ચા કરી.

☆ આજે સવારમાં શ્રી કચ્છી જૈન ભવન પર શ્રી અશોક મહેતા, શ્રી પ્રતાપભાઈ દંડ, ડૉ. ચંદ્રકાંત દેઢિયા, શ્રી હીરજી પાસુ શાહ, શ્રી કે.ડી. શાહ, શ્રી રમણિકભાઈ ગોસર વગેરેએ મિટિંગ કરી, શ્રી કચ્છી જૈન ભવન પરના કોન્ટ્રાક્ટ ધોરણે કામ કરતા સ્વીપર્સના પ્રશ્ને ચર્ચા કરી, જરૂરી નિર્ણયો લીધેલ હતા.

- **શનિવાર, તા. ૬-૩-૨૦૧૦**

☆ આજે સવારમાં શ્રી કચ્છી જૈન ભવન પર ભવન સમિતિની એક મિટિંગ મળેલ હતી. કે જેમાં શ્રી મણિલાલભાઈ ગોસર, શ્રી રમણિકભાઈ ગોસર, શ્રી કે.ડી. શાહ, શ્રી રજનીકાંત પારેખ તથા શ્રી દિનેશભાઈ શાહ ઉપસ્થિત રહેલ હતા. ભવનની ટેક્નિકલ તથા ઈલેક્ટ્રીકલ બાબતની જવાબદારી શ્રી દિનેશભાઈ શાહને સોંપવાનું નક્કી કરવામાં આવેલ હતું. પાલડી ભવનના ચોથા માળ માટે એક વોટર કૂલર ખરીદવા, રૂમ નં.-૨૦૬માં લીકેજ બંધ કરવા, ત્રણે ભવનના એ.સી. તથા વોટર કૂલરનો વાર્ષિક કોન્ટ્રાક્ટ આપવા તથા શ્રી કચ્છી વિશ્રામ ગૃહ પરના અંદાજિત ૩૦ રૂમોના કલરકામ કરાવવા અંગે જરૂરી નિર્ણયો લેવામાં આવેલ હતા.

- **રવિવાર, તા. ૭-૩-૨૦૧૦**

☆ આજે સવારમાં શ્રી કચ્છી જૈન ભવન પર કારોબારી સમિતિની એક મિટિંગ મળેલ હતી. અંદાજિત ૧૫ સભ્યો આ સભામાં ઉપસ્થિત રહેલ હતા. બંને ભવન પરના ચોથા માળ માટે વોટર કૂલર ખરીદવા વગેરે પ્રશ્ને ચર્ચા કરી, જરૂરી મંજૂરી આપવામાં આવેલ હતી. ગૃહઉદ્યોગ અંગે તથા કચ્છ સિવાયના ગુજરાતની જૈન સંસ્થાઓના સંમેલન અંગે જરૂરી ચર્ચાઓ કરવામાં આવેલ હતી.

☆ હિસાબ સમિતિની એક મિટિંગ શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે મળેલ હતી. જેમાં શ્રી હસમુખભાઈ ખાંડવાલા, શ્રી કે.ડી. શાહ તથા શ્રી રજનીકાંત પારેખ ઉપસ્થિત રહેલ હતા. શ્રી કચ્છી જૈન સેવા સમાજના ત્રણે ભવનના જાન્યુઆરી-૨૦૧૦ સુધીના ઓડિટ થયેલ હિસાબો અંગે જરૂરી ચર્ચા કરવામાં આવેલ હતી.

- **સોમવાર, તા. ૮-૩-૨૦૧૦**

☆ કડી વિદ્યાપીઠના સેક્રેટરી ડૉ. કનુભાઈ પટેલને લઈ શ્રી નરેન્દ્ર છ. શાહ આજે શ્રી કચ્છી જૈન ભવન પર આવેલ હતા. ડૉ. કનુભાઈને ભવનના પ્રથમ માળ પરના એ.સી. સાંસ્કૃતિક કેન્દ્ર તથા તૃતીય માળ પરના મેડિકલ સેન્ટર બતાવવામાં આવ્યા. ત્યારબાદ તેઓ સાથે મિટિંગ પણ કરવામાં આવી. જ્યાં હાલે ૩૨,૦૦૦ વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રહેલ છે એ સર્વ વિદ્યાલય કેળવણી મંડળના કડી તથા ગાંધીનગર કેન્દ્રની મુલાકાત લેવાનું તેઓશ્રીએ આપણને આમંત્રણ આપેલ હતું.

☆ આજે શ્રી પ્રદીપ મહેતા સાથે રહી, મંગલ મંદિરના વર્ષ ૨૦૧૦-૨૦૧૧ના બાર મહિનાના બાર ટાઈટલને ફાઈનલ સ્વરૂપ આપવામાં આવ્યું.

☆ શ્રી અશોક મહેતા, જયેશ શાહ તથા શ્રી ભદ્રેશ ભટ્ટે સાથે રહી વર્ષ ૨૦૧૦-૨૦૧૧ માટે મંગલ મંદિરનું પ્રિન્ટિંગ, કોમ્પ્યુટર સેટિંગ, બાઈન્ડિંગ, કાગળનો પ્રકાર વગેરે બાબતે ચર્ચા કરી, ફાઈનલ નિર્ણય લીધેલ હતા.

- **મંગળવાર, તા. ૯-૩-૨૦૧૦**

☆ આજરોજ શ્રી અશોક મહેતા, શ્રી કાંતિભાઈ સાવલા, શ્રી પ્રતાપભાઈ દંડ તથા શ્રી બંસીલાલ ગડાએ શ્રી હિતેશ ઠક્કર, શ્રી કુલદીપસિંઘ, શ્રી અશોક વિધાની તથા શ્રી હિમાંશુ નાણાવટી દ્વારા ગર્લ્સ હોસ્ટેલ માટે બતાવવામાં આવેલ આઠેક જેટલા પ્લોટોનું નિરીક્ષણ કર્યું. તેમાંના અમુક પ્લોટ બાબતે આગળ વધી શકાય તેવા યોગ્ય લાગ્યા.

- **બુધવાર, તા. ૧૦-૩-૨૦૧૦**

☆ આજરોજ શ્રી અશોક મહેતા તથા શ્રી દિનેશ મહેતા, શ્રી અમૃતલાલ ઠક્કરને લઈ શ્રી નવનીત ઠાકરશીની ઓફિસે રૂબરૂ ગયેલ હતા અને આવાસ યોજના અંગે અત્યાર સુધી શ્રી નવનીત ઠાકરશીએ જે કંઈ કાર્યવાહી કરેલ તે સઘળા પેપર્સની ફાઈલ મેળવી, તેને આગળની કાર્યવાહી માટે શ્રી અમૃતલાલ ઠક્કરને સુપરત કરવામાં આવી. ત્યારબાદ શ્રી અમૃતલાલ ઠક્કરે, શ્રી હાર્દિક ભટ્ટને યોગ્ય સૂચના આપી, આ બાબતની બાકી રહેતી કાર્યવાહી પૂરી કરવા જણાવ્યું.

- **ગુરુવાર, તા. ૧૧-૩-૨૦૧૦**

☆ આજે સવારમાં ભવન સમિતિના સભ્યો શ્રી કે.ડી. શાહ, શ્રી રમણિકભાઈ ગોસર, શ્રી રજનીકાંત પારેખ, શ્રી દિનેશચંદ્ર શાહ તથા મેનેજર શ્રી પરાશર વ્યાસે શ્રી કચ્છી વિશ્રામગૃહની મુલાકાત લીધેલ હતી અને તેના મેઈન્ટેનન્સ અંગે

*તકની એક ખાસિયત એ છે કે તે આવે તેના કરતાં તે જતી રહે ત્યારે તે મોટી લાગે છે.*

ઊભા થતા પ્રશ્નોની ચર્ચા કરી, તેના યોગ્ય નિરાકરણ અંગેના નિર્ણયો લીધેલ હતા.

☆ આજે રાત્રે પુરસ્કાર સમિતિની એક મિટિંગ શ્રી કચ્છી જૈન ભવન પર મળેલ હતી. આ મિટિંગમાં શ્રી અશોક મહેતા, શ્રી કાંતિભાઈ સાવલા, શ્રી પંકજ ગોગરી, શ્રી મનીષ વીરા, શ્રી વિજય શાહ, શ્રી શશીકાંત ગાલા, શ્રી વિશાલ શાહ, કુ. સુજલ જલદીપ શાહ, શ્રી નિમેષ પ્રબોધ ગોગરી, શ્રીમતી સ્મિતા શાહ, શ્રી હીરેન શાહ, શ્રી કિરીટ નંદુ, શ્રી દેવેન છેડા, શ્રી નવીન લાલકા, શ્રી પ્રદીપ મહેતા વગેરે ઉપસ્થિત રહેલ હતા. આ મિટિંગમાં (૧) ધોરણ-૮થી ઉપરના વિદ્યાર્થીઓનું સન્માન સ્વામિવાત્સલ્યના દિવસે ન રાખતા, અલગ દિવસે રાખવાનું, (૨) આ વિદ્યાર્થીઓના સન્માનના સમયે તેમને કેરિયર ગાઈડન્સ આપવાનું, (૩) ધોરણ-૭ સુધીના વિદ્યાર્થીઓને સ્વામિવાત્સલ્યના દિવસે પુરસ્કાર આપવાનું વગેરે નિર્ણયો લેવામાં આવેલ હતા.

- **શુક્રવાર, તા. ૧૨-૩-૨૦૧૦**

☆ આજે સવારમાં શ્રી હિતેશ વસા શ્રી કચ્છી જૈન ભવન પર પધારેલ હતા. તેમની સાથે ગૃહઉદ્યોગ અંગે વિગતવાર ચર્ચા કરવામાં આવી. તેઓશ્રીએ પણ કેટલીક યોજનાઓ બતાવી. આ માટે રવિવાર તા. ૨૫-૪-૨૦૧૦ના બપોરના ૩.૦૦ વાગે શ્રી કચ્છી જૈન ભવન પર ગૃહઉદ્યોગ શરૂ કરવા ઈચ્છનાર લાભાર્થીઓ સાથે એક કેમ્પ ગોઠવવાનું નક્કી કરવામાં આવેલ હતું. આ સમયે શ્રી અશોક મહેતા, શ્રી કાંતિભાઈ સાવલા, શ્રી પ્રતાપભાઈ દંડ, ડૉ. ચંદ્રકાંત દેઢિયા તથા શ્રી દેવેન છેડા ઉપસ્થિત રહેલ હતા.

- **શનિવાર, તા. ૧૩-૩-૨૦૧૦**

☆ આજરોજ શ્રી કચ્છી જૈન ભવન પર ગર્લ્સ હોસ્ટેલ સમિતિની એક મિટિંગ મળેલ હતી કે જેમાં શ્રી અશોક મહેતા, શ્રી પ્રતાપભાઈ દંડ, શ્રી કાંતિભાઈ સાવલા, ડૉ. ચંદ્રકાંત દેઢિયા, શ્રી કે.આર. શાહ, શ્રી હસમુખ ગઢેચા તથા શ્રી હીરજી પાસુ શાહ ઉપસ્થિત રહેલ હતા. અત્યાર સુધી જોવામાં આવેલ અલગ અલગ પ્લોટો વિશે ચર્ચા કરવામાં આવેલ. આ પ્લોટોમાંથી અનુકૂળ લાગે તેવા ૪ પ્લોટો નક્કી કરવામાં આવેલ અને આ ૪ પ્લોટો બાબત આગળ વાતચીત શરૂ કરવાનું નક્કી કરવામાં આવેલ હતું.

- **રવિવાર, તા. ૧૪-૩-૨૦૧૦**

☆ સંગીત વૃંદની સ્થાપના કરવા અંગેની ચર્ચા કરવા આજે શ્રી કચ્છી જૈન ભવન પર શ્રી અશોક મહેતા, ડૉ. ચંદ્રકાંત દેઢિયા, શ્રી કાંતિભાઈ સાવલા, શ્રીમતી ચંદ્રિકા દેઢિયા, શ્રીમતી ફાલ્ગુની હીરેન, શ્રી હીરેન કે. શાહ, શ્રી પ્રદીપ મહેતા, કાજલ ગાલા વગેરે એકત્રિત થયેલ હતા. સંગીત વૃંદની રચના કરવા અંગે વિવિધ ચર્ચા કરવામાં આવેલ હતી. તા. ૨૧-૩-૨૦૧૦ની આ અંગે મળનાર મિટિંગ અંગે પણ ચર્ચા કરવામાં આવેલ હતી.

- **સોમવાર, તા. ૧૫-૩-૨૦૧૦**

☆ સુદામા રિસોર્ટની નજદીકવાળા ૩૬૦૦ ચો.વારના પ્લોટ બાબતે શ્રી અશોક મહેતા અને ડૉ. ચંદ્રકાંત દેઢિયાએ શ્રી રોશન વિધાની, શ્રી મોહન પટેલ તથા શ્રી રાજુ દેસાઈ (બધા જ બ્રોકર) સાથે ચર્ચા કરેલ હતી.

- **મંગળવાર, તા. ૧૬-૩-૨૦૧૦**

☆ આજે સવારમાં શ્રી હિતેશ ઠક્કર તથા શ્રી લોકેશભાઈ સાથે દાદાવાડીની બાજુવાળા ૧૮૦૦ ચો.વારના પ્લોટ બાબતે ચર્ચા કરવામાં આવેલ હતી.

☆ આજે સુદામા રિસોર્ટની બાજુવાલા ૩૬૦૦ ચો.વારના પ્લોટના માલિકો શ્રી સૌમિલભાઈ તથા શ્રી આલોક વૈદ્ય સાથે શ્રી કચ્છી જૈન ભવન પર રૂબરૂમાં ચર્ચા થયેલ હતી. એ સમયે શ્રી અશોક વિધાની, શ્રી મોહન પટેલ તથા શ્રી રાજુ દેસાઈ પણ ઉપસ્થિત રહેલ હતા.

☆ આજે મહિલા ઉત્કર્ષ સમિતિના આગળના કાર્યક્રમ અંગે શ્રીમતી વસુમતીબહેન તથા શ્રીમતી દમયંતીબહેન સાથે રૂબરૂમાં ચર્ચા કરવામાં આવેલ હતી. મહિલા ઉત્કર્ષ સમિતિ આયોજિત હરીફાઈઓ અંગે પણ ચર્ચા કરવામાં આવેલ હતી.

☆ આજે શ્રીમતી મંજુલાબહેન સોની (મેસર્સ જે.બી. સોની - સોલિસિટર્સ) સાથે આવાસ યોજનામાં લાભાર્થીઓને અપાનાર ફ્લેટ્સના દસ્તાવેજની વિગતો તૈયાર કરવા અંગે ચર્ચા કરવામાં આવેલ હતી. ડૉ. ચંદ્રકાંત દેઢિયા, શ્રી પ્રતાપભાઈ દંડ તથા શ્રી અશોક મહેતા ઉપસ્થિત રહેલ હતા.

☆ આજે રાત્રે પુરસ્કાર સમિતિની એક મિટિંગ શ્રી કચ્છી જૈન ભવન પર મળેલ હતી. શ્રી પંકજ ગોગરી, શ્રી મનીષ વીરા, શ્રી વિશાલ શાહ, શ્રીમતી સ્મિતા શાહ, શ્રી શશીકાંત ગાલા, શ્રી નિમેષ ગોગરી ઉપસ્થિત રહેલ હતા. ધોરણ ૮ / ૯ / ૧૧ના ક્રમાંકિત વિદ્યાર્થીઓને પણ સ્ટેજ પર બોલાવી સન્માન કરવું, મહિલા પુરસ્કારની યોજના અંગે, ઉચ્ચ પારિતોષિક યોજના અંગે તથા એન્જિનિયરિંગમાં ડિસેમ્બર-૨૦૦૯ના સેમિસ્ટરને ફાઈનલ ગણી પુરસ્કાર સમિતિના સરસ્વતી સન્માનના કાર્યક્રમમાં આગળ વધવાનું નક્કી કરવામાં આવેલ હતું.

**ગુરુવાર, તા. ૧૮-૩-૨૦૧૦**

☆ આજરોજ ડ્રાઈવ-ઈન રોડ પરના ૧૮૦૦ વારના પ્લોટ બાબતે શ્રી રમેશભાઈ તથા શ્રી સંદીપ મહેતા (બંને બ્રોકર) સાથે રૂબરૂ ચર્ચા કરવામાં આવેલ હતી. આ સમયે શ્રી અશોક મહેતા, શ્રી પ્રતાપભાઈ દંડ, શ્રી કે.આર. શાહ તથા શ્રી હીરજી પાસુ શાહ ઉપસ્થિત રહેલ હતા.

☆ આજરોજ પ્રિન્ટ વિઝનવાળા શ્રી યજ્ઞેશભાઈ સાથે વર્ષ ૨૦૧૦-૨૦૧૧ના મંગલ મંદિરના પ્રિન્ટિંગ બાબતે શ્રી

*તકની એક ખાસિયત એ છે કે તે આવે તેના કરતાં તે જતી રહે ત્યારે તે મોટી લાગે છે.*

કચ્છી જૈન ભવન પર રૂબરૂ ચર્ચા કરવામાં આવેલ હતી. શ્રી અશોક મહેતા, શ્રી સૂરજલાલ મહેતા, શ્રી પોપટભાઈ ધરોડ વગેરે ઉપસ્થિત રહેલ હતા. ભાવપત્રક અને ગુણવત્તા બાબતે વિગતવાર ચર્ચા કરવામાં આવેલ હતી. એપ્રિલ-૨૦૧૦નો અંક પ્રિન્ટ વિઝનમાં છપાવવા બાબતે નિર્ણય લેવામાં આવેલ હતો.

● **રવિવાર, તા. ૨૧-૩-૨૦૧૦**

☆ આજરોજ 'સંગીત વૃંદ'ની એક મિટિંગ શ્રી કચ્છી જૈન ભવન પર મળેલ હતી. આ મિટિંગમાં શ્રીમતી ચંદ્રિકા દેઢિયા, શ્રીમતી છાયા ખાંડવાલા, શ્રીમતી વર્ષા સંઘવી, શ્રીમતી આસ્કા શાહ, શ્રી સંજય સંઘવી, શ્રી સુગમ વોરા, શ્રી હરખચંદ સાવલા તથા શ્રી અશોક મહેતા ઉપસ્થિત રહેલ હતા. રવિવાર તા. ૨૮-૩-૨૦૧૦થી વાદ્ય કલાકારો સહિત પ્રેક્ટિસ ચાલુ કરી દેવાનું નક્કી કરવામાં આવેલ હતું.

☆ આજરોજ ઇતર ડેવલપમેન્ટ સમિતિના સભ્યો શ્રી હીરેન કે. શાહ, શ્રી કિરીટ નંદુ, શ્રી દેવેન છેડા, શ્રી હરખચંદ સાવલા વગેરે શ્રી કચ્છી જૈન ભવન પર એકત્રિત થયેલ હતા અને વિદ્યાર્થીઓના અભ્યાસના ડેવલપમેન્ટ અંગે ચર્ચા કરવામાં આવેલ હતી. ■

## ઉડતી નજરે....

### *ફેબ્રુઆરી-૨૦૧૦ દરમ્યાન શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વિવિધ સેવાઓનો લાભ લેનાર વ્યક્તિઓ*

| ક્રમ | | પ્રવૃત્તિ | લાભ લેનાર વ્યક્તિઓ |
|---|---|---|---|
| ૧. | | શ્રી નવનીત મેડિકલ સેન્ટર તથા<br>શ્રીમતી પ્રભાવતીબહેન કાંતિલાલ વેલજી સાવલા મેડિકલ ચેક-અપ સેન્ટર, પાલડી, અમદાવાદ. | |
| | (અ) | કુલ લાભ લેનાર વ્યક્તિઓ ........<br>કે જેમાંથી | **૮,૪૭૯** |
| | (બ) | શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વ્યક્તિઓ ........ **૩૧૧** | |
| | (ક) | સાધુ-સાધ્વીજી મહારાજ સાહેબો ........ **૨૦** | |
| | (ખ) | મોતિયા - આંખના ઓપરેશન ........ **૨૧** | |
| | (ગ) | સોનોગ્રાફી ........ **૪૬૨** | |
| | (ઘ) | ટી.એમ.ટી. ........ **૧૨** | |
| | (ચ) | બોડી ચેક-અપ ........ **૨૪૫** | |
| | (છ) | અન્ય ........ **૭,૪૦૮** | |
| ૨. | | જી.એમ.ડી.સી. પ્રાયોજિત શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગ, અમદાવાદ<br>કુલ લાભ લેનાર વ્યક્તિઓ ........<br>રૂમોનો ઓક્યુપન્સી રેશિયો ........ **૧૧૯.૧૩%** | **૨,૦૯૯** |
| ૩. | | માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) અતિથિ ભવન,<br>પાલડી, અમદાવાદ | |
| | (અ) | કુલ લાભ લેનાર વ્યક્તિઓ ........ | **૮૮૮** |
| | (બ) | રૂમોનો ઓક્યુપન્સી રેશિયો ........ **૮૮.૬૩%** | |
| ૪. | | માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) સેવા ભવન,<br>ગીતા મંદિર, અમદાવાદ | |
| | (અ) | કુલ લાભ લેનાર વ્યક્તિઓ ........ | **૬૭૫** |
| | (બ) | રૂમોનો ઓક્યુપન્સી રેશિયો ........ **૬૦.૬૪%** | |
| ૫. | | ફેબ્રુઆરી-૨૦૧૦ દરમ્યાન વિવિધ પ્રકારની સેવાઓનો લાભ લેનાર કુલ વ્યક્તિ ........ | **૧૨,૧૪૧** |

*તકની એક ખાસિયત એ છે કે તે આવે તેના કરતાં તે જતી રહે ત્યારે તે મોટી લાગે છે.*